દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1563/1957
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 8 ■ વિક્રમ સંવત ૨૦૮૨
પૌષ વદ - ૭ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 9 January 2026, Friday ■ REGD.No. MCS/058/2024-26
શુક્રવાર, ૯ જાન્યુઆરી ૨૦૨૬, (૧૪ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
મેટિની પૂર્તિ ૭ ૮ ૯
LIKE & FOLLOW: /Mumbaisamachar4u






ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹ 12,681/-
PER 1 GRAM OF 22KT BIS HALLMARKED JEWELLERY
જુના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS

# ભારત પર ૫૦૦% ટૅરિફ?

## રશિયા પાસેથી ઑઈલ ખરીદતા ભારત, ચીન જેવા દેશો પર ઊંચા ટૅરિફ લાદવાના ખરડાને અમેરિકાના પ્રમુખે લીલી ઝંડી આપી

વૉશિંગ્ટન : અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે એક બિલને મંજૂરી આપી છે જે ભારત જેવા દેશો પર ૫૦૦ ટકા સુધીના ટેરિફનો માર્ગ મોકળો કરી શકે છે. આ બિલ રશિયા પાસેથી તેલ, ગેસ અથવા યુરેનિયમ ખરીદતા દેશો પર ભારે પ્રતિબંધો લાદવા માટે રચાયેલ છે. રિપબ્લિકન સેનેટર લિન્ડસે ગ્રેહામે દાવો કર્યો છે કે ટ્રમ્પ વહીવટીતંત્ર આ બિલ સાથે આગળ વધવા માટે તૈયાર છે. જો આ બિલ પસાર થાય છે તો તેની સીધી અસર ભારત, ચીન અને બ્રાઝિલ જેવા દેશો પર પડશે જે રશિયા સાથે તેલનો વેપાર કરે છે.

સેનેટર લિન્ડસે ગ્રેહામે જણાવ્યું હતું કે બુધવારે વાઇટ હાઉસમાં ટ્રમ્પ સાથે તેમની ખૂબ જ સારી મીટિંગ થઈ હતી, જેમાં પ્રમુખે રશિયા પરના દ્વિપક્ષી પ્રતિબંધોના બિલને મંજૂરી આપી હતી.

ગ્રેહામે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર લખ્યું, ''આ બિલ યોગ્ય સમયે આવ્યું છે, કારણ કે યુક્રેન શાંતિ માટે છૂટછાટ આપી રહ્યું છે અને પુતિન માત્ર વાતો કરી રહ્યા છે અને નિર્દોષોની હત્યા ચાલુ રાખી રહ્યા છે. આ બિલ ટ્રમ્પને તે દેશોને સજા કરવાની મંજૂરી આપશે જેઓ સસ્તું રશિયન તેલ ખરીદીને પુતિનના યુદ્ધ મશીનને પ્રોત્સાહન આપી રહ્યા છે. રશિયા પર વધુ પ્રતિબંધો લગાવીને યુક્રેન

(જુઓ પાનું ૨) ▸▸

## ટ્રમ્પનું ટૅરિફ ટેરરઃ ચાર દિવસમાં ઈન્વેસ્ટરોનાં ₹ નવ લાખ કરોડ સ્વાહા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ અમેરિકાના પાપે શેરબજારમાં પાછલા ચાર દિવસમાં લગભગ ૧૬૦૦ પોઇન્ટના કડાકા સાથે અંદાજે ૯૦૧૯ લાખ કરોડ રૂપિયાનું ધોવાણ થયું છે. હવે ડોનલ્ડ ટ્રમ્પના વિશ્વબજારને આંચકા લાગે એવા ટૅરિફ સંબંધી નિર્ણયોની અસર તો વર્તાશે જ, પરંતુ આગળ હજુ શું થાય છે એની ચિંતા રોકાણકારોને સતાવી રહી છે.

સતત ચોથાદિવસની પીછેહઠમાં સેન્સેક્સ ૭૮૦.૧૮ પોઈન્ટ ઘટીને ૮૪,૧૮૦.૯૬ પોઇન્ટની સપાટી પર, જ્યારે નિફ્ટી ૨૬૩.૯૦ પોઈન્ટ ઘટીને ૨૫,૮૭૬.૮૫ પોઇન્ટની સપાટી પર બંધ થયો હતો. બીએસઇ પર લિસ્ટેડ કંપનીઓનું બજાર મૂડીકરણ ચાર દિવસમાં ૯.૧૯ લાખ કરોડ રૂપિયાના કડાકા સાથે ૪૭૨ લાખ

(જુઓ પાનું ૨) ▸▸

## ચાંદીમાં કડાકો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક સ્તરે કૉમૉડિટી ઈન્ડેક્સના રિબેલેન્સિંગનો આરંભ થવાની સાથે ડૉલર ઈન્ડેક્સમાં પણ મજબૂત વલણ રહેતા આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ૦.૬

(જુઓ પાનું ૨) ▸▸

## અમેરિકા ૬૦થી વધુ આંતરરાષ્ટ્રીય સંસ્થામાંથી હટ્યું

વોશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે સંયુક્ત રાષ્ટ્રસંઘ (યુનો)ની સંસ્થાઓ અને ભારત-ફ્રાન્સની આગેવાની હેઠળના ઇન્ટરનેશનલ સોલર અલાયન્સ (આઈએસએસ) સહિત ૬૦થી વધુ આંતરરાષ્ટ્રીય સંગઠનોમાંથી અમેરિકાને પાછું ખેંચી લીધું છે. તેમણે આ સંસ્થાઓને બિનજરૂરી અને અમેરિકાનાં હિતોની વિરુદ્ધ ગણાવી

(જુઓ પાનું ૨) ▸▸

## જગત યુદ્ધ ભણી?: લાલઘૂમ રશિયાએ અમેરિકા સામે એક્શનની તૈયારી કરી

મોસ્કોઃ રશિયાએ ગુરુવારે અમેરિકા પર એક દિવસ અગાઉ ઉત્તર એટલાન્ટિકમાં રશિયન ધ્વજ ધરાવતા ઓઇલ ટેન્કરને જપ્ત કરીને તણાવ વધારવાનો અને આંતરરાષ્ટ્રીય શિપિંગને જોખમમાં મૂકવાનો આરોપ લગાવ્યો છે.આની સામે રશિયા હવે આકરાં પગલાં લેવાની તૈયારી કરી રહ્યું છે અને આને કારણે અત્યારે જગત મોટા યુદ્ધ ભણી ઘસડાઈ રહ્યું હોવાનું લાગે છે.

અમેરિકાએ જણાવ્યું છે કે આ જહાજ પશ્ચિમી પ્રતિબંધોનું ઉલ્લંઘન કરીને વેનેઝુએલા, રશિયા અને ઈરાન જેવા દેશો માટે તેલ લઈ જતું હતું. કારાકાસમાં

(જુઓ પાનું ૨) ▸▸

## મમતાના ખાસમ્ખાસ પર ઈડીના દરોડા


**આઈ-પૅકના પ્રતીક જૈનના ઘર-ઑફિસ પર કેન્દ્રીય એજન્સી ત્રાટક્યા પછી મમતા પણ પહોંચતા ભારે ડ્રામાઃ મમતાએ સીએમપદના દુરુપયોગ કર્યાની ફરિયાદ સાથે ઈડી અદાલતમાં**

કોલકાતાઃ પશ્ચિમ બંગાળનાં મુખ્ય પ્રધાન મમતા બેનરજી ગુરુવારે આઈ-પૅકના વડા પ્રતીક જૈનના નિવાસસ્થાને પહોંચ્યા હતા જ્યાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)નું સર્ચ ઓપરેશન ચાલી રહ્યું હતું. બેનર્જીએ આરોપ લગાવ્યો હતો કે કેન્દ્રીય એજન્સી તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી)ના આંતરિક દસ્તાવેજો, હાર્ડ ડિસ્ક અને સંવેદનશીલ ડિજિટલ ડેટા જપ્ત કરવાનો પ્રયાસ કરી રહી છે. તેમણે કહ્યું હતું કે મારા આઈટી સેલના ઈન્ચાર્જ જૈનના નિવાસસ્થાન પર દરોડો રાજકીય રીતે પ્રેરિત અને ગેરબંધારણીય હતો.

કોલકાતા પોલીસ કમિશનર મનોજ વર્મા ત્યાં પહોંચ્યા તેના થોડીવાર પછી મમતા બપોરના સમયે જૈનના ઘરે પહોંચ્યા હતા. તેઓ લગભગ ૨૦-૨૫ મિનિટ ત્યાં રહ્યા અને પછી હાથમાં લીલા રંગની ફાઈલ્સ લઈને ચાલ્યા ગયા હતા. મમતાએએ પત્રકારોને જણાવ્યું હતું કે, ઈડીએ મારા પક્ષની આઈટી ઓફિસમાં દરોડો પાડ્યો અને મારા આઈટી સેલના ઇન્ચાર્જના ઘરે પણ દરોડા પાડ્યા હતા. તેઓ મારા પક્ષના દસ્તાવેજો અને વિધાનસભા ચૂંટણી માટે અમારા પક્ષના ઉમેદવારોની વિગતો ધરાવતી

(જુઓ પાનું ૨) ▸▸

Dolphin Tours & Travels
સમીર/જાગૃતિ/જુગલ શાહ ના સથવારે
SPECIALISTS for USA, CANADA & JAPAN
PREMIUM TOURS WITH OWNER ONLY
U.S.A. (17 N OR 21 N)
West/East Coast
24 April,
8 and 29 May -
100% CONFIRM
JAPAN (11 N / 12 D)
Cherry Blossom
24 Apr. & 7 May
100% CONFIRM
CANADIAN ROCKIES (10 N / 11 D)
2 July (only in PEAK season) + Optional 7 Nights Alaska Cruise
EARLY BIRD OFFER BEFORE 31 JAN. 2026
9769000799 9820026046 | 410-411 ZBS, MG ROAD, GHATKOPAR EAST, MUMBAI - 77. | SCAN FOR ITINERARY

A BRAND OF RAJNISH WELLNESS LIMITED
જોશ, તાકદ, ENERGY અને સ્ફૂર્તિ વધારો

તમારી સ્ટેમિનામાં વધારો અને પ્લે-વિન કેપ્સ્યુલ્સ સાથે જીવનમાં સક્રિય અને મોહક બનો. માત્ર 21 દિવસના કોર્સમાં, સુખ અને સંતોષ એક આદત બની જાય છે અને છેવટે સફળ અને ખુશ જીવન જીવે છે. શરીરના આવશ્યક ભાગો પર સખ્તાઇ અને સનસનાટીભર્યા નબળા ચેતા રાખવા માટે, કોર્સ સાથે પ્લે વિન ઓઇલનો ઉપયોગ કરો.
ફક્ત પુરુષો માટે
પ્લે-વિન કેપ્સ્યુલ
Only Effect No Side Effect
મહિલા માટે ભી ઉપલબ્ધ છે
પ્લે-વિન-F કેપ્સ્યુલ ફક્ત મહિલા માટે
પ્રથમ દિવસથી અસર કારક*
21 દિવસ સુધી દરરોજ સવારે 1 અને સાંજે 1 પ્લે-વિન કેપ્સ્યુલ ખાવાનું
Play Win Capsule
Play Win Oil
સારા પરિણામો માટે પ્લે-વિન તેલનો ઉપયોગ કરો
તેલ કેપ્સ્યુલ બધા મેડિકલ સ્ટોર્સમાં ઉપલબ્ધ છે



Step Into Travel.
Step Into Veena World.
At Veena World, a 1100+ strong team makes lakhs of travel dreams come true every year. As our world of guests expands, so does our need for passionate people who believe in human connections, not just transactions.
If you speak with warmth, think with clarity and serve with joy, we are ready to welcome you.
Walk-in Interview
Sunday, 11th January - 9 am to 2 pm
Interview Location: Veena World Corporate Office, 7th Level, Neelkanth Corporate Park, Kirol Road, Vidyavihar (West), Mumbai - 400 086.
What to Bring
Updated resume and one passport-size photograph
Openings across Locations
Mumbai I Pune | Delhi | Noida | Gurugram | Kolkata | Ahmedabad Bengaluru | Hyderabad | Indore | Chennai

| Profile | Designation | CTC p.a. (₹) | Location |
|---|---|---|---|
| **Travel Sales** | | | |
| Sales - InfoSale, Online Sales, Channel Sales | Asst Manager/Incharge/ Sr Consultant/Consultant | 4L to 10L | Mumbai Pune |
| Front Sales | Asst Manager/Incharge / Sr Consultant/Consultant | 4L to 10L | All Locations |
| Business Development-MICE | Manager/Asst Manager/ Sr Exec/Exec | 7L to 15L | Mumbai Pune |
| **Travel Operations** | | | |
| Product - GIT, FIT | Incharge /Sr Exec/Exec | 5L to 9L | Mumbai |
| Contracting & Operations - GIT, FIT, MICE | Incharge/Sr Exec/Exec | 5L to 9L | Mumbai Pune |
| Air Reservations-GIT, FIT, MICE | Incharge/Sr Exec/Exec | 5L to 9L | Mumbai, Pune |
| Visa | Incharge/Sr Exec/Exec | 4L to 8L | All Locations |
| Guest Relations | Incharge/Sr Exec/Exec | 4L to 8L | Mumbai |
| **Corporate & Support** | | | |
| Marketing - Graphic Design, Branding & Promotions, Podcast & Event Coordination | Incharge/Sr Exec/Exec | 5L to 10L | Mumbai |
| Project Compliance & Audit | Incharge/Sr Exec/Exec | 6L to 10L | Mumbai |
| Finance & Accounts | Assistant Manager | 12L to 15L | Mumbai |
| Accounts - Operations Accts, Branch Accts | Sr Accountant/ Accountant | 4L to 6L | Mumbai Bengaluru |
| Human Resources - Operations, Payroll | Manager/ Assistant Manager | 12L to 18L | Mumbai |
| Hardware & Network | Sr Executive/Executive | 5L to 7L | Mumbai |

Salary ranges mentioned above are in lakhs per annum, are indicative and may vary based on the candidate's experience, skills and suitability for the profile.
If you are residing outside Mumbai, kindly scan the QR code and apply through the Careers page on www.veenaworld.com or share your resume at careers@veenaworld.com
Scan to apply
VEENA WORLD
Travel. Explore. Celebrate Life.

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ટ્રમ્પ ૫૦૦ ટકા ટૅરિફ લાદે તો ભારતીય અર્થતંત્રની બુંદ બેસી જાય

**અમેરિકાના** પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પનું ફરી છટક્યું છે અને ટ્રમ્પે રશિયા સામે કડક પ્રતિબંધો સંબંધિત લાદતા બિલને મંજૂરી આપી દેતાં આખી દુનિયા ઉંચીનીચી થઈ ગઈ છે. ભારત પણ ઊંચુંનીચું થઈ ગયું છે કેમ કે, આ બિલમાં રશિયા સાથે ધંધો કરનારા તમામ દેશોને ઝપટમાં લેવાની જોગવાઈ છે. ખાસ કરીને રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદનારા દેશોનો વારો પડી જશે. અને ભારત, ચીન અને બ્રાઝિલ પર ૫૦૦ ટકા સુધી ટૅરિફ ઠોકી દેવાય એવી જોગવાઈ છે. ભારત અમેરિકાએ લાદેલા ૫૦ ટકા ટૅરિફમાં જ હાંફવા માંડ્યું છે તો ૫૦૦ ટકા ટૅરિફ લદાય તો શું થાય એ વિચારે ચિંતા થાય એ સ્વાભાવિક છે. આપણે સાવ લાંબા જ થઈ જઈએ ને અમેરિકામાં નિકાસ સાવ બંધ જ થઈ જાય.

ટ્રમ્પ લાંબા સમયથી રશિયા સાથે ધંધો કરનારા દેશોને ચીમકી આપ્યા કરે છે. યુક્રેન યુદ્ધ પછી અમેરિકા અને યુરોપના દેશોએ રશિયા પર આર્થિક પ્રતિબંધો લાદ્યા છતાં રશિયા પડ્યું નથી કેમ કે દુનિયાના ભારત સહિતના ઘણા દેશોને સાધીને રશિયાએ પોતાના અર્થતંત્રને ટકાવી રાખ્યું છે. આ દેશો રશિયા પાસેથી સસ્તું ક્રૂડ ઓઇલ ખરીદી રહ્યા છે. તેથી રશિયા પાસે રોકડ આવ્યા કરે છે. અમેરિકાને લાગે છે કે, આ કારણે રશિયાને યુદ્ધ લડવામાં મદદ મળી રહી છે. તેથી સૌથી પહેલાં રશિયાને મળતો આ રોકડનો પ્રવાહ બંધ કરવો જરૂરી છે. ટ્રમ્પે એ માટે ટૅરિફ લગાવ્યા પણ તેની ધારી અસર થઈ નથી તેથી હવે 'સેન્ક્શનિંગ ઓફ રશિયા એક્ટ ૨૦૨૫' પસાર કરીને રશિયા પાસેથી ઓઈલ ખરીદનારા દેશો પર ૫૦૦ ટકા ટૅરિફ લાદવાનું હથિયાર ટ્રમ્પ પાસે હાથવગું થઈ જશે. આ હથિયાર બતાવીને ટ્રમ્પ ભારત સહિતના દેશોને બિવડાવીને ધાર્યું કરાવવા માગે છે.

અત્યારે જે શક્યતા છે એ પ્રમાણે, અઠવાડિયામાં આ બિલ પસાર થઈ જશે. બિલ પસાર થાય ને ટ્રમ્પ ૫૦૦ ટકા ટૅરિફ ઠોકી દે તો ભારતના અર્થતંત્રની બુંદ બેસી જાય તેમાં બેમત નથી. અમેરિકાએ ભારત પર ૨૫ ટકા ટૅરિફ અને રશિયન ઓઈલની ખરીદી માટે વધારાની ૨૫ ટકા પેનલ્ટી લગાવી તેમાં જ ભારતને અમેરિકામાં પોતાનો સામાન વેચવામાં મુશ્કેલીઓ પડી જ રહી છે. ૫૦૦ ટકા ટૅરિફ લદાય તો ભારતનો એક પૈસાનો માલ અમેરિકામાં ના જાય. પાંચ ગણા ઉંચા ભાવે કોણ માલ ખરીદે ? મતલબ કે ભારતની નિકાસ ઝીરો થઈ જાય. અમેરિકા સાથે અત્યારે ભારતનો વેપાર સરપ્લસ ચાલે છે. ૫૦૦ ટકા ટૅરિફ લદાય તો નિકાસ જ બંધ થઈ જાય ને ભારતની મોટી મોટી કંપનીઓને ફટકો પડી જાય તેથી આ બિલ ભારત માટે ખતરનાક છે.

ટ્રમ્પે ટૅરિફ લાદી તેના કારણે ભારતને કોઈ અસર થઈ નથી કે ભારત અમેરિકાને ઘૂંટણિયે નથી પડી ગયું એવી છાપ ઉભી કરવા મથામણ ચાલે છે પણ આ બંને વાતો ખોટી છે. ટ્રમ્પના ટૅરિફના કારણે ભારતની નિકાસને લગભગ ૨૫ ટકા ફટકો પડી ગયો છે એવું સત્તાવાર આંકડા કહે છે. ગ્લોબલ ટ્રેડ રીસર્ચ ઈનિશિયેટિવના આંકડા પ્રમાણે, ૨૦૨૫ના જુલાઈમાં ભારતે અમેરિકામાં ૮ અબજ ડૉલરની નિકાસ કરી હતી. ઓક્ટોબરમાં આ નિકાસ ઘટીને ૬.૩૧ અબજ ડૉલર થઈ ગઈ છે. મતલબ કે, લગભગ બાવીસ ટકાનો ઘટાડો થયો છે. સપ્ટેમ્બરમાં તો આ નિકાસ ૩૦ ટકાથી વધારે ઘટીને ૫.૫૦ અબજ ડૉલર જ થઈ ગઈ હતી. ભારતે રશિયા પાસેથી ક્રૂડ લેવાનું ઓછું કરવા માંડ્યું તેથી ટ્રમ્પને દયા આવી તેમાં કેટલાંક અટવાયેલા ટ્રેડ ડીલ ક્લીયર થયા તેથી નિકાસ થોડી વધી છે પણ આ સ્થિતિ કાયમી રહેવાની નથી. ટ્રમ્પનું ફરી છટક્યું છે એ જોતાં ગમે ત્યારે તલવાર વિંઝાશે જ.

મોદી ટ્રમ્પને ઘોળીને પી ગયા છે ને ભારતનો વટ ઓછો નથી થવા દીધો એવી વાતોમાં પણ દમ નથી. ટ્રમ્પે ભારત પર ૨૫ ટકા વધારાની પેનલ્ટી ટૅરિફ સિવાય લાદી તેના મૂળમાં રશિયા પાસેથી ક્રુડ ઓઈલની મોટા પાયે ખરીદી છે. ટ્રમ્પે ચીમકી આપી છે કે, ભારત રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવાનું બંધ નહીં કરે તો હજુ વધારે ટૅરિફ લદાશે. આ ધમકીના પગલે ભારતે રશિયાથી ક્રૂડ ઓઇલની આયાત ઘટાડી છે એવું વિશ્વની ટોચની ન્યૂઝ એજન્સી રોઇટર્સનો રિપોર્ટ કહે છે.

આ રિપોર્ટ નુસાર, ભારતની રશિયન ઓઈલ આયાત નવેમ્બરમાં લગભગ ૧૭.૭ લાખ બેરલ પ્રતિદિન હતી કે જે ડિસેમ્બરમાં ઘટીને લગભગ ૧૨ લાખ બેરલ પ્રતિદિન રહી ગઈ છે. મતલબ કે, ભારતની આયાતમાં એક જ મહિનામાં લગભગ ૫૦ ટકાનો ઘટાડો થયો છે. નજીકના ભવિષ્યમાં આ આયાત ઘટીને ૧૦ લાખ બેરલ પ્રતિદિનથી પણ નીચે જતી રહેશે એવો રિપોર્ટમાં દાવો કરાયો છે. ભારત ૨૦૧૨થી રશિયા પાસેથી જંગી પ્રમાણમાં ક્રૂડ ખરીદે છે અને ૨૦૨૧ પછી પહેલી વાર ભારતની ખરીદી ઘટી છે તેનું કારણ ટ્રમ્પની ધમકીની અસર છે.

ભારત રાજદ્વારી રીતે પણ ટ્રમ્પને મનાવવા તો મથી જ રહ્યું છે. રિપબ્લિકન સેનેટર લિન્ડસે ગ્રેહામે કહ્યું છે કે, ગયા મહિને પોતે ભારતના અમેરિકા ખાતેના રાજદૂત વિનય મોહન કવાત્રાને મળ્યા ત્યારે કવાત્રાએ પોતાને વિનંતી કરેલી કે, ટ્રમ્પ ભારતના માલ પર લાદેલી ૨૫ ટકા ટૅરિફ માફ કરે એ માટે પ્રયત્ન કરજો. ગ્રાહમના કહેવા પ્રમાણે, કવાત્રાએ ભારત અને અમેરિકાના ટ્રેડ ડીલની ગાડી પાટે ચડાવવા માટે મથવા પણ પોતાને વિનંતી કરી હતી.

ભારત અમેરિકા સામે ઝૂકે તેમાં ખોટું નથી કેમ કે રશિયા કરતાં ભારતનાં આર્થિક હિતો અમેરિકા સાથે વધારે પ્રમાણમાં જોડાયેલાં છે. રશિયા ભારતને સસ્તું ક્રૂડ આપે છે પણ ભારત પાસેથી જંગી પ્રમાણમાં માલ લઈ શકતું નથી કેમ કે રશિયા પાસે મોટું માર્કેટ નથી. તેની સામે અમેરિકા રીઝે તો ભારત માટે મોટા પ્રમાણમાં પોતાનો માલ ઠાલવવાની તક આવી જાય. તેના કારણે ભારતના અર્થતંત્રની શિકલ જ બદલાઈ જાય. ટૂંકમાં ભારત માટે અમેરિકા સાથેના આર્થિક સંબંધો વધારે ફળદાયી છે જ ને ભારત સરકારે આ વાત સ્વીકારવી જોઈએ.

ટ્રમ્પ ૫૦૦ ટકા ટૅરિફ લાદી દે તો જખ મારીને તેના પગમાં પડવું જ પડશે તેના કરતાં અત્યારે જ વટનાં ગાજર ખાવાના બદલે અમેરિકા સાથે સારાસારી રાખવા માટે મથીએ છીએ એવું સ્વીકારવું જોઈએ. આ વાતનો સ્વીકાર કરવામાં નાના થઈ જવાના નથી પણ સરકાર આ વાત સ્વીકારતી નથી. તેના બદલે ભારત વિશ્વગુરૂ છે ને આખી દુનિયા ભારતના પગમાં આળોટે છે એવું ભ્રામક ચિત્ર ઊભું કરવા ફાંફાં મરાય છે. તેના કારણે લોકોને નુકસાન થઈ રહ્યું છે, દેશને નુકસાન થઈ રહ્યું છે.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર શિશિરઋતુ, શુક્રવાર, તા. ૯–૧–૨૦૨૬

- ભારતીય દિનાંક ૧૯, માહે પૌષ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, પૌષ વદ–૭
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે પૌષ, તિથિ વદ–૭
- પારસી શહેનશાહી રોજ ૨૮મો જમીઆદ, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૨૮મો જમીઆદ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૫મો અશીશવંઘ, માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૯મો, માહે ૭મો રજજબ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૧મો, માહે ૭મો રજજબ, સને ૧૪૪૭
- નક્ષત્ર ઉત્તરા ફાલ્ગુની બપોરે ક. ૧૩–૪૦ સુધી, પછી હસ્ત
- ચંદ્ર કન્યામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કન્યા (પ, ઠ, ણ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૫, અમદાવાદ ક. ૦૭ મિ. ૨૪, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૧૫, અમદાવાદ ક. ૧૮ મિ. ૦૯, સ્ટા. ટા.
- –ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ઃ–
- ભરતીઃ સાંજે ક. ૧૬–૧૯, મધ્યરાત્રિ પછી ક. ૦૪–૨૨ (તા. ૧૧)
- ઓટઃ સવારે ક. ૧૦–૨૬, રાત્રે ક. ૨૨–૦૬
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, પૌષ કૃષ્ણ – સપ્તમી. સપ્તમી વૃદ્ધિતિથિ છે. ભદ્રા સમાપ્તિ રાત્રે ક. ૧૯–૩૭.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ સૂર્ય–શનિ દેવતાનું પૂજન, પીપળાનું પૂજન, ધ્રુવદેવતાનું પૂજન, અર્યમા પૂજન, શાંતિ પૌષ્ટિક પૂજા, સર્વશાંતિ પૂજા, મુંડન કરાવવું નહીં, નિત્ય થતાં દુકાન–વેપાર, નોકરી દસ્તાવેજના કામકાજ, બગીચો બનાવવો, રોપા વાવવા, બી વાવવું, ખેતીવાડીના કામકાજ, વિનાયક પૂજા, શિવ–સૂર્ય–લક્ષ્મી પૂજા.
- આચમનઃ સૂર્યદ્ધમંગળ યુતિ કજિયાખોર, શુક્ર–ગુરુ પ્રતિયુતિ ગુલાબી સ્વભાવના, ચંદ્ર–બુધ ચતુષ્કોણ લોકોથી ભય ઉત્પન્ન થાય. ખગોળ જ્યોતિષઃ સૂર્યદ્ધમંગળ યુતિ, શુક્ર–ગુરુ પ્રતિયુતિ, ચંદ્ર–બુધ ચતુષ્કોણ.
- ગ્રહગોચરઃ સૂર્ય ધનુ, મંગળ–ધનુ, માર્ગી બુધ–ધનુ (બુધ અસ્ત) વક્રી ગુરુ–મિથુન, શુક્ર–ધનુ (શુક્ર અસ્ત) માર્ગી શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, વક્રી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચૂન–મીન, માર્ગી પ્લુટો–મકર.

# સોલ્ટ લેક સિટીમાં ચર્ચની બહાર ગોળીબારમાં બેનાં મોત

સોલ્ટ લેક સિટીઃ પોલીસે જણાવ્યું હતું કે બુધવારે રાત્રે સોલ્ટ લેક સિટી ચર્ચની બહાર જ્યારે શોકગ્રસ્તો સ્મારક સેવામાં હાજરી આપી રહ્યા હતા ત્યારે ગોળીબારમાં બે જણનાં મોત થયા હતા અને છ અન્ય ઘાયલ થયા હતા.

યુટાહ સ્થિત મોર્મોન ચર્ચના પાછળના પાર્કિંગમાં ગોળીબાર થયો હતો.

અધિકારીઓએ જણાવ્યું હતું કે બુધવારે એમણે કોઈ શંકાસ્પદ વ્યક્તિને કસ્ટડીમાં નથી લીધી. બધા પીડિતો પુખ્ત વયના હતા. ઘાયલોમાંથી ઓછામાં ઓછા ત્રણની હાલત ગંભીર છે.

પોલીસે કહ્યું હતું કે તેઓ માનતા નથી કે ગોળીબાર કરનારનો કોઈ ચોક્કસ ધર્મ પ્રત્યે કોઈ દુશ્મનાવટ હતી. તેઓ એમ પણ માનતા નથી કે ગોળીબાર રેન્ડમ હતો.

અમે માનતા નથી કે આ કોઈ ધર્મ અથવા તેના જેવી કોઈ વસ્તુ સામે લક્ષિત હુમલો હતો, સોલ્ટ લેક સિટી પોલીસ વડા બ્રાયન રેડે જણાવ્યું હતું. ઉત્તરપશ્ચિમ સોલ્ટ લેક સિટી પડોશમાં આવેલ રેડ બ્રિક ચર્ચ મોટે ભાગે ટોંગાન ધર્મગુરુઓને સેવા આપે છે અને તેમની માતૃભાષામાં નિયમિત પૂજા સેવાઓનું આયોજન કરે છે.

ગોળીબારનો અવાજ સાંભળીને, ચર્ચની બાજુમાં આવેલા ઓછી આવક ધરાવતા આવાસ સંકુલના રહેવાસીઓ પીડિતોને મદદ કરવા અને ડઝનબંધ લોકોને સાંત્વના આપવા માટે બહાર ઊમટી પડ્યા હતા, જેઓ એક વ્યક્તિના અંતિમ સંસ્કારમાં હાજરી આપી રહ્યા હતા, જેની ઓળખ જાહેર કરવામાં આવી ન હતી.

# બાંગ્લાદેશમાં હિન્દુની હત્યાના મુખ્ય આરોપી મૌલવીની ધરપકડ

ઢાકાઃ હિન્દુ કામદાર દીપુ ચંદ્રદાસની હત્યાના મુખ્ય આરોપી મદરેસાના ભૂતપૂર્વ મૌલવી યાસિન અરાફતની બાંગ્લાદેશ પોલીસે બુધવારે ધરપકડ કરી હોવાનું પ્રસારમાધ્યમના અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું.

ઢાકા મેટ્રોપોલિટન પોલીસની મદદથી યાસિનની ડેમ્રા પોલીસ સ્ટેશનની હદમાં સારુલિયાથી ધરપકડ કરવામાં આવી હતી. પચીસ વર્ષનો યાસિન ગાઝી મિયાંનો પુત્ર છે અને તે વાલુકાના દક્ષિ હોબિરબારીનો રહેવાસી છે. ફેક્ટરીનાં ગૅટ પાસે ટોળાં દ્વારા દીપુ પર કરવામાં આવેલા હુમલામાં તેમ જ તેનાં શરીરને મ્યામેનસિંહ જિલ્લાના સ્કવેર માસ્ટરબેરી વિસ્તારમાં ઘસડીને લઈ જઈ આગ ચાંપવામાં તેણે ચાવીરૂપ ભૂમિકા ભજવી હતી.

યાસિન શેખાબારી મસ્જિદમાં ઈમામ તરીકે સેવા બજાવતો હતો અને છેલ્લાં ૧૮ મહિનાથી મદરેસામાં ભણાવતો હતો. ૧૮ ડિસેમ્બરે દીપુની હત્યા બાદ ૧૨ દિવસ તે વિવિધ મદરેસાઓમાં આશરો લઈ નાસતો ફરતો હતો.

કેસને મામલે અત્યાર સુધીમાં ૨૧ જણની ધરપકડ કરવામાં આવી છે જેમાંથી નવ જણે કોર્ટમાં ગુનાની કબૂલાત કરતું નિવેદન આપ્યું છે. (એજન્સી)

# તુર્કમાન ગેટ હિંસા કેસમાં વધુ છની ધરપકડ

નવી દિલ્હીઃ મધ્ય દિલ્હીના તુર્કમાન ગેટ વિસ્તારમાં કોર્ટના આદેશ મુજબ અતિક્રમણ દૂર કરવાની કાર્યવાહી દરમિયાન થયેલી અથડામણ અને પથ્થરમારા બાદ હિંસાના સંદર્ભમાં વધુ છની ધરપકડ કરવામાં આવી છે. આ હિંસામાં પોલીસ કર્મચારીઓ ઘાયલ થયા હતા.

આ કેસમાં અત્યાર સુધીમાં કુલ ૧૧ લોકોની ધરપકડ કરવામાં આવી છે. જેમાં એક સગીરનો પણ સમાવેશ થાય છે. ગુરૂવારે ધરપકડ કરાયેલા લોકોની ઓળખ અફાન, આદિલ, શાહનવાઝ, હમઝા, અથર અને ઉબેદ તરીકે થઇ છે. આ તમામ તુર્કમાન ગેટ વિસ્તારના રહેવાસી છે.

અધિક પોલીસ કમિશ્નર (સેન્ટ્રલ) નિધિન વલસને જણાવ્યું કે અમે વધુ છ લોકોની ધરપકડ કરી છે. આ સાથે અત્યાર સુધીમાં કુલ ૧૧ લોકોની ધરપકડ કરવામાં આવી છે. જેમાં એક સગીરનો પણ સમાવેશ થાય છે. તેમણે કહ્યું કે કાયદો અને વ્યવસ્થા જાળવવા અને કોઇપણ અનિચ્છનીય બનાવને રોકવા માટે વિસ્તારમાં પોલીસકર્મીઓ અને અર્ધલશ્કરી દળો તહેનાત કરવામાં આવ્યા છે. અધિકારીઓ પરિસ્થિતિ પર ઝીણવટભરી નજર રાખી રહ્યા હોવાનું તેમણે જણાવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે મંગળવાર અને બુધવારની મધરાતે દિલ્હીના રામલીલા મેદાન વિસ્તારમાં ફૈઝ-એ-ઇલાહ મસ્જિદ પાસે અતિક્રમણ દૂર કરવાની કાર્યવાહી દરમિયાન હિંસા ફાટી નીકળી હતી. ત્યારે કેટલાક લોકોએ પોલીસ પર પથ્થરમારો કર્યો હતો. જેમાં વિસ્તારના સ્ટેશન હાઉસ ઓફિસર સહિત પાંચ પોલીસકર્મીઓ ઘાયલ થયા હતા.

## પહેલા પાનાનું ચાલુ

### ભારત પર

યુદ્ધનો અંત લાવવાના પોતાના પ્રયાસોને વધુ ઝડપી બનાવતા અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે એક બિલને ગ્રીનલાઈટ કરી દીધું છે જેનાથી રશિયા જ નહીં તેની સાથે વેપાર કરતા દેશો પર પણ પ્રતિબંધોમાં વધારો થશે. રિપબ્લિકન સેનેટર લિન્ડસે ગ્રેહામના જણાવ્યા મુજબ, ટ્રમ્પે દ્વિપક્ષી રશિયન પ્રતિબંધ બિલને મંજૂરી આપી છે. પત્રકારો સાથે વાત કરતા ગ્રેહામે કહ્યું હતું કે તેમને આશા છે કે આવતા અઠવાડિયે જ આના પર મતદાન થશે.

ગ્રેહામે કહ્યું હતું કે વિવિધ મુદ્દાઓ પર રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથે આજે મળેલી બેઠક પછી તેમણે દ્વિપક્ષીય રશિયા પ્રતિબંધ બિલને મંજૂરી આપી હતી. હું મતદાનની રાહ જોઈ રહ્યો છું, આશા છે કે આવતા અઠવાડિયે જ મતદાન થશે.

રિપબ્લિકન સાંસદે કહ્યું હતું કે આ બિલ ટ્રમ્પને પુતિનના યુદ્ધ મશીનને બળતણ આપતા સસ્તા રશિયન તેલ ખરીદનારા દેશોને સજા'' કરવાની મંજૂરી આપશે. રશિયાના વેપાર ભાગીદારોને નિશાન બનાવતા દેશોની આ યાદીમાં ભારતનો પણ સમાવેશ થશે, જે રશિયન તેલ ખરીદવાને કારણે પહેલેથી જ હાઈ ટૅરિફનો સામનો કરી રહ્યું છે. ભારતની સાથે ચીન અને બ્રાઝિલ પણ દાયરામાં રહેશે.

### ચાંદીમાં કડાકો

ટકા અને ચાંદીના ભાવ ૩.૨ ટકા ઘટીને ક્વૉટ થઈ રહ્યાના નિર્દેશો સાથે સ્થાનિ ઝવેરી બજારમાં પણ ચાંદીના ભાવમાં કિલોદીઠ ૧૨,૧૭૪ રૂપિયાનો કડાકો બોલાઈ ગયો હતો, જ્યારે સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૮૯૯થી ૯૦૨ રૂપિયાનો ઘટાડો આવ્યો હતો.

આજે વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ નફારૂપી વેચવાલીનું દબાણ અને નવી લેવાલીનો અભાવ રહેવાની સાથે ઔદ્યોગિક વપરાશકારોની માગ પણ ખપપૂરતી રહેતાં વેરારહિત ધોરણે ભાવ ગઈકાલના બંધ સામે કિલોદીઠ ૧૨,૧૭૪ રૂપિયાના ઘટાડા સાથે રૂ. ૨,૩૫,૮૨૬ રૂપિયાના મથાળે રહ્યા હતા. તે જ પ્રમાણે સોનામાં પણ સ્ટોકિસ્ટો અને રોકાણકારોની છૂટીછવાઈ વેચવાલી અને જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ નિરસ રહેતાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૧૦ ગ્રામદીઠ ૮૯૯ રૂપિયા ઘટીને ૧,૩૫,૨૨૯ અને રૂપિયા ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૯૦૨ રૂપિયાના ઘટાડા સાથે ૧,૩૫,૭૭૩ રૂપિયાના મથાળે રહ્યા હતા.

આજે લંડન ખાતે સત્રના આરંભે હાજર અને વાયદામાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૬ ટકા ઘટીને અનુક્રમે ઔંસદીઠ ૪૪૨૮.૦૬ ડૉલર અને ૪૪૩૬.૩૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૩.૨ ટકા તૂટીને ઔંસદીઠ ૭૫.૬૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

હાલમાં કૉમૉડિટી ઈન્ડેક્સનું રિબેલેન્સિંગ થઈ રહ્યું હોવાથી આજે સોના અને ચાંદીના ભાવ દબાણ હેઠળ રહેશે. આ રિબેલેન્સિંગ આગામી પાંચ દિવસ ચાલશે એમ સાક્સો બૅન્કના કૉમૉડિટી સ્ટ્રેટેજી હેડ ઓલે હૅન્સને જણાવતાં ઉમેર્યું હતું કે આ બેલેન્સિંગને પગલે કોમેક્સ ફ્યુચર હેઠળ પ્રત્યેક મેટલમાં છથી સાત અબજ ડૉલરના મૂલ્યનું વેચાણ જોવા મળી શકે છે. હાલનાં વૈશ્વિક કૉમૉડિટીના વર્તમાન ભાવને ધ્યાનમાં લઈને આ સપ્તાહથી બ્લૂમબર્ગ કૉમૉડિટી ઈન્ડેક્સનું રિબેલેન્સિંગ શરૂ થયું છે. આ સપ્તાહના આરંભમાં અમેરિકા–વેનેઝુએલા વિવાદ સપાટી પર આવતાં સોના અને ચાંદી સહિતની કિંમતી ધાતુઓના ભાવમાં સુધારો જોવા મળ્યો હતો, પરંતુ હવે રોકાણકારોનું ધ્યાન રિબેલેન્સિંગ તરફ વળી જતાં ભાવમાં પીછેહઠ જોવા મળી હોવાનું તેમણે ઉમેર્યું હતું.

### ૬૦ આંતરરાષ્ટ્રીય

છે. ટ્રમ્પે બુધવારે એક મેમોરેન્ડમ પર હસ્તાક્ષર કર્યા હતા, જેનું શીર્ષક 'વિધડ્રોઈંગ ધ યુનાઈટેડ સ્ટેટ્સ ફ્રોમ ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન્સ, કન્વેન્શન્સ એન્ડ ટ્રીટીઝ ધેટ આર કોન્ટ્રરી ટુ ધ ઈન્ટરેસ્ટ્સ ઓફ ધ યુનાઈટેડ સ્ટેટ્સ' (અમેરિકાનાં હિતોની વિરુદ્ધ હોય તેવા આંતરરાષ્ટ્રીય સંગઠનો, સંમેલનો અને સંધિઓમાંથી અમેરિકાને પાછું ખેંચવું) છે.

હસ્તાક્ષર કર્યા પછી, ટ્રમ્પે જણાવ્યું હતું કે તેમણે એવું નક્કી કર્યું છે કે આ ૬૬ યુએન (યુનો) અને બિન–યુનો સંગઠનોમાં સભ્ય તરીકે રહેવું, તેમાં ભાગ લેવો અથવા તેમને ટેકો પૂરો પાડવો તે અમેરિકાના હિતોની વિરુદ્ધ છે.

વાઇટ હાઉસની ફેક્ટશીટ મુજબ, આ યાદીમાં યુનોની ૩૧ સંસ્થાઓ તેમજ ૩૫ બિન–યુનો સંગઠનોનો સમાવેશ થાય છે જે અમેરિકાનાં રાષ્ટ્રીય હિતો, સુરક્ષા, આર્થિક સમૃદ્ધિ અથવા સાર્વભૌમત્વની વિરુદ્ધ કામ કરે છે.

### ટ્રમ્પનું ટૅરિફ ટેરર

કરોડ રૂપિયાની સપાટીએ પહોંચ્યું હતું.

અમેરિકાની નવી ટૅરિફનો ભય અને એફઆઇઆઇના સતત આઉટફ્લોને કારણે સેન્ટિમેન્ટ ખરડાયું છે. ખાસ કરીને મેટલ, ઓઇલ અને ગેસ તથા આઇટી શેરોમાં વ્યાપક સ્તરે વેચવાલી જોવા મળી હતી. વૈશ્વિક ભાવમાં ઘટાડાને કારણે પ્રોફિટ બુકિંગ શરૂ થતાં મેટલ શેરો ધોવાયા હતા, જ્યારે વેનેઝુએલા–યુએસ કટોકટીની ચિંતાઓને કારણે ઓઇલ અને ગેસ શેરોમાં ઘટાડો થયો હતો.

દરમિયાન, ભારતનો નાણાવર્ષ ૨૦૨૬નો પ્રથમ એડવાન્સ એસ્ટિમેટ જીડીપીમાં મજબૂત વૃદ્ધિનો સંકેત આપે છે, જે ઉત્પાદનમાં સુધારો અને સ્થિતિસ્થાપક સેવાઓ દ્વારા સંચાલિત છે. નજીકના ગાળામાં, બજારોમાં સાવચેતીનું માનસ રહેવાની અને ટ્રેડ રેન્જ બાઉન્ડ રહેવાની અપેક્ષા છે.

સેન્સેક્સ કંપનીઓમાંથી, લાર્સન એન્ડ ટુબ્રો, ટેક મહિન્દ્રા, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, ટાટા સ્ટીલ અને ટ્રેન્ટ સૌથી વધુ ઘટનારા શેરોમાં સામેલ હતા. બીજી તરફ, ઇટર્નલ, આઇસીઆઇસીઆઇ બેંક, બજાજ ફાઇનાન્સ અને ભારત ઇલેક્ટ્રોનિક્સ ટોપ ગેઇનરમાં સામેલ હતા.

નિફ્ટીમાં સૌથી વધુ ઘટાડો નોંધાવનાર હિન્દાલ્કો ઇન્ડસ્ટ્રીઝ, ઓએનજીસી, જિયો ફાઇનાન્શિયલ, વિપ્રો, ટેક મહિન્દ્રાનો સમાવેશ હતો, જ્યારે વધારો નોંધાવનાર શેરમાં આઇસીઆઇસીઆઇ બેંક, ઇટર્નલ, એસબીઆઇ લાઇફ ઇન્શ્યોરન્સ, ભારત ઇલેક્ટ્રોનિક્સનો સમાવેશ હતો.

### જગત યુદ્ધ ભણી

એક અમેરિકી દરોડા દરમિયાન મોસ્કોના સાથી નિકોલસ માદુરોને સત્તા પરથી ઉથલાવી દીધા બાદ આ ટેન્કરને જપ્ત કરવામાં આવ્યું હતું.

મોસ્કોના વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે આ પગલાથી ''માત્ર લશ્કરી અને રાજકીય તણાવ વધુ વધશે,'' અને ઉમેર્યું કે તેઓ ગંભીર આંતરરાષ્ટ્રીય કટોકટી ઊભી કરવાની વોશિંગ્ટનની તૈયારી થી ચિંતિત છે. રશિયન વિદેશ મંત્રાલયે સત્તાવાર કહ્યું છે કે, 'અમે આ મામલે અમેરિકાની તમામ હિલચાલ પર નજર રાખી રહ્યા છે. રશિયાએ માંગ કરી છે કે, અમેરિકા રશિયન નાગરિક સાથે માનવીય વ્યવહાર કરે. અમેરિકન એટોર્ની જનરલ પામ બોન્ડીએ સોશિયલ મીડિયા એક્સ પર લખ્યું છે કે, 'અમેરિકન અધિકારીઓએ જપ્ત કરેલા બેલા–૧ નામના મેરિનેરા ટેન્કરના ક્રૂ મેમ્બર્સ વિરુદ્ધ ક્રિમિનલ કેસ દાખલ કરવામાં આવશે. ક્રૂ સભ્યોએ ટેન્કરને બચાવવાનો ઘણો પ્રયાસ કર્યો હતો. આ જહાજ વેનેઝુએલા અને ઈરાનથી પ્રતિબંધીત તેલ લઈને જઈ રહ્યું હતું.

### મમતાના ખાસમખાસ

હાર્ડ ડિસ્ક જપ્ત કરી રહ્યા હતા. મેં તેને પરત લઈ લીધી હતી.

જોકે મમતાએ સીએમપદનો દુરુપયોગ કર્યો હોવાની ફરિયાદ સાથે ઈડી અદાલતમાં ગઈ છે.

તેમણે ઈડી પર શાસક પક્ષની હાર્ડ ડિસ્ક, મોબાઇલ ફોન, ઉમેદવારોની યાદી અને આંતરિક વ્યૂહરચના દસ્તાવેજો જપ્ત કરવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો હતો.

મુખ્યપ્રધાને પૂછ્યું હતું કે, શું ઈડીનું કામ રાજકીય પક્ષોનો ડેટા એકત્રિત કરવાનું છે? ટીએમસી માટે રાજકીય સલાહ પૂરી પાડવા ઉપરાંત આઈ–પૅક પાર્ટીના આઈટી અને મીડિયા સેલનું પણ સંચાલન કરે છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પર આકરા પ્રહારો કરતા મમતાએ તપાસ અભિયાનને બદલાની રાજનીતિ ગણાવી અને કહ્યું કે વિપક્ષી પક્ષોને ડરાવવા માટે એજન્સીઓનો દુરુપયોગ થઈ રહ્યો છે. મમતાએ આરોપ લગાવ્યો હતો કે, આ કાયદાનો અમલ નથી, પરંતુ બદલાની રાજનીતિ છે. સૌથી ખરાબ ગૃહમંત્રી જેવું વર્તન કરી રહ્યા છે અમિત શાહ. દેશનું રક્ષણ કરનાર વ્યક્તિ જેવું નહીં.

#### ઈડી, આઈ–પેક બંને હાઈ કોર્ટમાં

એન્ફોર્સમેન્ટ ડિરક્ટરેટ (ઈડી) અને રાજકીય કન્સલ્ટન્સી ફર્મ આઈ–પેકે ગુરુવારે પ્રતીક જૈનના કાર્યાલય અને નિવાસસ્થાને કેન્દ્રીય એજન્સીના દરોડા મામલે કલકત્તા હાઈકોર્ટમાં ધા નાખી છે.

તપાસમાં દખલગીરી કરવામાં આવી રહી હોવાનો આક્ષેપ કરતા ઈડીએ કોર્ટમાં ધા નાખી છે. બીજી તરફ, આઈ–પેકે આ દરોડાઓની કાયદેસરતાને પડકારી છે.

#### મમતા પુરાવાઓ લઈ ગયાંઃ ઈડી

એન્ફોર્સમેન્ટ ડિરક્ટરેટે (ઈડી) ગુરુવારે આરોપ લગાવ્યો હતો કે પશ્ચિમ બંગાળનાં મુખ્ય પ્રધાન મમતા બેનરજી કોલસા કૌભાંડ સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસમાં દરોડા દરમિયાન કોલકાતામાં આઈ–પેક ડિરેક્ટર પ્રતીક જૈનના નિવાસસ્થાને પ્રવેશ્યા હતા અને ભૌતિક દસ્તાવેજો તથા ઇલેક્ટ્રોનિક ઉપકરણો સહિતના મહત્વના પુરાવા લઈ ગયા હતા.

ફેડરલ તપાસ એજન્સીએ એક નિવેદનમાં એવો પણ આરોપ લગાવ્યો છે કે મમતા ત્યારબાદ સોલ્ટ લેક સ્થિત આઈ–પેકની ઓફિસમાં ગયા હતા, જ્યાંથી તેમણે, તેમના સહયોગીઓ અને રાજ્ય પોલીસે બળજબરીપૂર્વક દસ્તાવેજો અને ઇલેક્ટ્રોનિક પુરાવા હટાવ્યા હતા.

ઈડીએ જણાવ્યું કે કોલસાની હેરાફેરીના કેસમાં ૧૦ સ્થળોએ (બંગાળમાં ૬ અને દિલ્હીમાં ૪) દરોડા પાડવામાં આવ્યા હતા.

#### પ્રતીક જૈન કોણ છે?

પ્રતિક જૈન ઍન્જિનિયરમાંથી રાજકીય સલાહકાર બન્યા છે અને ૧૦ વર્ષ અગાઉ એટલે કે વર્ષ ૨૦૧૫માં વિનેશ ચાંદેલ અને ઋષિરાજ સિંહ સાથે મળીને સ્થાપેલી આઈપૅકનાં સહસ્થાપક છે. પ્રતિષ્ઠિત આઈઆઈટી–બૉમ્બેમાંથી મેટાલર્જિકલ એન્જિનિયરિંગ ઍન્ડ મટિરિયલ સાયન્સમાં જૈને ઍન્જિનિયરિંગ કર્યું હતું. એક્સિસ મ્યુચ્યુઅલ ફંડમાં તેમણે ઈન્ટર્ન તરીકે કામ કર્યું હતું. વર્ષ ૨૦૧૨માં ઍન્જિનિયરિંગ કર્યા બાદ જૈને ડેલોઈટ ખાતે ઍનાલિસ્ટ તરીકે કામ કર્યું હતું. ભારતમાં જવાબદારીપૂર્વકના વહીવટને વધુ મજબૂત કરવાની દૃષ્ટિથી નફો ન કરતી સંસ્થા 'સિટિઝન ફૉર અકાઉન્ટેબલ ગવર્નન્સ'ની સ્થાપના કરી હતી જે બાદમાં આઈ–પૅકમાં પરિવર્તિત થઈ ગઈ હતી.

જૈન પશ્ચિમ બંગાળના શાસક પક્ષ ટીએમસીના આઈટી એકમના વડા પણ છે. આઈપૅક પોતાને રાજકીય બાબતો અને દેશના વહીવટમાં અર્થપૂર્વ યોગદાન આપવા ભાગીદાર બનવા વિદ્યાર્થીઓ અને વ્યાવસાયિકો માટે પસંદગીનો મંચ લેખાવે છે. આ માટે તેમણે રાજકીય પત્રનો હિસ્સો હોવું જરૂરી નથી.

#### મમતા કઈ ગ્રીન ફાઈલો લઈ ગયાં?

દસ્તાવેજોની ચોરીના આરોપો વચ્ચે મમતા બેનરજીના કાર્યાલયમાં ઉપલબ્ધ અમુક ગ્રીન ફાઈલોને ઊપાડીને કાફલાના વાહનોમાં રાખવાની વાત પણ સામે આવી છે. ત્યાર બાદ એ સવાલ ઊઠી રહ્યા છે કે અંતે આ ફાઈલોમાં એવી કઈ માહિતી છે જેને આટલી ઉતાવળે સુરક્ષિત કરવામાં આવી. આ અંગે પણ ટીએમસી કે ઈડી તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન બહાર નથી આવ્યું.

#### આઈ–પૅક સાથે મમતાને શું સંબંધ?

આઈ–પૅક પશ્ચિમ બંગાળમાં લાંબા સમયથી મમતા બેનરજીની ચૂંટણી રણનીતિકાર રહી છે. વર્ષ ૨૦૨૧ની વિધાનસભાની ચૂંટણીમાં આઈ–પૅક એ ટીએમસી માટે મહત્ત્વની ભૂમિકા ભજવી હતી જેને કારણે પક્ષને ભાજપ સામે મોટો વિજય મેળવવામાં સફળતા મળી હતી. ત્યાર બાદ ટીએમસીએ આઈપૅક સાથેના કરારની મુદત વર્ષ ૨૦૨૬ સુધી લંબાવી દીધી હતી. વર્ષ ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીમાં પણ આઈ–પૅકે પશ્ચિમ બંગાળમાં ટીએમસીને વ્યૂહાત્મક સહકાર આપ્યો હતો.

#### આઈ–પૅકની રાજકીય સફર

ઈન્ડિયન પોલિટિકલ એક્શન કમિટી–આઈ–પૅકની શરૂઆત વર્ષ ૨૦૧૩માં સિટિઝન્સ ફૉર અકાઉન્ટેબલ ગવર્નન્સ સ્વરૂપે થઈ હતી. આ સંસ્થા રાજકીય પક્ષો માટે એજન્ડા નક્કી કરવાનું અને ચૂંટણીની રણનીતિ ઘડી કાઢવાનું કામ કરે છે. વર્ષ ૨૦૧૪માં 'ચાય પે ચર્ચા', 'મોદી આનેવાલે હૈ', 'ઘર–ઘર મોદી' જેવા અભિયાન આઈપૅક સાથે સંકળાયેલા છે. આ ઉપરાંત બિહાર, પંજાબ, ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર, દિલ્હી, તમિળનાડુ, આંધ્ર પ્રદેશ અને પશ્ચિમ બંગાળ સહિત અનેક રાજ્યમાં આઈપૅક એ જુદા જુદા રાજકીય પક્ષોના ચૂંટણી વ્યૂહ તૈયાર કર્યા હતા.

# થાણે લોકઅદાલતે ૨૦૨૫માં ૩.૦૭ લાખ કેસનો નિવેડો લાવી ૭૫૪.૮૫ કરોડનું વળતર અપાવ્યું

થાણેઃ થાણે લોકઅદાલતે વીતેલા વર્ષમાં ૩,૦૭,૨૫૫ કેસનો નિવેડો લાવી ૭૫૪.૮૫ કરોડ રૂપિયાનું વળતર અપાવ્યું હોવાનું એક અધિકારીએ ગુરુવારે જણાવ્યું હતું.

કોર્ટોમાં સમજૂતી અને સમાધાન માટે પડતર અને જેની સુનાવણી હજુ ચાલુ ન થઈ હોય તેવાં પ્રકરણોની ઝડપી અને સસ્તી પતાવટ માટે વૈકલ્પિક નિવારણ પ્રણાલી એટલે લોકઅદાલત છે. લોકઅદાલતના આદેશોને નાગરી કોર્ટનો દરજ્જો આપવામાં આવ્યો છે.

એક વર્ષમાં ૭૫૪ કરોડથી વધુ રૂપિયાની પતાવટ સિદ્ધ કરે છે કે લોકઅદાલત હવે માત્ર વિકલ્પ નથી, પણ આપણી ન્યાયપ્રણાલીનો પાયો છે, એમ ડિસ્ટ્રિક્ટ લિગલ સર્વિસીસ ઑથોરિટી (ડીએલએસએ)ના સેક્રેટરી આર. એસ. પાજણકરે જણાવ્યું હતું.

બૅન્ક રિકવરીઝ, ચેક બાઉન્સ કેસો અને મોટર એક્સિડેન્ટ ક્લેઈમ્સ સહિતના નાણાકીય અને વસૂલીના મામલા સમાધાન માટે વધુ આવ્યા હોવાનું જોવા મળ્યું હતું, એમ અધિકારીએ જણાવ્યું હતું.

બૅન્કની વસૂલી અને એમએસીટી (મોટર એક્સિડેન્ટ ક્લેઈમ્સ ટ્રિબ્યુનલ) જેવાં પ્રકરણોમાં સમય મહત્ત્વપૂર્ણ હોય છે. અકસ્માત પીડિતોને ૧૧૭ કરોડ રૂપિયાનું વળતર આપીને અને બૅન્કિંગ ક્ષેત્ર માટે લગભગ ૧૬૬ કરોડ રૂપિયાની વસૂલીનો માર્ગ મોકળો થયો હતો. (પીટીઆઈ) ■

# પાલઘર પોલીસનો ગુના ઉકેલનો દર ૮૯ ટકા

## માર્ગ અકસ્માતોમાં જીવ ગુમાવવાની ઘટનાઓમાં ઘટાડો

પાલઘરઃ ૨૦૨૫માં પાલઘર જિલ્લા પોલીસનો ગુના ઉકેલવાનો દર ૮૯ ટકા સુધી પહોંચી ગયો હતો અને વર્ષ દરમિયાન માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામવાની ઘટનામાં પણ ઘટાડો નોંધાયો હોવાનું વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. પાલઘર પોલીસનો વાર્ષિક અહેવાલ રજૂ કરતાં સુપરિન્ટેન્ડેન્ટ ઑફ પોલીસ યતીશ દેશમુખે જણાવ્યું હતું કે હિંસક ગુનાનો આલેખ પણ નીચે ઊતર્યો હતો.

ગયા વર્ષે ૧થી ૫ની શ્રેણી હેઠળ ૨,૧૨૧ ગુના નોંધાયા હતા, જેમાંથી ૧,૮૯૪ (૮૯ ટકા) ગુના ઉકેલવામાં પોલીસને સફળતા મળી હતી. તેની સામે ૨૦૨૪માં ૨,૧૪૧માંથી ૧,૮૮૯ ગુના ઉકેલવામાં આવ્યા હતા. ગુનામાં આરોપીઓને સજા અપાવવાનું પ્રમાણ ૫૯ ટકાથી બે ટકા વધ્યું હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

૨૦૨૪ની સરખામણીએ વીતેલા વર્ષમાં હત્યા અને હત્યાના પ્રયાસના ગુના અનુક્રમે ૩૧ અને ૧૬ સ્થિર રહ્યા હતા. ૨૦૨૪માં જિલ્લામાં હત્યાના ૩૫ અને હત્યાના પ્રયાસના ૨૮ કેસ નોંધાયા હતા.

એ જ રીતે ૨૦૨૪માં જીવલેણ અકસ્માતની ૩૪૭ ઘટના બની હતી, જેની સામે ગયા વર્ષે ૨૭૪ ઘટના નોંધાઈ હતી. એ જ રીતે અકસ્માતમાં જખમી થનારાઓનો આંકડો ૨૦૨૪ના ૨૭૩ની સામે ગયા વર્ષે ૨૭૭ રહ્યો હતો, એવું અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઈ) ■




# જળગાંવમાં કાર ઊંધી વળતાં ત્રણ જણનાં મોત, ચાર ઘાયલ

મુંબઈઃ જળગાંવ જિલ્લામાં કાર ઊંધી વળતાં ત્રણ જણનાં મોત થયાં હતાં, જ્યારે અન્ય ચાર જણને ઇજા પહોંચી હોવાનું પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. ચાલીસગાંવમાં કન્નાડ ઘાટ વિસ્તારમાં બુધવારે રાતના આ અકસ્માત થયો હતો. અહિલ્યાનગરના શેવગાંવના સાત જણનું જૂથ કારમાં મધ્ય પ્રદેશના ઉજ્જૈન જવા માટે નીકળ્યું હતું. ચાલીસગાંવના ઘાટ વિસ્તારમાં ડ્રાઇવરે અચાનક સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો, જેને કારણે કાર ઊંધી વળી ગઇ હતી. આ અકસ્માતમાં કારમાં હાજર સાતેય જણને ગંભીર ઇજા પહોંચતાં તેમને નજીકની હૉસ્પિટલમાં સારવાર માટે લઇ જવામાં આવ્યા હતા. જોકે ડૉક્ટરોએ ત્રણ જણને તપાસી મૃત જાહેર કર્યા હતા, જેમની ઓળખ તુકારામ અંભોરે (૨૭), શેખર દુપટિ (૩૧) અને ઘનશ્યામ પિસોટે (૩૦) તરીકે થઇ હતી. બાકીના ચાર ઘાયલોને સારવાર માટે હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. (પીટીઆઇ) ■

ટ્રેનમાં ગોળીબાર

# ભૂતપૂર્વ આરપીએફ જવાન નોર્મલ, તેને દેખીતી કોઇ તકલીફ નથી

મુંબઈઃ ૨૦૨૩માં ટ્રેનમાં પોતાના વરિષ્ઠ સહકર્મી અને ત્રણ પ્રવાસીની ગોળી મારીને હત્યા કરવાના આરોપી આરપીએફ કોન્સ્ટેબલ ચેતનસિંહ ચૌધરી શારીરિક અને માનસિક રીતે નોર્મલ છે, એમ થાણે જેલના અધિકારીઓ દ્વારા કોર્ટમાં રજૂ કરાયેલા ચૌધરીના મેડિકલ રિપોર્ટમાં જણાવાયું છે. રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે આરોપી 'હેમોડાયનેમિકલી નોર્મલ' છે.આરોપીની જામીન અરજી પણ સુનાવણી હાથ ધરી રહેલા એડિશનલ સેશન્સ જજ એમ.એચ. પઠાણે ગયા મહિને થાણે સેન્ટ્રલ જેલના અધિકારીઓને ભૂતપૂર્વ આરપીએફ કોન્સ્ટેબલની તબીબી સ્થિતિનો અહેવાલ રજૂ કરવાના નિર્દેશ આપ્યા હતા. હાલ સેન્ટ્રલ જેલમાં રહેલા ચૌધરીએ માનસિક સ્વાસ્થ્ય સ્થિતિનો ઉલ્લેખ કરીને જામીન માટે અરજી કરી છે. મેડિકલ રિપોર્ટમાં જણાવાયું છે કે કોર્ટના આદેશ અનુસાર ચૌધરીને થાણેમાં રિજનલ મેન્ટલ હોસ્પિટલમાં ૨૦ ફેબ્રુઆરીથી ૧૨ જુલાઇ, ૨૦૨૫ દરમિયાન દાખલ કરવામાં આવ્યો હતો. જેલમાં પાછા ફર્યા બાદ તેણે જેલ હોસ્પિટલના આઉટપેશન્ટ વિભાગ દ્વારા સાઇકિયાટ્રિક સારવાર ચાલુ રાખી છે. રિપોર્ટ મુજબ ૧૮ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ હાથ ધરાયેલી તપાસમાં તે હેમોડાયનેમિકલી નોર્મલ હોવાનું જાણવા મળ્યું છે.નોંધનીય છે કે જયપુર-મુંબઈ સેન્ટ્રલ સુપરફાસ્ટ એક્સપ્રેસમાં ૩૧ જુલાઇ, ૨૦૨૩ના રોજ પાલઘર રેલવે સ્ટેશન નજીક પોતાના વરિષ્ઠ સહકર્મી આસિસ્ટન્ટ સબ-ઇન્સ્પેક્ટર ટિકારામ મીના તેમ જ ત્રણ પ્રવાસી પર ગોળીબાર કરવાનો ચૌધરી પર આરોપ છે. (પીટીઆઇ) ■

# ૨૦૨૧ના માર્ગ અકસ્માતના ચાર પીડિતોને ૫૪ લાખ રૂપિયા વળતર આપવાનો આદેશ

થાણેઃ થાણે મોટર એક્સિડન્ટ ક્લેઇમ્સ ટ્રિબ્યુનલે (એમએસીટી) જળગાંવ જિલ્લામાં ૨૦૨૧માં માર્ગ અકસ્માતના ચાર પીડિતોને લગભગ ૫૪ લાખ રૂપિયાનું વળતર ચૂકવવાનો આદેશ આપ્યો હતો. કુલ ૫૩.૯૫ લાખ રૂપિયાના વળતરમાંથી ત્રણ ઘાયલોને ૨૧ લાખ રૂપિયા, તો મૃત્યુ પામેલી એક વ્યક્તિના પરિવારના સભ્યોને ૩૨ લાખ રૂપિયા ચૂકવવાનું જણાવાયું હતું.

અકસ્માત સાથે જોડાયેલી ચાર અલગ-અલગ અરજી પર ટ્રિબ્યુનલનાં સભ્ય આર.વી. મોહિતેએ ૨ જાન્યુઆરીએ આદેશ આપ્યો હતો.

મુંબઈ-આગ્રા નેશનલ હાઇવે પર ૧૯ મે, ૨૦૨૧ની મધરાતે અકસ્માત થયો હતો, જ્યારે એમયુવી (મલ્ટિ-યુટિલિટી વેહિકલ) અનેક પ્રવાસીઓને લઇ જળગાંવ જિલ્લાના અખાતવાડી તરફ જઇ રહ્યું હતું. ડ્રાઇવર પૂરપાટ વેગે અને બેદરકારીપૂર્વક વાહન હંકારી રહ્યો હતો.

તેણે વાહન પરથી અચાનક કાબૂ ગુમાવ્યો હતો, જેને કારણે વાહન રસ્તા પરથી ઊતરીને મોટા પથ્થર સાથે ભટકાયું હતું. આ અકસ્માતમાં રાજેન્દ્ર નામદેવ પવારનું મૃત્યુ થયું હતું, જ્યારે અન્ય ત્રણ પ્રવાસીને ગંભીર ઇજા થઇ હતી.

વીમા કંપનીએ દાવાઓનો વિરોધ કરતાં દલીલ કરી હતી કે અકસ્માત એક અજાણી ટ્રક દ્વારા અચાનક બ્રેક લગાવવાથી થયો હતો અને એમયુવીનો ઉપયોગ પોલિસીની શરતોથી વિપરીત રીતે પ્રવાસીઓનું વહન કરવા માટે થતો હતો. જોકે એમએસીટીએ એ દલીલને ફગાવી દીધી હતી અને જણાવ્યું હતું કે અકસ્માત ડ્રાઇવરની બેદરકારીને કારણે થયો હતો.

તેમણે એ પણ નોંધ્યું હતું કે પોલીસે ડ્રાઇવર રાજેન્દ્ર તુકારામ ગધારી વિરુદ્ધ ભારતીય દંડસંહિતાની કલમ ૨૭૯, ૩૩૭, ૩૩૮ અને ૩૦૪ (એ) હેઠળ ગુનો દાખલ કર્યો હતો. (પીટીઆઇ) ■

અજિત પવારે પ્રોટોકોલ તોડીને માનવતા દાખવી

# પોતાની એમ્બ્યુલન્સમાં ઘાયલને હોસ્પિટલ ભેગો કર્યો

પુણે : મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર ફરી એકવાર તેમના માનવતાવાદી અભિગમને કારણે ચર્ચામાં છે. પુણેના રેન્જ હિલ વિસ્તારમાં માર્ગ અકસ્માત જોઈને અજિત પવારે પોતાનો કાફલો રોક્યો અને ઘાયલ યુવકને તાત્કાલિક સારવાર આપવામાં મદદ કરી. વીડિયોમાં અજિત પવાર ઘાયલ વ્યક્તિ પાસે જઈને તેને મદદ કરતા જોઈ શકાય છે. તેમનો પૂર્વ-આયોજિત કાર્યક્રમ હોવા છતાં, તેઓ ઘટનાસ્થળે હાજર રહ્યા.

પ્રાપ્ત માહિતી અનુસાર, નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર ગુરુવારે સવારે તેમના પુણેના નિવાસસ્થાન 'જીજાઈ' થી પિંપરી-ચિંચવડ તરફ પ્રચાર સભા માટે જઈ રહ્યા હતા. જ્યારે તેમનો કાફલો રેન્જ હિલ વિસ્તારમાંથી પસાર થઈ રહ્યો હતો, ત્યારે તેમણે રસ્તા પર એક બાઇકનો અકસ્માત થયેલો અને બાઈક સવારને ઈજાગ્રસ્ત જોયો.

ઘાયલ વ્યક્તિને જોઈને, અજિત પવારે પ્રોટોકોલની અવગણના કરીને પોતાના કાફલાને રોકવાનો આદેશ આપ્યો અને પોતે વાહનમાંથી બહાર આવીને તેઓ ઘાયલ વ્યક્તિની ખબર પૂછવા માટે તેની પાસે ગયા. પરિસ્થિતિની ગંભીરતા જોઈને, તેમણે તેમના કાફલા સાથે આવેલી એમ્બ્યુલન્સને ઘાયલ યુવકને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં લઈ જવાનો આદેશ આપ્યો.









## ક્લાસિફાઈડ

### ૧૭. જગ્યા આપવી છે

**ઘાટકોપર (ઈસ્ટ)**
એરીયા 1472, 4 બેડરૂમ હોલ કિચન, ઓફ 60 ફીટ રોડ, પાર્કિંગ સાથે 4.50 Cr નેગોશીએબલ કોલ ગુડફૂપા એસ્ટેટસ 9870001602/ 9773575357. (એસડીબીજી-૩૦૧૫)

**ઘાટકોપર (ઈસ્ટ) નીલકંઠવેલી**
3 બેડરૂમ હોલ કિચન ફૂલ્લી ફર્નિશ્ડ ફ્લેટ, 1.35 લાખ ભાડું, હાઈયર ફ્લોઅર, તેમજ 2 બેડરૂમ હોલ કિચન, સેમીફર્નિશ્ડ, 700 કાર્પેટ 70000/- ભાડેથી, 2 બેડરૂમ હોલ કિચન સેમીફર્નિશ્ડ વેચાણથી 2.51 Cr. ઓલ મોર્ડન એમેનિટીસ, કોલ ગુડફૂપા એસ્ટેટસ 9870001602/ 9773575357. (એસડીબીજી-૩૦૧૪)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**
સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)

### ૨૦. ધંધાદારી જગ્યા

**મસ્જિદ બંદર**
કાઝી સૈયદ સ્ટ્રીટ, નરસી નાથા સ્ટ્રીટ, સેમ્યુલ સ્ટ્રીટ, નાગદેવી, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, ઓફિસ, ગોડાઉન લેવા- વેચવા/ ભાડેથી. ''લક્ષ્મીકાંત ભટ્ટ'' (યુઈ) ૯૮૨૧૩૦૭૨૬૨, ૯૩૨૧૨૪૪૧૯૧. (૪૫૭-ઈ)

### ૨૩. મનોરંજન

**નાટ્ય ગ્રુપ**
વર્ષના 6 નાટક વ્યક્તિ દીઠ માત્ર 1000/- ભરી બુક કરો. 9619538663 / 9820419608. (બી-૧૬૯૩૬)

### ૩૨. જમીન - મિલકત

**જુનાગઢ જીલ્લો માંગરોળ**
બંધ મકાન પ્લોટ / જમીન જુના ભાડુઆત / કબજા / સાંસણ ગીરમાં ફાર્મ હાઉસ લેવા/ વેચવા સંપર્ક: ભુપતભાઈ: 6354281601. (એસડીબી-૩૦૨૧)

### ૩૩. ધંધાદારી

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**
52 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૯૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૨૧-એ)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

■ **હોમાત્મક - સુંદરકાંડ દ્વારા આર્થિક - માનસિક - શારીરિક સમસ્યા નિવારણ. ૯૯૯૮૭૮૭૧૪૩. (બી-૧૬૯૧૮)**

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675 / 9326448699. (કાંદિવલી). (૭૦૪-ઈ)

### ૫૨. કુરીઅર્સ

**ફોરેન**
પાર્સલ માટે એકમાત્ર જુનું વિશ્વસનીય નામ રમેશભાઈ- 9702251440 / 9224320626. (બી-૧૬૮૩૫)

**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


## છેલ્લા પાનાનું ચાલુ

### કૉંગ્રેસનો ભાજપ પર

વ્યવસ્થાથી નારાજ કૉંગ્રેસે બુધવારે બ્લોક પ્રમુખ સહિત ૧૨ નવા ચૂંટાયેલા ૧૨ કાઉન્સિલરોને સસ્પેન્ડ કરી દીધા હતા.

મહારાષ્ટ્ર ભાજપ પ્રમુખ રવિન્દ્ર ચવ્હાણના જણાવ્યા અનુસાર, બુધવારે મોડી રાત્રે ૧૨ સસ્પેન્ડ કરાયેલા કાઉન્સિલરો ભાજપમાં જોડાયા હતા. (પીટીઆઈ)

### થાણે પાલિકામાં

હોવાનું જણાયું છે. ચૂંટણીમાં ૨૨૭ વોર્ડ માટે કુલ ૧૭૦૦ ઉમેદવાર ચૂંટણી મેદાનમાં ઊતર્યા છે. ચૂંટણી મેદાનમાં ઊતરેલા માજી મેયરો સહિત માજી નગરસેવકોએ પોતાના સોગંદનામા રજૂ કર્યા છે જેમાં ચૂંટણી પંચના નિયમ પ્રમાણે પોતાની પત્નીના નામ પરની મિલકતો તેમજ ફિક્સ અને મૂવેબલ પ્રોપર્ટી, બૅંક ડિપોઝિટ્સ, શેર્સ, દાગીના અને કરજની માહિતી આપવી ફરજિયાત છે.

કેટલાક માજી નગરસેવકોએ બિઝનેસ, કૃષિ, ભાડાની આવકો અને પગાર તરીકે આવકના સ્રોત જણાવ્યા છે.

### ૧૫ જાન્યુઆરીએ

શૅરબજાર બંધ રહેવાની શક્યતા છે. જોકે રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ આ બાબતે હજુ કોઈ અધિકૃત જાહેરાત કરી નથી. આવતા ગુરુવારે સવારે ૭.૩૦થી સાંજે ૫.૩૦ સુધી મતદાન કરી શકાશે.

ખાનગી ક્ષેત્રના કર્મચારીઓની રજા અંગે હજુ કોઈ નિર્ણય લેવાયો નથી. સંબંધિત સંસ્થાને પોતાના કર્મચારીઓને રજા આપવી કે નહીં તેનો નિર્ણય લેવાનો અધિકાર છે. મોટા ભાગની કંપનીઓ તેમના કર્મચારીઓને મતદાન માટે સવારે અથવા સાંજે બે કલાકની છૂટ આપવાનો નિર્ણય લઈ શકે છે.

### મોદીને વડા પ્રધાન

જવું જોઇએ. લોકોએ આ બે વાત પર ધ્યાન આપવું જોઇએ', એમ ઉદ્ધવે જણાવ્યું હતું.

મુંબઈને મહારાષ્ટ્રથી અલગ કરવાનું ભાજપનું ઘણા સમયથી સપનું છે. હવે તેઓ વિચાર કરી રહ્યા છે કે બાળાસાહેબ ઠાકરે રહ્યા નથી તેથી શિવસેનાનું નામ કાગળ પરથી દૂર કરી દેવું જોઇએ, પરંતુ તેઓ એવું કરી શકશે નહીં, એમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

બાળાસાહેબ ઠાકરે ૨૦૧૨ સુધી જીવંત હતા ત્યાં સુધી તેઓ (ભાજપ) બહુ સીધા ચાલી રહ્યા હતા એમ જણાવતા તેમણે કહ્યું હતું કે રાજકારણની ગુણવત્તા ખરાબ કરવામાં ઘણાનો હાથ છે, પરંતુ સૌથી વધુ ભાજપને કારણે રાજકારણ ડહોળાયું છે. (પીટીઆઇ)

### વિરોધ પક્ષો પાસે

અસ્તિત્વમાં છે કે નહીં. અમે લોકસભાની ચૂંટણી પછી અમે બધા એક જ વાર રાહુલજી (ગાંધી)ના નિવાસસ્થાને મળ્યા હતા એ વાત સાચી છે. કૉંગ્રેસે એકપક્ષીય રીતે જાહેરાત કરી કે તે શિવસેના (યુબીટી) સાથે ગઠબંધન કરવા માગે છે પરંતુ જેમની સાથે છે તેમની સાથે નહીં.'

મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાને વધુમાં જણાવ્યું હતું કે આ તેમનો નિર્ણય છે. (શરદ) પવાર સાહેબ (મુંબઈ મહાનગરપાલિકા ચૂંટણીમાં) અમારી સાથે છે. કૉંગ્રેસ અમારી સાથે નથી. રાષ્ટ્રીય સ્તરે અમે ઇચ્છીએ છીએ કે બધા સાથે રહે. અમે, અન્ય પ્રાદેશિક પક્ષો અને કૉંગ્રેસ એકત્ર હોવા જોઈએ. (એકઠા થવાનો) પ્રયાસ થવો જોઈએ. મને તેના સિવાય બીજો કોઈ વિકલ્પ દેખાતો નથી.'

મહારાષ્ટ્રમાં વિપક્ષ મહા વિકાસ આઘાડીમાં એક મહત્ત્વપૂર્ણ ખેલાડી કૉંગ્રેસે ૧૫ જાન્યુઆરીના રોજ યોજાનારી મહાનગરપાલિકાની ચૂંટણીમાં શિવસેના (યુબીટી) ના મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે) સાથે જોડાણનો હવાલો આપીને એકલા લડવાનો નિર્ણય લીધો.

જોકે, શિવસેના (યુબીટી ) વિપક્ષી મતોના વિભાજનને ટાળવા માટે કૉંગ્રેસને મોટા ગઠબંધનનો ભાગ બનાવવા માટે ઉત્સુક હતી.

### અંબરનાથમાં

વચન આપ્યું હતું. તેઓ અમારી સાથે આવ્યા છે કારણ કે સરકાર જનહિતમાં કામ કરી રહી છે અને જનતાને ન્યાય અપાવવા અને વિકાસ કરવા સક્ષમ છે.'

૨૦ ડિસેમ્બરે યોજાયેલી સ્થાનિક ચૂંટણી પછી ભાજપે 'અંબરનાથ વિકાસ આઘાડી' (એવીએ)ના બેનર હેઠળ કટ્ટર હરીફ કૉંગ્રેસ સાથે હાથ મિલાવી અંબરનાથ મ્યુનિસિપલ કાઉન્સિલ (થાણે જિલ્લા) ની આગેવાની લઈ સાથી પક્ષ શિવસેનાને બાજુ પર રાખી એક માત્ર સૌથી મોટા પક્ષ તરીકે ઊભરી આવ્યો. આઘાડીમાં અજિત પવારની આગેવાની હેઠળનો રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પક્ષ (એનસીપી) પણ સામેલ છે.

૬૦ સભ્યોની નગરપાલિકામાં એવીએને ૩૧ બેઠકો સાથે બહુમતી મળી હતી. તાજેતરની ચૂંટણીમાં શિવસેના ૨૭ બેઠક જીતી હતી અને બહુમતીથી ફક્ત ચાર બેઠક દૂર રહી હતી. ભાજપે ૧૪ બેઠક, કૉંગ્રેસે ૧૨ અને એનસીપીએ ૪ બેઠક મેળવી હતી, જ્યારે બે અપક્ષ પણ ચૂંટાયા હતા.

એક અપક્ષના ટેકાથી, ત્રણ પક્ષીય ગઠબંધનની સંખ્યા ૩૨ કાઉન્સિલરો સુધી પહોંચી ૩૦ના બહુમતી આંકડો પાર કરી ગઈ છે. આ વિચિત્ર વ્યવસ્થાથી રોષે ભરાયેલી કૉંગ્રેસે બુધવારે બ્લોક પ્રમુખ સહિત તેના ૧૨ નવા ચૂંટાયેલા કાઉન્સિલરોને સસ્પેન્ડ કરી દીધા હતા.

સસ્પેન્ડ કરાયેલા ૧૨ કાઉન્સિલરો ભાજપમાં જોડાતા નગરપાલિકાના રાજકીય સમીકરણોમાં નોંધપાત્ર ફેરફાર થયો છે. ભાજપ, એનસીપી અને શિવસેના શાસક મહા યુતિમાં ભાગીદાર છે. (પીટીઆઈ)

### ફડણવીસે

જણાવ્યું હતું કે સરકારનો લક્ષ્ય ૨૦૩૦ સુધીમાં તમામ મુખ્ય મેટ્રો કામગીરી પૂર્ણ કરવાનો છે. આ ઉપરાંત શહેરની બહાર ભારે ટ્રાફિકને વાળવા માટે કોસ્ટલ રોડને એક ''રિંગ રોડ'' સાથે જોડવાની યોજના છે.

થાણેના મુખ્ય ઘોડબંદર રોડ પરના ટ્રાફિક જામની સમસ્યાના ઉકેલ માટે, મુખ્ય પ્રધાને કોલશેત-દિવા ખાતે ''ગ્રોથ હબ'' વિકસાવવાની જાહેરાત કરી હતી, જેમાં વોટર ટેક્સી સેવાઓ પણ ઉપલબ્ધ હશે.

વધુમાં તેમણે પાણીની સમસ્યાને સંબોધતા ખાતરી આપી હતી કે ત્રણ વર્ષમાં પાણીની તંગી ભૂતકાળ બની જશે.

પોશીર અને પેલ્હાર બંધનું કામ આગામી ૩૬ મહિનામાં પૂર્ણ થવાનું લક્ષ્ય છે. લાંબા સમયથી અટવાયેલા ગારગઇ પ્રોજેક્ટને પર્યાવરણીય મંજૂરી મળી ગઈ છે. મુખ્ય પ્રધાને જણાવ્યું હતું કે, આનાથી આ ક્ષેત્રને વધારાનું ૫૦૦ મિલ્યન લિટર પ્રતિ દિવસ પાણી મળશે.

ફડણવીસે એમ પણ કહ્યું હતું કે, એકવાર કાલુ ડેમ (થાણે જિલ્લાના મુરબાડ ખાતે) સંપૂર્ણ રીતે કાર્યરત થઈ જશે, પછી સમગ્ર મુંબઈ મેટ્રોપોલિટન રિજનની પાણીની સમસ્યાઓનો કાયમી ઉકેલ આવી જશે.

ચૂંટણી માટેના જોડાણ અંગે તેમણે સ્વીકાર્યું કે શરૂઆતમાં ઘણા ભાજપના કાર્યકરો સ્વતંત્ર રીતે ચૂંટણી લડવા માગતા હતા. જોકે, તેમણે થાણેમાં નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની શિવસેના સાથેના જોડાણને યોગ્ય ઠેરવ્યું. ''એકનાથ શિંદે એક અગ્રણી નેતા છે અને થાણે તેમની રાજકીય ઓળખનું કેન્દ્ર છે.

તેમના ગૃહક્ષેત્રમાં અમારા સાથી પક્ષને નુકસાન પહોંચાડવું યોગ્ય નહોતું. અમે ગઠબંધનની તાકાત જાળવી રાખવા માટે ઓછી બેઠકો સ્વીકારવાનો નિર્ણય લીધો,'' તેમણે કહ્યુ હતું.

### રાજ સાથેની

થયા છીએ અને અમે ક્યાં સુધી સાથે રહેશો. આવી વાતોનો કોઈ મતલબ નથી. ખૂબ વિચાર કરી આપસી સમજણથી ભેગા થયા છીએ. હવે, અમે ક્યારેય અલગ નહીં થઈએ અને એક થઈને રહેશું.

લગભગ બે દાયકામાં પહેલી વાર રાજકીય રીતે એકસાથે આવીને, ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરેએ ગયા મહિને મુંબઈ અને મહારાષ્ટ્રના અન્ય ૨૮ મ્યુનિસિપલ કોર્પોરેશનોમાં ૧૫ જાન્યુઆરીએ યોજાનારી ચૂંટણી પહેલા ગઠબંધનની જાહેરાત કરી હતી. શું રાજકીય નેતા ઉદ્ધવ ઠાકરે, ઉત્સાહી ફોટોગ્રાફર ઉદ્ધવ ઠાકરે પર પ્રભુત્વ ધરાવે છે એવા સવાલના જવાબમાં શિવસેના-યુબીટી નેતાએ કહ્યું હતું કે હું મૂળે એક કલાકાર છું.

હું એક કાર્ટૂનિસ્ટ (શિવસેનાના સ્થાપક બાળ ઠાકરે)નો પુત્ર છું. તમે કલાકૃતિ ખરીદી શકો છો પણ કલા ખરીદી શકતા નથી. ઉદ્ધવે યાદ કર્યું કે રાજ ઠાકરેના પિતા શ્રીકાંત ઠાકરેએ તેમને પહેલો કેમેરો આપ્યો હતો. (પીટીઆઈ)

### શિવાજી પાર્કમાં

ઠાકરે બંધુઓ તથા મહાયુતિના ઘટક પક્ષ ભાજપ અને શિંદે વચ્ચે જોરદાર ટક્કર ચાલી રહી છે. મુંબઈ પાલિકાની ચૂંટણી નવ વર્ષ બાદ યોજાઇ રહી છે અને આટલાં વર્ષોથી પાલિકા પર શિવસેનાનું રાજ છે, પરંતુ શિવસેનાના ભાગલાં પડ્યા બાદ કઇ બન્ને શિવસેના (યુબીટી) અને શિંદેની શિવસેના વચ્ચે રસાકસી જોવા મળી રહી છે.

એવામાં મનસેના પ્રમુખ રાજ ઠાકરેએ ઉદ્ધવ ઠાકરે સાથે હાથ મિલાવ્યા છે એવામાં જોવાનું રહેશે કે ઠાકરે બંધુઓની જોડી અસર કરશે કે મહાયુતિનાં વચનો લોકોને આકર્ષશે.

શિવાજી પાર્કમાં ઉદ્ધવ-રાજ પોતાનું શક્તિ પ્રદર્શન કરશે, જ્યારે ફડણવીસ-શિંદેની સંયુક્ત સભા પણ તેમને ટક્કર આપી શકે છે. લોકોની નજર આ સભાઓ ઉપર ટકેલી છે કે કોણ શ્રીમંત પાલિકા પર કબજો કરવામાં સફળ થશે.

### પાલિકા પર

મુખપત્ર 'સામના'માં પ્રકાશિત થયેલા સંયુક્ત ઇન્ટરવ્યૂના પહેલા ભાગમાં મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના અધ્યક્ષએ કહ્યું કે રાજકીય અસ્તિત્વ માટે નહીં પરંતુ રાજ્યમાં મરાઠી માણૂસના અસ્તિત્વ માટે પિતરાઈ ભાઈઓએ હાથ મિલાવ્યા છે.

ઠાકરે બંધુઓનો ઇન્ટરવ્યૂ શિવસેના (યુબીટી) રાજ્યસભાના સભ્ય અને સામનાના એક્ઝિક્યુટિવ એડિટર સંજય રાઉત અને જાણીતા ફિલ્મ દિગ્દર્શક મહેશ માંજરેકરે લીધો હતો. ઠાકરે ભાઈઓએ

૧૫ જાન્યુઆરીએ યોજાનારી મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી માટે જોડાણની જાહેરાત કરી હતી. ઇન્ટરવ્યૂમાં રાજ ઠાકરેએ કહ્યું કે રાજ્યની બહારના લોકો ફક્ત આજીવિકા માટે જ નથી આવી રહ્યા, તેઓ પોતાના મતવિસ્તાર પણ બનાવી રહ્યા છે. મુંબઈને મહારાષ્ટ્રથી અલગ કરવાના સ્વપ્નને સાકાર કરવાના પ્રયાસો ચાલુ છે. (પીટીઆઈ)

### ૧૨ કાઉન્સિલરોને

પણ છે. આ કાઉન્સિલરોનું સભ્યપદ રદ કરાવવા માટે કાનૂની કાર્યવાહી કૉંગ્રેસ શરૂ કરશે. ટૂંક સમયમાં બધાને કાનૂની નોટિસ જારી કરવામાં આવશે.'

બુધવારે મોડી રાત્રે સસ્પેન્ડ કરાયેલા ૧૨ કાઉન્સિલરો ભાજપમાં જોડાવાથી પાલિકામાં શાસક પક્ષની સ્થિતિ મજબૂત થઈ છે.

૬૦ સભ્યોની સ્થાનિક સંસ્થામાં એવીએને ૩૧ બેઠકો સાથે બહુમતી મળી હતી. શિવસેનાએ ૨૭ બેઠકો જીતી હતી, જે બહુમતીથી ફક્ત ચાર બેઠક ઓછી હતી.

ભાજપે ૧૪ બેઠકો, કૉંગ્રેસે ૧૨, એનસીપીએ ૪ બેઠકો મેળવી હતી, જ્યારે ૨ અપક્ષો પણ ચૂંટાયા હતા. એક અપક્ષના ટેકાથી, ગઠબંધનની સંખ્યા વધીને ૩૨ કાઉન્સિલરો (કાઉન્સિલ પ્રમુખ સહિત) થઈ ગઈ છે. (પીટીઆઈ)

### નવી મુંબઈમાં

ન્યાય આપવાનો એકમાત્ર રસ્તો છે,'' ચવ્હાણે જણાવ્યું હતું, સાથે જ તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે અકોટના એઆઇએમઆઇએમના સભ્યોને ભાજપમાં સામેલ કરવામાં આવશે નહીં.

રાજ્ય પ્રધાન અને સ્થાનિક નેતા ગણેશ નાઈકે મેનિફેસ્ટો જાહેર કરતી વખતે ખાતરી આપી હતી કે આગામી ૨૦ વર્ષ સુધી પાણી અને પ્રોપર્ટી ટેક્સમાં વધારો કરવામાં આવશે નહીં.

તેમણે રાજ્યમાં ભાજપના સાથી પક્ષ અને નાયબ મુખ્યપ્રધાન શિવસેનાના વડા એકનાથ શિંદેનું નામ લીધા વિના, દાવો કર્યો હતો કે ફડણવીસ મુખ્યપ્રધાન ન હતા ત્યારે શહેરને ઘણું નુકસાન થયું હતું.

તેમણે ૩,૦૦૦ કરોડ રૂપિયાના કૌભાંડનો પણ આરોપ લગાવ્યો હતો અને વહીવટકર્તાના શાસન હેઠળ છેલ્લા પાંચ વર્ષમાં થયેલા કામનું સંપૂર્ણ ઓડિટ કરાવવાની માંગ કરી હતી.

### પુણેમાં મહિલાઓને

દર મહિને ૨,૫૦૦ રૂપિયા અને ૫૦૦ સ્કે. ફૂટથી ઓછી જગ્યા ધરાવતા ઘરો અને ફ્લેટ માટે પ્રોપર્ટી ટેક્સમાં માફી આપવાનું પણ વચન આપ્યું હતું.

પાર્ટીના પુણે લોકસભા સાંસદ મુરલીધર મોહોલ કહ્યું કે, અમે ગયા મેનિફેસ્ટોમાં આપેલા મોટાભાગના વચનો પૂર્ણ કરવામાં સફળ રહ્યા છીએ. સ્માર્ટ સિટી પહેલ હેઠળના પ્રોજેક્ટ્સ શહેરના કેટલાક ભાગોમાં, જેમ કે બાલેવાડી અને બાનેરમાં, યોજના મુજબ બનાવવામાં આવ્યા છે.

અમે પુણેકરોને ૩૦ વર્ષથી વધુ ઉંમરના દરેક વ્યક્તિ માટે વાર્ષિક મફત તબીબી તપાસની ખાતરી પણ આપી હતી.

અમે ટૂંક સમયમાં એક એઇમ્સ હોસ્પિટલ બનાવીશું અને મુંબઈ-પુણે એક્સપ્રેસવે નજીક એક ડેટા સેન્ટર પણ બનાવવામાં આવશે, એમ સાંસદે ઉમેર્યું હતું.

### વાશીમાં

ઓફિસરના તેમના નામાંકનને અમાન્ય જાહેર કરવાના આદેશને પડકાર્યો હતો. મહારાષ્ટ્ર મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટની કલમ ૧૦(૧ડી) મુજબ, જો કોઈ વ્યક્તિ અથવા તેના આશ્રિત પરિવારના સભ્યએ કોઈપણ ગેરકાયદેસર અથવા અનધિકૃત બાંધકામ બનાવ્યું હોય તો તેને કાઉન્સિલર બનવા માટે ગેરલાયક ઠેરવવામાં આવશે.

ભોજણેએ ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ રિટર્નિંગ ઓફિસરના આદેશને પડકારતાં પોતાની અરજીમાં જણાવ્યું હતું કે આ કલમ ફક્ત વર્તમાન કાઉન્સિલરને લાગુ પડે છે, ઉમેદવારને નહીં.

બેન્ચે તેના આદેશમાં કહ્યું હતું કે ચૂંટણી પ્રક્રિયામાં અવરોધ ઊભો કરવો અથવા તેને અટકાવવો એ એક બાબત છે, જ્યારે કેટલાક મતવિસ્તારો અથવા વોર્ડમાં દખલગીરી બીજી બાબત છે.

અમારું પ્રથમ દૃષ્ટિએ માનવું છે કે હાલના જેવા મામલામાં અરજી પર વિચાર કરવા માટે કોઈ સંપૂર્ણ પ્રતિબંધ નથી, જે પ્રથમ દૃષ્ટિએ ચૂંટણી રિટર્નિંગ અધિકારી દ્વારા સત્તાનો ગેરકાયદેસર અને મનસ્વી ઉપયોગ દર્શાવે છે, એમ હાઇ કોર્ટે જણાવ્યું હતું.

કોર્ટે કહ્યું કે અરજદારને વચગાળાની રાહત આપવી જરૂરી છે કારણ કે કલમ ૧૦(૧ડી) તેમના કિસ્સામાં લાગુ પડતી નથી. (પીટીઆઈ)

## પારસી મરણ

ઝરીન બેહરામ બેઅંકર તે બેહરામના ધનીયાની. તે મરહુમો તેહમીના જાલેજર બતકીના દીકરી. તે અનુશાહ તથા મરહુમો રુસ્તમ ને યઝદના બહેન. તે મેહરુ મીનુ સેથના, રોશન અમીત ચેટરજી, ડોલી કેકી સુરતી, માનેક કેરસી દસ્તુર ને મરહુમ સીલ્લુ કેરસી દેસાઇના બહેન. તે મરહુમો પેરીન જહાંગીર બેઅંકરના વહુ. (ઉં.વ. ૭૫) રે. ઠે. ૧ જમશેદ તાતા બિલ્ડિંગ, એસ. વી. રોડ, બાંદ્રા (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૫૦. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૯-૧-૨૬ને દીને બપોરે ૩.૪૦ વાગે બાંદ્રા પંથકી અગિયારીમાં છેજી.

સનમ સૂરજ કરુણાકર (ઉં.વ. ૪૭) ૭-૧-૨૬નાં ગુજરી ગયાં છે. તે સૂરજ કરુણાકરના પત્ની. તે મરહૂમ રુસી ફલી રબાડી અને મરહૂમ ઝરીન રુસી રબાડીનાં દીકરી. તે રાયનનાં માતુશ્રી. તે મરહૂમ એમી જમશેદ કાપડિયાના ગ્રાન્ડમધર. તે આયેશા રબાડી-રાઉલનાં બહેન. તે ધરમપાલ અને જયાલક્ષ્મી કરુણાકરનના વેવાણ. ઉઠમણું ૯-૧-૨૦૨૬ના ઠેઃ એ-૧૦૫, પેલેશિયલ હાઈટ્સ, ચાંદિવલી ફાર્મ રોડ, પવઈ, મુંબઈ-૭૨.

## હિન્દુ મરણ

**કોળી પટેલ**

સ્વ. નિર્મલાબેન (નિરૂ) અમૃતલાલ મિસ્ત્રી (ઉં.વ. ૭૬), ગણદેવી, હાલ વસઈ નિવાસી તા. ૫-૧-૨૬, સોમવારે શ્રીજીચરણ પામ્યા છે. તેઓ અમૃતલાલ ડાહ્યાભાઈના પત્ની. હિતેષ, રોશનીના માતા. પ્રીતિ અને સ્વ. સંદીપના સાસુ. મનનના દાદી. દર્શી, અર્પીના નાની. બંને પક્ષનું બેસણું તા. ૯-૧-૨૬, શુક્રવાર બપોરે ૨ થી ૫, પુચ્છપાણી તા. ૧૫-૧-૨૬, ગુરુવાર બપોરે ૩ થી ૫ નિવાસ સ્થાને. ઠે. ૬૦૧/૨ બી, ગ્લોબલ હાઈટ્સ સોસાયટી, કે. ટી. વિઝન રોડ, આનંદ નગર, ધુરી ટાવર્સની નજીક, વસઇ પશ્ચિમ.

**ઘોઘારી દશા દિશાવળ વણિક**

કોળીયાક નિવાસી હાલ મલાડ ગં. સ્વ. સવિતાબેન જેન્તીલાલ મહેતા (ઉં. વ. ૮૬) તે સ્વ. જેન્તીલાલ વૃજલાલ મહેતાના ધર્મપત્ની. તે પંકજભાઈ તથા જાગૃતિબેનના મમ્મી. તે છાયા પંકજભાઈના સાસુ. તેમજ દેવાંગના દાદી. તે શૈલેષ મોહનલાલ મહેતા, બીનાબેન બિપીનકુમાર મહેતાના કાકી. ભાવનગર નિવાસી નટવરલાલ કાનજીભાઈ પારેખ, હેમલત્તાબેન અરવિંદરાય મહેતાના બહેન તા. ૭-૧-૨૦૨૬ના રોજ શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા સોરઠીયા વણિક**

મુલુંડ નિવાસી હાલ ભિવંડી મધુબેન હિમ્મતલાલ ધોળકીયા (ઉં. વ. ૮૧) તે સ્વ. હિમ્મતલાલ કેવલચંદ ધોળકીયાના પત્ની. તે ડિમ્પલ, ઉષા રૂપેશ સાંગાણી, તન્વીના માતા. મુકુંદભાઇ કેવલચંદ ધોળકીયાના ભાભી. તે દુર્લભદાસ માંડવીયાના દીકરી તા. ૪-૧-૨૬ રવિવારના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**પાટણ દશા પોરવાડ વૈષ્ણવ**

પાટણના (હાલ મુંબઇ) મિલન સુરેશચંદ્ર શાહ (ઉં. વ. ૬૪) તે સ્વ. કોકિલાબેન સુરેશચંદ્ર શાહના પુત્ર. સોનલના પતિ. નિરાલીના પિતા. કૃણાલના સસરા. પરિમલના ભાઇ. સ્વ. અનુરાધાબેન સુરેશભાઇ શાહના જમાઇ તા. ૭-૧-૨૬ બુધવારના રોજ શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી લોહાણા**

દહાણુ નિવાસી હાલ મુંબઇ મેઘાબેન સતીશભાઇ તન્ના (ઉં. વ. ૭૩) બુધવાર તા. ૭-૧-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. લીલાબેન અઢીયાના પુત્રી. તે રાકેશ, બીજલ, ભક્તિના માતુશ્રી. રૂપલબેન, કુલદીપભાઇ, અમીતભાઇના સાસુજી. જીલ, નીત્યાના દાદી. રૂપા જયંત તન્ના, દીપ્તી દીલીપભાઇ તન્ના અને સ્વાતી સંજયભાઇ કાપડીયાના કાકીજી. પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૯-૧-૨૬ના સાંજે ૪થી ૬. ઠે. સેવા સદન સોસાયટી, પંડીતા રમાબાઇ રોડ, ગામદેવી, મુંબઇ-૭.

**કપોળ**

ઘોઘા નિવાસી ભાવનગરવાળા હાલ પાર્લે, ગ. વંદનાબેન વિપિનચન્દ્ર સંઘવી (વ્રજબાળાબેન) (ઉં. વ. ૮૬) તે સ્વ. વિપિનચન્દ્ર મનમોહનદાસ સંઘવીના ધર્મપત્ની તા. ૦૮.૦૧.૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. સાસરાપક્ષે સ્વ. ઉષાબેનના દેરાણી. વીણાબેનના જેઠાણી. સ્વ. દીપક, સ્વ. પ્રકાશ, જ્યોતિ, છાયાના કાકી. પિયરપક્ષે સ્વ. સવિતાબેન ધનજી ભગવાનદાસ મહેતાના સુપુત્રી. ભારતીબેન, દમયંતીબેન, હેમલતાબેન, સ્વ. સરલાબેન, પન્નાબેન, વિજયભાઈના બહેન. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**હાલાઈ લોહાણા**

મુળ ગામ જામ્બુલપાડા હાલ મિરારોડ, સ્વ. લીલાવતીબેન ગોવર્ધનદાસ મજીઠીયા (ઠક્કર)ના પુત્ર હરેશ ગોવર્ધનદાસ મજીઠિયા (ઠક્કર) (ઉં. વ. ૭૧) તા. ૬/૧/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે સરોજબેનના પતિ. કૃષ્ણકાંત, ચંદ્રકાંત, તથા હર્ષાબેનના ભાઈ. સ્વ. મુક્તાબેન દામોદરદાસ ધનેશા (ઠક્કર) ના જમાઈ. ધવલભાઈ તથા ખૂશ્બુબેનના પિતા. પ્રતિક્ષા તથા અંકિતકુમારના સસરા. તેમની પ્રાર્થનાસભા તા. ૯/૧/૨૬ શુક્રવારના ૪.૦૦ થી ૫.૩૦. બી.એ.પી.એસ સ્વામીનારાયણ મંદિર સેક્ટર-૭, શાંતિનગર મિરારોડ ઈસ્ટ. લૌકીક પ્રથા બંધ છે.

**દશા સોરઠીયા વણીક**

મોટા ખૂંટવડા નિવાસી હાલ ઘાટકોપર, રાજેન્દ્ર (રાજુભાઈ) ગાંધી (ઉં. વ. ૬૭) ૬.૧.૨૦૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. ભાગેરથી તથા સ્વ. રમણીકલાલ મગનલાલ ગાંધીના પુત્ર. હર્ષાબેનના પતિ. દિપકભાઈ, પરેશભાઈ, છાયા અનિલકુમાર ભૂપતાણી, હિના સુધીરકુમાર સાંગાણી, નીતા મહેશકુમાર મધ્યમના મોટાભાઈ. માનસ-અલ્કા, ધુમી રીનવકુમાર ગંગર, દર્શિત, નિશિલ-જાનવી, દિપ, રાજના પિતાશ્રી. પરેશભાઈ, જયેશભાઈ અમૃતલાલ દવારકાદાસ મોતિપરાના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૯.૧.૨૬ને શુક્રવાર ૪.૦૦ થી ૬.૦૦. શ્રી અક્ષર પુરૂષોત્તમ સ્વામિનારાયણ સંસ્કાર કેન્દ્ર સરિતા પાર્ક, ગરોડિયા નગર ૯૦ ફીટ રોડ, ઘાટકોપર (ઈ).

**ઘોઘારી લોહાણા**

મૂળ દહાણુ, હાલ બોરિવલી, સ્વ. વસંતલક્ષ્મી વનમાળી પજવાણીના દીકરી આશાબેન વનમાલી પજવાણી (ઉં. વ.૯૧) ૦૭/૦૧/૨૬ના શ્રીજીશરણ પામ્યા છે. તે સ્વ. દેવયાનીબેન રમજીલાલ રાયચુરા, સ્વ. સુરેશભાઈ પજવાણી, સુધાબેન જિતેન્દ્ર રેશમવાલા, કોકિલાબેન વનમાળી પજવાણી, સ્વ. શ્રીમતી દક્ષાબેન યશવંત માનસતા, મહેશ વનમાળી પજવાણી, લીનાબેન ગોવિંદ ચંદનના બહેન. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**હિન્દુ વણકર**

ગામ અયાવેજ નં.૧, ગુજરાત, હાલ મુંબઇ, મહાલક્ષ્મી સ્વ.વિજયભાઈ મોહનભાઈ વિરાસનું રવિવાર તા. ૨૮-૧૨-૨૫ના નિધન થયું છે. તે સ્વ. મોહન પાલજી વિરાસ અને ડાહી મોહન વિરાસના દીકરા, દક્ષાના પતિ, ફ્રેયાના પિતા, સ્વ. દિનેશભાઈ મંગળજી જાદવ અને મંજુલાબેન દિનેશ જાદવના જમાઈ, દિપક, હિમ્મતના નાનાભાઈ. તેમના બારમાની વિધિ શુક્રવાર તા. ૯-૧-૨૬ના ૫-૦૦ કલાકે.

## જૈન મરણ

**ક. દ. ઓ. જૈન**

ગં. સ્વ. અરુણાબેન નીતિન નાગડા ગામ તેરા હાલ મુલુંડ (ઉં. વ. ૭૨) તા. ૬-૧-૨૬ મંગળવારના અરિહંતશરણ પામેલ છે. સ્વ. લક્ષ્મીબાઇ આણંદજી નરપાર નાગડાના પુત્રવધૂ ગામ તેરા સ્વ.જયાબાઇ નરશી ધરમશીના પુત્રી. ગામ નલિયા, સ્વ. નીતિન આણંદજી નાગડાના ધર્મપત્ની. અ. સૌ. સોનલ ઉપેન દામજી સોની, ચિ. નિયતિ નીતિન નાગડાના માતા. રોમિલ અને ચિ. અસ્મીની નાનીમા. ગં. સ્વ. રાજેશ્રીબેન રવિન્દ્ર નાગડા અને અ. સૌ. નૂતન યોગેન્દ્ર નાગડાના જેઠાણી. બન્ને પક્ષની શ્રદ્ધાંજલિ તા. ૯-૧-૨૬ શુક્રવારના ૩.૩૦થી ૫. ઠે. જીવરાજ ભાણજી હોલ, અશોક નગર, મેહુલ સિનેમાની ગલીમાં, નાહુર રોડ, મુલુંડ (વેસ્ટ) લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

**ઘો. દ. શ્રી. જૈન**

ભાવના કીર્તિકુમાર સાંગાણી (ઉં. વ. ૬૧) તા. ૭-૧-૨૬ બુધવારના શ્રીજીચરણ પામેલ છે. તે જયંતિલાલ શાંતિલાલ શાહ (માંડવિયા)ના સુપુત્રી. અમિત અને માનસીના માતુશ્રી. મીના અને ઝેનોવિયનના સાસુ. દક્ષા પ્રમેશ આનંદપરા અને કિરણ છોટાલાલ સાંગાણીના ભાભી અવસાન પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે. ઠે. બી-૨૦૪, વેન્ચર એપાર્ટમેન્ટ, વસંત નગરી, રીગલ કોમ્પ્લેક્સની પાછળ, વસઇ (પૂર્વ).

**ખંભાત દશાશ્રીમાળી જૈન**

હાલ મુલુંડ સ્વ. બાલચંદ મુલચંદ ઘીયાના ધર્મપત્ની ભાનુમતીબેન (ઉં. વ. ૯૬) તે સ્વ. રમેશભાઈ, પરેશભાઈ, સ્વ. નયનાબેન સતીષકુમાર, દિવ્યાબેન દિલીપકુમારના માતુશ્રી. તે વિભાબેનના સાસુ. સંકેત, ખુશ્બુ, ચિરાગ બદાણીના દાદીમા. કેશવલાલ ભોગીલાલ મહેતાના દીકરી. સ્વ. ઈન્દુબેન, હરેશભાઈ, સ્મિતાબેનના બેન ગુરુવાર, ૮-૧-૨૬ના રોજ અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તેમ જ લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

વવાણીયા નિવાસી (હાલ ડોંબીવલી) ઈન્દીરાબેન જસવંતરાય વોરાના પુત્ર ભાવિનભાઈ (ઉં. વ. ૫૭) ૩-૧-૨૬ના રોજ અરિહંતશરણ પામેલ છે. તે રાજેશભાઈ તથા શીતલબેનના ભાઈ. ફાલ્ગુનીબેનના દિયર. ક્રિતી અને ધ્રુહીના કાકા. બિપીનચંદ્ર હરીલાલ મહેતાના ભાણેજ. લૌકિક વ્યવહાર બંધ છે.

**જામનગર હાલાર વિશાશ્રી માળી જૈન**

લતીપુર નિવાસી હાલ કાંદિવલી, હસમુખભાઈ પોપટલાલ સંઘવીના ધર્મપત્ની અ.સૌ.અંજનાબેન (ઉં. વ. ૭૪) તા. ૬/૧/૨૬ મંગળવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. અમિત તથા જયેશના માતુશ્રી. તોરલ તથા રિતુના સાસુ. પિયરપક્ષે પોપટલાલ ભગવાનજી મેહતાના દીકરી. સુરેખાબેન અરુણભાઈ, ચારુબેન અશોકભાઈ, પ્રેરણાબેન પંકજભાઈ, અનસુયાબેન અનોપચંદ શેઠના ભાભી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડ દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

વઢવાણ નિવાસી, હાલ માલાડ, સ્વ. ડૉ. દિનેશભાઈ ચંદુલાલ મણિયારના ધર્મપત્ની સ્વ. ડૉ. રંજનબેન મણિયાર (ઉં. વ. ૮૮) તા. ૭-૧-૨૦૨૬, બુધવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. શાંતાબેન ચંદુલાલ મણિયારના પુત્રવધૂ, ડૉ. સંજીવ તથા ડૉ. હેમલના માતુશ્રી. સુનિતા તથા ડૉ. અમીના સાસુ, રમાબેન દલિચંદભાઈ દામાણીના દીકરી, ડૉ નરેશભાઈ - ઉર્મિલાબહેન, પ્રમોદ - રૂપા, ભરત - અમી, ડૉ. મયુર - સ્મિતા, મનોજ - જાગૃતિના ભાભી. પ્રાર્થનાસભા તા. ૯-૧-૨૬ શુક્રવાર, ૪:૦૦ થી ૫:૩૦. સ્થળઃ પી. ડી. ખખ્ખર બેન્ક્વેટ, લક્ષ્મીનારાયણ મંદિર કોમ્પ્લેક્સ, અસ્પી ઓડિટોરિયમ, માર્વે રોડ, માલાડ વેસ્ટ.

**સોરઠ વિશા શ્રીમાળી જૈન**

જુનાગઢ નિવાસી, હાલ વિલેપાર્લે, શ્રીમતી જયાબેન (ઉં. વ. ૮૯) તે સ્વ. મહાસુખલાલ ભગવાનદાસ સંઘવીના પત્ની. સ્વ. પ્રભાબેન સૌભાગ્યચંદ વોરાના પુત્રી. સંજય, કલ્પના નયન તુરખિયા તથા નીતા પારસ વસાના માતા, દિપ્તિના સાસુ, સ્વ. હરિશભાઈ, વિનુભાઈ, સ્વ. ધનેશભાઈ તથા સરલાબેનના બહેન, હેતાલી શુચિત ગાંધી તથા પંક્તિના દાદી.સોમવાર, તા. ૦૫/૦૧/૨૦૨૬ના અરિહંતશરણ પામ્યા છે.લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

પ્રાગપુરના મધુ કિશોર સુંદરજી ગાલા (ઉં. વ. ૬૪) તા. ૬-૧-૨૬ના અવસાન પામેલ છે. માતુશ્રી સુશીલાબેન સુંદરજીના પુત્રવધૂ. કિશોરના ધર્મપત્ની. બિનલ, બિજલ, કૃપાના માતુશ્રી. બિદડા મણીબેન હીરજી પોલડીયાના સુપુત્રી. વિરેન્દ્ર, કાંડાગરા જયા કીશોર છેડાના બેન. પ્રાર્થના રાખેલ નથી. ફક્ત ફોન આવકાર્ય. ઠે. કીશોર સુંદરજી ગાલા, ન્યુ ગાંજાવાલા બીલ્ડીંગ, રૂમ ૧૩-બી, એસ.જી.માર્ગ, તારદેવ, મું. ૩૪.

વાંકીના ગં. સ્વ. રતનબેન પદમશી છેડા (ઉં. વ. ૮૦) ૭-૧-૨૬ના અવસાન પામેલ છે જેઠીબેન વીજપાર રણમલ છેડાના પુત્રવધૂ. પદમશીના ધર્મપત્ની. અશોક, સોનલના માતુશ્રી. ગુંદાલાના દેવકાબેન હંસરાજ ગણપત રાંભીયાના પુત્રી. પ્રેમજી, નાનજી, શામજી, શાંતિ, વસંત, અમૃતબેન રતનશી પદમશી દેઢિયા, ઉમરબાઈ ચાંપશી મોણસી દેઢિયાના બહેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. અશોક છેડા, એ/૨, કીરણ દર્શન સોસાયટી, ગોલીબાર રોડ નંબર-૩, આઈસીઆઈસીઆઈ બેન્કની બાજુમાં, સાંતાક્રુઝ-ઇસ્ટ.

ડેપા હાલે દેશલપુર(કંઠી) ગુલાબચંદ રામજી સાવલા (ઉં. વ. ૭૮) ૭-૧ના અવસાન પામેલ છે. સાકરબાઈ, સુશીલાબાઇના પુત્ર. નિર્મળાના પતિ. શિલ્પા, ભરત, પ્રિતેશના પિતા. ચંદ્રિકા, લક્ષ્મીચંદ, કુસુમ, હરીશ, પ્રકાશના ભાઈ. રતાડીયા (ગ.) હીરબાઇ નરશી ભાણજીના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. ત્વચાદાન કરેલ છે. નિ. ગુલાબચંદ સાવલા, સી-૫૦૨, લાર્કિન્સ નગર, ડોમ્બિવલી (વે.).

મોટી ખાખર હા. ના.ખાખર ના જવેરબાઈ છાડવા (ઉં. વ. ૮૫) તા.૩-૧-૨૬ કચ્છમાં અવસાન પામેલ છે. સ્વ. મણીબાઈ મોરારજી હેમરાજ છાડવાના પુત્રવધૂ. સ્વ. મગનલાલના પત્ની. કમલેશ, જયશ્રી, લક્ષ્મીચંદ, જેઠાલાલ, શાંતિલાલ, શૈલેષ રાજેશના માતાજી. દેશલપુરના સ્વ. ખીમજી લીલાધર ગંગરના સુપુત્રી. ચુનીલાલ, હીરબાઇ, તેજબાઇ, દિવાળીના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. કમલેશ છાડવા, ઇન્દ્રપ્રસ્થ સોસાયટી, નાની ખાખર કચ્છ - ૩૭૦૪૩૫.

ચીઆસરના રાયશીભાઈ ગડા (ઉં. વ. ૮૮) તા. ૭-૧-૨૬ના અવસાન પામેલ છે. રાણબાઈ રતનશીના પુત્ર. સ્વ. મણીબેનના પતિ. અનિલ, મિનલ, માયા, રશ્મીના પિતા. ભવાનજી રાયશી, વેરશી, ઠાકરશી, મેઘજી, રાઘવજી, ખીમજી, ઉનડોઠ ખુશાલ મુરજી, નવીન કાનજીના ભાઈ. નરેડી વેજબાઈ ગાંગજી નાગડાના જમાઈ. પ્રા. યોગી સભાગૃહ, ૧લે માળે, દાદર (વે). બપોરે ૩ થી ૪.૩૦. નિ. અનીલ ગડા, લોઢા ઇવોક, બી/૯૦૩, ગેટ નં. ૩, વડાલા (વે).

બી-૨,૧૩૦૬, મહાલક્ષ્મી વ્યુ બિલ્ડીંગ, એસ .કે. રાઠોડ માર્ગ, ડો. આંબેડકર નગર, રેસકોર્સ ગેટ નં.૭ ની સામે, મહાલક્ષ્મી- વેસ્ટ.

**દશાનીમા વણિક**

ગામ બાલાસિનોર હાલ બોરીવલી, દીપકભાઈ મોહનલાલ ગાંધી (ઉં.વ.૭૯) તે મીનાક્ષી ગાંધીના પતિ. મોનિક ગાંધીના પિતા, અમીતા મોનિક ગાંધીના સસરા. શનાયા અને શૌર્યના દાદા. બુધવાર તા. ૭-૧-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તેમની પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

# મસ્જિદની મિલકતનો એક ભાગ તોડી પાડવામાં આવ્યો હોવાનો ઓવૈસીનો દાવો

છત્રપતિ સંભાજીનગર: એઆઇએમઆઇએમના વડા અસદુદ્દીન ઓવૈસીએ આરોપ લગાવ્યો હતો કે દિલ્હીમાં મસ્જિદની વક્ફ માલિકીની મિલકતનો એક ભાગ તોડી પાડવામાં આવ્યો હતો અને આ માટે તેમણે ''કાળા'' વક્ફ કાયદાને દોષી ગણાવ્યો હતો. મંગળવાર અને બુધવારે રાતે દિલ્હીના રામલીલા મેદાન વિસ્તારમાં ફૈઝ-એ-ઈલાહી મસ્જિદ નજીક અતિક્રમણ વિરોધી ઝુંબેશને કારણે હિંસા ભડકી ઉઠી હતી, કારણ કે સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં દાવો કરવામાં આવ્યો હતો કે તુર્કમાન ગેટની સામે આવેલી મસ્જિદ તોડી પાડવામાં આવી રહી છે, જેમાં ઘણા લોકોએ પોલીસ કર્મચારીઓ પર પથ્થરમારો કર્યો હતો. પથ્થરમારામાં પાંચ પોલીસ કર્મચારીઓ ઘાયલ થયા હતા, જેના કારણે પોલીસે ટીયર ગેસના સેલ છોડવા પડ્યા હતા.

''મધ રાતે ૧:૩૦ વાગ્યે, તુર્કમાન ગેટ પાસેની એક મસ્જિદની મિલકત તોડી પાડવામાં આવી હતી. ૧૯૭૦ના ગેઝેટ નોટિફિકેશન મુજબ તે વક્ફ મિલકત છે. સંસદમાં વક્ફ કાયદો પસાર થયા પછી તોડી પાડવાની ઝુંબેશ માત્ર શરૂઆત છે. લોકોએ દેશમાં ચાલી રહેલી ઘટનાઓને સમજવી જોઈએ અને તેમના મત દ્વારા શાસક પક્ષોને મજબૂત સંદેશ આપવો જોઈએ,'' ઓવૈસીએ બુધવારે છત્રપતિ સંભાજીનગર નાગરિક ચૂંટણી માટે એક રેલીને સંબોધતા કહ્યું હતું.

તેમણે આરોપ લગાવ્યો હતો કે, ૧૯૭૦માં બહાર પાડવામાં આવેલા ગેઝેટ નોટિફિકેશનમાં આ મિલકતને વક્ફ જમીન જાહેર કરવામાં આવી હોવા છતાં, દિલ્હી હાઈકોર્ટે ખોટો આદેશ આપ્યો હતો.

ઓવૈસીએ વધુમાં આરોપ લગાવ્યો કે વક્ફ એક્ટ, જેને તેમણે ''કાળો કાયદો'' ગણાવ્યો હતો, તેનો ઉપયોગ મુસ્લિમ ધાર્મિક સંપત્તિઓ જપ્ત કરવા માટે કરવામાં આવી રહ્યો છે. ''આ કાયદો પીએમ નરેન્દ્ર મોદીએ એકનાથ શિંદે, અજિત પવાર અને ચંદ્રબાબુ નાયડુના સમર્થનથી બનાવ્યો હતો. તેનો ઉપયોગ આપણી મસ્જિદો અને કબ્રસ્તાનો છીનવી લેવા માટે થઈ રહ્યો છે. દિલ્હીમાં જે બન્યું તે માત્ર શરૂઆત છે,'' તેમણે કહ્યું હતું.

તેમણે મહારાષ્ટ્રના મતદારોને ૧૫ જાન્યુઆરીએ યોજાનારી નાગરિક સંસ્થાની ચૂંટણીમાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, નાયબ મુખ્યપ્રધાન એકનાથ શિંદે અને અજિત પવારનો વિરોધ કરવા અપીલ કરી હતી. ''લોકોએ આ કાયદા માટે જવાબદાર લોકો વિરુદ્ધ મતદાન કરવું જોઈએ અને જો તેઓ તેમના ધાર્મિક સ્થળોનું રક્ષણ કરવા માંગતા હોય તો એઆઇએમઆઇએમની સાથે ઉભા રહેવું જોઈએ,'' તેમણે કહ્યું હતું. ■

# એઆઈએમઆઈએમની રેલી પર હુમલો

## પોલીસ પર ઇંડાં ફેંક્યાં: ૬૦ વિરુદ્ધ ગુનો

છત્રપતિ સંભાજીનગર: એમઆઇએમની રેલીમાં હાજર રહેલા લોકો પર હુમલો કરવા તેમ જ પોલીસ કર્મચારીઓ પર ઇંડાં ફેંકવા પ્રકરણે પોલીસે ૬૦ જણ વિરુદ્ધ ગેરકાયદે એકઠા થવા અને દંગલનો ગુનો દાખલ કર્યો હતો. છત્રપતિ સંભાજીનગરના જિન્સી વિસ્તારમાં ભૂતપૂર્વ સાંસદ ઇમ્તિયાઝ જલીલ આગામી પાલિકાની ચૂંટણીને લઇ તેમના પક્ષના ઉમેદવારો માટે બુધવારે પ્રચાર કરી રહ્યા હતા ત્યારે હરીફ ઉમેદવારને ટેકો આપતું જૂથ અને એમઆઇએમનું જૂથ સામસામે આવી ગયા હતા. હરીફ જૂથના અમુક લોકોએ ઇમ્તિયાઝ જલીલની કાર પર હુમલાનો પ્રયાસ કર્યો હતો. દરમિયાન પરિસ્થિતિને નિયંત્રણમાં લેવા માટે પોલીસે બળનો ઉપયોગ કર્યો હતો અને લોકોને ત્યાંથી જતા રહેવાની અપીલ કરી હતી. જોકે કેટલાક લોકોએ પોલીસ કર્મચારીઓ પર ઇંડાં ફેંક્યાં હતા, એમ અધિકારીએ જણાવ્યું હતું.■

ઘૂંટણના દુખાવાની સર્જરીથી રાહત!

પારસનાથ સ્પેશિયાલિટી ક્લિનિકની નવી વૈજ્ઞાનિક શોધ 'SRDP થેરાપી' સફળ

વિશ્વના પ્રથમ સંશોધન દ્વારા સાબિત

ઘૂંટણ - ઘૂંટણ એક મહત્ત્વપૂર્ણ સાંધા છે જે આપણા શરીરનો ભાર વહન કરે છે. આજે ઘણા લોકો વૃદ્ધત્વ, અકસ્માતો, સંધિવા અથવા ઘૂંટણના અસ્તિત્વના કારણે ઘૂંટણના દુખાવાથી પીડાય છે. સતત દુખાવાને કારણે, ચાલવું અને સીડી ચડવું અશક્ય બની રહ્યું છે. દવાઓ મદદ કરતી નથી અને શસ્ત્રક્રિયાની સલાહ આપવામાં આવે છે - જે ઘણા લોકો ઇચ્છતા નથી. જોકે, પારસનાથ સ્પેશિયાલિટી ક્લિનિક ખાતે એક અત્યાધુનિક અને વૈજ્ઞાનિક આયુર્વેદિક પદ્ધતિ વિકસાવવામાં આવી છે જે આ કટોકટીમાંથી રાહત આપે છે - SRDP થેરાપી. આ સંશોધન ડૉ. ભાલચંદ્ર મહામુનિ (MD, સ્થાપક) ના નેતૃત્વ હેઠળ હાથ ધરવામાં આવ્યું હતું.

આ સારવારમાં હજારો દર્દીઓની શસ્ત્રક્રિયા વિના સારવાર કરવામાં આવી હતી. સારવારના માત્ર 30 દિવસમાં ઘૂંટણનો દુખાવો, સોજો અને ચાલવામાં મુશ્કેલીમાં નોંધપાત્ર ઘટાડો થયો હતો. એક્સ-રે અને MRI દ્વારા દરેક દર્દીના સાંધાના ફેરફારો અને ગોઠવણીમાં સુધારો જોવા મળ્યો હતો.

આ સંશોધનના તારણો ઇન્ટરનેશનલ જર્નલ ઑફ રિસર્ચ ઍન્ડ એનાલિટીકલ રિવ્યૂઝ (IJRAR) માં પ્રકાશિત થયા છે અને સંયુક્ત SRDP થેરાપીને વૈજ્ઞાનિક મંજૂરી મળી છે. આજે, SRDP થેરાપી ઘૂંટણના દુખાવા માટે સર્જરીનો સલામત, કુદરતી અને અસરકારક વિકલ્પ સાબિત થઈ રહી છે.



સારવાર પહેલાં એક્સ-રે



સારવાર પછી એક્સ-રે

આ સારવાર પદ્ધતિના આધારે ક્લિનિકલ ટ્રાયલમાંથી મુખ્ય તારણો:

- 85% દર્દીઓને પીડામુક્ત રાહત મળી
- 66.2% દર્દીઓએ તેમના KOOS સ્કોરમાં નોંધપાત્ર સુધારો કર્યો
- 64.6% દર્દીઓએ ચાલવામાં પીડામુક્ત ફેરફારો કર્યા
- 82.5% દર્દીઓએ કામગીરીમાં વધારો કર્યો
- 93% દર્દીઓએ એક્સ-રેમાં સાંધાના અંતરમાં વધારો અને સુધારેલ સંરેખણ દર્શાવ્યું

પારસનાથ સ્પેશિયાલિટી ક્લિનિક

■ ડૉ. ભાલચંદ્ર મહામુનિ - સ્થાપક એમડી, તિલક આયુર્વેદિક કૉલેજ, પુણે
■ ડૉ. સોનિયા મહામુનિ - ડિરેક્ટર ■ શ્રીપદ ઉપાસની - સીઈઓ અને ડિરેક્ટર

સંપર્ક: 9082400043 / 8422869953

# મુંબઈ એરપોર્ટે વર્ષ ૨૦૨૫માં નવા રેકોર્ડ બનાવ્યા

## ૫૫.૫ મિલ્યન મુસાફરોએ યાત્રા કરી, અત્યાર સુધીનો સૌથી વધુ મુસાફરોનો રેકોર્ડ

મુંબઈ : છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય વિમાનમથક (CSMIA) માટે કેલેન્ડર વર્ષ ૨૦૨૫ ઐતિહાસિક રહ્યું . વર્ષ દરમ્યાન વાર્ષિક સૌથી વધુ ૫૫.૫ મિલ્યન મુસાફરોનો ટ્રાફિક નોંધાયો. આ સિદ્ધિ સ્થિર વૃદ્ધિ અને અનેક મહત્ત્વપૂર્ણ કામગીરીના સીમાચિહ્નરૂપ છે. કુલ મુસાફરોમાં ૧૬.૩ મિલ્યન આંતરરાષ્ટ્રીય મુસાફરો અને ૩૯.૨ મિલ્યન સ્થાનિક મુસાફરોનો સમાવેશ થાય છે. આ આંકડો કેલેન્ડર વર્ષ ૨૦૨૪ ની સરખામણીમાં આશરે ૧.૩% નો વાર્ષિક વૃદ્ધિદર દર્શાવે છે અને કેલેન્ડર વર્ષ ૨૦૨૩ની સરખામણીમાં કુલ ૭.૬% નો વધારો દર્શાવે છે. જાન્યુઆરી ૨૦૨૫એ અત્યાર સુધીનો સૌથી વ્યસ્ત મહિનો હતો, જેમાં લગભગ ૫ મિલ્યન મુસાફરોએ મુસાફરી કરી હતી. ત્યારબાદ નવેમ્બર ૨૦૨૫ માં આશરે ૪.૯ મિલ્યન મુસાફરોનો ટ્રાફિક જોવા મળ્યો. નવેમ્બર ખાસ કરીને રેકોર્ડબ્રેક મહિનો હતો. આ મહિને, CSMIA એ એક જ દિવસમાં સૌથી વધુ મુસાફરોને હેન્ડલ કરવાના ત્રણ રેકોર્ડ નોંધાવ્યા, જેમાં ૨૯ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ ૧,૭૫,૯૨૫ મુસાફરોનો અત્યાર સુધીનો સૌથી વધુ એક દિવસીય પેસેન્જર ટ્રાફિકનો સમાવેશ થાય છે. વધુમાં, ઓક્ટોબરથી ડિસેમ્બર (ચોથા ક્વાર્ટર)ના સમયગાળામાં પણ સૌથી વધુ મુસાફરોનો ટ્રાફિક જોવા મળ્યો, જેમાં કુલ ૧.૪૩ કરોડ મુસાફરોનો સમાવેશ થયો. CSMIAના ઓપરેશનલ થ્રુપુટ પણ કેલેન્ડર વર્ષ ૨૦૨૫ માં નવી ઊંચાઈએ પહોંચ્યા. આ સમયગાળા દરમિયાન, એરપોર્ટે કુલ ૩,૩૧,૦૧૧ એર ટ્રાફિક મૂવમેન્ટ્સ (ATM)નું સંચાલન કર્યું, જેમાં ૯૨,૧૪૧ આંતરરાષ્ટ્રીય અને ૨,૩૮,૮૭૦ સ્થાનિક ATM નો સમાવેશ થાય છે. ૨૧ નવેમ્બર ૨૦૨૫ ના રોજ એક નવો રેકોર્ડ સ્થાપિત થયો, જ્યારે એક જ દિવસમાં ૧,૦૩૬ એટીએમ નોંધાયા, જે ઇતિહાસમાં એક જ દિવસમાં સૌથી વધુ છે. ૨૦૨૨ની સરખામણીમાં હવાઈ ટ્રાફિકની ગતિવિધિઓમાં લગભગ પચીસ ટકાનો વધારો થયાની ધારણા છે.■




# કોરેગાંવ ભીમા હિંસા અંગેના શરદ પવારના પત્રો CMO પાસે હોવા જોઈએ, ઉદ્ધવે તપાસ પેનલને કહ્યું

મુંબઈ : ૨૦૧૮ ના કોરેગાંવ ભીમા હિંસાની તપાસ માટે રચાયેલા આયોગે ઓક્ટોબર ૨૦૨૫માં ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન ઠાકરેને નોટિસ ફટકારી હતી, જેમાં પવાર દ્વારા રજૂ કરાયેલા કેટલાક દસ્તાવેજો અને પત્રો રજૂ કરવાની માંગ કરવામાં આવી હતી. તેના જવાબમાં શિવસેના (યુબીટી) પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ તપાસ પંચને જાણ કરી છે કે આ અંગે એનસીપી (એસપી) વડા શરદ પવાર દ્વારા લખાયેલા કેટલાક પત્રો વર્તમાન મુખ્ય પ્રધાન કાર્યાલય (સીએમઓ) પાસે હોવા જોઈએ. ગયા અઠવાડિયે પેનલને સુપરત કરેલા સોગંદનામામાં, ઉદ્ધવે જણાવ્યું હતું કે પત્રો CMOને સંબોધિત કરવામાં આવ્યા હતા, અને સ્થાપિત પ્રક્રિયા અને વહીવટી પ્રથાઓ અનુસાર, પ્રાપ્ત થયેલ તમામ પત્રવ્યવહાર સત્તાવાર રીતે CM કાર્યાલયમાં જમા કરવામાં આવે છે અને સાંભળવામાં આવે છે.

આ કેસના સાક્ષી આંબેડકરે ગયા વર્ષે ફેબ્રુઆરીમાં અરજી દાખલ કરી હતી જેમાં ઠાકરેને પવાર દ્વારા મોકલવામાં આવેલા પત્રો રજૂ કરવાની માગ કરવામાં આવી હતી. આંબેડકરે જણાવ્યું હતું કે, પત્રોમાં પવારે પુણે નજીક કોરેગાંવ ભીમા ખાતે ૨૦૧૮ માં બનેલી ઘટના માટે જવાબદાર લોકોના નામ આપ્યાં હતાં. ઠાકરેએ દાવો કર્યો હતો કે મુખ્યપ્રધાન તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન, મુખ્ય પ્રધાન કાર્યાલયના વહીવટી કાર્યમાં પારદર્શિતા હતી. જો પવારે પત્રો મોકલ્યા હોય, તો તે રેકોર્ડમાં ઉપલબ્ધ હોવા જોઈએ, એમ તેમણે જણાવ્યું હતું.

''હાલમાં, હું મુખ્ય પ્રધાન નથી. તેથી, વર્તમાન મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને મુખ્ય પ્રધાન કાર્યાલયને ઉપરોક્ત પત્રો પ્રદાન કરવા વિનંતી કરવી યોગ્ય રહેશે. જો કોરેગાંવ ભીમા ખાતે થયેલી હિંસા જાતિના મુદ્દાઓને કારણે થઈ હોય, તો તે પૂર્વયોજિત હશે,'' એમ સોગંદનામામાં જણાવાયું છે.

મહારાષ્ટ્ર સરકારે ફેબ્રુઆરી ૨૦૧૮માં હિંસાની તપાસ કરવા માટે એક કમિશનની રચના કરી હતી. આ કમિશનનું નેતૃત્વ બોમ્બે હાઈ કોર્ટના ભૂતપૂર્વ ચીફ જસ્ટિસ જે. એન. પટેલ કરે છે, જ્યારે ભૂતપૂર્વ મુખ્ય સચિવ સુમિત મલિક તેના સભ્ય છે.

પુણે પોલીસના જણાવ્યા અનુસાર, ૧ જાન્યુઆરી, ૨૦૧૮ ના રોજ કોરેગાંવ-ભીમા યુદ્ધની દ્વિશતાબ્દી વર્ષગાંઠ દરમિયાન પુણે જિલ્લામાં યુદ્ધ સ્મારક નજીક બે જૂથો વચ્ચે હિંસા ફાટી નીકળી હતી. આ ઘટનામાં એક વ્યક્તિનું મોત થયું હતું અને ૧૦ પોલીસ કર્મચારીઓ સહિત અનેક લોકો ઘાયલ થયા હતા. પોલીસે આરોપ લગાવ્યો હતો કે ૩૧ ડિસેમ્બર, ૨૦૧૭ના રોજ પુણેમાં આયોજિત 'એલ્ગાર પરિષદ સંમેલન'માં ઉશ્કેરણીજનક ભાષણોને કારણે કોરેગાંવ-ભીમા નજીક હિંસા ભડકી હતી.

પુણે પોલીસે દાવો કર્યો હતો કે એલ્ગાર પરિષદ સંમેલનના આયોજકોના માઓવાદીઓ સાથે સંબંધો હતા. (પીટીઆઈ)■

# મુંબઈ લોકલનો પ્રવાસ વધુ સુરક્ષિત થશે

## પશ્ચિમ રેલવેમાં વિરાર અને ચર્ચગેટ વચ્ચે સુરક્ષા 'કવચ'

મુંબઈ : પશ્ચિમ રેલવેએ મુંબઈવાસીઓની જીવાદોરી સમાન ઉપનગરીય લાઇન પર સલામતીની દૃષ્ટિએ એક મહત્ત્વપૂર્ણ પગલું ભર્યું છે. વિરારથી ચર્ચગેટ સુધીના ૬૦ કિમીના પટ્ટા પર ૬૭ કરોડ રૂપિયાના ખર્ચે અત્યાધુનિક સિસ્ટમ 'કવચ' સ્થાપિત કરવાનું કામ શરૂ કરવામાં આવ્યું છે જેનું ૫૦ % કામ પૂર્ણ થઈ ગયું છે. બાકીનું કામ સપ્ટેમ્બર સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

'કવચ' એક ઑટોમેટિક ટ્રેન પ્રોટેક્શન (ATP) સિસ્ટમ છે જે ટ્રેકના સાધનો, લોકોમોટિવ્સ અને સેટેલાઇટનો ઉપયોગ ટ્રેનોની ઝડપ નિયંત્રિત કરીને સામસામે અથડામણ અટકાવે છે. આ સિસ્ટમ ઑટોમેટિક હોવાથી જો ડ્રાઈવર ભૂલ કરે તો પણ, શીલ્ડની મદદથી બ્રેક્સ સક્રિય થાય છે, જેનાથી સંભવિત અકસ્માતો અટકાવી શકાય છે. પ્રોજેક્ટના ૬૦ કિમીના રૂટ પર ટાવર બાંધકામનું સર્વેક્ષણ અને મંજૂરી માટેની પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે. ટાવર ઊભા કરવાનું ૫૦ ટકા કામ પૂર્ણ થઈ ગયું છે. ૧૫માંથી ૧૪ જગ્યાએ માટી પરીક્ષણ પૂર્ણ થયું છે. ૧૨ સ્થળોએ પાયાનું કામ ૮૦% પૂર્ણ થયું છે. અન્ય બાંધકામ કાર્યો સંતોષકારક ગતિએ આગળ વધી રહ્યા છે. ઉપગ્રહો અને ટ્રેન એન્જિન સિસ્ટમ વચ્ચે જોડાણ કરતી TCAS સિસ્ટમ ૧૭ સ્ટેશન પર બેસાડવામાં આવશે. આમાંથી છ સ્ટેશન પર આ કાર્ય પૂર્ણ થઇ ગયું છે. કવચ માટે લિડર સર્વે અને ટ્રેનોને ટ્રેક કરવા માટે રેડિયો ફ્રિક્વન્સી આઇડેન્ટિફિકેશન ટેગ (RFID) ટેગ ઇન્સ્ટોલ કરવાનું કામ ૪૦ % થયું છે. કેબલ રૂટના સર્વેક્ષણ અને ઓપ્ટિકલ કેબલ નાખવાનું ૬૦% કામ પૂર્ણ થઈ ગયું છે. એક તરફ આ યાંત્રિક અને બાંધકામ કાર્ય ઝડપી ગતિએ ચાલી રહ્યું છે. તો સાથે, સિસ્ટમના પરીક્ષણો પણ શરૂ કરવામાં આવ્યા છે. રૂટના ૬૦ કિલોમીટરમાંથી ૨૪ કિલોમીટર પર રેલવે લોકોમોટિવના વિવિધ પરીક્ષણો પૂર્ણ થઈ ગયા છે. ■

# ગુરુ તેગ બહાદુરના ૩૫૦મા શહીદ દિવસ નિમિત્તે તૈયારીઓ શરૂ

નાંદેડ: ગુરુ તેગ બહાદુરના ૩૫૦મા શહીદ દિવસ પહેલા મહારાષ્ટ્રના નાંદેડમાં શ્રદ્ધાળુઓ માટે સત્તાવાળાઓએ ભીડને નિયંત્રિત કરવાના પગલાં લેવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે, એમ એક અધિકારીએ જણાવ્યું હતું. નવમા શીખ ગુરુના ૩૫૦મા શહીદ દિવસ નિમિત્તે ૨૪ અને ૨૫ જાન્યુઆરીએ 'શહીદી સમાગમ' માટે શહેરના તખ્ત સચખંડ શ્રી હઝુર અબચલનગર સાહિબ, જેને હઝુર સાહિબ તરીકે ઓળખવામાં આવે છે, ત્યાં લગભગ ૧૦ લાખ યાત્રાળુઓ આવે તેવી અપેક્ષા છે. યાત્રાળુઓ માટે મૂળભૂત સુવિધાઓ સુનિશ્ચિત કરવા માટે છવીસ સમિતિઓની રચના કરવામાં આવી છે. ■




# 'કૉંગ્રેસમુક્ત' ભારત બનાવવાના પ્રયાસ હેઠળ ભાજપ પોતે 'કૉંગ્રેસયુક્ત' બની ગયો: સપકાળ

જાલના: કૉંગ્રેસમુક્ત ભારત બનાવવા પ્રયાસ હેઠળ ભાજપ હવે વિપક્ષમાંથી નેતાઓને પોતાના પક્ષમાં ખેંચી રહ્યા છે, એવો આક્ષેપ મહારાષ્ટ્ર કૉંગ્રેસના પ્રમુખ હર્ષવર્ધન સપકાળે ગુરુવારે જણાવ્યું હતું.

અંબરનાથ પાલિકાની ચૂંટણી બાદ ભાજપ સાથે હાથ મિલાવવા માટે થયેલી સમજૂતી બાદ કૉંગ્રેસ દ્વારા તેમના નગરસેવકોને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા, પરંતુ ભાજપે તેઓને પોતાના પક્ષમાં સામેલ કરી દીધા, એમ સપકાળે વધુમાં જણાવ્યું હતું.

પાલિકાની ચૂંટણી માટેની સભામાં તેમણે કહ્યું હતું કે ભારતને 'કૉંગ્રેસમુક્ત' બનાવવા પ્રયાસ હેઠળ ભાજપ પોતે 'કૉંગ્રેસયુક્ત' બની રહ્યો છે. ભાજપની આ કુનીતિ અંબરનાથ અને અકોટમાં થયેલા વિકાસકામોથી છતી થાય છે.

સત્તા મેળવવા માટે તેઓ પોતાના સિદ્ધાંતો સાથે સમજૂતી કરી રહ્યા હોવાનું જોઇ શકાય છે.

અંબરનાથમાં કૉંગ્રેસ નગરસેવકોએ ભાજપ સાથે ગઠબંધન કરવાનું નક્કી કર્યું હતું, પરંતુ કૉંગ્રેસ દ્વારા સંબંધિત ઉમેદવારોને જ સસ્પેન્ડ કરી દીધા હતા. કૉંગ્રેસ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી હતી, પરંતુ ભાજપે તે ઉમેદવારોને પોતાના પક્ષમાં સામેલ કરી દીધા. તેના પરથી ખબર પડે છે કે ભાજપ કહે છે શું અને કરે છે શું. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ આના પર કોઇ વાંધો ઉઠાવ્યો પણ નહોતો, એમ સપકાળે જણાવ્યું હતું.

સત્તા મેળવવા ભાજપ અસદુદ્દીન ઓવૈસી સાથે પણ હાથ મિલાવે તો નવાઇ નહીં. આના પરથી ભગવા પક્ષની માનસિકતા છતી થાય છે, એમ તેમણે કહ્યું હતું. (પીટીઆઈ)■

શ્રી ઝાલાવાડ દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન



ડૉ. રંજનબેન મણિયાર

વઢવાણ નિવાસી, હાલ માલાડ નિવાસી
સ્વ. ડૉ. દિનેશભાઈ ચંદુલાલ મણિયાર ના ધર્મપત્ની (ઉ.વ. ૮૮)
તા. ૦૭-૦૧-૨૦૨૬, બુધવારના અરિહંત શરણ પામેલ છે.

તેઓ સ્વ. શાંતાબેન ચંદુલાલ મણિયાર ના પુત્રવધૂ,
ડૉ. સંજીવ તથા ડૉ. હેમલ ના માતૃશ્રી,
સુનિતા સ્વ. ડૉ. નમ્રતા તથા ડૉ. અમી ના સાસુ,
રમાબેન દલિચંદભાઈ દામાણી ના દીકરી,
ડૉ. ઈશિતા, ડૉ. મેઘ, ધરિત, માનુષી, ડૉ. રોમિલ તથા કુશ ના દાદી.
નરેશ - ઉર્મિલા, પ્રમોદ - રૂપા, ભરત - અમી,
ડૉ. મયુર - સ્મિતા, મનોજ - જાગૃતિ ના ભાભી
જયેન્દ્ર - પુષ્પા, શરદ - ઉષા, નિરંજન - ચંદ્રિકા,
બિંદુ - મહેન્દ્ર, પ્રજ્ઞા - બિપિન ના બેન

-: પ્રાર્થના સભા :-
તારીખ: ૦૯-૦૧-૨૦૨૬ (શુક્રવાર) સમય: સાંજે ૪:૦૦ થી ૫:૩૦ વાગ્યા સુધી
સ્થળ: પી. ડી. ખખ્ખર બેન્ક્વેટ, લક્ષ્મીનારાયણ મંદિર કોમ્પ્લેક્સ, અસ્પી ઓડિટોરિયમ, માર્વે રોડ, માલાડ (વેસ્ટ), મુંબઈ- ૪૦૦૦૬૪
લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.
ચૌવીહાર ની વ્યવસ્થા રાખેલ છે.
વેલે પાર્કિંગની વ્યવસ્થા છે.
ચંદુલાલ ચીમનલાલ મણિયાર પરિવાર

# રાજપીપળાના મંદિરમાંથી વાઘના ૪૦ ચામડા અને ૧૩૩ નખ મળતા હડકંપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: નર્મદા જિલ્લાના રાજપીપળા નજીક આવેલ સુપ્રસિદ્ધ હનુમાન ધર્મેશ્વર મહાદેવ મંદિરના પરિસરમાંથી મોટી સંખ્યામાં વાઘના ચામડા અને નખ મળી આવતા વન વિભાગ સહિત સમગ્ર પંથકમાં ભારે સનસનાટી મચી ગઈ હતી.

મંદિરનું જૂનું મકાન જર્જરિત હોવાથી તેના સમારકામ દરમિયાન રૂમમાંથી અસહ્ય દુર્ગંધ આવતા ટ્રસ્ટીઓએ તાત્કાલિક વન વિભાગને જાણ કરી હતી.



રાજપીપળા રેન્જ ફોરેસ્ટ ઓફિસર જિગ્નેશ સોની અને તેમની ટીમે સ્થળ પર પહોંચી તપાસ કરતા એક રૂમમાંથી વાઘના ચામડા અને નખથી ભરેલી આખી પેટી મળી આવી હતી. ગુજરાતમાં સંભવત : આટલી મોટી માત્રામાં વન્યજીવોના અવશેષો મળી આવવાનો આ પ્રથમ કિસ્સો હોવાનું મનાઈ રહ્યું છે. પ્રાથમિક તપાસમાં પેટીમાંથી વાઘના કુલ ૩૭ આખા ચામડા, ચાર ચામડાના ટુકડા અને ૧૩૩ જેટલા નખ મળી આવ્યા હતા. આ અવશેષો જે સમાચાર પત્રોમાં વીંટાળેલા હતા તે વર્ષ ૧૯૯૨ અને ૧૯૯૩ની સાલના હોવાથી અનુમાન લગાવાઈ રહ્યું છે કે આ જથ્થો ૩૫ વર્ષથી પણ વધુ જૂનો હોઈ શકે છે.

વન વિભાગે આ તમામ નમૂનાઓને વધુ તપાસ અને પુષ્ટિ માટે એફએસએલમાં મોકલી આપ્યા હતા. આટલી મોટી સંખ્યામાં લુપ્ત થતા વન્યપ્રાણીના અવશેષો ક્યાંથી આવ્યા અને કોણે સંતાડ્યા તે અંગે અનેક તર્ક-વિતર્ક સર્જાયા હતા.



**પ્રાર્થના:** સોમનાથ સ્વાભિમાન પર્વ નિમિત્તે પ્રાર્થના કરી રહેલા ગુજરાતના નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવી. (એજન્સી)

# અમદાવાદમાં ચાઈનીઝ દોરી અને તુક્કલ પર પ્રતિબંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: આગામી ૧૪મી જાન્યુઆરીએ ઉજવનારા મકરસંક્રાંતિના પર્વને અનુલક્ષીને અમદાવાદ શહેર પોલીસ કમિશનર દ્વારા પ્રતિબંધાત્મક આદેશો જાહેર કરવામાં આવ્યા છે. આ જાહેરનામા અનુસાર, શહેરમાં તા. ૧૨/૦૧/૨૦૨૬ થી ૨૧/૦૧/૨૦૨૬ સુધી ચાઇનીઝ દોરી, નાયલોન કે સિન્થેટિક મટીરિયલથી બનેલા કાચ પાયેલા જોખમી દોરાના ઉત્પાદન, વેચાણ અને વપરાશ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. આ ઉપરાંત, આકાશમાં ઉડાડવામાં આવતા ચાઇનીઝ તુક્કલ અને ચાઇનીઝ લોન્ચર પર પણ મનાઈ ફરમાવવામાં આવી હતી. જાહેરનામામાં વધુમાં જણાવ્યા મુજબ, જાહેર માર્ગો કે ભયજનક ધાબા પર પતંગ ઉડાડવા, લાઉડ સ્પીકર દ્વારા અવાજનું પ્રદૂષણ કરવું અને પતંગ પર ઉશ્કેરણીજનક લખાણો લખવા પર પ્રતિબંધ રહેશે. રસ્તાઓ પર પતંગ પકડવા માટે લાંબા વાંસના ઝંડા કે લોખંડના તારના લંગર લઈને દોડાદોડી કરનારાઓ સામે પણ કડક કાર્યવાહી કરવામાં આવશે, કારણ કે તેનાથી વાહનચાલકો અને વીજ લાઈનોને જોખમ રહે છે. માર્ગો પર ઘાસચારો વેચીને ટ્રાફિકમાં અવરોધ ઊભો કરનાર પશુપાલકો સામે પણ પગલાં લેવાશે.

# સરકારી કચેરીમાં કામ કરાવવું એ હવે યુદ્ધ લડવા સમાન: વડોદરા ભાજપના પાંચ ધારાસભ્યનો મુખ્ય પ્રધાનને પત્ર

અમદાવાદ: ગુજરાતના વહીવટી તંત્રમાં અધિકારીઓ અને જનપ્રતિનિધિઓ વચ્ચેનો સંઘર્ષ હવે ખુલ્લેઆમ સપાટી પર આવ્યો છે. વડોદરા જિલ્લાના ભાજપના પાંચ ધારાસભ્ય શૈલેષ મહેતા (સોટ્ટા), કેતન ઈમાનદાર, ધર્મેન્દ્રસિંહ વાઘેલા, અક્ષય પટેલ અને ચૈતન્યસિંહ ઝાલાએ સંયુક્ત સહી સાથે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલને પત્ર લખીને તંત્રના વહીવટ સામે ગંભીર આક્ષેપો કર્યા હતાં. પત્રમાં સ્પષ્ટપણે જણાવાયું હતું કે વહીવટી તંત્રનો વહીવટ ખોરંભે પડ્યો છે અને અધિકારીઓની મનસ્વિતાને કારણે સરકારની છબી ખરડાઈ રહી છે. ધારાસભ્યોએ પત્રમાં આક્રોશ વ્યક્ત કરતા લખ્યું હતું કે, કલેક્ટર, ડીડીઓ અને પોલીસ કમિશનર જેવા ઉચ્ચ અધિકારીઓ એસી ઓફિસોમાં બેસીને માત્ર વીડિયો કોન્ફરન્સ દ્વારા જમીની હકીકત જાણ્યા વગર સરકાર સામે ખોટું 'ગુલાબી ચિત્ર' રજૂ કરે છે. સામાન્ય માણસ માટે સરકારી કચેરીમાં કામ કરાવવું એ હવે યુદ્ધ લડવા સમાન બની ગયું છે. અધિકારીઓ પોતાની જાતને જનપ્રતિનિધિઓ અને પ્રજાથી પણ ઉપર સમજીને અંધાધૂંધ વહીવટ ચલાવી રહ્યા છે, જેનાથી સામાન્ય જનતામાં સરકાર પ્રત્યે રોષ જોવા મળી રહ્યો છે. સૌથી ચોંકાવનારો આક્ષેપ એ છે કે, ધારાસભ્યો દ્વારા સૂચવવામાં આવેલા કામો અધિકારીઓ કરતા નથી, ઊલટું જ્યારે કોઈ નાગરિક ધારાસભ્યની ભલામણ લઈને જાય ત્યારે અધિકારીઓ તેને એવું કહીને ધમકાવે છે કે 'તમે ધારાસભ્યની મદદ કેમ માંગી?'. આ પ્રકારની ખરાબ માનસિકતા ધરાવતા અધિકારીઓ સામે કડક પગલાં ભરવાની માગ ધારાસભ્યોએ કરી હતી. મૌખિક રજૂઆતો કરવા છતાં સ્થિતિ ન સુધરતા હવે લેખિતમાં વિનંતી કરવામાં આવી હતી કે જન-પ્રતિનિધિઓએ સૂચવેલા લોકહિતના કામોને પ્રાધાન્ય આપવામાં આવે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

# વડા પ્રધાનની મુલાકાતને પગલે અમદાવાદ 'નૉ ડ્રોન ફ્લાય ઝોન'

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડા પ્રધાન નરેન્દ્ર મોદી આગામી તા. ૧૧ અને ૧૨ જાન્યુઆરીના રોજ અમદાવાદની મુલાકાતે હોય, આ મુલાકાત દરમિયાન સુરક્ષાવ્યવસ્થા જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે હેતુથી અમદાવાદ પોલીસ કમિશનર દ્વારા સમગ્ર શહેરને 'નૉ ડ્રોન ફ્લાય ઝોન' જાહેર કરવામાં આવ્યો હતો.

આ હુકમ તા. ૧૧/૦૧/૨૦૨૬ના બપોરે ૧૩:૦૦ વાગ્યાથી તા. ૧૨/૦૧/૨૦૨૬ના રાત્રે ૨૦:૦૦ વાગ્યા સુધી અમલમાં રહેશે. આ જાહેરનામા અનુસાર, અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હદમાં આવતા તમામ વિસ્તારોમાં રિમોટ કંટ્રોલથી ચાલતા ડ્રોન, ક્વાડકોપ્ટર, પાવર્ડ એરક્રાફ્ટ તેમ જ પેરાગ્લાઇડર, પેરા મોટર, હોટ એર બલૂન અને પેરા જમ્પિંગ જેવી પ્રવૃત્તિઓ પર સંપૂર્ણ પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.

આતંકવાદી તત્ત્વો કે અસામાજિક તત્ત્વો આવા હવાઈ ઉપકરણોનો ગેરલાભ લઈને સુરક્ષામાં ભંગ ન પાડે તે માટે આ નિર્ણય લેવાયો હતો.

# વડા પ્રધાન મોદી અને જર્મનીના ચાન્સેલરની હાજરીમાં ૧૨ જાન્યુઆરીથી પતંગ મહોત્સવ-૨૦૨૬નું ઉદ્‌ઘાટન થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: 'આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૬'નો ઉદ્‌ઘાટન વડા પ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે તા.૧૨ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ સવારે સાબરમતી રિવરફ્રન્ટ, અમદાવાદ ખાતે કરવામાં આવશે. આ ઉદ્‌ઘાટન સમારોહમાં જર્મનીના ચાન્સેલર ફ્રેડરીક મર્ઝની ઉપસ્થિત રહેશે. અમદાવાદ ખાતે તા.૧૨ થી ૧૪ જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન યોજાનાર 'આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૬'ના મુખ્ય આકર્ષણના કેન્દ્રોમાં આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય પતંગબાજો વિવિધ પ્રકારના પતંગોની ઉડાન કરશે.

આ ઉપરાંત તા. ૧૩ જાન્યુઆરીના રોજ રાત્રિ પતંગ ઉડાન કરવામાં આવશે. અમદાવાદની વારસાગત સ્થાપત્ય પરંપરાને દર્શાવતી હેરિટેજ હવેલી અને પૌરાણિક પોળ, રંગબેરંગી હસ્તકલા બજાર, હેરિટેજ વોક-વે પર રચાયેલ પતંગ મ્યુઝિયમ, આકર્ષક આઈકોનિક ફોટો વોલ ઇન્સ્ટોલેશન્સની સાથોસાથ સાંજે ૦૭:૦૦ વાગ્યાથી વિશેષ સાંસ્કૃતિક કાર્યક્રમો નગરજનોને આકર્ષિત કરશે. જેમાં લોક ગાયિકા કિંજલ દવે પ્રસ્તુતિ કરશે.

આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૬માં ૫૦ દેશોના ૧૩૫ આંતરરાષ્ટ્રીય પતંગબાજો, ભારતના ૧૩ રાજ્યોમાંથી ૬૫ તથા ગુજરાતના ૧૬ જિલ્લાઓમાંથી ૮૭૧ પતંગબાજો એમ કુલ મળીને ૧,૦૭૧ પતંગ રસિયાઓ ભાગ લેશે. આ મહોત્સવ દરમિયાન ૨૫ હસ્તકલા સ્ટોલ અને ૧૫ ફૂડ સ્ટોલ કાર્યરત રહેશે, જે સ્થાનિક કલા, હસ્તકલા અને સ્થાનિક વ્યંજનોને પ્રોત્સાહન આપશે.

આ વર્ષે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૬ અમદાવાદ ઉપરાંત રાજકોટ, સુરત અને કચ્છના ધોળાવીરામાં તા.૧૦ જાન્યુઆરી ૨૦૨૬, વડનગર, શિવરાજપુર તથા સ્ટેચ્યુ ઓફ યુનિટીમાં તા.૧૧ જાન્યુઆરી ૨૦૨૬ તેમજ વડોદરા ખાતે તા.૧૩ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ યોજાશે. પતંગ મહોત્સવ-૨૦૨૬માં અંદાજિત પાંચ લાખથી વધુ પ્રવાસીઓ ગુજરાતની મુલાકાતે આવવાની શક્યતા છે.

# અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ-વેને આઠ લેનનો બનાવવા કેન્દ્ર સરકાર સામે પ્રસ્તાવ

અમદાવાદ: વડોદરા એક્સપ્રેસવે પરથી રોજનાં હજારો વાહન ચાલકો પસાર થાય છે. વાહન ચાલકોની સંખ્યામાં દિન પ્રતિદિન થઈ રહેલા વધારાને ધ્યાનમાં રાખી ગુજરાત સરકાર અમદાવાદ વડોદરા એક્સપ્રેસવેને આઠ લેનનો બનાવવા કેન્દ્ર સરકારને દરખાસ્ત કરશે, તેવી માહિતી સૂત્રોએ આપી હતી. આ દરખાસ્ત નવી દિલ્હીમાં કેન્દ્રીય માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ પ્રધાન નીતિન ગડકરીની અધ્યક્ષતામાં શરૂ થઈ રહેલી બે દિવસીય ટ્રાન્સપોર્ટ ડેવલપમેન્ટ કાઉન્સિલની બેઠકમાં રજૂ કરવામાં આવે તેવી અપેક્ષા છે. આ બેઠકમાં ગુજરાત સહિત તમામ રાજ્યોના પરિવહન પ્રધાન, મુખ્ય સચિવો અને આરટીઓ કમિશનરો ભાગ લઈ રહ્યા છે.

વર્ષ ૨૦૦૪માં ગોલ્ડન ક્વોડ્રિલેટરલ પ્રોજેક્ટ હેઠળ શરૂ થયેલો આ ૯૩ કિમી લાંબો એક્સપ્રેસવે અમદાવાદ, નડિયાદ, આણંદ અને વડોદરાને જોડતો એક મહત્ત્વપૂર્ણ માર્ગ છે. છેલ્લા બે દાયકામાં ઝડપી શહેરીકરણ, ઔદ્યોગિક વિકાસ અને વસ્તીમાં વધારાને કારણે વાહનોની અવરજવરમાં ભારે ઉછાળો આવ્યો છે.

હાલમાં આ માર્ગ પર દરરોજ અંદાજે ૫૧,૦૦૦ વાહનો પસાર થાય છે, જેના કારણે ટ્રાફિક જામ અને વારંવાર અકસ્માતો સર્જાય છે. વડોદરા પાસે દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે સાથે જોડાણ થતાં આ રૂટ પર ટ્રાફિકનું દબાણ હજુ વધવાની શક્યતા છે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ માર્ગને પહોળો કરવાનું કામ ટેકનિકલ રીતે શક્ય છે. કારણ કે નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા પાસે પહેલેથી જ પૂરતો રાઈટ ઓફ વે ઉપલબ્ધ છે. અહેવાલો મુજબ, એનએચએઆઈ પાસે એક્સપ્રેસવેની બંને બાજુ ૫૦ મીટર જમીન પહેલેથી જ છે, તેથી વધારાના જમીન સંપાદનની જરૂર નહિવત રહેશે.

# ગાંધીનગરમાં દૂષિત પાણીથી ટાઈફોઈડના કેસો: રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગની સરકારને નોટિસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં પીવાના દૂષિત પાણીના કારણે ટાઈફોઈડના કેસોમાં થયેલા નોંધપાત્ર વધારાને પગલે રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગે ગંભીર નોંધ લીધી હતી. આયોગે મીડિયા રિપોર્ટ્સના આધારે સ્વતઃ સંજ્ઞાન લઈને રાજ્યના મુખ્ય સચિવને નોટિસ પાઠવી હતી અને બે અઠવાડિયામાં આ મામલે વિગતવાર અહેવાલ રજૂ કરવા આદેશ આપ્યો હતો.

મળતી વિગતો અનુસાર, ગાંધીનગરમાં નવી નાખેલી પાણીની પાઈપલાઈન નેટવર્કમાં અનેક જગ્યાએ લીકેજ હોવાના કારણે પીવાના પાણીમાં ગટરનું પાણી ભળી રહ્યું હોવાના અહેવાલો ઘણા સમયથી પ્રકાશમાં આવ્યા છે. આરોગ્ય વિભાગે શહેરના એક ચોક્કસ વિસ્તારમાં ટાઈફોઈડના કુલ ૭૦ સક્રિય કેસોની પુષ્ટિ કરી હતી. તપાસ દરમિયાન વોટર સપ્લાય સિસ્ટમમાં સાત જેટલા મુખ્ય લીકેજ પોઈન્ટ મળી આવ્યા હતાં, આ અહેવાલો સાચા હોય તો તે નાગરિકોના માનવ અધિકારોનું ગંભીર ઉલ્લંઘન હોવાનું આયોગે નોંધ્યું હતું.

અહેવાલો મુજબ, વધતા જતા કેસોને પહોંચી વળવા માટે ગાંધીનગર સિવિલ હૉસ્પિટલમાં ખાસ ૩૦ બેડનો પીડિયાટ્રિક વોર્ડ શરૂ કરવામાં આવ્યો હતો, કારણ કે ટાઈફોઈડનો ભોગ બનનારાઓમાં મોટી સંખ્યા બાળકોની છે.

દર્દીઓ ઊંચા તાવ અને જઠરને લગતી સમસ્યાઓ સાથે હૉસ્પિટલ આવી રહ્યા છે, તેમ પણ આયોગે નોટિસમાં નોંધ્યું હતું.

# રખડતા ઢોરને કારણે નવસારીમાં ૨૮ વર્ષીય બાઈક ચાલકનું મોત, અંકલેશ્વરમાં પાંચ ઘાયલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરી વિસ્તારમાં રખડતાં શ્વાન અને ઢોરને કારણે ઉદ્‌ભવતી સમસ્યાઓ સુપ્રીમ કોર્ટ સુધી પહોંચી ગઈ છે, પરંતુ સમસ્યાનો નિવેડો આવતો નથી. ફરી નવસારીમાં રખડતાં ઢોરને લીધે એક યુવકે જીવ ગુમાવ્યાની ઘટના બની હતી. તો અંકલેશ્વરમાં પાંચ જણ ઈજાગ્રસ્ત થયા હતા.

નવસારીમાં ભોગ બનનાર ૨૮ વર્ષીય યુવક તેજસ અરવિંદભાઈ પટેલ છાપરા-મોગર રોડ પરથી પસાર થઈ રહ્યો હતો ત્યારે એક રખડતું ઢોર અચાનક તેની બાઇક સાથે અથડાઈ ગયું હતું. અકસ્માતમાં તેજસને ગંભીર ઈજાઓ થઈ અને ખાનગી હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું. જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે અને હોસ્પિટલ પહોંચી હતી અને આગળની કાનૂની કાર્યવાહી હાથ ધરી હતી.

આ ઘટનાથી સ્થાનિક રહેવાસીઓમાં રોષ ફેલાયો હતો. લોકોએ શહેરના રસ્તાઓ પર રખડતા ઢોરના વધતા ભય અંગે નવસારી મ્યુનિસિપલ કોર્પોરેશન નિષ્ક્રિય હોવાનો આક્ષેપ કર્યો હતો. સ્થાનિક લોકોનો દાવો છે કે જીવલેણ અકસ્માતો પછી જ ઢોર પકડવાની ઝુંબેશ શરૂ કરવામાં આવે છે અને થોડા દિવસોમાં જ તેને બંધ કરી દેવામાં આવે છે. આવી દુર્ઘટનાઓ કાયમ માટે અટકાવવા અને વાહનચાલકોની સલામતી માટે તેમણે પશુ માલિકો સામે કડક અને કાયમી કાર્યવાહીની માગણી કરી હતી.

આ દરમિયાન, અંકલેશ્વરમાં અયપ્પા મંદિર પાસે એક રખડતા બળદે તોફાન મચાવ્યું હતું, જેમાં લગભગ પાંચ લોકો ઘાયલ થયા હતા. ઘાયલોમાંથી એકની હાલત ગંભીર હોવાથી તેને આઈસીયુમાં ખસેડવામાં આવ્યો હતો. આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી.મળતી વિગતો અનુસાર એક દક્ષિણ ભારતીય દંપતી એક ઉત્સવમાં ભાગ લેવા માટે રિક્ષામાં મંદિર પહોંચ્યાં હતાં ત્યારે અચાનક આખલો તેમના તરફ ધસી આવ્યો હતો.

મહિલા જમીન પર પટકાઈ ગઈ અને પગમાં ઘા વાગી ગયા હતા, જ્યારે તેના પતિએ તેને બચાવવાનો પ્રયાસ કર્યો ત્યારે આખાલાએ તેમને પણ ઈજા પહોંચાડી હતી. આખલાએ લગભગ ૧૫ મિનિટ સુધી હિંસક બનીને તોફાન મચાવ્યું હતું. અહીંથી પસાર થતા લોકો અને મદદ માટે દોડી આવેલા બાઇક સવારોને પણ ઈજા થઈ હતી. તમામને હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં મોટાભાગનાને પ્રાથમિક સારવાર બાદ રજા આપવામાં આવી હતી.

# સાબરમતી જેલ ફરી વિવાદમાં: કુખ્યાત ગુનેગાર પાસેથી આઈફોન અને સિમકાર્ડ જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સાબરમતી સેન્ટ્રલ જેલ ફરી એકવાર વિવાદોના ઘેરામાં આવી છે. જેલની હાઈ સિક્યુરિટી બેરેકમાં રખાયેલા અને રાજ્યમાં જેની સામે સૌપ્રથમ 'ગુજસીટોક'નો ગુનો નોંધાયો હતો તેવા કુખ્યાત ગુનેગાર વિશાલ ગોસ્વામી પાસેથી એક આઈફોન અને એક કીપેડ ફોન મળી આવતા જેલ પ્રશાસનની સુરક્ષા વ્યવસ્થા પર ગંભીર સવાલો ઊભા થયા હતા.

ઈન્ચાર્જ જેલર મોહસીન ખાન પઠાણ અને ઝડતી સ્ક્વોડની તપાસ દરમિયાન ખોલી નંબર ૧ની છતમાં બાકોરું પાડીને છુપાવેલા બે મોબાઈલ ફોન, વીઆઈ અને એરટેલના સીમકાર્ડ, મેમરી કાર્ડ અને ચાર્જર મળી આવ્યા હતા. આ મામલે રાણીપ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. ઉલ્લેખનીય છે કે વિશાલ ગોસ્વામીનો ઇતિહાસ અત્યંત ગુનાહિત રહ્યો છે, જેમાં જ્વેલર્સ પર ફાયરિંગ, બેંક લૂંટ અને કરોડોની ખંડણી જેવા ગંભીર ગુનાઓ સામેલ છે. હાઈ સિક્યુરિટી ઝોનમાં હોવા છતાં તેની પાસે પ્રતિબંધિત વસ્તુઓ કેવી રીતે પહોંચી તે તપાસનો વિષય છે. પોલીસ હવે એ દિશામાં તપાસ કરી રહી છે કે જેલની અંદર બેસીને આ કુખ્યાત આરોપી કોના સંપર્કમાં હતો અને તેને મોબાઈલ પહોંચાડવામાં જેલના કયા કર્મચારીઓએ મદદ કરી હતી.

# અમરેલીમાં નિર્માણાધીન અંડરબ્રિજના પાણી ભરેલા ખાડામાં એક્ટિવા ખાબક્યું, એકનું મોત

અમદાવાદ:અમરેલીના લીલીયા રોડ પર નિર્માણાધીન અંડરબ્રિજ ફરી એકવાર જોખમી સાબિત થયો હતો. જ્યાં એક એક્ટિવા સવાર યુવક બે મહિલાઓને બેસાડીને પસાર થઈ રહ્યો હતો, ત્યારે અચાનક અંડરબ્રિજના કામકાજ માટે ખોદવામાં આવેલા પાણી ભરેલા વિશાળ ખાડામાં એક્ટિવા સાથે ત્રણેય વ્યક્તિઓ ખાબક્યા હતા. આ અકસ્માતને પગલે આસપાસના વિસ્તારમાં દોડધામ મચી ગઈ હતી અને તાત્કાલિક બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી.

ઘટનાની જાણ થતા જ ફાયર વિભાગ, પોલીસ અને ૧૦૮ એમ્બ્યુલન્સનો કાફલો ઘટનાસ્થળે પહોંચી દોડી આવ્યો હતો. મધરાતે કડકડતી ઠંડી હોવા છતાં ફાયર જવાનોએ પાણી ભરેલા ઊંડા ખાડામાં ઉતરીને ત્રણેય વ્યક્તિઓને બહાર કાઢ્યા હતા. રેસ્ક્યૂ બાદ ત્રણેયને તાત્કાલિક સારવાર માટે અમરેલી સિવિલ હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે, સારવાર દરમિયાન એક્ટિવા ચાલક આશીભાઈ સતારભાઈ સેલોતનું મોત નીપજ્યું હતું, જ્યારે તેમની સાથે રહેલી બંને મહિલાઓની હાલત હજુ પણ નાજુક હોવાનું જાણવા મળ્યું હતું.

# સ્ટેમ્પ ડ્યૂટીની આવકથી ગુજરાત સરકારની તિજોરી છલકાઈ

અમદાવાદ: ગુજરાતમાં પ્રોપર્ટીના ભાવ વધી રહ્યા છે. જેના કારણે સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફીની આવકમાં ૭ ટકાનો વધારો થયો હતો. એપ્રિલ-ડિસેમ્બર ૨૦૨૫ સમયગાળા દરમિયાન સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફીની આવક રૂ. ૧૩,૬૯૯ કરોડ પર પહોંચી હતી. જે ગત વર્ષે રૂ. ૧૨,૮૨૧ કરોડ હતી.

મિલકત નોંધણીના કારણે થતી આવક નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં રૂ. ૧૯,૮૦૦ કરોડના બજેટ લક્ષ્યાંકને વટાવી જવાની અપેક્ષા છે. પ્રોપર્ટી ટ્રાન્ઝેક્શનના ઊંચા મૂલ્યના કારણે ચાલુ નાણાકીય વર્ષમાં સ્ટેમ્પ ડ્યૂટીની આવકમાં મોટો ઉછાળો જોવા મળ્યો છે. ૨૦૨૩માં સરકાર દ્વારા જંત્રીના દરમાં કરાયેલા ૧૦૦ ટકા વધારાને બજારે સ્વીકારી લીધો છે, જેની સીધી અસર સરકારની વધેલી આવકમાં દેખાઈ રહી છે. નોંધનીય છે કે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં આ આવક રૂ. ૧૪,૭૦૬ કરોડ હતી, જે ૨૦૨૩-૨૪માં રૂ. ૧૩,૭૩૧ કરોડ નોંધાઈ હતી.વિવિધ શહેરોમાં જમીનના મોટા સોદા થવાથી આવકમાં મોટો હિસ્સો ઉમેરાયો છે. આ ઉપરાંત આરબીઆઈ દ્વારા રેપો રેટમાં ઘટાડો કરવામાં આવતા હોમ લોન સસ્તી થઈ છે.

# મહેસૂલ અને જમીન સંબંધિત ૧૬ કાયદા એકીકૃત કરી ગુજરાત સરકાર લાવશે અમ્બ્રેલા એક્ટ

અમદાવાદ: ગુજરાત સરકાર ઐતિહાસિક કાયદો લાવી રહી છે. જે અંતર્ગત મહેસૂલના ૧૬ જૂના કાયદાઓ રદ કરી એક જ 'અમ્બ્રેલા એક્ટ' અમલી બનાવવાની તૈયારી થઈ રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ગુજરાત સરકાર રાજ્યના જટિલ મહેસૂલી વહીવટને સુવ્યવસ્થિત કરવા માટે એક સર્વગ્રાહી ગુજરાત લેન્ડ એડમિનિસ્ટ્રેટિવ એક્ટ લાવવાની તૈયારી કરી રહી છે. આ પ્રસ્તાવિત 'અમ્બ્રેલા એક્ટ' હાલમાં અમલમાં રહેલા ૧૬ જેટલા મહેસૂલ સંબંધિત કાયદાઓનું સ્થાન લેશે. રાજ્યના મહેસૂલી માળખાની સમીક્ષા કરવા અને વહીવટને સરળ બનાવવા માટે ગયા મહિને રચાયેલી એક સમિતિની વિચારણા બાદ આ પગલું લેવામાં આવ્યું છે.મંગળવાર અને બુધવારે યોજાયેલી બે દિવસીય બેઠકમાં સમિતિએ તારણ કાઢ્યું હતું કે, જમીન અને મહેસૂલની બાબતો માટે અલગ-અલગ અનેક કાયદાઓ હોવાથી પ્રક્રિયામાં જટિલતા વધે છે અને વારંવાર કાયદાકીય વિવાદો સર્જાય છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ચર્ચા દરમિયાન એવું અનુભવાયું કે એક ડઝનથી વધુ એક્ટ હોવાને કારણે અમલમાં મુશ્કેલી અને કોર્ટ કેસ વધે છે. તેથી, હાલમાં અમલમાં રહેલા અંદાજે ૧૬ કાયદાની જોગવાઈઓને સમાવીને એક જ કાયદો બનાવવાની ભલામણ કરવામાં આવી હતી.

# પ્રોજેક્ટની કિંમત બમણી થતાં અમદાવાદ મનપાનું વૃક્ષારોપણનું મિશન રડારમાં

અમદાવાદ: અમદાવાદને હરિયાળુ બનાવવા મહાનગરપાલિકાએ શરૂ કરેલાં વૃક્ષારોપણના મિશન પર એન્ટી કરપ્શન બ્યૂરોની નજર પડી છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનો મિશન ૪ મિલિયન ટ્રીઝ પ્રોજેક્ટની ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરોની તપાસ થશે. આનું કારણ ઝુંબેશનો ખર્ચ છે, જે રૂ. ૬૪ કરોડ મંજૂર કરવામાં આવ્યો હતો, પરંતુ હવે વધીને રૂ. ૧૩૧ કરોડ થયો છે. એસીબીએ એએમસીના ગાર્ડનિંગ વિભાગને લખેલા પત્ર અનુસાર વિભાગ પાસેથી પ્રોજેક્ટ હેઠળ જારી કરાયેલા ટેન્ડર સંબંધિત મૂળ ફાઇલો અને તમામ દસ્તાવેજો માગ્યા છે. મંજૂર ખર્ચ કરતા આટલો બધો ખર્ચ વધારે કેમ થયો તે અંગે તપાસ કરવામાં આવશે. મનપાએ ૨૦૨૫માં સમગ્ર શહેરમાં ૪૦ લાખ વૃક્ષો વાવવાની યોજના બનાવી હતી. લગભગ ૨૦ લાખ વૃક્ષોનાં વાવેતર અને જાળવણી માટે ટેન્ડર બહાર પાડવામાં આવ્યા હતા, જેમાં ત્રણ કોન્ટ્રાક્ટરોને રૂ. ૬૪ કરોડના અંદાજિત ખર્ચે કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યા હતા.

# મેટિની



કવર સ્ટોરી

હેમા શાસ્ત્રી

## એક હિટ... લો, ફરી ફિટમ ફિટ...!

**‘એનિમલ’ પછી બોબી દેઓલ અને ‘ધુરંધર’ પછી અક્ષય ખન્નાની મંદ કારકિર્દીમાં તોફાની તેજી આવી ગઈ છે...**

શેરબજાર અને હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કેટલુંક સામ્ય જોવા મળે છે. કોઈ એક કારણ બજારને મંદીમાં ધકેલી દે તો કોઈ એક બાબતને પગલે સ્ટોક માર્કેટનો આખલો તેજીમાં આવી જાય. વેનેઝુએલા પર થયેલું અમેરિકી લશ્કરનું આક્રમણ એનું તાજું ઉદાહરણ છે. ફિલ્મ ઈન્ડસ્ટ્રીનો ઈતિહાસ તપાસતા જોવા મળે છે કે કોઈ એક જોનરની - શૈલીની ફિલ્મ હિટ જાય એટલે એ જ પ્રકારની ફિલ્મો બનાવવા નિર્માતાઓ દોડાદોડ કરી મૂકે. કોઈ એક કલાકાર ચોક્કસ ભૂમિકામાં દર્શકોનો બહોળો આવકાર મેળવે એટલે એને એ જ પ્રકારના રોલ ઓફર કરવામાં આવે અને પછી એ ટાઈપકાસ્ટ થઈ જાય. કોઈ સંગીતકારના કમ્પોઝિશન ગુંજવા લાગે એટલે એને ઢગલામોઢે ફિલ્મો મળતી થઈ જાય. આવા બીજા પણ કેટલાક છે.

‘એક હિટ અને ફરી ફિટ’ નામના સમીકરણનો અનુભવ તાજેતરમાં અક્ષય ખન્ના કરી રહ્યો છે. ‘ધુરંધર’ હિટ થયા પછી એ તેજીમાં આવી ગયો છે. ૨૦૨૩ના અંતમાં રિલીઝ થયેલી સંદીપ રેડ્ડી વાંગાની ‘એનિમલ’ પછી લગભગ જમીનદોસ્ત થઈ ગયેલી બોબી દેઓલની કારકિર્દીમાં હવે ઊંચી ઈમારત બાંધવાનો પાયો ખોદાઈ ગયો છે. મંદીમાં ધકેલાઈ ગયેલા અક્ષય ખન્ના અને બોબી દેઓલ હવે ફરી તેજીના તોખાર બની જશે એવી ઉજળી સંભાવના દેખાઈ રહી છે.



સોશ્યલ મીડિયા પર અક્ષય - બોબીની સરખામણી કરવાનો જ્વર જોરશોરથી ચાલી રહ્યો છે. ફિલ્મ ઈન્ડસ્ટ્રીને ઝીણવટથી જોતા અને એને નિયમિત અનુસરતા હરખપદુડા સિનેપ્રેમીઓએ ભૂતકાળમાં ડોકિયું કરી ૨૩ વર્ષ પહેલાની અબ્બાસ - મસ્તાનની થ્રિલર ફિલ્મ ‘હમરાઝ’માં આ બંને એક્ટરના પરફોર્મન્સની રીલ સોશ્યલ મીડિયા પર શેર કરી છે. વાત આટલેથી નથી અટકી. આ બંને કલાકારને ફરી સાથે ચમકાવી ‘હમરાઝ’ની સિક્વલ બનાવવી જોઈએ એવી દરખાસ્ત મૂકવામાં આવી છે. વાત ફરતી ફરતી નિર્માતા રતન જૈન સુધી પહોંચી. નિર્માતા પણ વહેતી ગંગામાં માત્ર હાથ ધોવા જ નહીં, નહાવા પણ તૈયાર હોય એ સ્વાભાવિક છે. અલબત્ત, આજે નિર્માતા બધી ગણતરી કર્યા પછી પગલું ભરવામાં શાણપણ માનતો થયો છે એટલે જૈન સાહેબએ કહ્યું છે કે જો યોગ્ય સ્ક્રિપ્ટ મળશે તો ‘હમરાઝ’ની સિક્વલ બનાવવાની દિશામાં પોતે ચોક્કસ વિચારશે.

અક્ષય - બોબીના મોભાને છાજે એવી ભૂમિકા હોવી જોઈએ એ વાત પર તેમણે ભાર મૂક્યો છે. આ વાત માત્ર કાગળ પર કે એક તુક્કા પૂરતી નથી એ વાતનું સમર્થન નિર્માતાના ખુલાસા પરથી મળે છે. ‘અબ્બાસ - મસ્તાન ભાઈઓ સાથે અમારી સતત વાતચીત થતી હોય છે. મારા દિમાગમાં એક આઈડિયા છે. બંને ભાઈ એના આધારે પટકથા પર કામ કરી રહ્યા છે. જો એક્ટરો રાજી થશે અને કામ કરવા તૈયાર થશે તો અમે ચોક્કસ અક્ષય ખન્ના અને બોબી દેઓલને લઈને ફિલ્મ બનાવીશું,’ રતન જૈન ચોખવટ કરે છે.

અક્ષય ખન્ના એક અફલાતૂન એક્ટર છે એ વિશે ભાગ્યે જ કોઈના મનમાં શંકા હશે. જોકે, આ ઈન્ડસ્ટ્રીમાં પ્રતિભા અને પોપ્યુલારિટીનો મેળ બેસે એ જરૂરી નથી. અનેક દમદાર પરફોર્મન્સ આપ્યા હોવા છતાં વિનોદ ખન્નાના પુત્રની કારકિર્દી અસ્તવ્યસ્ત હતી એ હકીકત છે. જોકે, ગયા વર્ષે ફેબ્રુઆરીમાં આવેલી ‘છાવા’ને બોક્સ ઓફિસ પર મળેલી ફાંકડી સફળતાને પગલે હટી ગયેલી નિર્માતાઓની નજર એના પર ફરી પડવા લાગી હતી. ફિલ્મમાં એનું પાત્ર નેગેટિવ હતું, પણ અક્ષય ઔરંગઝેબ તરીકે દર્શકોમાં ખાસ્સી પ્રશંસાનો હકદાર બન્યો. તાજેતરની ‘ધુરંધર’ની સફળતા અને રેહમાન ડકૈતના પાત્રને આપેલા ઉઠાવને પગલે એક્ટર ટોક ઓફ ધ ટાઉન બની ગયો છે. સાથે એવી વાત પણ જાણવા મળી છે કે સફળતાને પગલે તેણે ભાવ વધાર્યો (વધુ પૈસા) માંગ્યો અને ‘વિગ પહેર્યા વિના કામ નહીં કરું’ એવો આગ્રહ રાખતા ‘દ્રશ્યમ ૩’માંથી એના નામની બાદબાકી કરવામાં આવી છે.

વાચકો જાણતા જ હશે કે અજય દેવગનની યાદગાર ફિલ્મ ‘દ્રશ્યમ’ની સિક્વલ ‘દ્રશ્યમ ૨’માં ઈન્સ્પેક્ટર જનરલ - આઈજી તરુણ આહલાવતના રોલમાં એના પર્ફોર્મન્સને વખાણવામાં આવ્યું હતું. ‘દ્રશ્યમ ૩’માં પણ એની પસંદગી કરવામાં આવી હતી, પણ હવે બાયબાય કરી દેવામાં આવી છે. ટૂંકમાં ‘ધુરંધર’ પછી પોતે તેજીમાં છે એ અક્ષય ખન્ના ઠસાવવા માગે છે. બોબી દેઓલ પણ સાઉથની બે ફિલ્મ (હવે પેન ઈન્ડિયા ફિલ્મનું ચલણ છે) ઉપરાંત હિન્દી ફિલ્મોમાં અને ઓટીટી પ્રોજેક્ટ્સમાં પણ એ વ્યસ્ત છે.


‘એક હિટ અને ફરી ફિટ’માં રાજકુમાર રાવનું ઉદાહરણ પણ બહુ જૂનું નથી. રાવના અભિનય કૌશલ વિશે કોઈને રાવ (ફરિયાદ) નહીં હોય, પણ ફિલ્મની સફળતાનો માપદંડ વધુ મહત્ત્વ ધરાવે છે. ૨૦૨૪માં ‘સ્ત્રી ૨’ને મળેલા અદ્ભુત આવકારને પગલે એની પણ માર્કેટમાં ડિમાન્ડ વધી ગઈ છે.

જોકે, આ બધા ઉદાહરણમાં સૌથી અસાધારણ ઉદાહરણ શશી કપૂરનું છે. ‘મેરે પાસ માં હૈ’ ડાયલોગ ધરાવતી ફિલ્મ ‘દીવાર’ ટંકશાળ સાબિત થતા શશીજીના ઘરની બહાર પ્રોડ્યુસરો લાઈન લગાડીને ઊભા રહી ગયા હતા. એ સમયે પ્રકાશિત થયેલા અહેવાલ અનુસાર ‘દીવાર’ પછી મિસ્ટર કપૂરની કરિયરમાં એવી તૂફાની તેજી આવી કે એક સાથે ૧૦૦ ફિલ્મ તેમણે સાઈન કરી લીધી હતી. તળેટીમાં રઝળપાટ પરથી છેક શિખરની ટોચ પર પહોંચવાની કેડી તૈયાર થઈ ગઈ. અલબત્ત, એમાંથી કેટલી ફિલ્મો બની એ અલગ મુદ્દો છે, પણ કારકિર્દી મંદીમાંથી તેજીમાં આવી હતી એ હકીકત છે.... ■

---

સ્ટાર-ચાર-કલાકાર

સંજય છેલ



## ધ વિજય તેંડુલકરઃ નાટક-સિનેમાનો બિંદાસ-બેબાક તેજાબી અવાજ

*‘નાટકનું કામ સમાજને સુવડાવવાનું નથી- જગાડવાનું છે...’*

---

*‘સારું-ખરાબ, સાચું-ખોટું, જ્યારે તમે વસ્તુઓને આવા લેબલ આપો છો ત્યારે પૂર્ણ સત્યને જોવાની ક્ષમતા ગુમાવો છો. વસ્તુઓને લેબલ ન આપો. શબ્દોના શબ્દકોશ અર્થમાં ફસાઈ ના જાવ.’*

---

*‘હું લોકોને ખુશ કરવા નથી લખતો, હું તેમને અસ્વસ્થ કરવા લખું છું.’*

---

આવા તેજબી શબ્દોના લેખક વિજય તેંડુલકર ભારતીય સાહિત્ય, નાટક અને સિનેમાના અદ્વિતિય અને વિશાળ વ્યક્તિત્વ હતા સાથોસાથ સતત વિવાદાસ્પદ પણ ખરા.

૧૯૨૮માં મુંબઈના મિલ મજૂર ગિરગામમાં જન્મેલા તેંડુલકરજી માનતા કે હિંસા સમાજની બહાર નથી, સમાજની અંદર છે. માણસ જાહેરમાં હિંસાની નિંદા કરે છે, પણ અંદરથી એનો આનંદ પણ લે છે ને આવા વિચારો એમનાં લગભગ બધાં જ નાટકોમાં વ્યકત થતાં. શરૂઆતમાં ‘ગૃહસ્થ’ જેવા નાટકોની નિષ્ફળતા પછી એમણે લેખન છોડવાની પ્રતિજ્ઞા કરી, પણ ‘શ્રીમંત’ (૧૯૫૬) નાટક સાથે એને તોડી. ‘શ્રીમંત’ નાટકમાં એક કુંવારી યુવતી પિતાનો વિરોધ હોવા છતાં ગર્ભ રાખે છે.

નોબેલ વિજેતા ફ્રીડરિક ડ્યુરેનમેટના નાટક પરથી રચેલું નાટક ‘શાંતતા! કોર્ટ ચાલુ આહે’માં એમણે એક સ્ત્રીને સમાજ કેવી રીતે ન્યાયના નામે દબાવે છે એની વાત માંડેલી જેનાથી ખરી સફળતા મળી. ‘કન્યાદાન’માં જાતિવાદ ને કહેવાતી પ્રગતિશીલ વિચારધારાને ખુલ્લી પાડી. ઘરેલું હિંસાનું ચિત્ર ‘ગિધાડે’ નાટકમાં દેખાડેલું. એક પરિવાર કેવી રીતે લાલચ, ઈર્ષા, વારસાની લડાઈ ને ઇમોશનલ અત્યાચારનું મોકળું મેદાન બની જાય છે. ‘ગિધાડે’માં દેખીતી હિંસા નથી, પણ ગાળો અને ક્રૂરતા ધીમે ધીમે ઘરમાં ફેલાય છે.

તેંડુલકરજી કહેતાઃ ‘માણસ માણસને ખાય છે ને એ પણ બધું પરિવારના નામે.’ ફિલ્મસ્ટાર શર્મન જોષીના અભિનેતા નિર્દેશક પિતા અરવિંદ જોશીએ એને ગુજરાતીમાં ભજવેલું અને રૂપાંતર કોણે કરેલું ખબર છે? આપણાં તેજાબી લેખક ચંદ્રકાંત બક્ષીજીએ!

‘સખારામ બાઈન્ડર’(૧૯૭૦) નાટક પછી તેંડુલકર ખુલ્લેઆમ વિવાદમાં સપડાયા. એ નાટકમાં પુરુષ સત્તા અને સ્ત્રી શોષણનું જે નિર્લજ્જ ચિત્ર હતું, તેને અશ્લીલ ને અનૈતિક કહીને એને અટકાવામાં આવ્યું હતું ને મામલો છેક અદાલત સુધી પહોંચ્યો. ત્યારે વિજય તેંદૂલકરે કહેલુંઃ ‘જ્યારે સમાજ ડરે છે, ત્યારે પ્રતિબંધ આવે છે ને એ ડર જ લખાણની અસર કે સફળતા છે.’ આ નાટકને ટીવીસ્ટાર કૃત્તિકા દેસાઇના જાજરમાન અભિનેતા નિર્દેશક પિતા ગિરેશ દેસાઇએ ગુજરાતીમાં ભજવેલું.

સૌથી મોટો વિવાદ ‘ઘાશીરામ કોટવાલ’ નાટકને લઈને થયો હતો. મરાઠી પેશ્વાઇ રાજાઓના ઇતિહાસના પાત્ર વિશેના નાટકમાં સત્તા, સેક્સ ને રાજકીય ભ્રષ્ટાચારની કથા હતી. પૂણેમાં નાટક રજૂ થયું ત્યારે ત્યાંના ચિત્તપાવન બ્રાહ્મણ સમાજમાંથી તીવ્ર વિરોધ થયો કે એમના સમાજને લોભી અને સત્તાલોભી તરીકે આ નાટક દર્શાવે છે. વિરોધ મુંબઈ પહોંચતાં ‘શિવસેના’ના બાળ ઠાકરેએ એને મરાઠી અસ્મિતાનું અપમાન સમાન ગણાવ્યું હતું. શો વખતે થિયેટરોમાં તોડફોડ થઈ ને કલાકારોને ધમકીઓ મળી. છતાં એ ભારતનું સૌથી લાંબા સમય સુધી અનેક ભાષામાં ચાલેલું નાટક બન્યું. એના ૬,૦૦૦થી વધારે શો થયા. ‘ઘાશીરામ કોટવાલ’ની નાટ્યમંડળી વિદેશ પ્રવાસે જવાની હતી ત્યારે ફરી રાજકીય દબાણ ઊભું થયું. ત્યારે શરદ પવારે મધ્યસ્થતા કરી ને પ્રવાસને અનુમતિ અપાવેલી!.

વિજયભાઉના ‘કમલા’ નાટક અને ફિલ્મે અલગ જ વિવાદ ઊભો કર્યો. વાસ્તવિક ઘટનાથી પ્રેરિત આ નાટકમાં એક પત્રકાર આદિવાસી સ્ત્રીને પૈસા વડે ખરીદીને સમાજ સામે રજૂ કરે છે. અહીં સ્ત્રી વેચનાર કરતાં વધુ ખતરનાક એ પુરુષ હતો, જે ખુદને સુધારક ને સંવેદનશીલ માનતો હતો.! મોર્ડન વિચારવાળા લોકોના નૈતિક પાખંડને ઊઘાડો પાડેલો. ‘કમલા’ને ગુજરાતી દિગ્ગજ અભિનેતા-નિર્દેશક કાંતિ મડીયાએ ભજવેલું.

તેંદુલકરનું ‘મિત્રાચી ગોષ્ટ’માં સમલૈંગિક સંબંધોની વાત હતી ત્યારે સમલૈંગિકતા વર્જિત હતી ને આ નાટકનો પણ વિરોધ થયેલો. તેંદૂલકરના ગુજરાતીમાં ભજવાયેલ ત્રણેય નાટકો ચાલ્યા નહોતા, કારણકે આપણાં પ્રેક્ષકોનો ટેસ્ટ મનોરંજનનો છે, આમ આદમીના આક્રોશનો નહીં.

તેંડુલકરે નાટકો ઉપરાંત કલાત્મક સિનેમાને પણ અવિસ્મરણિય દિશા આપી. શ્યામ બેનેગલ કે ગોવિંદ નિહલાની જેવા નિર્દેશકોની ‘નિશાંત’, ‘આક્રોશ’ ને ‘અર્ધ સત્ય’ જેવી ફિલ્મોમાં પોલીસ, સત્તા અને સિસ્ટમની નિષ્ઠુરતા રજૂ કરી. ઓમ પુરીના અભિનયવાળી ‘અર્ધસત્ય’માં એક પોલીસ અધિકારીનો અંગત સંઘર્ષ ને નૈતિક સંઘર્ષ વત્તા રાજકારણ, હિંસા... એ બધું એવું જબરદસ્ત હતું કે ‘અર્ધસત્ય’એ અમિતાભ બચ્ચન અને મનમોહન દેસાઇની સુપરહિટ ‘કૂલી’ ફિલ્મને બોક્સ-ઓફિસ પર ટક્કર આપેલી.

મરાઠી સિનેમામાં ‘સામના’(૧૯૭૫)એ મહારાષ્ટ્રના સાકર કારખાનઓના રાજકારણને ખુલ્લું કર્યું, ‘સિંહાસન’(૧૯૭૯)એ મહારાષ્ટ્રના રાજકીય અંધારાને ઉજાગર કર્યો. નવાઇની વાત એ છે કે રાજકારણી વિરોધી નાટકોને બનાવવામાં શરદ પવારે એમના મિત્ર નિર્દેશક જબ્બાર પટેલને મદદ પણ કરી! એ જ જબ્બારની સ્મિતા પાટીલ અભિનીત, ‘ઉંબરઠા’(૧૯૮૧)માં મહિલા કાર્યકર્તાઓની કારમી વાસ્તવિકતા ઉજાગર કરી. ગુજરાતી નિર્દેશક કેતન મહેતા ને અદ્ભુત અભિનેતા પરેશ રાવલ દ્વારા અભિનીત યાદગાર ફિલ્મ ‘સરદાર’ (૧૯૯૩) લખી.

નાટકો અને પટકથાઓ ઉપરાંત ‘કાદમ્બરી’ ૧ અને ૨ જેવી નવલકથા પણ એમણે છેલ્લે ૨૦૦૫માં લખી. કુલ ૯ નવલકથા અને ૫ નાટકો અનુવાદિત કર્યા, બે જીવનચરિત્રો લખ્યાં (મહાત્મા ગાંધી પર આઠ ખંડ).

સરકાર અને સમાજ વિરોધી આટલા વિવાદો છતાં તેંડુલકરને સંગીત નાટક અકાદમી પુરસ્કાર, પદ્મભૂષણ, રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર અને મહારાષ્ટ્ર રાજ્યના જેવા અનેક સાહિત્ય પુરસ્કારો મળ્યા. ગુજરાતની અમૂલ ડેરી વિશેની ‘મંથન’ ફિલ્મ માટે ‘શ્રેષ્ઠ પટકથા’નો રાષ્ટ્રીય ફિલ્મ અને ‘આક્રોશ’ ને ‘અર્ધ સત્ય’ માટે ફિલ્મફેર એવાર્ડઝ મળેલા, પણ તેંડુલકર પુરસ્કારોની ક્ષુલ્લકતા વિશે કહેતાઃ ‘પુરસ્કાર લેખકને શાંતિ આપી શકે, પરંતુ લેખનને સત્ય નથી બનાવી શકતા.’

ગુજરાતમાં ૨૦૦૨ના ગોધરા પ્રકરણ પછી જાહેર કાર્યક્રમમાં તેંડુલકરે ગુસ્સામાં કહ્યું કે ‘જો તેના હાથમાં પિસ્તોલ હોત તો તે નરેન્દ્ર મોદીને ગોળી મારી દેત!’ આનાથી દેશભરમાં ભારે વિવાદ જાગ્યો ને લોકોએ આ વાતને ‘હિંસા ઉશ્કેરનાર’ ગણાવ્યો. એ પછી તેંડુલકરે સ્વીકાર્યું કે એ શબ્દો ક્ષણિક ગુસ્સામાં નીકળ્યા હતા.

૧૯ મે, ૨૦૦૮, પુણેમાં માયસ્થેનિયા ગ્રેવિસથી એમનું અવસાન થયું. જ્યારે પણ સત્તા પ્રશ્નોથી ડરે છે ને કલા પાસેથી મૌનની અપેક્ષા રખાય છે ત્યારે તેંડુલકર યાદ આવે છે. એમણે સાબિત કર્યું કે કલા જો ડરી જાય તો સમાજ આંધળો બની જાય.

એક આડવાત, મને પોતાને વિજયભાઉએ જ હિંદીમાં લેખન કરવા રીતસર આદેશ આપેલો ને કહેલુંઃ ‘મારા જેવો એક ૧૧મું પાસ વિજય તેંડુલકર મોટો લેખક બની શકે તો તું કેમ નહીં?!’ ને એ હિમ્મત આપતા શબ્દોથી મારા જીવનલેખનની દિશા બદલાઇ ગઇ.

હમણાં ૬ જાન્યુઆરીએ ધ ગ્રેટ વિજય તેંડુલકરનો જન્મ દિવસ ગયો. સલામ બેજોડ બેબાક બિંદાસ એવા એ લેખકને... ■

---



# સાત્વિકમ્ શિવમ્

અરવિંદ વેકરિયા

## કેટલાક સંબંધ ભાડાનાં મકાન જેવાં, ગમે તેટલાં સજાવો તમારાં ક્યારેય ન થાય...!

જયુકાકા (જયંત વ્યાસ) પોતાનો અધિકાર હોય એમ બોલ્યા,

‘સાંભળ્યું, આજનો આ શો હું કરીશ.’

મેં કહ્યું, ‘કાકા, મેં આ રોલ માટે પૂરી તૈયારી કરી લીધી છે. તમને હવે રાજેશ જોશીનાં નાટક માટે પ્રોબ્લેમ નહી રહે, અને અમને પણ. મેં કાકીને કહ્યું હતું કે કાકાએ અહીં હિન્દુજા સુધી ધક્કો ખાવાની જરૂર નથી’.

કાકા કહે, ‘ના..એણે બિચારીએ મને કહ્યું. થયું એવું કે સુરતથી મેં ફોન કરેલો પણ લાગ્યો નહી. આજે જેવો ઘરે આવ્યો કે કહ્યું. મારા ‘ક્રમશઃ’નાં સાંજના શો ને કારણે જ તે આજની બપોર લીધી હતી. મને થયું કે કદાચ તું તૈયાર ન થયો હોય તો?’

મેં કહ્યું, ‘હું તો તૈયાર થઈ ગયો છું. બે દિવસ રિહર્સલ કરેલાં એટલે...’ મારી વાત વચ્ચેથી કાપતાં જયુકાકા બોલ્યા,

‘ઠીક છે... હવે હું તો આવી જ ગયો છું, અને ખાસ વાત દીકરા, મને આ રોલ બહુ ગમે છે. આવ્યો છું તારે મન મોટું રાખી કહી દેવું જોઈએ કે,’ કાકા, આવી ગયા છો તો તમે કરો. આજે છેલ્લી વાર મને કરી લેવાં દે. પછી તું જ કરજે..ઓ.કે.?’

મારે સાંભળી લેવું પડ્યું. કાકા ન માન્યા. મેં સ્વીકારી લીધું કે પુસ્તકની જેમ વ્યક્તિને પણ વાંચતા શીખવું પડે, પુસ્તક જ્ઞાન આપે છે અને આવી વ્યક્તિઓ અનુભવ.... આજે આ અનુભવ મને થઈ ગયો.

શો જયુકાકાએ જ કર્યો. પ્રેમથી ‘કવર’ લઈ મને આશીર્વાદ પણ આપતા ગયાં. કહે છે કે રંગ છોડતાં કપડાં અને રંગ બદલતા લોકો ગમે તેટલાં ‘ખાસ’ હોય, મનમાંથી ઉતરી જાય છે, પણ મારા મનમાં એમનું ‘દીકરા’ જેવું વહાલ અને મારા તરફથી એમનું માન જળવાઈ રહ્યાં એ આજે જાહેરમાં કબૂલ કરું છું. એ મને ‘દિકરો’ કહેતાં એમાં હું ‘બાપ’ જેવું વાત્સલ્ય અનુભવતો. બાપનું ‘અમીર’ કે ‘ગરીબ’ હોવા કરતાં બાપનું ‘હોવું’ મોટી દોલત છે. મારા જુવાનીના લોહીને કારણે મને એમનું વર્તન નહોતું ગમ્યું પણ એમની લાગણી....મને એમ કે તું કદાચ તૈયાર ન થઈ શક્યો હોય તો? આ વાક્યમાં એમની પુખ્તતાભરી લાગણી હતી જે હું કદાચ ‘સગીરતાભર્યા’ વર્તનને કારણે સમજી નહોતો શક્યો. અંત સમય સુધી મેં એમનું માન જાળવ્યું અને વહાલ મને મળતું રહ્યું એ પ્રભુ કૃપા.

શીરીષ પટેલે એમનું નાટક બેગમ શબાબ રીવાઈવ કર્યું ત્યારે પોતે અન્ય નાટકમાં વ્યસ્ત હતા ત્યારે એ નાટકમાં ભજવેલાં રોલ માટે એમણે જ મારું નામ પટેલને સજેસ્ટ કરેલું. જોકે એ પ્રોજેક્ટ મહેશ દેસાઈએ હેન્ડલ કરેલો જે નાટકના મૂળ ડિરેક્ટર શૈલેશ દવે હતા. એક પબ્લિક શોમાં તેઓ તો ‘તને જોવો છે’ કહીને નાટક જોવા પણ આવેલાં એટલું નહી, એ વખતે એમને સુજેલા બે-ત્રણ ‘પંચીસ’ પણ આપતાં ગયાં. નાટકવાળાં મારાં વિષે ઘણું બોલાયું. ખુદ જયુકાકાએ મારાં ભરપેટ વખાણ કર્યા, પણ મેં હું પણું માથે ક્યારેય ચડવા ન દીધું. આ હું કરુંની હવામાં ઉડવું ખોટું છે. ઊંચે ઊડવાની મનાઈ નથી પણ જમીન પર પાછા પહોંચી શકાય એટલું અંતર રાખવું જરૂરી છે. શેખર શુકલનું પણ એવું જ... મારાં આ નાટકમાં એના ખૂબ વખણ થયા. આજની તારીખે એનું ‘નામ’ પણ ‘હું પણા’ નો પારો હજી ચડ્યો નથી જે વાત અગાઉ મેં જણાવેલી.

નાટકનાં શો સારા એવાં થતાં રહ્યા. અચાનક એક-બે શોમાં તુષારભાઈ દેખાયા નહી. નાટકની જ.ખ.નું બિલ ચઢી જતાં દીપક સોમૈયાએ મને ફોન કર્યો, ‘દાદુ, લેણા નીકળતા પૈસા તુષારભાઈએ આપ્યા કે નહી?’ મેં કહ્યું, ‘ના, પણ હવે ટ્રાય કરીશ. મને કાયમ સંબંધ બગડવાની બીક લાગે છે.’ ત્યારે દીપકે સરસ વાત કહી

‘જો દાદુ, કેટલાંક સંબંધો ભાડાનાં મકાન જેવાં હોય છે, તમે ગમે તેટલાં સજાવો, તમારાં ક્યારેય નહીં થાય... આ એનો તાજો પુરાવો. દાદુ, છેલ્લા બે શોનાં પૈસા બાકી છે. તમે તમારાં ન માગો ત્યારે પણ આ માગી લેજો નહીતો એડ નહી આવે. મુંબઈ સમાચારમાં જા.ખ. ન આવી એટલે બુકીંગના નામે મીંડું’.

મેં કહ્યું ‘કદાચ પારડી ગયાં હશે. આમ પણ આવતા રવિવારે થિયેટરની કોઈ તારીખ નથી. વચ્ચે ત્રણ સોલ્ડ-આઉટ શો છે. પૈસા આવી જશે.’

દીપકે કટાક્ષમાં કહ્યું, ‘ધ્યાન રાખજો... ધંધાનો વ્યવહાર હોય કે જીવનનો, આંખો મીંચીને દોડે એને જ અકસ્માત નડે. એટલે તો આપણા ૬૦ બાકી રહી ગયેલાં અને તમે તો હજી ૩૦નાં મારમાંથી બહાર નથી આવ્યાં.’

એની વાત સાચી હતી. મારાં સંઘર્ષને કારણે હું કોઈને સીધી હા કે નાં નથી શકતો. જાણે-અજાણે ક્યાંક આંખની શરમ નડે એવું મને લાગ્યાં કરે. આજે ઇમ્તીયાઝ પટેલની વાત યાદ આવે, ‘દાદુ, તમે જયારે ના પાડતા શીખી જશો તો દુનિયા તમારી થઈ જાય. તમે શરમમાં ‘હા’ પાડી દો તો જેને ‘હા’ પાડો અને કામ ન થાય તો સામેવાળાની આંખ માંથી ઉતરી જવાના પણ જો ચોખ્ખી ‘હા’ કે ‘ના’ કહી દો તો બંને ક્લિયર રહી શકો’.

આજે ઈમ્તિયાઝ પટેલ તો હયાત નથી પણ એની સલાહ કેટલી સાચી છે એ આજે અનુભવે ભલે સમજાય છે, પણ ..પડી ટેવ ટળે કેમ ટાળી એમ હું એ ચોખટામાંથી બહાર નીકળી નથી શકતો. મતલબ કે આ કામ મારાથી નહીં થાય એની ખાતરી હોવા છતાં હું મોઢા-મોઢ ના કહેતા મારી જીભ ઉપડતી નથી કે નથી હિંમત કેળવી શક્યો. કદાચ એ કારણ હશે કે જેને લીધે તુષારભાઈ પાસે પૈસા બાકી રહી ગયાં. મેં પારડી ફોન કર્યો. માત્ર ઘંટડી વાગતી રહી, કદાચ કોઈ હશે નહીં. મેં પછી એના સાળાને માટુંગા ફોન કર્યો. મેં તુષારભાઈ માટે પૂછ્યું. હું ગુસ્સામાં હતો પણ એનો જવાબ સાંભળી ગુસ્સો તળિયે જ બેસી ગયો. એણે મને કહ્યું

‘તુષારભાઈ તો ‘ફેરા’માં અંદર થઈ ગયાં છે.’

ત્યારે સમજાયું કે ખરાબ સમય પૂછીને નથી આવતો, ક્યારેક જજને પણ વકીલ રાખવો પડે છે... ■

**ડબલ રિચાર્જ**

*પરિણીત સંબંધિત એક બોર્ડ ઉપર લખેલું...*
*ઝાડ પર પ્રેમ કરો... ઝાડની નીચે નહીં.*
*ત્યાં કોઈએ લખ્યું,*
*...પણ ગર્લફ્રેન્ડને ઝાડ ઉપર ચઢતાં ફાવતું નથી.*

હેન્રી શાસ્ત્રી


ફ્લેશ બેક

# કમલા કુમારી: ફિલ્મોના પ્રથમ ભરતનાટ્યમ કલાકાર

## નૃત્ય ફિલ્મ ઈન્ડસ્ટ્રીની એક અમૂલ્ય જણસ છે અને શાસ્ત્રીય નૃત્યની પરંપરાનો પાયો હિન્દી ફિલ્મોમાં નાખવાનું શ્રેય સાઉથની અભિનેત્રીઓને આપવું રહ્યું.

હિન્દી ફિલ્મોમાં જોવા મળતા ભરત નાટ્યમ અને અન્ય શાસ્ત્રીય ઢબના નૃત્યો જોઈને મોટાભાગના લોકોને સાઉથની ફિલ્મોમાં શરૂઆત કરી હિન્દી ફિલ્મોમાં ગજું કાઢનારી વૈજયંતિમાલા ('બહાર' અને 'લડકી' તરત યાદ આવે) તેમજ ત્રાવણકોર સિસ્ટર્સ તરીકે ખ્યાતિ મેળવનારી સાઉથની અભિનેત્રીઓ પદ્મિની, રાગિણી અને લલિતાનું (ઉદય શંકરની 'કલ્પના' તેમ જ 'જિસ દેશ મેં ગંગા બહતી હૈ') પહેલા સ્મરણ થાય. સ્વાભાવિક પણ છે, કારણ કે વૈજયંતીમાલા અને પદ્મિનીને હિન્દી ફિલ્મોના ગ્લેમરનો લાભ મળ્યો હતો.


કમલા કુમારી



'હમ હિન્દુસ્તાની' (૧૯૬૦)

જોકે, હિન્દી ફિલ્મોમાં પ્રથમ ભરત નાટ્યમ નૃત્યાંગનાનું બહુમાન તો કમલા લક્ષ્મણને ફાળે જાય છે એની અકસ્માતે જાણ થઈ. સોશ્યલ મીડિયાના એક સ્નેહી નીતિન વ્યાસએ એક પોસ્ટ મૂકી, જેમાં અમેરિકન અખબારમાં તાજેતરમાં છપાયેલી એક બાતમીનો ઉલ્લેખ હતો: 'લાજવાબ શાસ્ત્રીય નૃત્યાંગના, નૃત્ય નિર્દેશક અને અભિનેત્રી કુમારી કમલાનું કેલિફોર્નિયામાં ૯૧ વર્ષની ઉંમરે અવસાન થયું.'

આટલું વાંચી તરત રાજ કપૂર - નરગીસની 'ચોરી ચોરી' ફિલ્મના 'થીલના' મ્યુઝિક સિક્વન્સ યાદ આવી ગઈ. લગભગ ચાર મિનિટના ભરત નાટ્યમ નૃત્યમાં કમલાજી નજરે પડે છે. સૌંદર્ય, લાવણ્ય, માધુર્યના સરવાળાની વ્યાખ્યા હોય એવું પડદા પર લાગે. 'થીલના' દક્ષિણ ભારતના કર્ણાટકી સંગીતનો એક ફાસ્ટ રિધમનો આનંદ વ્યક્ત કરતો સંગીત પ્રકાર છે, જે ભરત નાટ્યમ જેવાં નૃત્ય અથવા મ્યુઝિક કોન્સર્ટના અંતિમ હિસ્સા તરીકે રજૂ કરવામાં આવે છે. સંગીતનું પ્રભુત્વ ધરાવતા આ પ્રકારમાં થોડા શબ્દોનું નાનકડું ગીત પણ હોય છે.

૧૯૮૦ના દાયકામાં 'ચોરી ચોરી' ફિલ્મ એક કલા રસિક સાથે જોવાનો મોકો મળ્યો ત્યારે 'આ છે કમલા કુમારી જે વિખ્યાત કાર્ટૂનિસ્ટ આર. કે. લક્ષ્મણના પ્રથમ પત્ની' એવી જાણકારી મળી હતી. એક સમયે તેમની ઓળખ કમલા લક્ષ્મણ તરીકે જ હતી. જોકે, આર. કે. લક્ષ્મણ સાથે છૂટાછેડા થયા બાદ નામને કારણે ઊભી થતી મૂંઝવણને કારણે કમલા લક્ષ્મણ કમલા કુમારી બની ગયાં.

૧૯૩૪માં જન્મેલા કમલાજીને બાળપણથી જ નૃત્યનો નાદ લાગ્યો હતો. માત્ર સાડા ત્રણ વર્ષની ઉંમરે તેમણે લચ્છુ મહારાજ અને અન્ય નિષ્ણાતો પાસે કથક શીખવાનું શરૂ કર્યું હતું. પાંચ વર્ષની ઉંમરે તો તેમણે રામનવમીના પાવન દિવસે મુંબઈમાં પહેલું નૃત્ય સાદર કર્યું હતું. ત્યારબાદ જીવનમાં એવો વળાંક આવ્યો કે કમલાજી કથક નૃત્યમાંથી ભરત નાટ્યમ તરફ વળ્યાં અને આજીવન એની જ ઉપાસના કરી.

'ફિલ્મ નિર્માતા ચંદુલાલ શાહ અને તેમનાં પત્ની ગોહરબાઈએ મને મહિનાના ૧૦૦ રૂપિયાના માતબર પગારે રણજિત સ્ટુડિયોમાં પર્મેનન્ટ ચાઈલ્ડ આર્ટિસ્ટ તરીકે રોકી લીધી હતી' કમલાજીએ પચીસેક વર્ષ પહેલા આપેલા એક ઈન્ટરવ્યૂમાં આ જણાવ્યું હતું. સોહરાબ મોદીની 'જેલર', અશોક કુમારની 'કિસ્મત' અને વિજય ભટ્ટની 'રામ રાજ્ય' જેવી ફિલ્મોમાં કલા પ્રદર્શનની તક મળી. ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પગ જામી રહ્યા હતા ત્યાં બીજું વિશ્વ યુદ્ધ શરૂ થયું. એ સમયે અનેક દક્ષિણ ભારતીયો મુંબઈ છોડી દક્ષિણના રાજ્યોમાં જતા રહ્યા હતા. કમલાજી અને તેમનો પરિવાર પણ ૧૯૪૨માં દક્ષિણાયન કરી આંધ્ર પ્રદેશમાં સ્થાયી થયો. અહીં તેમણે ભરત નાટ્યમની તાલીમ લેવાનું શરૂ કર્યું અને પરફોર્મન્સ આપવા લાગ્યા હતાં. આંધ્રથી સ્થળાંતર કરી તમિલનાડુના મદ્રાસ (આજનું ચેન્નઈ) આવ્યા પછી કમલાજીની ખ્યાતિ વધવા લાગી અને હિન્દી ફિલ્મો ઉપરાંત સાઉથની તમિળ, તેલુગુ અને કન્નડ ફિલ્મોમાં પણ કામ કરવાની તક મળવા લાગી. વૈજ્યંતિમાલા અને પદ્મિની - રાગિણી - લલિતાનું આગમન તો કમલાજી પછી થયું હતું. અમિયા ચક્રવર્તીની એક હિન્દી ફિલ્મ હતી 'કઠપૂતલી' (૧૯૫૭). ફિલ્મના નાયક - નાયિકા હતા બલરાજ સાહની અને વૈજયંતિમાલા. એમાં પણ કમલાજીનું સુંદર નૃત્ય છે. ચાર મિનિટ અને ૫૪ સેકંડના આ નૃત્ય ગીત 'હાયે તૂ હી ગયા મોહે ભૂલ રે'માં બલરાજ સાહનીના થોડી સેકંડના જૂજ ક્લોઝઅપના બાદ કરતા પડદા પર સમગ્રપણે કમલાજીનું બેમિસાલ નૃત્ય જ નજરે પડે છે. સાઉથની એવીએમ નિર્માણ કંપનીના તો કમલાજી ફેવરિટ બની ગયાં હતાં (ચોરી ચોરી એવીએમનું જ નિર્માણ હતું) પણ સિત્તેરના દાયકામાં કોઈ પીઠબળ કે પ્રોત્સાહન નહીં મળતા કમલાજી ૧૯૭૮માં યુએસ ચાલ્યાં ગયાં હતાં. ૧૯૮૩માં બીજા પતિનું અવસાન થયા બાદ તેમણે યુએસમાં ડાન્સ એકેડેમી શરૂ કરી ભરત નાટ્યમની તાલીમ આપી કલાની ઉપાસના જારી રાખી હતી. ■

### - ને ફિલ્મો રંગીન બનવા લાગી...

૧૯૫૦ના દાયકામાં હિન્દી ફિલ્મોના નિર્માણની સંખ્યામાં ગતિ આવી. સાથે સાથે વિષય વૈવિધ્ય અને ગીત - સંગીતમાં પણ મનભાવન ફેરફાર જોવા મળ્યા. અન્ય પાસાંમાં પણ બદલાવ નજરે પડ્યો અને ફિલ્મનું નિર્માણ વ્યાપક સ્તરે રંગીન થવા લાગ્યું. ફિલ્મ ઈતિહાસની નોંધ અનુસાર અરદેશર ઈરાની નિર્મિત 'કિસાન કન્યા' (૧૯૩૭) પ્રથમ હિન્દી રંગીન ચિત્રપટ ગણાય છે. સીને કલર ટેકનિકથી બનેલી આ ફિલ્મ માટે જર્મનીથી સાધન સામગ્રી મંગાવવી પડતી હતી. ૧૯૫૦ના દાયકાના પ્રારંભમાં કોડાક કંપનીએ 'ઈસ્ટમેન કલર' નામની કલર પ્રિન્ટ નામની સુવિધા શરૂ કરી. સોહરાબ મોદીની 'ઝાંસી કી રાની' (૧૯૫૩) ટેકનિકલર ફિલ્મ હતી અને અહીંથી રંગીન ફિલ્મો માટે ઝુકાવ વધ્યો હોવાનું માનવામાં આવે છે. એસ. મુખરજીની 'હમ હિન્દુસ્તાની' (૧૯૬૦) પહેલી ઇસ્ટમેનકલર ફિલ્મ હતી. હીરો - હીરોઈન હતા સુનીલ દત્ત - આશા પારેખ અને સંજીવ કુમારે એક નાનકડા રોલથી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પ્રવેશ કર્યો હતો. એસ. મુખરજીએ ૧૯૬૧માં 'જંગલી' પણ ઈસ્ટમેનકલરમાં બનાવી. જોકે, ફિલ્મ ડિસ્ટ્રીબ્યુટર દેશદાઝથી છલકાતી 'હમ હિન્દુસ્તાની' ખરીદવા ઉત્સુક હતા પણ શમ્મી કપૂર - સાયરા બાનોની 'જંગલી'ને હાથ અડાડવા પણ તૈયાર નહોતા. એટલે એસ. મુખરજીએ ડિસ્ટ્રિબ્યુટર માટે બંને ફિલ્મ ખરીદવી ફરજિયાત કર્યું. મજાની વાત તો એ છે કે જેની પાસે ઊંચી આશા હતી એ 'હમ હિન્દુસ્તાની' ફ્લોપ થઈ જ્યારે 'જંગલી' બ્લોકબસ્ટર સાબિત થઈ. એ દિવસોમાં ગોલ્ડન જ્યુબિલી મનાવી.


શો-શરાબા

દિવ્યકાંત પંડ્યા

# અરે, મઝાક થા ક્યા ભાઈ?!

## ભારતીય સિનેમામાં કોમેડી સૌથી જોખમી જોનર કેમ છે?

એક સમય હતો જ્યારે ભારતીય સિનેમામાં કોમેડી ફિલ્મ બનાવવી એટલે કમર્શિયલી નિરાંતની વાત. એક્શન ન ચાલે, રોમાન્સ ન ચાલે, ત્યારે કોમેડી પર દાવ લગાવી શકાય એવું માનવામાં આવતું. 'હેરાફેરી', 'હંગામા', 'ગોલમાલ', 'વેલકમ' જેવી ફિલ્મ્સે સાબિત કર્યું હતું કે લોકો હસવા માટે થિયેટર સુધી આવવાનું ક્યારેય બંધ નથી કરતા. એ ફિલ્મ્સના ડાયલોગ્સ રોજિંદી બોલચાલમાં ઘૂસી ગયા, સીન ફરી ફરી જોવામાં આવતાં અને રિપીટ વેલ્યુ એ શબ્દ કોમેડી સાથે જ જોડાઈ ગયો, પણ છેલ્લાં થોડાં વર્ષોમાં આ સમીકરણ તૂટી ગયું છે.















છેલ્લાં બે-ત્રણ વર્ષો પર નજર કરીએ તો એક વાત સ્પષ્ટ દેખાય છે કે શુદ્ધ કોમેડી ફિલ્મ્સ બહુ ઓછી ચાલી છે. જે ફિલ્મ્સમાં હાસ્ય હતું, તે મોટેભાગે બીજા જોનર સાથે મિક્સ થઈને જ ટકી શકી. 'ગોવિંદા નામ મેરા' ફિલ્મે થોડી મજા આપી, પણ લોકો એને કોમેડી કરતાં વધારે ટ્વિસ્ટવાળી ફિલ્મ તરીકે યાદ કરે છે. 'ખેલ ખેલ મેં' (૨૦૨૪) જેવી ફિલ્મ લખાણ અને પરફોર્મન્સમાં નબળી નહોતી, છતાં બોક્સ ઓફિસ પર એની અસર સીમિત રહી. થોડું પાછળ જઈએ તો 'સર્કસ' અને 'થેન્ક ગોડ' જેવી ફિલ્મ્સે સાબિત કર્યું કે મોટા સ્ટાર્સ પણ હવે કોમેડી માટે ગેરંટી નથી.

એની સામે જુઓ તો જે ફિલ્મ્સ હિટ થઈ, એમાં કોમેડી એકલી નહોતી. 'ભૂલ ભુલૈયા ૨', 'ભૂલ ભુલૈયા ૩', 'સ્ત્રી' અને 'સ્ત્રી ૨' જેવી ફિલ્મ્સ હોરર-કોમેડી તરીકે ચાલેલી. 'ભેડિયા' જેવી ફિલ્મ્સે પણ હાસ્યને ડર અને ફેન્ટસી સાથે બાંધીને રજૂ કર્યું.

આ ટ્રેન્ડ ઘણું કહી જાય છે. ફિલ્મમેકર્સ ખુદ શુદ્ધ કોમેડી પર વિશ્વાસ રાખતા ડરે છે. હસાવવું છે, પણ સાથે ડરાવવું કે થ્રિલ આપવી પણ જરૂરી લાગે છે. જોકે 'થામા'ની ઓછી અસર પછી આ ફોર્મ્યુલા પર પણ સવાલ તો ખરો જ.

આ બદલાવનું સૌથી મોટું કારણ થિયેટર બહાર આપણા મોબાઈલ સ્ક્રીનમાં છે. મીમ કલ્ચરે હ્યુમરને મૂળભૂત રીતે બદલી નાખ્યું છે. આજે હાસ્ય ઝડપી છે, નાની ક્લિપમાં બંધાય છે અને તરત ફેલાય છે. ઇન્સ્ટાગ્રામ રીલ્સ, વોટ્સએપ ફોરવર્ડ્સ અને વાયરલ વીડિયોઝે લોકોને પાંચ સેકન્ડમાં હસવાની ટેવ પાડી દીધી છે. જૂની કોમેડી ફિલ્મ્સમાં ધીમે ધીમે બિલ્ડ થતો સીન, પાત્રોની ટાઈમિંગ અને પરિસ્થિતિની મજા હતી, એ માટે હવે દર્શકોમાં ધીરજ નથી રહી. અને ફિલ્મ નબળી હોય કે વોટ્સએપ જોક્સનું કલેક્શન હોય તો એ પહેલેથી જોયેલું લાગે.

આજે જ્યારે કોઈ ફિલ્મનું ટ્રેલર આવે છે ત્યારે પ્રેક્ષક અજાણતા જ એને મીમ લાયક છે કે નહીં, એ રીતે જુએ છે. વિડંબના એ છે કે ઘણી વખત ગંભીર ફિલ્મ્સના સીન વધારે મીમ બને છે. કોઈ એક્શન ફિલ્મનો ઓવર-ધ-ટોપ ડાયલોગ, કોઈ ઇન્ટેન્સ એન્ટ્રી સીન, એ બધું જોક બની જાય છે. ફિલ્મ પોતે હસાવતી નથી, લોકો એને મોબાઈલ પર હસી કાઢે છે.

આ વચ્ચે ઓટીટી અને સ્ટેન્ડ-અપ કોમેડીએ હ્યુમરનું લેવલ એકદમ બદલી નાખ્યું છે. વિર દાસ, ઝાકિર ખાન, કનન ગિલ, બસ્સી અને બિસ્વા જેવા કોમેડિયન્સે લોકોની સામે એવી કોમેડી મૂકી છે જે પર્સનલ છે, ઓબ્ઝર્વેશનલ છે અને સીધી દિલ સાથે જોડાય છે. 'નેટફ્લિક્સ' કે 'એમેઝોન' પર એક કલાકની સ્પેશ્યલ જોઈ લીધા પછી, પ્રેક્ષક ફિલ્મના જોક્સને પણ એ જ કડક નજરથી જુએ છે. ફિલ્મના સ્ક્રિપ્ટેડ જોક્સ ઘણીવાર આ તુલનામાં જૂના કે બનાવટી લાગે છે. ઉપરાંત, આજના સમયમાં કોમેડી પર સંવેદનશીલતાનું પણ મોટું દબાણ છે. સોશ્યલ મીડિયા પરનો રોષ કોમેડીને વધુ સેફ બનાવી દે છે, અને સેફ કોમેડી ઘણીવાર ફીકી હોય છે.

આ જ કારણ છે કે 'ફુકરે' જેવી ફિલ્મનો જાદુ ફરીથી સર્જવો અઘરો છે. 'ફુકરે' ચાલ્યું કારણ કે એના પાત્રો, એની દિલ્હીવાળી ગલી-મોહલ્લાની એનર્જી અને એની કેઝ્યુઅલ મસ્તી સાચી લાગતી હતી. પછી આવેલી ઘણી ફ્રેન્ડ્સ ગેંગ કોમેડીઝમાં એ નહોતું. જોકે 'મડગાંવ એક્સપ્રેસ' જેવી અપવાદરૂપ ફિલ્મ લોકોને પસંદ આવી પણ છે.

આજનો દર્શક કોમેડી માટે ડ્રામા કરતાં પણ વધારે નિર્દય છે. એક ઇમોશનલ ફિલ્મમાં ખામીઓ હોવા છતાં ઈરાદો સારો હતો કહીને માફી મળી શકે છે. કોમેડીમાં એવું નથી. જો હસવું ન આવ્યું, તો 'ક્રિંજ'નો ટેગ તરત લાગી જાય છે. સોશ્યલ મીડિયા એ કોમેડી ફિલ્મ્સને સમય આપતું નથી. પહેલાં 'અંદાઝ અપના અપના' જેવી ફિલ્મ્સ ધીમે ધીમે કલ્ટ બનતી.

આજે કોઈ ફિલ્મ રિલીઝના કલાકોમાં જ રીલ્સમાં ટ્રોલ થઈ જાય છે. આવનારી ફિલ્મ્સ પણ આ ડર દર્શાવે છે. 'રાહુ કેતુ' દોસ્તી અને મસ્તી પર આધારિત છે, પણ એને આજના મીમ-સેન્ટ્રિક દર્શક સામે પોતાને સાબિત કરવી પડશે. 'હેપ્પી પટેલ' કોમેડી સ્પાય ફિલ્મ છે, પણ એ જાણે છે કે લોકો પહેલેથી જ ઇન્ટરનેટ પર વધારે શાર્પ પેરોડી જોઈ ચૂક્યા છે. 'રાજા સાબ' જેવી ફિલ્મ ખુદને શુદ્ધ કોમેડી તરીકે વેચતી નથી, રોમાન્સ અને હોરર ભેળવીને જ આગળ વધે છે. મતલબ, આજના ભારતીય સિનેમામાં ફક્ત કોમેડી બનાવવી એ એક મોટું જોખમ છે. ■

### લાસ્ટ શોટ


*અરશદ વારસીનો પેલો ફેમસ ડાયલોગ યાદ છે?*

*'કૌન હૈ યે લોગ? કહાં સે આતે હૈ?' એ 'જોલી એલએલબી' ફિલ્મનો ગંભીર ડાયલોગ છે, પણ આજે તેનું ફની મીમમાં રૂપાંતરણ થઈ ચૂક્યું છે!*

ક્લેપ એન્ડ કટ..!

સિદ્ધાર્થ છાયા

### ભગવાનનાં રોલનું 'અક્ષયપાત્ર'



'ઓહ માય ગોડ' ફિલ્મનો જ્યારે પહેલો ભાગ આવ્યો ત્યારે અક્ષય કુમારને કૃષ્ણ તરીકે લગભગ બધાંએ સ્વીકારી લીધો હતો. કાનજીભાઈની નાસ્તિકતાને કૃષ્ણ ભગવાન આધુનિક રૂપ લઈને કેવી રીતે આસ્તિકતામાં ફેરવે છે એ વાત ગમી ગઈ હતી.

ત્યારબાદ સેક્સ જેવાં થોડાં 'ટચી' સબજેક્ટને લઈને 'ઓહ માય ગોડ'નો બીજો ભાગ આવ્યો તેમાં પણ અક્ષયે ભગવાન શંકરનાં ગણનું રૂપ લીધું હતું.

કિન્તુ, પરંતુ, બટ...ખરેખર તો એમાં અક્ષય શંકર ભગવાન જ બન્યો હતો. ફિલ્મ જોતાં પણ એ સ્પષ્ટ લાગી રહ્યું હતું કે આ શંકર ભગવાન જ છે. કદાચ, પેલાં 'ટચી' સબજેક્ટને કારણે કોઈ મોટો વિવાદ ન થાય એટલે અક્ષયનાં પાત્રને 'ડિમોશન' આપી દેવામાં આવ્યું હશે.

જોકે વાત અહીં અટકતી નથી. 'ઓએમજી'નાં બીજાં ભાગનાં ડાયરેક્ટર અમિત રાય હવે આ ફ્રેન્ચાઇઝીનો ત્રીજો ભાગ લઈને આવવાના છે. આ ભાગમાં હવે જે ભક્ત હશે એ કોઈ પુરુષ નહીં, પરંતુ સ્ત્રી હશે. પરંતુ ભગવાન તરીકે તો અક્ષય કુમાર જ હશે.

એ સ્ત્રી ભક્તનું પાત્ર ભજવવા માટે રાણી મુખરજી લગભગ નક્કી થઇ ગઈ છે. અક્ષય કુમાર કૃષ્ણ અને શંકર પછી કયા ભગવાનની ભૂમિકા ભજવશે એ હજી નક્કી નથી.

હાલમાં તો અમિતભાઈ એમની પંકજ ત્રિપાઠી 'સ્ટારર' ફિલ્મના શૂટિંગમાં વ્યસ્ત છે, પરંતુ જેવું આ શૂટિંગ પતશે કે 'ઓએમજી-૩'નું શૂટિંગ હાથમાં લેશે. એવું લાગે છે કે ખિલાડીકુમાર પાસે ભગવાનની ભૂમિકાનું અક્ષયપાત્ર છે. એક પછી એક ભગવાનના રોલ મળતાં જ જાય છે!

### પુનર્જન્મનાં પુણ્ય



લાઈફ ગમે ત્યારે સરપ્રાઈઝ આપી શકે છે. હા, આ સરપ્રાઈઝ સારું કે ખરાબ, એ પણ લાઈફ જ નક્કી કરે છે. ટૂંકમાં આખું જીવન કોઈનું ક્યારેય ફ્લોપ નથી રહ્યું. આટલી મોટી પૂર્વભૂમિકા બાંધ્યા પછી તેની માટે બે જ ઉદાહરણ આપવાં છે. બોબી દેઓલ અને અક્ષય ખન્ના.

હજી કોવિડ પહેલાં સુધી આ બંને ઉત્તમ કલાકારો છે અને એમને આપણી ફિલ્મોમાં લેવાં જોઈએ એવો વિચાર કોઈને નહોતો આવ્યો, પરંતુ બે વર્ષ અગાઉ બોબી દેઓલે 'એનિમલ'માં અને ગયાં મહિને અક્ષય ખન્નાએ 'ધુરંધર'માં એવી મજબૂત ભૂમિકાઓ ભજવી કે બોલિવૂડ દંગ રહી ગયું. અચાનક આ બંનેના શેર્સ સર્કિટ તોડીને આકાશ આંબી ગયાં.

બોલિવૂડ તો સફાળું જાગ્યું કે, અલ્યા, અત્યારસુધી આ લોકો ક્યાં હતાં? ચોમેર આ બંનેની જ ચર્ચા ચાલી રહી છે. . ટૂંકમાં આ બંને કલાકારોમાં ટેલેન્ટની કમી હતી જ નહીં. બસ, એમની 'આભાને' અનુરૂપ રોલ્સ એમને નહોતાં મળી રહ્યાં, પણ હવે પ્રોડ્યુસર્સ આ બંનેને શોધી-શોધીને ભૂમિકાઓ આપી રહ્યાં છે.

રતન જૈને તો એ પણ શોધી નાખ્યું કે આ બંનેએ તેમની એક ફિલ્મ 'હમરાઝ'માં કામ કર્યું હતું. તો ચાલો, અત્યારે એમની ચડતી માર્કેટનો લાભ લઇ નાખીએ. ૨૦૦૨માં આવેલી આ ફિલ્મમાં અક્ષયે નેગેટિવ રોલ ભજવ્યો હતો અને બોબીનો વટ્ટ તો જોવા જેવો હતો હોં. તો રતનભાઈએ એમ કહી દીધું છે કે આ બંનેને માફક આવે એવી કોઈ સ્ક્રિપ્ટ હશે તો એ 'હમરાઝ' ફિલ્મની સિકવલ બનાવવા તૈયાર છે... તો રાઈટરભાઈઓ, જો તમારી પાસે આવી કોઈ મજબૂત સ્ક્રિપ્ટ હોય તો રતન જૈનનો તુરંત સંપર્ક કરવા વિનંતી...

### ડૂબતાં 'ભાઈજાન' કોનું તરણું ઝાલશે?



ભારતીય દર્શક જ્યારથી હોંશિયાર થઇ ગયો છે ત્યારથી અમુક ફોર્મ્યુલા ફિલ્મો એને ખપતી નથી -પચતી નથી. ૧૯૯૦નાં દાયકામાં બનેલી ફિલ્મો અને એ ફિલ્મોથી હિટ થયેલાં કલાકારો જ્યારે એ જ ફોર્મ્યુલાને ખેંચે ત્યારે આજનો દર્શક એને નકારી દે છે. ભાઈજાન સલમાન ખાનની છેલ્લી ફિલ્મ 'સિકંદર'નાં હાલ(હવાલ) આપણને ખબર જ છે. એ ફિલ્મ એટલી તો ખરાબ રીતે પીટાઈ ગઈ કે એની આસપાસ રિલીઝ થયેલી પ્રાદેશિક ફિલ્મોએ એનાં કરતાં સારો દેખાવ કર્યો હતો.

એક ગુજરાતી ફિલ્મને તો 'સિકંદર'ની જગ્યાએ વધારાનાં શોઝ પણ મળ્યાં હતા!. હાલમાં સલમાનની 'ગલવાન'નું ટીઝર આવ્યું. એ ટીઝરની પણ જબરદસ્ત મશ્કરી થઇ છે. ફિલ્મ તો જેવી હશે એવી ખબર પડી જશે. ટૂંકમાં સલમાન ખાનનાં ગ્રહો આજકાલ ઠીક તો નથી. એવામાં ટકી રહેવા માટે કોઈક તો વિકલ્પ જોઈએ ને? તો સલમાન ખાને વેબસિરીઝનાં હિટ ડાયરેક્ટર્સ રાજ એન્ડ ડીકે પર નજર ઠેરવી છે.

'ધ ફેમિલી મેન' ની ત્રણ સિઝન અને 'ફર્ઝી' જેવી હિટ સિરીઝ આપી ચુકેલી આ ડાયરેક્ટર જોડી સાથે એક કોમેડી થ્રિલર બનાવવાની વાત ચાલી રહી છે. જોકે આ વાત હજી તો પ્રાથમિક તબક્કામાં જ છે, પરંતુ સલમાન અને રાજ એન્ડ ડીકે બંને સાથે મળીને ફિલ્મ બનાવવાનું મન બનાવી ચૂક્યાં છે એ નક્કી...આ જોનરમાં આમ પણ રાજ એન્ડ ડીકેની હથોટી છે એટલે સલમાન માટે કદાચ એટલી તો રાહત રહેશે કે 'સિકંદર' જેટલી આગામી ફિલ્મ એટલી ખરાબ તો નહીં બને એની ભાઈજાનને ખાતરી છે! ■

### કટ એન્ડ ઓકે..



*'રોજનાં 'સુખી' હોવાનાં નાટકો કરતાં અમે શાંતિનો વિકલ્પ પસંદ કર્યો છે...'*

*-પતિ-પત્ની તરીકે છૂટાં પડવાનો નિર્ણય જાહેર કરતાં જય ભાનુશાળી અને માહી વીજ.*

ફિલ્મનામા

નરેશ શાહ

# બીસ્ટઃ જાનવર જંગલી બને ત્યારે...

## આ ફિલ્મ જુઓ ત્યારે ઘરની લાઈટસ ચાલુ રાખજો અને બચ્ચાંઓને બથમાં લઈને બેસજો, કારણ કે...




૨૦૨૨માં રિલીઝ થયેલી આ અમેરિકન ફિલ્મ માટે મિક્સ અભિપ્રાયો વ્યક્ત થયાં છે. ઘણાંને પસંદ નથી આવી તો અનેકને આ લખનારની જેમ ખૂબ પસંદ પડી છે. સપરિવાર જોઈ શકાય એવી ‘બિસ્ટ’ ફિલ્મ (આજ નામથી સાઉથમાં બનેલી ફિલ્મ હિન્દીમાં પણ ડબ થયેલી છે) તમને ‘રોર’ (સિંહની ડણક અથવા ત્રાડ)ની સતત યાદ અપાવતી રહે છે. હા, એટલું તો સ્વીકારવું પડશે કે ‘રોર’ કરતાં ‘બિસ્ટ’ અનેક બાબતમાં ચડિયાતી છે...

ડૉ. નેટ ડેનિયલ્સ રજાઓમાં પોતાની બન્ને ટીનએજ બચ્ચીઓને લઈને સાઉથ આફ્રિકાના રિઝર્વ ફોરેસ્ટમાં આવે છે, કારણ કે આ રિઝર્વ ફોરેસ્ટને મેનેજ કરનાર માર્ટિન બટેલ્સ તેમના ફેમિલી ફ્રેન્ડ છે. માર્ટિન વાઈલ્ડ લાઈફનો બાયોલોજિસ્ટ છે અને જંગલી જાનવર, ખાસ કરીને સિંહો સાથે તેને ખાસો એવો ઘરોબો છે.

દરેક રિઝર્વ ફોરેસ્ટમાં એક કાયમી દૂષણ હોય છેઃ પ્રાણીઓનો ગેરકાયદે શિકાર કરનારા લોકો. ડોકટર મિત્ર અને તેની બે ટિનેઅજ પુત્રીને લઈને માર્ટિન આજે સિંહોનો પરિવાર રહે છે એ સ્થળે આવે છે પણ એક ઘાયલ સિંહણ તેને પોતાની પાસે આવવા દેતી નથી. સિંહણની વેદનાના સીસકારા અને ઘૂરકિયાં માર્ટિનને શંકાસ્પદ લાગે છે એટલે...

મિત્ર અને તેની પુત્રીઓ સાથે જંગલમાં જ વસતી આદિવાસીઓની વસાહતમાં પહોંચે છે, કારણ કે માર્ટિનને જાણવું છે કે સિંહણ ઘાયલ કઈ રીતે થઈ, પરંતુ વસાહતમાં હિચકારો નજારો બધાને હેબતાવી દે છે. આખી વસાહતમાં લોહિયાળ લાશો પડી છે. સ્પષ્ટ થાય છે કે રાની પશુઓએ બધાને ફાડી-ચીરી નાખ્યાં છે... માર્ટિનને આ બધું ભેદી લાગે છે એટલે તે મિત્ર અને તેની દીકરીઓને જીપમાં લઈને સલામત સ્થળે જવા નીકળે છે, કારણ કે જંગલના આ વિસ્તારમાં વોકીટોકી પણ સ્પષ્ટપણે કામ કરતાં નથી. જંગલના કાચા રસ્તે જીપ આગળ વધે છે ત્યાં અધવચ્ચે જ જંગલી પ્રાણીનો ભોગ બનેલો એક આદિવાસી લોહિયાળ હાલતમાં મળે છે...

એ વાત તો સ્પષ્ટ થઈ ગઈ છે કે આ હુમલો સિંહ જેવા પ્રાણીએ જ કર્યો છે, પણ સિંહ કારણ વગર (આટલા અને સતત) હુમલા ન કરે એ જાણતો માર્ટિન મિત્ર ડોકટરને ઘાયલ આદિવાસી પાસે છોડીને ઘાતક બની ગયેલા સિંહનું પગેરું પકડવા એકલો આગળ વધે છે, પણ...

સત્યઘટના પર આધારિત ‘બિસ્ટ’ ફિલ્મની આમ જુઓ તો અહીંથી શરૂઆત થાય છે અને અંત સુધી એ તમારો જીવ તાળવે ચોંટાડી દે છે. મૂળ આઈસલેન્ડના ડિરેકટર બાલ્ટસાર કોરમાકરે ડિરેકટ કરેલી ૯૪ મિનિટની ‘બિસ્ટ’ની વાર્તા એકદમ સીધીસાદી છે. ખૂનખાર પ્રાણીઓ વચ્ચે નિસહાય જેવા બે પુરુષ અને બે ટિનએજ કેવી લડત આપે છે અને કોણ, કેવી રીતે બચે છે, તેની અહીં જ વાત છે. પ્રાણી અને માણસો વચ્ચેના સંબંધ - ઘર્ષણની વાત કરતી આપણે ત્યાં (જાનવર ઔર ઈન્સાન, આઝાદ, કર્તવ્ય, હાથી મેરે સાથી, કાલ વિગેરે) અનેક ફિલ્મો બની છે, પરંતુ અમેરિકન ફિલ્મ ‘બિસ્ટ’નો મિજાજ એકદમ અલગ અને થોડો ડરામણો પણ છે. અહીં ‘માણસ દેખું, માણસ ખાઉં’ જેવા એક સિંહ વચ્ચે ફસાયેલાં અને બચવા માટે મરણિયા પ્રયાસો કરતાં માણસોની વાત છે. સામાન્ય રીતે શાંત ગણાતાં અને અટકચાળાં વગર ન ઉશ્કેરાતાં સિંહ શા માટે હિંસક અને આક્રમક બની ગયા છે, તેનું કારણ પણ સમજવા જેવું છે.

આ જીવલેણ ચુંગાલમાંથી બચવા માટેની માનવીય મથામણ, કોઠાસૂઝ અને પિતૃપ્રેમની પણ વાત કરતી ‘બિસ્ટ’ ફિલ્મ એક અલગ અનુભવ જેવી છે, છતાં ‘ફિલ્મનામા’માં તેની ભલામણ કરવાનું ખાસ કારણ ફિલ્મીની ફોટોગ્રાફી અને ધડકન સૂન્ન કરી દે તેવા સીન્સ છે.

વીએફએકસથી બધું થઈ શકે છે એ વાત સાચી પણ ‘બિસ્ટ’ ફિલ્મના કેટલાંક સીન્સ એટલાં લાજવાબ અને નેચરલ લાગે છે કે તમે આફરીન પોકારી ઊઠો. મિત્ર અને તેની બચ્ચીઓ સાથે પ્રથમ વખત સિંહને મળતાં બાયોલોજિસ્ટ માર્ટિનને તમે ડાલમથ્થા સાથે ધિંગામસ્તી કરતાં જોશો તો આભા જ થઈ જશો. એ જ રીતે પાછળ દોડતાં સિંહથી બચવા જીપનો દરવાજો બંધ થાય અને સિંહ દરવાજાના કાચ સાથે અથડાઈ, એ જુઓ તો ખરેખર થથરી જશો... ‘બિસ્ટ’ ફિલ્મમાં આવા સીન્સની ભરમાર છે. પુત્રીથી ખૂનખાર સિંહને દૂર લઈ જવા માટે પિતા ખુદ સિંહને જાત ધરી દે છે એ અને પછીનાં દૃશ્યોનો ઉલ્લેખ એટલા માટે કર્યો છે કે એ સીન્સ જોવાનું તમને કુતૂહલ જાગે અને...

તમે એમેઝોન પ્રાઈમ પરની ‘બિસ્ટ’ ફિલ્મ જુઓ. હા, જોવામાં બચ્ચાં સાથે હોય તો હોમ થિયેટરની લાઈટસ ચાલુ રાખજો અને બચ્ચાંને બથમાં લઈને બેસજો. આ ડરામણો અનુભવ છે, જે ચૂકવા જેવો નથી. ન તમારે, ન તમારા બચ્ચાંઓએ...

ફોકસ

લોકમિત્ર ગૌતમ


# હિન્દી રૂપેરી પરદા પરનાં આ છે પાંચ યાદગાર પાત્ર...

હિન્દી સિનેમાના ઇતિહાસને જો વાગોળીએ તો એ લગભગ ૧૦૦ વર્ષ જૂનો છે. આ ૧૦૦ વર્ષના ગાળામાં એવી અનેકો ફિલ્મ આવી કે જેમાંથી અમુક પાત્રો લોકોના મનમાં વસી ગયાં છે. આમાંથી અમુક હજી પણ યાદ છે અને અમુક પાત્રો એવાં પણ હતાં, જે સમય જતા ભુલાઈ ગયાં. અમુક એવાં પણ હતાં કે જે પડદા પર આવતા જ દર્શકોના દિલમાં સ્થાન મેળવ્યું છે. એમણે દાયકાઓથી વિવિધ પેઢીઓના હૃદય પર અને કદાચ અત્યારની પેઢીના હૃદય પર પણ સંપૂર્ણ રીતે કબજો જમાવ્યો છે. ટેક્નિકલી આવાં પાત્રોએ એક સદી પણ પૂરી નથી કરી, પરંતુ અમુક પાત્રો દર્શકો પર એવાં છવાયેલાં છે કે જે આજે પણ આપણને રોમાંચિત કરી મૂકે છે. સાહિત્યનાં સદીઓ જૂનાં પાત્રો હજુ પણ આપણા હૃદયમાં તાજા છે, પછી ભલે તે મહાભારત હોય, રામાયણ હોય, અલ્લાદીન હોય કે પંચતંત્ર વાર્તાઓનાં પાત્રો સદીઓ પછી પણ આપણા હૃદયમાંથી બહાર નીકળી શક્યા નથી.

ચાલો, હિન્દી સિનેમાનાં આવાં પાંચ એવાં યાદગાર પાત્રો વિશે જાણીએ, જેમકે..

**રાજા (શ્રી ૪૨૦ વર્ષ: ૧૯૫૫)**

‘मेरा जूता है जापानी, ये पतलून हिंदुस्तानी, सर पर लाल टोपी रुसी, फिर भी दिल हे हिंदुस्तानी.’



રાજ કપૂરની શ્રી ૪૨૦ ફિલ્મ સાલ ૧૯૫૫માં આવી હતી. આ ફિલ્મ ખૂબ જ સફળ રહી હતી. આ ફિલ્મનું રાજા નામનું પાત્ર આજે પણ લોકોના મનમાં રાજ કરે છે. આજે પણ જો કોઈને ભારતીય હોવાનો દાવો કરવો હોય તો આ ગીતના શબ્દો જ કાફી છે. આ ફિલ્મમાં રાજા નામના ગરીબ યુવકની વાત છે, જે મુંબઈ જેવા મોટા શહેરમાં રોજીરોટી માટે આવ્યો છે. મુંબઈ નામની માયા નગરીમાં એની સાદગી અને માસૂમિયત ક્યાંક ખોવાઈ જાય છે. અંતમાં લુચ્ચાઈથી ભરેલા સમાજમાં એની માસૂમિયત અને ઇમાનદારીએ લોકોના મન જીતી લીધા. છેલ્લાં ૭૦ વર્ષથી આ ફિલ્મના ગીતની પંક્તિઓ હજી ય લોકોને કંઠસ્થ છે.

**ગબ્બર સિંહ (શોલે વર્ષ: ૧૯૭૫)**

‘कितने आदमी थे’?

‘जो डर गया वह मर गया’



‘શોલે’ ફિલ્મના આ ડાયલોગ્સ હજી પણ લોકોના હોઠે છે. નાના બાળકથી લઈને મોટાઓ સુધી કોઈ પણ આ ડાયલોગ બોલવાનું છોડતા નથી. ૧૯૭૫માં પ્રદર્શિત થયેલી ‘શોલે’ એ એ જમાનામાં તો ધૂમ મચાવી હતી અને આજની તારીખમાં પણ એ ફિલ્મ એટલી જ લોકોને પસંદ પડે છે. આ ફિલ્મનાં ગબ્બર સહિત વીરુ, જય, બસંતીની ત્રિપૂટી જેવાં પાત્ર આજે પણ જીવંત જ છે.

**વિજય (દીવાર વર્ષ:૧૯૭૫)**

‘आज मेरे पास बंगला है-गाडी हे - बैंक बेलेंस हे, तुम्हारे पास कया है ?’

આ ફિલ્મમાં અમિતાભ બચ્ચને ભજવેલું એન્ગ્રી યન્ગમેનનું પાત્ર હજી યાદ છે. અન્યાયનો વિરોધ કરતો વિજય આજે પણ લોકોના મનમાં કેદ છે. આજે પણ કાળાધંધા કરનારાઓને આ ડાયલોગ સાંભળવો જ પડે છે. ૮૦ ના સાલમાં આ ફિલ્મે ખૂબ જ ધૂમ મચાવી હતી. આમાં વિજય એ એક એવી વ્યક્તિની વાર્તા છે જેની સાથે હજારો યુવક એમ જ માનતા હશે કે આ અમારી વાર્તા છે. આ ફિલ્મમાં એવા યુવકની વાત છે કે જે મેહનત કરે છે, પ્રયત્ન કરે છે, પરંતુ સિસ્ટમથી હારી જાય છે. આ ફિલ્મ સમાજની વાસ્તવિકતા દર્શાવે છે.



**રાજ ( દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે વર્ષ: ૧૯૯૫)**

‘बडे बडे देशो में ऐसी छोटी छोटी बाते होती रहती है’



ભારતીય સિનેમાનો મોસ્ટ ફેવરિટ રોમેન્ટિક હીરો એટલે શાહરુખ ખાન. ‘ડીડીએલજે’ મુવીમાં રાજ નામનું પાત્ર અત્યારની યુવતીને પણ ગમી જાય તેવું છે. રાજ માત્ર પ્રેમનું જ પ્રતીક નથી, પરંતુ સાથે સાથે એટલો જ એ સંસ્કારી છે. આ ફિલ્મમાં રાજની માસૂમિયત, એનું સ્મિત, અને એનો મસ્તીભર્યો સ્વભાવ અને સિમરન માટે એનો પ્રેમ જોઈને લોકો અંજાઈ ગયા હતા. જ્યાં સુધી રોમાન્સની વાત આવશે ત્યાં સુધી રાજ નામનું પાત્ર યાદ રહેશે.

**મુન્નાભાઈ (મુન્નાભાઈ એમબીબીએસ વર્ષ :૨૦૦૩)**

આ ફિલ્મમાં મુન્નાભાઈ એ એક એવા ગુનેગારનો ચહેરો છે કે જે માનવતાનો સંદેશો આપે છે. આ ફિલ્મની ‘જાદુકી જપ્પી અને ગાંધીગીરી’ કઈ રીતે ભૂલી શકાય? આ કિરદાર બધાને હસાવતા હસાવતા માનવતાનો સૌથી સુંદર પાઠ ભણાવે છે.



આ બધાં જ માત્ર પાત્રો જ નથી, પરંતુ ક્યાંક ને કયાંક માનવતાનો શાશ્વત સંદેશો આપી જાય છે, જે આપણાં સૌના મનમાં અંકાઈ જાય છે.

મનોરંજનનું મેઘધનુષ


ઉમેશ ત્રિવેદી

# અગત્સ્ય નંદા-સિમર ભાટિયાની પહેલી ફિલ્મ ને ધર્મેન્દ્રની છેલ્લી ફિલ્મ

‘ધૂરંધર’ની આંધી સામે શ્રીરામ રાઘવન દિગ્દર્શિત ફિલ્મ ‘ઈક્કીસ’ની આગેકૂચ જારી છે. ૨૧ વર્ષના લબરમૂછિયા અરુણ ખેત્રપાલની શહાદત પર બનેલી આ ફિલ્મ એક નહીં, પણ અનેક રીતે અનોખી છે.

ભારત-પાકિસ્તાન વચ્ચે ૧૯૭૧માં થયેલા યુદ્ધ પર આધારિત આ ફિલ્મ એ પીઢ અભિનેતા ધર્મેન્દ્રના જીવનકાળની અંતિમ ફિલ્મ છે. આ ફિલ્મ ઓછાં બજેટમાં બની છે અને આ લખાય છે ત્યારે (મંગળવાર સુધીમાં) આ ફિલ્મે રૂપિયા ૨૫ કરોડનો બિઝનેસ કરી લીધો છે.

ફિલ્મમાં અરુણ ખેત્રપાલની ભૂમિકા અમિતાભ બચ્ચનના દોહિત્ર (પુત્રીના પુત્ર) અગત્સ્ય નંદાએ ભજવી છે. અગત્સ્યની થિયેટરમાં રિલીઝ થનારી આ પહેલી જ ફિલ્મ છે, જ્યારે આ અગાઉ તે ‘આર્ચિઝ’માં કામ કરી ચૂકયો છે, જે સીધી જ ઓટીટી પર રિલીઝ થઈ હતી.




અક્ષય કુમારની ભાણી (બહેનની પુત્રી) સિમર ભાટિયાની પણ આ પહેલી જ ફિલ્મ છે. અક્ષય કુમારની બહેન અલકા ભાટિયાની તે પુત્રી છે. સિમર જમનાબાઈ નરસી સ્કૂલ અને ઓબેરોય ઈન્ટરનેશનલ સ્કૂલમાં શિક્ષણ લીધાં પછી અમેરિકાની ફલોરિડામાં આવેલી આઈએમજી એકેડેમી અને કેલિફોર્નિયાની ઓસ્સીડેન્ટલ કોલેજમાં શિક્ષણ લીધું છે.

સિમરને નાનપણથી જ અભિનય કરવાની ઈચ્છા હતી એટલે અમેરિકાની જ જ્યોર્જ વોશિંગ્ટન યુનિવર્સિટીમાં તેણે અભિનયની તાલીમ લીધી છે. જ્યારે ફિલ્મમાં તેનો હીરો બનતો અગત્સ્ય નંદા એ જયા બચ્ચન - અમિતાભ બચ્ચનની પુત્રી શ્વેતા નંદાનો પુત્ર છે.

અગત્સ્યએ તેનું શાળાનું શિક્ષણ ઈંગ્લેન્ડમાં પૂરું કર્યું છે. આ શાળામાં ભણતી વખતે જ અગત્સ્યએ થિયેટર અને નાટકની તાલીમ મેળવી છે. ઈંગ્લેન્ડમાં શાળાનું શિક્ષણ લીધાં પછી તેણે ન્યૂ યોર્કમાં અભ્યાસ કર્યો છે. વિદેશમાં ભણ્યો હોવા છતાં અગત્સ્યનાં મૂળ ભારતીય સંસ્કૃતિ સાથે જોડાયેલા રહ્યા છે.

અગત્સ્ય નંદાનું જે રીતે બચ્ચન ફેમિલી સાથે જોડાણ છે, તે જ રીતે બોલિવૂડના સૌથી મોટા કુટુંબ કપૂર ખાનદાન સાથે પણ તે જોડાયેલો છે. અગત્સ્યના પિતા નિખિલ નંદા એ રાજકપૂર - ક્રિશ્ના રાજકપૂરની પુત્રી, રિતુ નંદાનો પુત્ર છે. આમ બચ્ચન કુટુંબ અને કપૂર કુટુંબ સાથે જોડાયેલા આ નબીરાએ બોલિવૂડમાં એન્ટ્રી કરી છે અને તે ચોક્કસ ધમાકો કરશે એમ મનાય છે.

‘ઈક્કીસ’ એ પીઢ અભિનેતા ધર્મેન્દ્રની ૮૯મે વર્ષે અભિનીત છેલ્લી ફિલ્મ છે. આ ફિલ્મ જોવા દર્શકોમાં ધર્મેન્દ્રના ચાહકોનો પણ સમાવેશ થાય છે.

‘ઈક્કીસ’ ફિલ્મની બીજી પણ એ વિશેષતા છે કે આ ફિલ્મમાં પીઢ કલાકારોની સાથે જ બોલિવૂડના કેટલાક પીઢ કલાકારોના પુત્રોનો પણ તેમાં સમાવેશ થયો છે. જોકે, આ તેમની પહેલી ફિલ્મ નથી, છતાં તેમણે અભિનયમાં અમીટ છાપ છોડી છે.

અનુપમ ખેરના પુત્ર સિકંદરે આ ફિલ્મમાં રિસાલદાર સાગત સિંહની ભૂમિકા ભજવી છે, જ્યારે નસીરુદ્દીન શાહના પુત્ર વિવાન શાહે આ ફિલ્મમાં કેપ્ટન વિજેન્દ્ર મલહોત્રાની ભૂમિકા ભજવી છે. ફિલ્મનાં દિગ્દર્શક શ્રીરામ રાઘવનની આ પહેલી જ વોર ફિલ્મ છે, પણ તે લોકોને આકર્ષી રહી છે.

અગત્સ્ય નંદા અને સિમર ભાટિયાની જોડી રૂપેરી પડદે જામે છે. આ બંને યુવા કલાકારો ફિલ્મી બ્રેકગ્રાઉન્ડમાંથી જ આવે છે એટલે તે બંનેના લોહીમાં જ અભિનય વણાયેલો છે. બાકી ‘ધૂરંધર’ની આંધી સામે રજૂ થયેલી આ ફિલ્મ પહેલી જાન્યુઆરી ૨૦૨૬થી લોકોને આકર્ષી રહી છે એ જોતાં આ બંને નવોદિત અને યુવા કલાકાર બોલિવૂડમાં લાંબી ઈનિંગ રમવા આવ્યા છે એમ કહી શકાય.

OTTનું હોટસ્પોટ

## ૧૦ જાન્યુઆરીથી ૧૬ જાન્યુઆરીમાં નવું શું જોવા મળશે?

‘સોની’ ટીવી પર અને ‘સોની લીવ’ પર અમિતાભ બચ્ચનના સંચાલન હેઠળનો કાર્યક્રમ ‘કૌન બનેગા કરોડપતિ’ બંધ થતાંની સાથે જ ‘માસ્ટર શેફ ઓફ ઈન્ડિયા’ અને ‘શાર્ક ટેન્ક ઈન્ડિયા’ની નવી સીઝન ચાલુ કરી દેવામાં આવી છે.

આ સિવાય જિયો હોટસ્ટાર પર ક્રિકેટ મેચ ૧૧ જાન્યુઆરીથી જમાવટ કરવા આવી રહી છે તો આવો, હવે આપણા લોકપ્રિય ઓટીટી ચેનલો પર શું જોવા મળશે તેનાં પર એક નજર નાખીએ.

* ઝી ફાઈવઃ

આ ઓટીટી પ્લેટફોર્મ પર આજે એટલે કે નવમી જાન્યુઆરીએ મેરઠના સૌરભ હત્યાકાંડ પર આધારિત સીરિઝ ‘હનીમૂન સે હત્યા’ રજૂ થશે. તો ૧૬ જાન્યુઆરીએ મિલાપ ઝવેરી દિગ્દર્શિત કોમેડી ફિલ્મ ‘મસ્તી-ફોર’ રજૂ થશે. આ ફિલ્મમાં વિવેક ઓબેરોય, રિતેશ દેશમુખ, આફતાબ શિવદાસાની, તુષાર કપૂર, જેનેલિયા ડિ’સોઝા, નર્ગિસ ફખરી, રૂહી સિંહ અને એલ્નાઝ નવરોઝી જેવાં કલાકારો છે.

* નેટફિલક્સઃ

અહીં આજે ૯ જાન્યુઆરીએ અજય દેવગણ, રકુલ પ્રીત સિંહ, આર. માધવન, તબુ, જાવેદ જાફરી અભિનીત કોમેડી ફિલ્મ ‘દે દે પ્યાર દે-ટુ’ રજૂ થશે. આજે જ નંદમુરી બાલકૃષ્ણ અભિનીત સુપરહીટ ફિલ્મ ‘અખંડા-ટુ’ પણ રજૂ થશે, જેમાં હર્ષાલી મલહોત્રાની પણ મહત્ત્વની ભૂમિકા છે. આ ઓટીટી પ્લેટફોર્મ પર ૧૪ જાન્યુઆરીએ ઈમરાન હાશ્મી અભિનીત - તસ્કરીઃ ધ સ્મગલર્સ વેબ રજૂ થશે.

* એમેઝોન પ્રાઈમ વીડિયોઃ

૧૧ જાન્યુઆરીએ આઠ વર્ષ પછી ‘ધ નાઈટ મેનેજર’ની બીજી સીઝન શરૂ થઈ રહી છે અને ૧૬ જાન્યુઆરીએ ફરહાન અખ્તર અભિનીત -દિગ્દર્શિત ફિલ્મ ‘૧૨૦ બહાદુર’ રજૂ થશે.

# ક્વિક ફિલ્મી ક્વિઝ

નીલા સુનીલ મહેતા

## ક્વિઝ (અ)

**આ પેરોડી સોન્ગ્સ કઈ ફિલ્મના છે ?**

૧) ચલ ચલ રે નોજવાન જીના તેરા કામ નહીં મરના તેરી શાન...

૨) યે કોન હૈં યે કોન હૈં, જો બે સહારા હૈં તુમ અકેલે હો મગર ગ્યારા ...

૩) મેરે સામને વાલે કમરે મેં ઍક ભાડે કા ટટ્ટુ રહેતા હૈં....

૪) ના માંગે સોના ચાંદી હમ માંગે માફી દીદી ....

૫) તેરે બહેન ઔર ભાઈ લગતે હૈં મુજે કસાઈ ....

૬) પોલીસ કી ગાડી નિકલી ,ઓયે ઓયે ખાખી ટોપિવાલે...

૭) ચાહું, ચાહે કોઈ ભૂત કહે ચાહે કોઈ યમદૂત કહે ....

## ક્વિઝ (બ)

**કાદર ખાન વિશે શું જાણો છો...**

૧) લેખક તરીકે પહેલી ફિલ્મ

૨) એમની અદાકારીની પ્રથમ ફિલ્મ

૩) વિલન તરીકે પહેલી ફિલ્મ

૪) કઈ ફિલ્મ માટે પ્રથમ ફિલ્મફેર એવોર્ડ મળેલો

૫) હાસ્ય કલાકાર તરીકે પહેલી ફિલ્મ

૬) પોતેજ કાદર ખાન તરીકેની ફિલ્મ

૭) ટ્રિપલ રોલ ભજવેલી ફિલ્મ

જવાબ માટે જુઓ ‘ફન વર્લ્ડ’

# આઈસના અધિકારીએ મહિલાને ગોળીએ દેતા અમેરિકામાં રોષનો લાવા ભભૂકે છે

મિનિયાપોલિસ: ટ્રમ્પ વહીવટીતંત્રના તાજેતરના ઇમિગ્રેશન ક્રેકડાઉન દરમ્યાન એક ઇમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ (આઈસ) અધિકારી દ્વારા એક મહિલાની ઘાતક ગોળીબારમાં હત્યા કરવામાં આવ્યા બાદ ગુરુવારે મિનિયાપોલિસમાં ભારે તણાવ જોવા મળ્યો હતો. ગવર્નરે લોકોને શાંતિ જાળવવા અપીલ કરી છે, જ્યારે શાળાઓમાં સાવચેતીના ભાગરૂપે વર્ગો અને પ્રવૃત્તિઓ રદ કરવામાં આવી છે. મહિલાના મૃત્યુ પર શોક વ્યક્ત કરવા અને શ્રદ્ધાંજલિ પાઠવવા સેંકડો લોકો હાજર થયા હતાં. ૩૭ વર્ષીય રેની નિકોલ મેકલીન ગૂડના માથામાં ગોળી વાગવાથી થયેલા મૃત્યુ બાદ રાજ્ય અને સ્થાનિક અધિકારીઓએ આઈસને રાજ્ય છોડી દેવાની માગ કરી છે. જોકે, હોમલેન્ડ સિક્યુરિટી સેક્રેટરી ક્રિસ્ટી નોમે જણાવ્યું હતું કે એજન્ટો ક્યાંય જઈ રહ્યા નથી. ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યોરિટીએ આ વિસ્તારમાં ૨,૦૦૦થી વધુ અધિકારીઓ તહેનાત કર્યા છે, જેને તેઓ અત્યાર સુધીનું સૌથી મોટું ઇમિગ્રેશન અમલનું ઓપરેશન ગણાવે છે. નોમે જણાવ્યું કે અત્યાર સુધીમાં ૧,૫૦૦થી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી છે.

અહેવાલ મુજબ મૃતક મહિલાની ઓળખ રેની નિકોલ મેકલિન ગુડ તરકે થઇ, તેને છ વર્ષનું બાળક છે. સોશ્યલ મીડિયા પર મેકલિન ગુડ પોતાને ''કવિ અને લેખક, પત્ની અને માતા'' ગણાવતી હતી, તે મૂળ કોલોરાડોની હતી. અહેવાલ મુજબ બુધાવરે સવારે ૯:૩૦ વાગ્યાની આસપાસ આ ઘટના બની હતી. ■

# ઈરાનમાં વિરોધ હવે રાષ્ટ્રવ્યાપી


દુબઈ: ઈરાનમાં આર્થિક કટોકટીના કારણે શરૂ થયેલા વિરોધપ્રદર્શન હવે રાષ્ટ્રવ્યાપી બન્યાં છે જે ધર્મગુરુની સત્તાને પડકારતા હોવાનાં સંકેત આપે છે, એમ અમેરિકાસ્થિત હ્યુમન રાઈટ્સ એક્ટિવિસ્ટ એજન્સીએ ગુરુવારે કહ્યું હતું.

બુધવારે ઈરાનના મોટાભાગનાં શહેરો અને પ્રાન્તોમાં ઉગ્ર વિરોધપ્રદર્શન જોવાં મળ્યાં હતાં. જોકે એને કારણે જનજીવન અસ્તવ્યસ્ત નહોતું થયું.

ઈરાનમાં થયેલા હિંસક આંદોલનમાં અત્યાર સુધીમાં ૩૮ જણનાં મોત થયાં હોવાં ઉપરાંત ૨,૨૦૦ કરતાં પણ વધુ લોકોને અટકાયતમાં લેવામાં આવ્યા છે.

વિરોધપ્રદર્શનનો વધી રહેલો વ્યાપ સરકાર અને દેશના સર્વોચ્ચ નેતા આયાતોલ્લાહ અલી ખૌમૈની પર દબાણ વધારી રહ્યું છે.

જોકે વહીવટકર્તાઓએ વર્ષ ૨૦૨૨માં થયેલા મ્હાસા અમિનિ પ્રદર્શનો વખતે કર્યું હતું તેમ રસ્તાઓ પર મોટા પ્રમાણમાં સુરક્ષા દળ ગોઠવી દીધું હતું અને ઈન્ટરનેટ સેવા બંધ કરી દીધી હતી એવું આ વખતે હજુ સુધી નથી કર્યું. જોકે અત્યાર સુધીનું મોટાભાગનું વિરોધપ્રદર્શન યોગ્ય નેતૃત્વ વિહોણું રહ્યું છે. નેતૃત્વના યોગ્ય વિકલ્પના અભાવે ભૂતકાળમાં ઈરાનમાં વિરોધપ્રદર્શનો સફળ નહોતા થઈ શક્યા. (એજન્સી) ■



**સુવર્ણ કપ:** કેરળના કોઝીકોડમાં ગુરુવારે ૬૪મા કેરળ સ્કૂલ કાલોલસાવમની વિજેતા સ્કૂલને આ ૧.૧૯ કરોડનાં મૂલ્યનો (૯૩૬ ગ્રામ) સુવર્ણ કપ એનાયત કરાશે છે. (એજન્સી)

# ‘બાપ પહેલા દીકરાથી દુનિયાને અલવિદા ન કહેવાય...’

## ૪૯ વર્ષનો પુત્ર ગુમાવનાર વેદાંતા ગ્રૂપના ચેરમેન અનિલ અગરવાલનું દરદ છલકાયું: અનિલ અગ્રવાલ પુત્રની ઈચ્છા પૂરી કરવા ૭૫ ટકા સંપત્તિનું દાન કરશે

ન્યૂ યોર્ક: ભારતના અબજોપતિ ઉદ્યોગપતિ અને વેદાંતા ગ્રૂપના ચેરમેન અનિલ અગરવાલના પુત્ર અગ્નિવેશ અગરવાલનું ૪૯ વર્ષની વયે અમેરિકામાં અવસાન થયું છે, જેનાથી વેદાંતા ગૃપમાં શોકનું મોજું ફરી વળ્યું છે. આજે અનિલ અગરવાલને દીકરાની ખોટ વર્તાઈ રહી છે. તેમણે સોશિયલ મીડિયા પર એક ભાવુક પોસ્ટ લખીને દીકરાને શ્રદ્ધાંજલિ આપી છે.

અનિલ અગરવાલે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને લખ્યું કે, મારો અગ્નિવેશ, મારો ૪૯ વર્ષનો દીકરો આજે મારી વચ્ચે નથી રહ્યો. એક બાપના ખભા પર દીકરાની નનામી નીકળે એનાથી ખરાબ શું હોઈ શકે. બાપની પહેલા દીકરાથી દુનિયાને અલવિદા ન કહેવાય. તે મારો ફક્ત મારો દીકરો જ ન હતો, તે મારી શાન, મારું સમગ્ર વિશ્વ હતો. હું અને કિરણ સાવ ભાંગી પડ્યા છીએ. બસ એ જ વિચારી રહ્યા છીએ કે અમારો દીકરો તો ચાલ્યો ગયો. પરંતુ જે લોકો અમારા વેદાંતા ગ્રુપમાં કામ કરે છે, એ બધા અગ્નિવેશ જ તો છે. એ બધા અમારા દીકરા-દીકરીઓ છે.

દીકરાની ઇચ્છાઓનો ઉલ્લેખ કરતા અનિલ અગરવાલે લખ્યું કે ભારતને આત્મનિર્ભર બનાવવું, અગ્નિ અને મારું સપનું હતું. તેમણે જાહેરાત કરી છે કે તેઓ તેમની સંપત્તિનો ૭૫ ટકાથી વધુ હિસ્સો સમાજને દાનમાં આપશે. ■

# સિદ્ધાંતો-નૈતિકતા સાથે સમાધાન નહીં કરનારાઓને અંજલિ છે સોમનાથ પર્વ : મોદી

નવી દિલ્હી: વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે ગુરુવારથી શરૂ થઈ રહેલો સોમનાથ સ્વાભિમાન પર્વ ભારત માતાના અસંખ્ય સંતાનોને યાદ કરવા વિશે છે, જેમણે ક્યારેય તેમના સિદ્ધાંતો અને નૈતિકતા સાથે સમાધાન કર્યું નથી. વર્ષભર ચાલતી આ ઉજવણી ભારતીય સંસ્કૃતિની લવચિકતાને દર્શાવે છે, જેણે ગુજરાતના વેરાવળ ખાતે સોમનાથ મંદિરનું પુનર્નિર્માણ કર્યું હતું, જે વિદેશી આક્રમણકારો દ્વારા વારંવાર બરબાદ કરવામાં આવ્યું હતું.

મોદીએ એક્સ પર એક પોસ્ટમાં કહ્યું કે ''જય સોમનાથ! સોમનાથ સ્વાભિમાન પર્વ આજથી શરૂ થઈ રહ્યું છે. એક હજાર વર્ષ પહેલાં, જાન્યુઆરી ૧૦૨૬માં, સોમનાથ પર પહેલો હુમલો થયો હતો. ૧૦૨૬નો હુમલો અને ત્યારબાદના હુમલા લાખો લોકોની શાશ્વત શ્રદ્ધાને ઓછી કરી શક્યા નહીં, કે સોમનાથને વારંવાર ફરીથી બનાવનાર સભ્યતાની ભાવનાને તોડી શક્યા નહીં. વડા પ્રધાન ૧૧ જાન્યુઆરીએ મંદિરમાં સોમનાથ સ્વાભિમાન પર્વમાં ભાગ લેવાના છે.

મોદીએ સોમનાથની તેમની અગાઉની મુલાકાતોના કેટલાક ફોટા પણ શેર કર્યા હતા અને તેમના અનુયાયીઓને તેમના ફોટા શેર કરવા વિનંતી કરી હતી. સોમનાથ સ્વાભિમાન પર્વ ભારત માતાના અસંખ્ય સંતાનોને યાદ કરવા વિશે છે, જેમણે ક્યારેય તેમના સિદ્ધાંતો અને નૈતિકતા સાથે સમાધાન કર્યું નહીં. સમય ગમે તેટલો ભયાનક હોય, તેમનો સંકલ્પ અટલ રહ્યો અને આપણા નૈતિકતા પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા અટલ રહી, એમ એમણે કહ્યું હતું.■

## ભારતનું એઆઈ મોડેલ નૈતિક હોવું જોઈએ: પીએમ

નવી દિલ્હી: ભારત પર વિશ્વભરના દેશોનો વિશ્વાસ એ જ સૌથી મોટી તાકાત હોવાનું જણાવતાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે ભારપૂર્વક કહ્યું હતું કે ભારતનું એઆઈ મોડેલ નૈતિક, પૂર્વગ્રહમુક્ત, પારદર્શી અને ડેટા આધારિત અંગત સિદ્ધાંતો આધારિત હોય તેની ખાતરી કરવી જોઈએ. ભારતનું એઆઈ મોડેલ અન્યથી અલગ હોવું જોઈએ અને તે સ્થાનિક, તળપદી તેમ જ દેશી ભાષા અને સામગ્રીને પ્રોત્સાહન આપે તેવું હોવું જોઈએ, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી) ■

## રખડતાં કૂતરાઓનો કેસ:

# કંઈ દરેક શ્વાનને હટાવવાનો આદેશ નથી આપ્યો: સુપ્રીમ

નવી દિલ્હી: સુપ્રીમ કોર્ટે ગુરુવારે કહ્યું હતું કે દરેક શ્વાનને રસ્તા પરથી દૂર કરવાનો આદેશ અમે નથી આપ્યો.

એનિમલ બર્થ કંટ્રોલના નિયમાનુસાર રખડતાં કૂતરાંઓ વિરુદ્ધ કાર્યવાહી કરવાનો જ અમે આદેશ આપ્યો છે, એમ કોર્ટે કહ્યું હતું. ભટકતાં કૂતરાંઓ સંબંધિત કેસની સુનાવણી દરમિયાન કોર્ટે નિરીક્ષણ કર્યું હતું કે કૂતરાઓ ગંધ પરથી કૂતરાથી ડરતી વ્યક્તિ કે અગાઉ જેને કૂતરો કરડ્યો હોય તેવી વ્યક્તિને ઓળખી કાઢે છે અને તેની પર હુમલો કરે છે.

આદેશના કડક અમલ સંબંધિત કોર્ટના અગાઉના આદેશમાં સુધારાની માગણી કરતી શ્વાનપ્રેમીની અરજીની અને ન્યાયાધીશ વિક્રમ નાથ, સંદીપ મહેતા અને એન. વી. અન્જારિયા એમ ત્રણ ન્યાયાધીશની બનેલી ખંડપીઠ સુનાવણી કરી રહી હતી. ન્યાયાધીશ મહેતાએ જણાવ્યું હતું કે અમે દરેક કૂતરાઓને રસ્તા પરથી દૂર કરવાનો આદેશ નથી આપ્યો. (એજન્સી) ■

# યુપીમાં પાકિસ્તાની શિક્ષકા તરીકે નોકરી કરતી હતી: ધ્યાનમાં આવતા કાઢી મુકાઇ, એફઆઇઆર નોંધાયો

નવી દિલ્હી: ઉત્તર પ્રદેશના રામપુરમાં પોલીસે એક મહિલા વિરુદ્ધ એફઆઇઆર નોંધ્યો છે. આ મહિલા પર તેણી પાકિસ્તાની નાગરિક હોવાનો અને નોકરી મેળવવા માટે પોતાની નાગરિકતા છુપાવવાનો આરોપ છે. આ જાણકારી એક પોલીસ અધિકારીએ ગુરુવારે આપી હતી.

રામપુરના અધિક પોલીસ અધિક્ષક અનુરાગ સિંહે જણાવ્યું કે વિભાગ દ્વારા કરવામાં આવેલી આંતરિક તપાસમાં જાણવા મળ્યું છે કે મહિરા અખ્તર ઉર્ફે ફરઝાના તરીકે ઓળખાતી મહિલાએ બનાવટી દસ્તાવેજોનો ઉપયોગ કરીને નોકરી મેળવી હતી.

સિંહે જણાવ્યું કે ઠગાઇ અને બનાવટી દસ્તાવેજો બનાવવા બદલ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૧૮(૪), ૩૩૬, ૩૩૮ અને ૩૪૦ હેઠળ એફઆઇઆર નોંધવામાં આવ્યો છે. મહિલા પર પાકિસ્તાની નાગરિક હોવા છતાં તેણે નકલી રહેઠાણ પ્રમાણપત્રનો ઉપયોગ કરીને શિક્ષણ વિભાગમાં નોકરી મેળવી હોવાનો આરોપ છે.

તેમણે જણાવ્યું કે આરોપી મહિલા કુમ્હારિયા ગામની એક પ્રાથમિક શાળામાં શિક્ષિકા તરીકે ફરજ બજાવી રહી હતી. પોલીસના જણાવ્યા અનુસાર અખ્તરે ૧૯૭૯માં પાકિસ્તાની નાગરિક સાથે લગ્ન કર્યા હતા અને ત્યારબાદ તેને પાકિસ્તાની નાગરિકતા મળી હતી. છૂટાછેડા પછી તેણી પાકિસ્તાની પાસપોર્ટ પર ભારત પાછી ફરી અને ૧૯૮૫ની આસપાસ એક સ્થાનિક પુરુષ સાથે લગ્ન કર્યા હતા. આ સમયગાળા દરમિયાન તેણી પર ભારતીય નાગરિક તરીકે પોતાને પાયારૂપ શિક્ષણ વિભાગમાં જોડાવાનો આરોપ છે.

આ માલૂમ પડતા તેણીને સસ્પેન્ડ કરી દેવામાં આવી અને નોકરીમાંથી કાઢી મૂકવામાં આવી છે. વિભાગના રિપોર્ટના આધારે એફઆઇઆર દાખલ કરવામાં આવ્યો છે. ■

# યમનના વૉન્ટેડ લીડરને યુએઇ ઉઠાવી ગયું: સઉદી

દુબઈ: યુનાઈટેડ આરબ અમિરાત (યુએઈ) રાજદ્રોહ માટે વૉન્ટેડ યમન અલગતાવાદી નેતાને દેશમાંથી ઉઠાવી લઈ અબુ ધાબી લઈ ગયું હોવોનો સઉદી અરેબિયાએ ગુરુવારે આક્ષેપ કર્યો હતો. જોકે સઉદીના આ દાવા અંગે યુએઈએ તાત્કાલિક કોઈ પ્રતિક્રિયા નહોતી આપી. સઉદી સેના દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં કરવામાં આવેલા દાવા મુજબ સધર્ન ટ્રાન્ઝિશનલ કાઉન્સિલના નેતા એડારસ અલ-ઝુબૈદી બૉટમાં યમનથી સોમાલિયા ભાગી ગયા છે. યુએઈના અધિકારીઓ ત્યાંથી એડારસ અલ-ઝુબૈદીને અમિરાતની રાજધાની અબુ ધાબી લઈ ગયા હતા. (એજન્સી)■

---

ફન વર્લ્ડ

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| बिख | વેચાઉ |
| बिग | મુશ્કેલ |
| बिकट | વેઠિયો |
| बिकाऊ | કટાક્ષ |
| बिगारी | ઝેર |

## જાણવા જેવું

અમિતાભ બચ્ચને જે અભિનેત્રી સાથે કામ કર્યું છે એમાં વહિદા રહેમાન માટે તેમને અત્યંત આદર છે. બંને કલાકારો કેટલીક ફિલ્મોમાં સાથે ચમક્યાં છે. ખાસ નોંધવા જેવી વાત એ છે કે ૧૯૭૬માં આવેલી ‘અદાલત’માં વહિદાજી અમિતજીની પ્રેમિકાના રોલમાં હતા જ્યારે બે વર્ષ પછી ૧૯૭૮માં આવેલી ‘ત્રિશુલ’માં અમિતાભની માતાના રોલમાં હતા.

## ગુજરાત મોરી મોરી રે

કવિશ્રી રાવજી પટેલની અમર રચના ‘મારી આંખે કંકુના સૂરજ આથમ્યા’ કયા કલાકારે ગાઈને એને અનેક લોકો સુધી પહોંચતી કરી?

અ) કિશોર કુમાર  બ) મહેન્દ્ર કપૂર  ક) ભુપિન્દર સિંહ  ડ) પંકજ ઉધાસ

## નોંધી રાખો

યાદ રાખજો કે બધાને ભેગા કરવાની તાકાત વિશ્વાસમાં હોય છે અને બધાને જુદા કરવાની તાકાત વહેમમાં હોય છે.

## આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

ક્વિઝ (અ) ૧) એક ફૂલ દો માલી, ૨) મૈં સુંદર હું, ૩) લાખો મેં એક, ૪) મિસ્ટર ઇન્ડિયા, ૫) મેહંદી, ૬) મેરી લલકાર, ૭) વારિસ

ક્વિઝ (બ) ૧) જવાની દીવાની, ૨) દાગ, ૩) મહા ચોર, ૪) મેરી આવાઝ સુનો - ફિલ્મફેર એવોર્ડ, ૫) સિક્કા, ૬) ઉંમર કૈદ, ૭) ધ ડોન

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ૩ | ■ | ૪ | ૫ | | ૬ |
| | ■ | | ■ | ૭ | ૮ | | | ■ | |
| ૯ | ૧૦ | | ■ | ૧૧ | | ■ | ૧૨ | ૧૩ | |
| ■ | | ■ | ૧૪ | ■ | ૧૫ | ૧૬ | ■ | | ■ |
| ૧૭ | ■ | ૧૮ | | | ■ | | ■ | ૧૯ | ૨૦ |
| ૨૧ | ૨૨ | ■ | | ■ | ૨૩ | | | ■ | |
| ■ | | ■ | ૨૪ | ૨૫ | ■ | | ■ | ૨૬ | ■ |
| ૨૭ | | ૨૮ | ■ | ૨૯ | ૩૦ | ■ | ૩૧ | | ૩૨ |
| | ■ | ૩૩ | ૩૪ | | | ■ | | ■ | |
| ૩૫ | | | | ■ | ૩૬ | | | | |

### આડી ચાવી

૧. ઈનામ (૫)
૪. હિમતભેર, ડર વગર (૪)
૭. વધારે સારું (૪)
૯. લુચ્ચું, કામચોર (૩)
૧૧. કૌવત, શક્તિ (૨)
૧૨. વહેતાં પાણીમાં થતું કુંડાળું (૩)
૧૫. ત્યારે (૨)
૧૮. ઢોંગી, ડોળ કરનાર (૩)
૧૯. વાર્તા, કહાણી (૨)
૨૧. --- અને શત્રુને ઉગતાં જ ડામવા (૨)
૨૩. પ્રભાત (૩)
૨૪. --- વિના નર પશુ (૨)
૨૭. સમાવેશ (૩)
૨૯. સંપૂર્ણ જ્ઞાન પામેલું (બુદ્ધ) (૨)
૩૧. નીલા રંગનું રત્ન (૩)
૩૩. પર્વત (૪)
૩૫. --- કરવું=સમાલોચના કરવી, સમીક્ષા કરવી (૪)
૩૬. --- એ જીવનનો નિયમ છે (૫)

### ઊભી ચાવી

૧. પારો (૩)
૨. ઉદ્ધત, અસભ્ય (૩)
૩. ચોળી, બાંય વગરનું બદન (૩)
૪. પ્રબંધ (૨)
૫. તૃપ્તિ, સંતોષ (૩)
૬. ભાલ, લલાટ (૩)
૮. આશ્ચર્ય, નવાઈ (૩)
૧૦. ગુંજાશ, તાકાત (૨)
૧૩. રાજા (૩)
૧૪. નવું (૪)
૧૬. --- ખાઓ, પ્રભુ કે ગુણ ગાઓ (૪)
૧૭. પ્રથા, રિવાજ, કાયદો (૨)
૨૦. શ્રમ (૨)
૨૨. પ્રૌઢતા, મોટાઈ (૩)
૨૫. શિખામણ, સારું જ્ઞાન (૩)
૨૬. ચામડી (૨)
૨૭. સારું, સુંદર (૩)
૨૮. નજર સામે, રૂબરૂ (૩)
૩૦. ધીરજ (૩)
૩૧. શાંત (૩)
૩૨. આનંદ (૩)
૩૪. હલકું, ઊતરતું (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ પ | ૨ છે | ડી | ■ | ૩ તા | ૪ બો | ■ | ૫ સ | ૬ ફ | ૭ ર |
| ૮ લા | લ | ■ | ૯ ગ | ■ | ૧૦ જો | ૧૧ ર | ■ | ૧૨ ર | જ |
| ૧૩ શ | બ | ન | મ | ■ | ■ | ૧૪ તિ | ૧૫ ર | ક | સ |
| ■ | ટા | ■ | ૧૬ ગી | ર | ૧૭ દ | ■ | સા | ■ | ■ |
| ૧૮ હા | ઉ | ■ | ન | ■ | વ | ■ | ળ | ■ | ૧૯ મા |
| ણ | ■ | ૨૦ ર | ■ | ૨૧ કા | ■ | ૨૨ અ | ■ | ૨૩ હું | સી |
| ■ | ■ | ગ | ■ | ૨૪ ચ | ર | ણ | ■ | સ | ■ |
| ૨૫ જી | ૨૬ વ | ત | ૨૭ ર | ■ | ■ | ૨૮ સા | ર | વા | ૨૯ ર |
| ૩૦ વ | લ | ■ | ૩૧ દ | ૩૨ વા | ■ | રો | ■ | ૩૩ હિ | ત |
| ૩૪ તો | ખા | ર | ■ | ૩૫ દ | ધિ | ■ | ૩૬ અ | ની | લ |

## ઓળખાણ પડી?



એવરગ્રીન દેવ આનંદ અને ડિરેક્ટર ઋષિકેશ મુખરજીની એકમાત્ર ફિલ્મની ઓળખાણ પડી? એનાં ગીતો ખાસ્સાં લોકપ્રિય થયાં હતાં.

અ) પેઈંગ ગેસ્ટ  બ) મુસાફિર  ક) મંઝિલ  ડ) અસલી નકલી

## ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

ઘણી યાદગાર ફિલ્મો આપનારા સુભાષ ઘઈએ રાજેશ ખન્નાની કઈ ફિલ્મમાં એક્ટિંગ કરી હતી એ વિકલ્પોમાંથી શોધીને જણાવો.

અ) દુશ્મન  બ) આરાધના  ક) કટી પતંગ  ડ) રોટી

## માઈન્ડ ગેમ

ખાસ નેપાળથી મુંબઈ ફિલ્મની દુનિયામાં પોતાનું સપનું સાકાર કરવા આવેલી મનીષા કોઈરાલાની ફિલ્મ ઓળખી કાઢો.

અ) સાથ સાથ  બ) દિલ સે  ક) ઘાયલ  ડ) આશિકી

## સુડોકુ-૯૧૯૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | | | | | | | | ૬ |
| | ૬ | ૯ | ૩ | | ૭ | ૫ | ૧ | |
| | | ૫ | | | | ૪ | | |
| | ૯ | ૮ | | ૭ | | ૩ | ૪ | |
| | | | ૪ | | ૨ | | | |
| | ૧ | ૨ | | ૩ | | ૮ | ૫ | |
| | | ૧ | | | | ૭ | | |
| | ૭ | ૪ | ૮ | | ૧ | ૬ | ૩ | |
| ૮ | | | | | | | | ૫ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

## સુડોકુ-૯૧૮૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૪ | ૭ | ૫ | ૧ | ૮ | ૬ | ૩ | ૯ |
| ૯ | ૬ | ૧ | ૩ | ૨ | ૪ | ૮ | ૭ | ૫ |
| ૮ | ૫ | ૩ | ૯ | ૭ | ૬ | ૧ | ૪ | ૨ |
| ૬ | ૨ | ૮ | ૪ | ૩ | ૫ | ૯ | ૧ | ૭ |
| ૪ | ૩ | ૯ | ૭ | ૬ | ૧ | ૫ | ૨ | ૮ |
| ૭ | ૧ | ૫ | ૮ | ૯ | ૨ | ૩ | ૬ | ૪ |
| ૧ | ૯ | ૬ | ૨ | ૫ | ૭ | ૪ | ૮ | ૩ |
| ૩ | ૮ | ૨ | ૧ | ૪ | ૯ | ૭ | ૫ | ૬ |
| ૫ | ૭ | ૪ | ૬ | ૮ | ૩ | ૨ | ૯ | ૧ |

## ગયા શુક્રવારના જવાબ

| A | B |
|---|---|
| बुआ | ફોઈ |
| बुखार | તાવ |
| बुगची | પોટલી |
| बुडना | ડૂબવું |
| बुनाई | વણાટ |

**ગુજરાત મોરી મોરી રે:** સુમન કલ્યાણપુર

**ઓળખાણ પડી?** ઝમાના દીવાના

**માઈન્ડ ગેમ :** સમીત ભાંજા

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :** ફરિશ્તે

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ પટેલ (૨) સુભાષ મોમાયા (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૪) વિપીન શાહ (૫) શ્રદ્ધા આશર (૬) નૂતન વિપીન શાહ (૭) હર્ષા મહેતા (૮) જ્યોતિ ખાંડવાલા (૯) ભારતી બુચ (૧૦) મહેશ સંઘવી (૧૧) મીનળ કાપડિયા (૧૨) નિખિલ બંગાળી (૧૩) અમીશી બંગાળી (૧૪) પુષ્પા પટેલ (૧૫) નયના ગિરીશ મિસ્ત્રી (૧૬) ભરત કજરિયા (૧૭) તાહેર ઔરંગાબાદવાલા (૧૮) શીરીન ઔરંગાબાદવાલા (૧૯) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૦) મનીષા શેઠ (૨૧) ફાલ્ગુની શેઠ (૨૨) કિરીટી છેડા (૨૩) ખુશરૂ કાપડિયા (૨૪) ચેતના છેડા (૨૫) અરવિંદ કામદાર (૨૬) મહેન્દ્ર લોઢાવિયા (૨૭) અંજુ ટોલિયા (૨૮) દેવેન્દ્ર સંપટ (૨૯) અલકા વાણી (૩૦) જ્યોત્સના ગાંધી (૩૧) ઈનાક્ષીબેન દલાલ (૩૨) હિનાબેન દલાલ (૩૩) રમેશભાઈ દલાલ (૩૪) ડાયના સંતોકે (૩૫) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૬) વિણા સંપટ (૩૭) નિતીન જયંતિલાલ બજરિયા (૩૮) જયવંત પદમશી ચિખલ (૩૯) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૦) પ્રવીણ વોરા (૪૧) નયના ગિરીશ મિસ્ત્રી (૪૨) ડો. પ્રકાશ કટકિયા (૪૩) પ્રતિમા પમાણી (૪૪) ધીરેન્દ્ર મુલરાજ (૪૫) મહેશ દોશી



**આગ હી આગ...** મુંબઈના બલાર્ડ પિઅર્સ ખાતે આવેલી હોટેલ નેટિવ બોમ્બેમાં આગ ફાટી નીકળી હતી જેને અગ્નિશમન દળે ભારે જહેમતે કાબૂ મેળવ્યો હતો. (અમય ખરાડે)

# મુંબઈ મેટ્રોપોલિટન વિસ્તારમાં પ્રદૂષણ ફેલાવનારા ૧૦ આરએમસી પ્લાન્ટને ₹ ૮૪ લાખનો દંડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પ્રદૂષણ ફેલાવનારા ૧૦ પ્રદૂષિત રેડીમેડ કોંક્રિટ પ્લાન્ટ (RMC)ને મહારાષ્ટ્ર પોલ્યુશન કંટ્રોલ બોર્ડની વિજિલન્સ ટીમે બંધ કરીને તેમને ૮૪ લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે.

મુંબઈ શહેર અને પ્રાદેશિક વિસ્તારો (મુંબઈ મેટ્રોપોલિટન રીજન MMR)માં હવાની ગુણવત્તા સુધારવા માટે બોમ્બે હાઈ કોર્ટના નિર્દેશ મુજબ મહારાષ્ટ્ર પોલ્યુશન કંટ્રોલ બોર્ડે ઇન્સ્પેક્શન કરવા માટે ખાસ ટીમની રચના કરી હતી.

મુંબઈ મેટ્રોપોલિટન રિજનમાં છેલ્લા બે દિવસમાં ૪૪ રેડીમેડ કોંક્રિટ પ્લાન્ટ અને નિર્માણાધીન પ્રોજેક્ટ્સ સાઇટ પર ઇન્સ્પેકશન કરવામાં આવ્યું હતું.

આ દરમ્યાન ડોમ્બિવલીની સ્વામિનારાયણ લાઇફસ્પેસ એલ.એલ.પી., કલ્યાણની જે. આર.બી ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા. લિ., ટેમ્બઘર અંબરનાથની શ્રીરામ એન્ટરપ્રાઈઝ, ભિવંડીની પ્રિઝમ જોન્સન લિ., ભિવંડીની જ એલ. અને ટી., ક્રિષ્ના કન્સ્ટ્રક્શન્સ દહિસર મોરી, પ્રકાશ એન્જિનિયર્સ એન્ડ ઈન્ફ્રા પ્રોજેક્ટ્સ તુર્ભે, એ.પી. કન્સ્ટ્રક્શન્સ તુર્ભે, ગજાનન સાઇદત્ત એસોસિએટ્સ વિરાર અને વરલીનો આર.ડી.એસ. પ્લાન્ટ બંધ કરવામાં આવ્યો છે અને ૧૭ આર.એમ. સી. પ્લાન્ટ માટે નિર્દેશ આપવામાં આવ્યો છે. તો ચાર આરએમસી પ્લાન્ટને બોર્ડ દ્વારા વચગાળાના નિર્દેશો આપવામાં આવ્યા છે.

આ અંતર્ગત કલ્યાણમાં નવ, નવી મુંબઈમાં એક, રાયગઢમાં સાત એમ કુલ ૧૭ આરએમસી પ્લાન્ટના ઇન્સ્પેક્શન બાદ તેના દ્વારા નિર્ધારિત પર્યાવરણીય દિશાનિર્દેશોનું પાલન નહીં કરવા બદલ બેંક ગેરંટી હેઠળ પ્લાન્ટમાંથી ૮૪ લાખનો દંડ વસૂલવામાં આવ્યો છે. જ્યારે વિજિલન્સ ટીમે ૨૯ મોટા બાંધકામ પ્રોજેક્ટ્સની મુલાકાત લીધી છે જ્યાં બિલ્ડિંગનું બાંધકામ ચાલુ છે. પાંચ બાંધકામ પ્રોજેક્ટ્સને સૂચનાઓ આપવામાં આવી છે.

ડિસેમ્બર મહિનાથી અત્યાર સુધીમાં ૨૪૦ આરએમસીએ પ્લાન્ટની તપાસ કર્યા બાદ અત્યાર સુધીમાં ચાર કરોડ ૩૫ લાખનો દંડ વસૂલ કરવામાં આવ્યો છે.

મુંબઈ મેટ્રોપોલિટન રિજનલ એરિયામાં મહારાષ્ટ્ર પોલ્યુશન કંટ્રોલ બોર્ડની વિજિલન્સ ટીમે પ્લાન્ટનું ઇન્સ્પેક્શન કરવા માટે ઝુંબેશ હાથ ધરી છે અને પર્યાવરણીય ધોરણોનું પાલન નહીં કરતી સંસ્થાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. ■

# ભીવંડીમાં મહાયુતિનું શાસન આવશે, તો સર્વાંગી વિકાસની ખાતરીઃ ફડણવીસ

થાણેઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે બુધવારે વચન આપ્યું હતું કે જો ભાજપની આગેવાની હેઠળની મહાયુતિ ગઠબંધન અહીંની મ્યુનિસિપલકોર્પોરેશનમાં સત્તા પર આવશે, તો થાણે જિલ્લાના ભિવંડીમાં સર્વાંગી પરિવર્તન લાવશે અને પાવરલૂમ શહેરના દરેક રહેવાસી માટે 'જીવનની સરળતા' સુનિશ્ચિત કરશે.

તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે લાડકી બહેન યોજના, જેના હેઠળ સરકાર ગરીબ મહિલાઓને માસિક રૂ. ૧,૫૦૦ ની સહાય પૂરી પાડે છે, તેને કોઈપણ સંજોગોમાં બંધ કરવામાં આવશે નહીં. ૧૫ જાન્યુઆરીએ ભિવંડી નિઝામપુર સિટી મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી પહેલા શહેરના શિવાજી ચોક ખાતે એક સભાને સંબોધતા, મુખ્ય પ્રધાને આધુનિક ભિવંડીના નિર્માણ માટે હાકલ કરી હતી અને ખેદ વ્યક્ત કર્યો હતો કે આ શહેર વર્ષોથી વિકાસના કામોમાં ઘણું પાછળ રહી ગયું છે. ''આ પરિસ્થિતિ બદલવા માટે એક નવો ઈતિહાસ રચવો પડશે. જે લોકોએ અગાઉ અહીં શાસન કર્યું, તેમના માટે સત્તા એ વિકાસનું સાધન નહીં પણ પૈસા કમાવવાનું 'એટીએમ' હતું. અમારી મહાયુતિ સરકાર એવો બદલાવ લાવવા માગે છે જે દરેક નાગરિક માટે જીવનની સરળતા સુનિશ્ચિત કરે,'' તેમણે ઉમેર્યું હતું.

ભીવંડીને મુંબઈના પ્રવેશદ્વાર અને વણકર ઇકોસિસ્ટમ તેમજ પાવરલૂમ ઉદ્યોગ માટેના મહત્ત્વપૂર્ણ લોજિસ્ટિક્સ હબ તરીકે વર્ણવતા, મુખ્ય પ્રધાને ચાલુ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, થાણે-ભીવંડી-કલ્યાણ મેટ્રો કોરિડોર માટેની કામગીરી ઝડપી કરવામાં આવી છે. પ્રથમ તબક્કો પૂર્ણ થવાના આરે છે અને બીજો તબક્કો આગામી બે વર્ષમાં અપેક્ષિત છે.

સ્થાનિક ભીડના નિરાકરણ માટે, મુખ્ય પ્રધાને ભૂગર્ભ વિભાગો અને ચાર-લેન ફ્લાયઓવર માટેની યોજનાઓને સમર્થન આપ્યું હતું. ''ટ્રાફિક ઘટાડવા માટે મનોર રોડ અને વડપે-થાણે રોડને સમૃદ્ધિ મહામાર્ગ સાથે જોડવા માટે રૂ. ૧,૦૦૦ કરોડથી વધુની ફાળવણી કરવામાં આવી છે. પાણી પુરવઠા, ભૂગર્ભ ગટર અને ૪૮ રસ્તાઓના વિકાસ માટે રૂ. ૪૨૬ કરોડના પ્રોજેક્ટ્સ ચાલી રહ્યા છે,'' મુખ્ય પ્રધાને જણાવ્યુ હતું. તેમણે પાવરલૂમ શહેરમાં અને તેની આસપાસ પ્રદૂષણ મુક્ત જાહેર પરિવહન પૂરું પાડવા માટે ચાર્જિંગ સ્ટેશનો સાથે ૧૦૦ ઇલેક્ટ્રિક બસોનું વચન આપ્યું હતું.

આખરે ફડણવીસે નાગરિકોને ભીવંડીમાં મહાયુતિ મેયરની નિમણૂક કરવા વિનંતી કરી હતી. ■

# લોકપાલ આંદોલનથી ગ્રામીણ વિકાસ સુધી અણ્ણા હજારેના યોગદાન દિલ્હીમાં સાચવી રખાશે

પુણેઃ નવી દિલ્હી સ્થિત પ્રધાનમંત્રી સંગ્રહાલય અને પુસ્તકાલય (પીએમએમએલ) પીઢ કાર્યકર્તા અણ્ણા હજારેના પત્રવ્યવહાર અને એમની લેખિત સામગ્રી સાચવશે. સામાજિક સુધારા, ગ્રામીણ વિકાસ અને ભ્રષ્ટાચાર વિરોધી ચળવળોમાં તેમના યોગદાનને માન્યતા આપવાના હેતુથી આ નિર્ણય લેવામાં આવ્યો છે. હજારેની મહત્ત્વની પ્રવૃત્તિમાં લોકપાલ માટે ૨૦૧૦ના આંદોલનનો પણ સમાવેશ થાય છે એમ તેમના નિકટવર્તીએ જણાવ્યું હતું.

હજારેના સહયોગી દત્તા અવારીએ બુધવારે દાવો કર્યો હતો કે એસોસિયેટ ડિરેક્ટર રવિ મિશ્રાના માર્ગદર્શન હેઠળ નીરજ કુમાર અને જીતુમણિ શર્માની આગેવાની હેઠળ પીએમએમએલ ટીમ મહારાષ્ટ્રના અહિલ્યા નગર જિલ્લામાં કાર્યકર્તાના વતન ગામ રાળેગણ સિદ્ધિ પહોંચી હતી.

આર્કાઇવ કરવામાં આવનાર દસ્તાવેજોમાં હજારેના સામાજિક કાર્ય, નવી દિલ્હીમાં ૨૦૧૧ના ઐતિહાસિક લોકપાલ આંદોલન, ગ્રામ વિકાસ પહેલ, જળ સંરક્ષણ પ્રયાસો અને ભ્રષ્ટાચાર સામેના અભિયાનો સંબંધિત સામગ્રીનો સમાવેશ થાય છે. આ દસ્તાવેજોને ઐતિહાસિક અને શૈક્ષણિક સંશોધન માટે આર્કાઇવ્સમાં સાચવવામાં આવશે એમ તેમણે જણાવ્યું હતું. વર્ષોથી, લશ્કરી જવાનમાંથી કાર્યકર બનેલા હજારે હાલ ૮૮ વર્ષના છે. ગ્રામીણ વિકાસને પ્રોત્સાહન આપવા, સરકારી કામગીરીમાં પારદર્શિતા વધારવા અને ભ્રષ્ટાચારને કાબૂમાં લેવા માટે તેમણે અનેક ચળવળોનું નેતૃત્વ કર્યું છે. ભારતનું ત્રીજો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર પદ્મ ભૂષણ તેમને એનાયત કરવામાં આવ્યો છે. (પીટીઆઈ)■

# પ્રખ્યાત પર્યાવરણ શાસ્ત્રી માધવ ગાડગીલનું અવસાન

પુણેઃ પશ્ચિમ ઘાટ પરના તેમના કાર્ય માટે જાણીતા પર્યાવરણ શાસ્ત્રી માધવ ગાડગીલનું ટૂંકી માંદગી બાદ બુધવારે મોડી રાત્રે પુણેની એક હૉસ્પિટલમાં ૮૩ વર્ષની ઉંમરે અવસાન થયું હોવાનું પરિવારના સૂત્રોએ ગુરુવારે જણાવ્યું હતું.

પશ્ચિમ ઘાટ સંદર્ભે મૌલિક અને ઉપયોગી કાર્ય માટે ૨૦૨૪માં સંયુક્ત રાષ્ટ્રએ ગાડગીલને યુએનના સર્વોચ્ચ પર્યાવરણીય સન્માન વાર્ષિક ચેમ્પિયન્સ ઓફ ધ અર્થ એવૉર્ડ એનાયત કર્યો હતો. ગાડગીલે ભારતમાં પર્યાવરણીય રીતે નાજુક પ્રદેશ પર વસ્તીની અસર, આબોહવા પરિવર્તન અને વિકાસની પ્રવૃત્તિઓની અસરનો અભ્યાસ કરવા માટે સરકાર દ્વારા રચાયેલ પશ્ચિમ ઘાટ ઇકોલોજી નિષ્ણાત પેનલની અધ્યક્ષતા કરી હતી. (પીટીઆઈ)■

## ફડણવીસે માધવ ગાડગીલને લોકોના વૈજ્ઞાનિક તરીકે બિરદાવ્યા

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ગુરુવારે પ્રખ્યાત પર્યાવરણશાસ્ત્રી માધવ ગાડગિલના અવસાન પર શોક વ્યક્ત કર્યો હતો અને તેમને ''પર્યાવરણીય સંતુલન માટે આજીવન લડત આપનાર યોદ્ધા'' ગણાવ્યા હતા, જેમનું કાર્ય આવનારી પેઢીઓને પ્રેરણા આપતું રહેશે.

પશ્ચિમ ઘાટ પરના તેમના કાર્ય માટે જાણીતા ગાડગીલનું ટૂંકી બીમારી બાદ બુધવારે મોડી રાતે પુણેમાં ૮૩ વર્ષની વયે અવસાન થયું હતું.

ફડણવીસે તેમના શોક સંદેશમાં જણાવ્યું હતું કે, છ દાયકા લાંબી વૈજ્ઞાનિક કારકિર્દી દરમિયાન, ગાડગીલે અનેક પ્રતિષ્ઠિત હોદ્દાઓ પર રહ્યા હતા, પરંતુ હંમેશા પોતાને ''લોકોના વૈજ્ઞાનિક'' માનતા હતા.

તેમણે કહ્યું કે ગાડગિલે તેમનું સમગ્ર જીવન પર્યાવરણ સંરક્ષણ માટે સમર્પિત કર્યું હતું અને પર્યાવરણીય સ્થિરતા વિશે જાગૃતિ લાવવામાં, ખાસ કરીને પશ્ચિમ ઘાટની જૈવવિવિધતાના સંદર્ભમાં, મુખ્ય ભૂમિકા ભજવી હતી.

તેમના યોગદાનની કદર કરતા સંયુક્ત રાષ્ટ્રએ વર્ષ ૨૦૨૪ માં તેમને 'ચેમ્પિયન ઓફ ધ અર્થ' એવૉર્ડથી સન્માનિત કર્યા હતા. આમ મહારાષ્ટ્રના પુત્ર ગાડગિલે પર્યાવરણ સંરક્ષણના ક્ષેત્રમાં આંતરરાષ્ટ્રીય સ્તરે ઓળખ મેળવી હતી એમ કહેતા ફડણવીસે ઉમેર્યું હતું કે તેમનું અવસાન પર્યાવરણ સુરક્ષા અને સંરક્ષણની ચળવળ માટે એક મોટી ખોટ છે.

તેમના નિધનથી આપણે એક ઋષિતુલ્ય માર્ગદર્શક ગુમાવ્યા છે, ''મુખ્ય પ્રધાને આ પીઢ પર્યાવરણશાસ્ત્રીના શોકગ્રસ્ત પરિવાર, પ્રશંસકો અને વિદ્યાર્થીઓ પ્રત્યે સંવેદના વ્યક્ત કરતા જણાવ્યું હતું.'' ■



**બચાવ કામગીરી...** મરીન ડ્રાઈવ ખાતે દરિયામાં કૂદીને એક મહિલાએ આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ પોલીસ તથા અન્ય સુરક્ષા દળો દ્વારા તેને બચાવી લેવાઈ હતી. (અમય ખરાડે)

# સાંતાક્રુઝ મહિલા ચિત્રકારના ફ્લૅટમાંથી ₹ ૭૭.૭૩ લાખની મતા ચોરનારા પકડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સાંતાક્રુઝમાં મહિલા ચિત્રકારના બંધ ફ્લૅટમાં બારીમાંથી પ્રવેશીને સોના-ચાંદીના દાગીના અને રોકડ મળી અંદાજે ૭૭.૭૩ લાખ રૂપિયાની મતા ચોરનારા ત્રણ આરોપીની પોલીસે ધરપકડ કરી હતી.

પકડાયેલા આરોપીની ઓળખ ફુલો મોહન મુખિયા (૨૯), લાલુ મોહન મુખિયા (૪૦) અને સંતોષ રામજીવન મુખિયા (૩૩) તરીકે થઈ હતી. બિહારના દરભંગામાં રહેતા ત્રણેય આરોપી વિરુદ્ધ ગામદેવી અને નાગપાડા પોલીસ સ્ટેશનમાં પણ ગુના નોંધાયેલા હોવાનું પોલીસનું કહેવું છે.

દક્ષિણ મુંબઈના ગોવાલિયા ટૅન્ક પરિસરમાં રહેતી ચિત્રકાર ગાયત્રી ગુજરાતી (૩૮)એ આ પ્રકરણે મંગળવારે સાંતાક્રુઝ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવાયું હતું કે ત્રીજી જાન્યુઆરીના મળસકે જૂહુ તારા રોડ પર આવેલી ઈમારતમાંના ફરિયાદીના ફ્લૅટમાંથી ચોરી થઈ હતી.

અજાણ્યા શખસો બીજા માળે આવેલા ફ્લૅટમાં બારીમાંથી ઘૂસ્યા હતા. પછી બેડરૂમમાંના કબાટની તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ મળી અંદાજે ૭૭.૭૩ લાખની મતા ચોરી ફરાર થઈ ગયા હતા. પોલીસે સીસીટીવી કૅમેરાનાં ફૂટેજને આધારે આરોપીઓની ઓળખ મેળવી હતી. પકડાયેલા આરોપી પાસેથી ચોરીની મતા હસ્તગત કરવામાં આવી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. ■

# કોર્ટે છેતરપિંડીના કેસમાં આઇપીએસ ઓફિસરના પતિના જામીન નકાર્યા

મુંબઈઃ લોકો સાથે ૨૪ કરોડ રૂપિયાથી વધુની છેતરપિંડી આચરવાના કેસમાં ધરપકડ કરાયેલા ઇન્ડિયન પોલીસ સર્વિસ (આઇપીએસ) ઓફિસર રશ્મી શુકલાના પતિ પુરુષોત્તમ ચવાણના કોર્ટે ગુરુવારે જામીન નકાર્યા હતા.

તબીબી આધાર પર પુરુષોત્તમ ચવાણે જામીન માગ્યા હતા, પણ એડિશનલ સેશન્સ જજ વી.આર. જગદાળેએ તેની અરજી ફગાવી દીધી હતી. ચવાણની જામીન અરજીનો આ કેસના ફરિયાદી તથા પોલીસે વિરોધ કર્યો હતો.

મુંબઈ પોલીસની આર્થિક ગુના શાખાએ છેતરપિંડીના કેસમાં મે, ૨૦૨૫માં ચવાણની ધરપકડ કરી હતી. મુંબઈ, થાણે અને પુણેમાં સરકારી ક્વોટામાં ફ્લેટ અપાવવાને બહાને ૨૦ લોકો સાથે ૨૪.૭૮ કરોડ રૂપિયાની છેતરપિંડી આચરવાનો ચવાણ પર આરોપ છે.

ચવાણ વિરુદ્ધ બીજો ગુનો પણ દાખલ કરાયો હતો, જેમાં સુરતના બિઝનેસમેન તથા અન્યો સાથે ૭.૪૨ કરોડની છેતરપિંડી આચરવાનો આરોપ કરાયો છે. (પીટીઆઇ)■

# ૨૦૨૫માં લોકલ ટ્રેન અકસ્માતનો મૃત્યુઆંક ઘટયો તો પણ ૨,૨૦૦થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા

મુંબઈઃ ગવર્નમેન્ટ રેલવે પોલીસ (જીઆરપી)ના ડેટા અનુસાર ૨૦૨૫ માં મુંબઈના ઉપનગરીય રેલવે નેટવર્ક પર મૃત્યુદરમાં ૭ ટકાનો ઘટાડો થયો હતો.

વર્ષ દરમિયાન ૨,૨૮૭ મુસાફરોના મૃત્યુ નોંધાયા હતા, જે ૨૦૨૪ માં ૨,૪૬૮ હતા. ઘાયલ મુસાફરોની સંખ્યા ૨૦૨૪ માં ૨,૬૯૭ હતી તેની સામે પાંચ ટકાના નજીવા ઘટાડા સાથે ૨૦૨૫ માં ૨,૫૫૪ થઇ હતી.

દર વર્ષે ઘટાડા છતાં શહેરના રેલવે નેટવર્ક પર મુસાફરી કરતી વખતે દરરોજ સરેરાશ છ લોકો જીવ ગુમાવે છે, જે ખાસ કરીને સતત વિકસતા ઉપનગરોમાં સલામતી અંગે પડકારો ઉભા કરે છે. રેલવે વિભાગોમાં થાણેમાં સૌથી વધુ ૨૭૮ લોકોનાં મોત થયા ત્યારબાદ કલ્યાણ (૨૬૬) અને બોરીવલી (૨૪૪) નો ક્રમ આવે છે. કાર્યકર્તાઓએ જણાવ્યું હતું કે જાહેર પરિવહન ક્ષમતામાં સુધારા વિના ઝડપી શહેરી વિસ્તરણને કારણે શહેરથી દૂરના વિસ્તારોમાં મૃત્યુનું પ્રમાણ વધુ છે.

૨૦૨૫ માં ટ્રેક ક્રોસિંગ મૃત્યુનું મુખ્ય કારણ રહ્યું જેમાં ૧,૦૬૩ મૃત્યુ થયા, જે કુલ મૃત્યુના લગભગ અડધા હતા. એકલા થાણે વિભાગમાં આવા ૧૪૪ કેસ નોંધાયા હતા. ભીડને કારણે મુસાફરો સંતુલન ગુમાવીને ચાલતી ટ્રેનમાંથી પડી જતા ૫૨૫ લોકોનાં મોત થયા હતા, જેમાં કલ્યાણ વિભાગમાં આવા સૌથી વધુ ૯૮ કેસ નોંધાયા હતા.

અન્ય કારણોમાં કુદરતી મૃત્યુ, આત્મહત્યા, વિદ્યુતપ્રવાહથી, રેલ્વેના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને કારણે અને પ્લેટફોર્મ અને ટ્રેન વચ્ચેના ગેપમાં પડી જવાથી વગેરે શામેલ છે. મધ્ય રેલ્વે પર, થાણે, ડોમ્બિવલી અને કલ્યાણ સ્ટ્રેચ પર મળીને લગભગ ૩૦ ટકા મૃત્યુ નોંધાયા હતા.

કાર્યકરો અને મુસાફરોએ વારંવાર થતી ઘટનાઓનો ઉલ્લેખ કરીને મુમ્બ્રા વળાંકને ખાસ કરીને સંવેદનશીલ ઝોન તરીકે ચિહ્નિત કર્યો હતો. ૯ જૂનના રોજ, વિરુદ્ધ દિશામાં પસાર થતી ટ્રેનો આ વિસ્તારમાં ખતરનાક રીતે નજીક આવી જતાં પાંચ મુસાફરોના મોત થયા હતા.■

# બાળકી સાથે દુષ્કર્મ આચરવાના કેસમાં આરોપીને ૨૦ વર્ષની સખત કેદ

થાણેઃ સમાજમાં સમવિચારી ગુનેગાર તત્ત્વોને મજબૂત સંદેશ આપવા માટે અને ગુનાની ગંભીરતા ધ્યાનમાં લેતાં ૧૦ વર્ષની બાળકી સાથે દુષ્કર્મ આચરવાના કેસમાં આરોપીને થાણે કોર્ટે ૨૦ વર્ષની સખત કેદ ફટકારી છે.

૩૫ વર્ષનો આરોપીને વિસ્તારમાંના બાળકો 'સમોસાવાલા અંકલ' બોલાવતા હતા, કારણ કે તે તેમને સમોસા ખવડાવતો હતો. આરોપીએ બાળકોનો વિશ્વાસ અને શ્રદ્ધાનો ભંગ કર્યો છે, એમ૩ જાન્યુઆરીએ વિશેષ પોક્સો કોર્ટના જજ રૂબી યુ. માલવણકરે ચુકાદામાં જણાવ્યું હતું. આરોપી વિજયભાગન ઉર્ફે અમિત સૂરજબાલી સરોજ થાણેના વર્તકનગરમાં નેહરુનગર ઝૂંપડપટ્ટીમાં રહેતો હતો. જજે ચુકાદામાં અવલોકન કર્યું કે વિસ્તારના બાળકોને આરોપી સમોસા ખવડાવતો હોવાથી બાળકોને આરોપી સાથે લગાવ થયો હતો અને તેને તેઓ સમોસાવાલા અંકલ બોલાવતા હતા. બાળકોના વાલીઓને પણ તેના પર વિશ્વાસ હતો.

જોકે પીડિતાને વારંવાર પોતાના ઘરમાં બળજબરીથી લઇ જવી અને દુષ્કર્મ કરી આરોપીએ વિશ્વાસ અને શ્રદ્ધાનો ભંગ કર્યો છે. આને કારણે પીડિતા બહુ શારીરિક અને માનસિક પીડામાંથી પસાર થઇ હતી. આ સર્વ પીડા અને કેસની ગંભીરતા જોતા આરોપીને તેણે આચરેલા ગુના માટે સજા આપવી આવશ્યક છે તથા તે સાથે સમાજમાં સામવિચારી ગુનેગાર તત્ત્વોને કડક સંદેશ આપવાની પણ જરૂર છે, એમ કોર્ટે અવલોકન કર્યું હતું.

કોર્ટે પોક્સો એક્ટ હેઠળ આરોપીને ૨૦ વર્ષની સખત કેદ ઉપરાંત પાંચ હજારનો રૂપિયાનો દંડ પણ ફટકાર્યો હતો. એ સિવાય ધાકધમકી આપવા માટે વધુ ત્રણ વર્ષની સખત કેદ તથા એક હજારનો દંડ પણ ફટકાર્યો હતો. બંને સજા સાગમટે ભોગવવાની રહેશે. દંડની રકમ ભરપાઇ તરીકે પીડિતાને ચૂકવવી અને મનોધૈર્ય યોજના હેઠળ વધુ ભરપાઇ માટે આ કેસ જિલ્લા કાનૂની સેવા પ્રશાસન પાસે મોકલવાનું સૂચન પણ કરાયું હતું. (પીટીઆઇ)■

# અકસ્માતમાં મૃત્યુ પામેલા શિક્ષકના પરિવારને ₹ ૮૨.૪૫ લાખનું વળતર ચૂકવવા આદેશ

થાણેઃ થાણેની મોટર એક્સિડેન્ટ ક્લેઈમ્સ ટ્રિબ્યુનલે (એમએસીટી) ૨૦૧૯માં કલ્યાણ-ડોમ્બિવલી મહાપાલિકાના ડમ્પરની અડફેટે જીવ ગુમાવનારા સ્કૂલ ટીચરના પરિવારને ૮૨.૪૫ લાખ રૂપિયાનું વળતર ચૂકવવાનો આદેશ આપ્યો હતો.

ટ્રિબ્યુનલનાં અધ્યક્ષા રૂપાલી વી. મોહિતેએ કેડીએમસી અને ન્યૂ ઈન્ડિયા એન્સ્યોરન્સ કંપની લિમિટેડને સંયુક્ત રીતે ચુકવણી કરવા ઉત્તરદાયી ઠરાવી હતી. ટ્રિબ્યુનલે ત્રીજી જાન્યુઆરીએ આ આદેશ આપ્યો હતો. શિક્ષક પ્રભાકર જીવરામ ઠોકે (૫૫) ત્રીજી ડિસેમ્બર, ૨૦૧૯ની સવારે ૬.૪૦ વાગ્યાની આસપાસ બાઈક પર સ્કૂલે જઈ રહ્યો હતો. તે સમયે પૂરપાટ વેગે આવેલા મહાપાલિકાના ડમ્પરે ઘરડા સર્કલ નજીક બાઈકને ટક્કર મારી હતી. આ ઘટનામાં ઠોકેના માથા પરથી ડમ્પરનું ટાયર ફરી વળતાં તેનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતુ. બેદરકારીથી ડમ્પર ચલાવવાને કારણે આ અકસ્માત થયો હતો. ટ્રિબ્યુનલે અવલોકન કર્યું હતું કે ડ્રાઈવર ડમ્પરની ગતિ કાબૂમાં રાખી શક્યો નહોતો. ઠોકે રસ્તાની વચોવચ બાઈક ચલાવી રહ્યો હતો. આ ઘટનામાં મૃતકની તેમ જ ડમ્પરના ડ્રાઈવરની બેદરકારીને લીધે આ અકસ્માત થયો હોવાનું માનવામાં કોઈ ખચકાટ નથી, પણ આમાં મૃતકની બેદરકારી ૧૫ ટકા અને ડમ્પરના ડ્રાઈવરની ૮૫ ટકા બેદરકારી હતી, એવું અવલોકન ટ્રિબ્યુનલે કર્યું હતું. કલ્યાણ-ડોમ્બિવલી મહાપાલિકા વતી એવી દલીલ કરવામાં આવી હતી કે આ ઘટના માટે તેને જવાબદાર ઠેરવી શકાય નહીં, કારણ કે ડ્રાઈવર ખાનગી કોન્ટ્રાક્ટર દ્વારા પૂરો પાડવામાં આવ્યો હતો. જોકે ડમ્પર મહાપાલિકાનું હોવાનું જજે નોંધ્યું હતું. (પીટીઆઈ)■

# તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી હત્યાનો પ્રયાસ કરનારો આરોપી નેપાળ સરહદે પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પગાર ન આપવામાં આવતાં રોષે ભરાયેલા કાર્પેન્ટરે તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી સાથીની હત્યાનો પ્રયાસ કર્યો હોવાની ઘટના ખારમાં બની હતી. ઘટના બાદ ફરાર થઈ ગયેલા આરોપીને પોલીસે નેપાળ સરહદેથી પકડી પાડ્યો હતો.

ખાર પોલીસે ધરપકડ કરેલા આરોપીની ઓળખ રામકિસન ઉર્ફે કૃષ્ણ તરીકે થઈ હતી. ખાર પશ્ચિમમાં ૧૬મા રસ્તા પરની તુલિપ બિલ્ડિંગમાં કામ કરતી વખતે ૨૯ ડિસેમ્બર, ૨૦૨૫ની સાંજે આરોપીએ તેના સાથી મનોજ મોતીરામ જાંગિડ પર હુમલો કર્યો હતો.

કામનું મહેનતાણું ન ચૂકવવાને મુદ્દે રામકિસને જાંગિડ સાથે ઝઘડો કર્યો હતો. બાદમાં ગુસ્સામાં તીક્ષ્ણ હથિયારથી ગળા અને ખભા પર ઘા કરતાં જાંગિડ ગંભીર રીતે ઘવાયો હતો. સારવાર માટે તેને હોલી ફૅમિલી હૉસ્પિટલમાં દાખલ કરાયો હતો. આ પ્રકરણે ખાર પોલીસે હત્યાના પ્રયાસનો ગુનો નોંધી રામકિસનની શોધ હાથ ધરી હતી.

સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ અને મોબાઈલ નંબરને આધારે ટ્રેસ કરતાં રામકિસન વસઈમાં હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસની ટીમ વસઈમાં રહેતા રામકિસનના સગાને ઘેર પહોંચી ત્યારે તે ત્યાંથી રવાના થઈ ગયો હતો. આરોપી ઉત્તર પ્રદેશના તેના વતન સિદ્ધાર્થનગર ગયો હોવાની માહિતી મળતાં પોલીસની ટીમ ત્યાં પહોંચી હતી, પરંતુ વારંવાર ઠેકાણાં બદલતો રામકિસન પોલીસને હાથ લાગતો નહોતો.

આખરે રામકિસન નેપાળ ફરાર થવાની તૈયારીમાં હોવાની માહિતી પોલીસને મળી હતી. ખાર પોલીસે ઇટવા પોલીસની મદદથી નેપાળની સરહદે આવેલા બઢણી ગામે છટકું ગોઠવ્યું હતું. સોમવારે ઝડપાયેલા આરોપીને મુંબઈ લાવવામાં આવ્યો હતો. પોલીસ તેની વધુ પૂછપરછ કરી રહી છે. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# તિલકે શસ્ત્રક્રિયા કરાવી, ન્યૂ ઝીલૅન્ડ સામે કદાચ નહીં રમે

## યુવાન બૅટ્સમૅન જેનો શિકાર બન્યો એ વૃષણની બીમારી વિશે જાણીએ...



મુંબઈઃ ગયા વર્ષે ૨૮મી સપ્ટેમ્બરે દુબઈમાં પાકિસ્તાન સામેની એશિયા કપની ફાઇનલમાં ૫૩ બૉલમાં ચાર સિક્સર અને ત્રણ ફોરની મદદથી અણનમ ૬૯ રન કરીને ભારતને રોમાંચક વિજય અપાવનાર મિડલ-ઑર્ડર બૅટ્સમૅન તિલક વર્માએ ગુરુવારે રાજકોટમાં તાબડતોબ જેની સર્જરી કરાવવી પડી એ બીમારી વિશેની વિગતો જાણવાલાયક છે તેમ જ તિલક વર્માની આ બીમારી કેટલી ગંભીર છે અને તે આવનારા દિવસોમાં કેટલું નહીં રમી શકે એની જાણકારી પર પણ એક નજર કરીએ.

૨૩ વર્ષની ઉંમરના મૂળ હૈદરાબાદના તિલકે વૃષણની સર્જરી કરાવી છે. અંડકોષની બીમારી સામાન્ય રીતે યુવા વર્ગમાં થાય છે અને મોટા ભાગે પચીસ વર્ષથી નીચેની વયના પુરુષોએ ઑપરેશન કરાવવું પડે એટલી હદે તેમને અંડકોષમાં તેમ જ પેટમાં દુખાવો થાય છે.

ટેસ્ટિક્યૂલર ટૉર્સિયનની બીમારીને લીધે તિલક હાલમાં ટીમની બહાર થઈ ગયો છે. તે ન્યૂ ઝીલૅન્ડ સામેની આગામી (૧૧-૧૮ જાન્યુઆરી) વન-ડે સિરીઝ પૂરી થયા બાદ ૨૧મી જાન્યુઆરીએ શરૂ થનારી ટી-૨૦ શ્રેણીમાં મોટા ભાગે નહીં રમે અને ત્યાર બાદ ફેબ્રુઆરીમાં અમેરિકા સામેની ટી-૨૦ વર્લ્ડ કપની પ્રથમ મૅચમાં પણ કદાચ નહીં રમે.

લેફ્ટ-હૅન્ડ બૅટ્સમૅન તિલકને ગુરુવારે અચાનક પેટમાં દુખાવો શરૂ થયો હતો અને તબીબી ચકાસણીમાં ડૉક્ટરે તેને વૃષણની તાત્કાલિક સર્જરી કરાવવાની સલાહ આપી હતી. અંડકોષની બીમારીમાં દર્દીએ ભવિષ્યમાં ફરી તકલીફ ન થાય એ માટે બેથી ચાર અઠવાડિયા પૂરો આરામ કરવો પડે છે. આ પ્રકારની બીમારીમાં અંડકોષની એક બાજુમાં અચાનક તીવ્ર દુખાવો શરૂ થાય છે. અંડકોષનું કદ લગભગ એકસમાન હોવું જોઈએ. જો એક તરફના અંડકોષનું કદ બીજી બાજુના અંડકોષ કરતાં ઓચિંતું વધી જાય તો આ સમસ્યા થઈ શકે. અંડકોષના રંગમાં ફેરફાર થાય (લાલાશ પડતું થઈ જાય) તો પણ આ સમસ્યા થઈ શકે જેમાં પેટમાં અસહ્ય દુખાવો થાય છે.

# આજથી મહિલાઓની આઇપીએલ

## ડબ્લ્યૂપીએલની પ્રથમ મૅચમાં હરમન વિરુદ્ધ સ્મૃતિ

નવી મુંબઈઃ મહિલાઓની આઇપીએલ તરીકે ઓળખાતી વિમેન્સ પ્રીમિયર લીગ (ડબ્લ્યૂપીએલ)ની ચોથી સીઝન આજે (સાંજે ૭.૩૦ વાગ્યે) અહીં ડી. વાય. પાટીલ સ્ટેડિયમમાં શરૂ થઈ રહી છે જેમાં પહેલો મુકાબલો મુંબઈ ઇન્ડિયન્સ વિમેન અને રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ વિમેન વચ્ચે થશે. હરમનપ્રીત મુંબઈની અને સ્મૃતિ મંધાના બેંગલૂરુની કૅપ્ટન છે. બીજી નવેમ્બરે આ જ મેદાન પર ભારતે વન-ડે વર્લ્ડ કપની ટ્રોફી જીતી લીધી હતી. ■



તાજેતરમાં મુંબઈની એક ઇવેન્ટમાં ગુજરાત જાયન્ટ્સની ફાસ્ટ બોલર રેણુકા સિંહ. (અમય ખરાડે)

# ઑસ્ટ્રેલિયા છેલ્લા દિવસના થ્રિલરમાં જીત્યું, સિરીઝ ૪-૧થી જીતી લીધી

## ટ્રૅવિસ હેડ સિડની ટેસ્ટનો અને સ્ટાર્ક સિરીઝનો અવૉર્ડ જીત્યા

સિડનીઃ ઑસ્ટ્રેલિયાએ સિડની ક્રિકેટ ગ્રાઉન્ડ (એસસીજી) પર ગઈ કાલે ઇંગ્લૅન્ડને ઍશિઝ સિરીઝની પાંચમી અને છેલ્લી રસાકસીભરી ટેસ્ટમાં પાંચ વિકેટે હરાવીને શ્રેણીની ટ્રોફી પર ૪-૧થી કબજો કર્યો હતો. જેકબ બેથેલે બીજા દાવમાં પોતાના ૧૫૪ રન પર વિકેટ ગુમાવી ત્યાર બાદ ઇંગ્લૅન્ડની ટીમ ૩૪૨ રનના કુલ સ્કોર પર ઑલઆઉટ થઈ જતાં ઑસ્ટ્રેલિયાને જીતવા માટે ૧૬૦ રનનો સાધારણ લક્ષ્યાંક મળ્યો હતો જે એણે પાંચ વિકેટના ભોગે મેળવી લીધો હતો.

### છેલ્લી રોમાંચક પળો

૧૬૦ રનના ટાર્ગેટ સામે યજમાન ઑસ્ટ્રેલિયાની ટીમે સારી શરૂઆત કર્યા પછી ૬૨થી ૯૨ રનના ટોટલ વચ્ચે ગણતરીની મિનિટોમાં ત્રણ વિકેટ ગુમાવી દીધી હતી.

૧૧૯મા રને ચોથી વિકેટ અને ૧૨૧ રનના સ્કોર પર પાંચમી વિકેટ પડતાં ઇંગ્લૅન્ડના વિજયની આશા પ્રબળ થઈ હતી.

### કોણે ધબડકો રોક્યો?

વિકેટકીપર ઍલેક્સ કૅરી (૧૬ અણનમ) અને કૅમેરન ગ્રીન (૨૨ અણનમ)ની જોડીએ ધબડકો અટકાવ્યો હતો અને ૪૦ રનની અતૂટ ભાગીદારી સાથે ઑસ્ટ્રેલિયાને રોમાંચક વિજય અપાવ્યો હતો. સિરીઝને અંતે ઑસ્ટ્રેલિયાનો સ્કોર ૫/૧૬૧ હતો.

### જૉશ ટન્ગની ત્રણ વિકેટ

ઇંગ્લૅન્ડના પેસ બોલર જૉશ ટન્ગે ત્રણ વિકેટ અને ઑફ સ્પિનર વિલ જૅક્સે એક વિકેટ લીધી હતી. ઑસ્ટ્રેલિયાની ટીમમાં બીજા દાવમાં સૌથી વધુ ૩૭ રન કરનાર માર્નસ લાબુશેનને મૅથ્યૂ પૉટ્સ અને જૅમી સ્મિથે રનઆઉટ કર્યો હતો.

### ખ્વાજા અંતિમ મૅચમાં નિષ્ફળ

ઑસ્ટ્રેલિયાના બૅટ્સમૅન ઉસ્માન ખ્વાજાની આ અંતિમ આંતરરાષ્ટ્રીય મૅચ હતી. નિવૃત્તિ લેનાર આ મિડલ-ઑર્ડર બૅટ્સમૅન પ્રથમ દાવમાં ૧૭ રન અને બીજા દાવમાં છ રન કરી શક્યો હતો. તેને સિડનીના મેદાન પર માનભેર વિદાય મળી હતી.



### કોને ક્યો અવૉર્ડ?

પહેલા દાવમાં ઇંગ્લૅન્ડે ૩૮૪ રન અને ઑસ્ટ્રેલિયાએ ૫૬૭ રન કર્યા હતા. મૅચમાં બંને દાવમાં અનુક્રમે ૧૬૩ અને ૨૯ રન કરનાર ટ્રૅવિસ હેડને મૅન ઑફ ધ મૅચનો અવૉર્ડ અપાયો હતો. તેના કુલ ૬૨૯ રન સિરીઝમાં હાઈએસ્ટ હતા. કુલ ૩૧ વિકેટ લેનાર મિચલ સ્ટાર્કને મૅન ઑફ ધ સિરીઝનો પુરસ્કાર અપાયો હતો. ઑસ્ટ્રેલિયાના વિકેટકીપર ઍલેક્સ કૅરીએ સ્ટમ્પ્સની પાછળથી સૌથી વધુ ૨૮ શિકાર કર્યા હતા જેમાં ૨૭ કૅચ અને એક સ્ટમ્પિંગનો સમાવેશ હતો.

# ઇંગ્લૅન્ડના સ્ટાર-બૅટ્સમૅન હૅરી બ્રૂકે નાઇટ-ક્લબની ઘટના બદલ બે મહિને માફી માગી

સિડનીઃ ઇંગ્લૅન્ડના સ્ટાર-બૅટ્સમૅન હૅરી બ્રૂકે બે મહિના પહેલાંની પોતાના એક કરતૂત વિશે હવે માફી માગી છે. ઍશિઝ સિરીઝ માટે ઑસ્ટ્રેલિયા આવતાં પહેલાં ન્યૂ ઝીલૅન્ડના વન-ડે શ્રેણીના પ્રવાસ દરમ્યાન તેણે જે કર્યું હતું એનો તેને હવે પસ્તાવો થયો છે અને તેણે કહ્યું છે કે તે પોતાના એ કરતૂત બદલ ખેદ અનુભવે છે.

હૅરી બ્રૂકે ૨૦૨૫ની પહેલી નવેમ્બરે વેલિંગ્ટનમાં ન્યૂ ઝીલૅન્ડ સામે રમાયેલી વન-ડેની પૂર્વસંધ્યાએ નાઇટ ક્લબમાં પ્રવેશ ન મળતાં બાઉન્સર સાથે ઝઘડો કર્યો હતો. એ તકરાર દરમ્યાન હૅરી બ્રૂકનું વર્તન ખરાબ હોવાથી બાઉન્સરે તેને માર્યો હતો એવું એક અહેવાલમાં જણાવાયું હતું. ત્યારે હૅરી બ્રૂક નશામાં ધૂત હોવાનું મનાય છે. એ ઘટનાથી ઇંગ્લૅન્ડની ટીમની નામોશી થઈ હતી. બ્રૂકને એ કરતૂત બદલ ૩૦,૦૦૦ પાઉન્ડનો દંડ પણ થયો હતો.

ન્યૂ ઝીલૅન્ડે એ વન-ડે શ્રેણીમાં ઇંગ્લૅન્ડનો ૩-૦થી વાઇટવૉશ કર્યો હતો અને ત્યાર બાદ હવે ઑસ્ટ્રેલિયા સામેની ઍશિઝ ટેસ્ટ શ્રેણીમાં ઇંગ્લૅન્ડે ૧-૪થી હાર જોવી પડી છે. બ્રૂકે એક નિવેદન બહાર પાડ્યું છે જેમાં તેણે જણાવ્યું છે કે નવેમ્બરની ઘટનામાં પોતાનો વ્યવહાર સારો નહોતો અને એ બદલ પોતે શરમ અનુભવે છે. બ્રૂકે એવું પણ કહ્યું છે કે ‘ ઇંગ્લૅન્ડની ટીમનું પ્રતિનિધિત્વ કરવા મળે એ બહુ મોટું ગૌરવ કહેવાય અને નવેમ્બરમાં ટીમને, સાથી



ખેલાડીઓને, કોચને તેમ જ સમર્થકોને નિરાશ કરવા બદલ પોતે ખેદ અનુભવે છે. હું જાણું છું કે જવાબદારી જેમને સોંપાઈ હોય તેમ જ જેમણે પ્રોફેશનાલિઝમને ધ્યાનમાં રાખીને વર્તન કરવાનું હોય એવા લોકો પાસેથી બહુ મોટી અપેક્ષા રખાતી હોય છે. હું આ ભૂલ પરથી શીખીશ અને મેદાન પર તેમ જ મેદાનની બહાર મારા પર લોકોનો ભરોસો કાયમ રહે એ માટે હું પૂરો પ્રયત્ન કરીશ.’

ઇંગ્લૅન્ડના ક્રિકેટ બૉર્ડે હૅરી બ્રૂકને વાઇટ-બૉલ ક્રિકેટ (વન-ડે તથા ટી-૨૦)ની ટીમના કૅપ્ટનપદે જાળવી રાખ્યો છે. ઑસ્ટ્રેલિયા સામેની ઍશિઝ સિરીઝમાં તેના કુલ ૩૫૮ રન તમામ બૅટ્સમૅનોમાં ત્રીજા નંબરે હતા એમ છતાં તે બ્રિટિશ ટીમને ૧-૪ના મોટા માર્જિનવાળા પરાજયથી બચાવી નહોતો શક્યો. ■

# રોહિતની પત્ની રિતિકાએ મુંબઈના બિલ્ડિંગમાં આટલા કરોડ રૂપિયામાં બીજો આલીશાન ફ્લૅટ ખરીદ્યો

મુંબઈઃ ભૂતપૂર્વ ભારતીય કૅપ્ટન રોહિત શર્માની પત્ની રિતિકાએ મુંબઈમાં ૨૬.૩૦ કરોડ રૂપિયામાં આલીશાન ફ્લૅટ ખરીદ્યો છે. તેમના આ નવા ઘરનો કાર્પેટ એરિયા ૨,૭૬૦.૪૦ સ્ક્વેર ફૂટ છે.

શર્મા-દંપતીએ પ્રભાદેવીના આહુજા ટાવર્સમાં આ ફ્લૅટ ખરીદ્યો છે જેના દસ્તાવેજો પર ડિસેમ્બર, ૨૦૨૫માં સહીસિક્કા થઈ ગયા હતા. આ ફ્લૅટ સાથે રોહિત-રિતિકાએ ત્રણ કાર-પાર્કિંગ સ્પેસ પણ ખરીદ્યા છે. એક અહેવાલ અનુસાર તેમણે આ ફ્લૅટ અજિંક્ય ડી. વાય. પાટીલ અને પૂજા અજિંક્ય પાટીલ પાસેથી ખરીદ્યો છે.

એક અહેવાલ મુજબ રોહિત-રિતિકાએ જે ફ્લૅટ ખરીદ્યો એ જ બિલ્ડિંગમાં તેમનો એક ફ્લૅટ પણ છે. ૨૯મા માળ પરના ફ્લૅટનું મૂલ્ય ૩૦ કરોડ રૂપિયા હોવાનું મનાય છે. એ ફ્લૅટમાંથી અરબી સમુદ્રનો ૨૭૦ ડિગ્રી વ્યૂ જોવા મળે છે.

રોહિતે લોઅર પરેલમાં પોતાની જે પ્રોપર્ટી છે એ જાન્યુઆરી, ૨૦૨૫માં ભાડા પર આપી હતી. એના પર તેને મહિને ૨.૬૦ લાખ રૂપિયાનું ભાડું મળે છે. ■



# બાંગ્લાદેશના જૂઠ્ઠાણા બાદ ભારતની મહિલા સ્પોર્ટ્સ પ્રેઝન્ટરે ખુલાસો કરવો પડ્યો

## રિધિમા પાઠકે કહ્યું, ‘બીપીએલની પૅનલમાંથી મને કાઢી નથી મૂકવામાં આવી, હું પોતે જ નીકળી ગઈ છું’

નવી દિલ્હીઃ ભારત કે ભારતીય ક્રિકેટરો કે ભારતીય ક્રિકેટ બોર્ડના ન્યાયી અને વ્યવહારુ વલણ છતાં પાકિસ્તાન અને બાંગ્લાદેશ ક્યારેય પણ ભારતને બદનામ કરવાની તક નથી છોડતા અને બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (બીસીબી)નો છેલ્લામાં છેલ્લો કિસ્સો ખેલકૂદ જગત માટે આંખ ઉઘાડનારો છે જેમાં ભારતની સ્પોર્ટ્સ પ્રેઝન્ટર રિધિમા પાઠકે ખુલાસો કરવો પડ્યો છે.

બાંગ્લાદેશમાં હિન્દુઓની હત્યાઓ તેમ જ હિન્દુ સ્ત્રીઓ પરના બળાત્કાર સહિતની જે અત્યાચારની ઘટનાઓ બની રહી છે એને ધ્યાનમાં લઈને ભારત અને બોર્ડ ઑફ કન્ટ્રોલ ફૉર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઇ)એ બાંગ્લાદેશ સાથે સખત વલણ અપનાવ્યું છે. આના પ્રત્યાઘાતમાં બાંગ્લાદેશમાંથી એવા ખોટા અહેવાલો બહાર આવ્યા છે કે બીસીબીએ બાંગ્લાદેશ પ્રીમિયર લીગ (બીપીએલ)ની બ્રૉડકાસ્ટિંગ પૅનલમાંથી ભારતીય સ્પોર્ટ્સ બ્રૉડકાસ્ટર (ખેલકૂદ પ્રસારક) રિધિમા પાઠકની હકાલપટ્ટી કરી છે.

જોકે ખુદ રિધિમા પાઠકે સ્પષ્ટતામાં કહ્યું છે કે તે પોતે જ બીપીએલની બ્રૉડકાસ્ટિંગ પૅનલમાંથી નીકળી ગઈ છે. એ રીતે, રિધિમાએ બીસીબીને લઈને જે અહેવાલો ચગી રહ્યા છે એને ખોટા સાબિત કરી દીધા છે.

ખુદ રિધિમા પાઠકે ગુરુવારે સવારે સોશ્યલ મીડિયામાં જણાવ્યું હતું, ‘થોડા કલાકોથી એવી ખોટી વાતો ફેલાવવામાં આવી છે કે મને બીપીએલની પૅનલમાંથી કાઢી મૂકવામાં આવી છે. જોકે એ વાત સાચી નથી. મેં પોતે જ પૅનલમાંથી નીકળી જવાનો નિર્ણય લીધો છે. મારા માટે હંમેશાં સૌથી પહેલાં મારો દેશ અને પછી બીજું બધું. હું કોઈ પણ અસાઇનમેન્ટની પહેલાં ક્રિકેટની મહાન રમતને વધુ મૂલ્યવાન ગણું છું. મને ઘણાં વર્ષોથી આ રમતમાં પ્રામાણિકપણે, પૅશન સાથે અને સન્માનપૂર્વક સેવા આપવાનું ગૌરવ મળ્યું છે અને એ અભિગમ ક્યારેય નહીં બદલું. હું સદા મારા દેશની સંગઠિતતા તેમ જ



ખેલભાવનાની જ પડખે રહીશ.’

કોલકાતા નાઇટ રાઇડર્સ (કેકેઆર)એ પોતાના સ્ક્વૉડમાંથી બાંગ્લાદેશી પેસ બોલર મુસ્તફિઝુર રહમાનની હકાલપટ્ટી કરી છે. ■

# જાડેજાબાપુની ધમાકેદાર બૅટિંગઃ ૧૯મી લિસ્ટ-એ હાફ સેન્ચુરી ફટકારી

અલુર (કર્ણાટક): ‘બાપુ’ રવીન્દ્ર જાડેજા હાલમાં ચાલી રહેલી વિજય હઝારે વન-ડે ટૂર્નામેન્ટમાં ગુરુવારે હજી બીજી જ મૅચ રમ્યો અને એમાં તેણે ૧૯મી લિસ્ટ-એ હાફ સેન્ચુરી ફટકારીને સૌને રોમાંચિત કરી દીધા હતા. સૌરાષ્ટ્ર વતી ગુજરાત સામે રમતા જાડેજાની આ જ સ્થળે ફિફ્ટી પૂરા કરવાની મંગળવારે ઇચ્છા અધૂરી રહી હતી, કારણકે સર્વિસીઝ સામેની મૅચમાં સૌરાષ્ટ્રની ઇનિંગ્સ પૂરી થઈ જતાં તે ૩૬ રને અણનમ રહ્યો હતો. તેણે એ ઇચ્છા ગુરુવારે પૂરી કરી લીધી હતી.



### વન-ડે પહેલાં મૅચ-પ્રૅક્ટિસ કરી

એક વાત નક્કી છે કે ટેસ્ટના વર્લ્ડ નંબર-વન ઑલરાઉન્ડર ‘જડ્ડુ’એ ટી-૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ લીધી હોવા છતાં તેની લોકપ્રિયતા લેશમાત્ર ઘટી નથી. તે નાની ધમાકેદાર ઇનિંગ્સ રમે તો થોડી જ વારમાં તેના વિશેની વિગતો જાણવા માટે ગૂગલ સર્ચમાં હજારોની સંખ્યામાં વધારો થઈ જાય છે. ગુરુવારે એવું જ થયું. જોત જોતામાં તેના નામે ૨,૦૦૦થી પણ વધુ સર્ચ થયા હતા. તેના ચાહકો તેના પર્ફોર્મન્સ વિશે એટલા બધા સતર્ક છે કે તેના વિશેની રજેરજ માહિતી જાણવાની તક નથી છોડતા. તે હાલમાં બહુ સારા ફૉર્મમાં છે એટલે જ આગામી ૧૧મી જાન્યુઆરીએ વડોદરામાં ન્યૂ ઝીલૅન્ડ સામે શરૂ થઈ રહેલી વન-ડે શ્રેણીની ટીમમાં તેને સ્થાન મળ્યું છે. સિરીઝની બીજી મૅચ તેના હોમટાઉન રાજકોટમાં જ રમાવાની છે.

### જાડેજાના ચાર ચોગ્ગા, બે છગ્ગા

જાડેજાએ ગુરુવારે ૩૯ બૉલમાં હાફ સેન્ચુરી પૂરી કરી હતી. એમાં ચાર ચોગ્ગા અને બે છગ્ગા સામેલ હતા. નવાઈની વાત એ છે કે મંગળવારે ૩૬ રને અણનમ રહ્યા બાદ ગુરુવારે તે બાવન રન પર અણનમ રહ્યો હતો. ખરેખર તો સૌરાષ્ટ્રની આખી ઇનિંગ્સ જબરદસ્ત હતી. જાડેજા ઉપરાંત તેના બીજા ચાર સાથી બૅટ્સમેનની ઇનિંગ્સ પણ ધમાકેદાર હતી. એમાં વિશ્વરાજ જાડેજા (૧૧૨ રન, ૧૦૩ બૉલ, પાંચ સિક્સર, નવ ફોર), પ્રેરક માંકડ (૮૬ રન, ૪૯ બૉલ, ચાર સિક્સર, દસ ફોર), કૅપ્ટન-વિકેટકીપર હાર્વિક દેસાઈ (૮૨ રન, ૮૦ બૉલ, એક સિક્સર, તેર ફોર) અને ચિરાગ જાની (૪૩ રન, ૨૭ બૉલ, બે સિક્સર, ત્રણ ફોર)નો સમાવેશ હતો. જાડેજાએ ચોથી વિકેટ માટે ચિરાગ જાની સાથે ૯૫ રનની ભાગીદારી કરી હતી. તેમની એ ભાગીદારીએ જ ટીમનો સ્કોર પોણાચારસોને પાર પહોંચાડ્યો હતો.

### જાડેજાએ ત્રણ વિકેટ પણ લીધી

સૌરાષ્ટ્રએ ૫૦ ઓવરમાં ચાર વિકેટે ૩૮૩ રન કરીને ગુજરાતને ૩૮૪ રનનો તોતિંગ લક્ષ્યાંક આપ્યો હતો. ગુજરાતની ટીમ જાડેજાની ત્રણ તેમ જ ચેતન સાકરિયાની ત્રણ વિકેટને કારણે અઢીસો રન પણ નહોતી કરી શકી અને ૨૩૮ રનના સ્કોર પર આઉટ થઈ જતાં સૌરાષ્ટ્રનો ૧૪૫ રનથી વિજય થયો હતો અને હવે ક્વૉર્ટરમાં સૌરાષ્ટ્રનો ઉત્તર પ્રદેશ સામે મુકાબલો થશે. ■

# હાર્દિકના નવ છગ્ગા અને બે ચોગ્ગા સાથે ૭૫ રન

## રાજકોટમાં ઓલરાઉન્ડરની બધી મહેનત ગઈ પાણીમાં!

રાજકોટઃ હાર્દિક પંડ્યાએ જબરદસ્ત ઑલરાઉન્ડ પર્ફોર્મન્સથી ગુરુવારે અહીં વિજય હઝારે ટ્રોફીમાં બરોડાને ચંડીગઢ સામે વિજય અપાવ્યો હતો, પરંતુ તેની અને સાથી ખેલાડીઓની બધી મહેનત પાણીમાં ગઈ હતી, કારણકે બરોડાની ટીમ નીચા રનરેટને કારણે ટૂર્નામેન્ટની ક્વૉર્ટર ફાઇનલમાં નહોતી પહોંચી શકી. ખરેખર તો બરોડા અને બેન્ગાલને બાજુ પર રાખીને વિદર્ભની ટીમ ક્વૉર્ટરમાં પહોંચી ગઈ હતી.

કૃણાલ પંડ્યાએ ટૉસ જીતીને બૅટિંગ લીધા બાદ તેની ટીમે ૩૯૧ રન કર્યા હતા જેમાં હાર્દિક પંડ્યા (૭૫ રન, ૩૧ બૉલ, નવ સિક્સર, બે ફોર), પ્રિયાંશુ મોલિયા (૧૧૩ રન, ૧૦૬ બૉલ, એક સિક્સર, દસ ફોર), વિકેટકીપર જિતેશ શર્મા (૭૩ રન, ૩૩ બૉલ, ચાર સિક્સર, આઠ ફોર) તેમ જ વિષ્ણુ સોલંકી (૫૪ રન, ૪૯ બૉલ, આઠ ફોર)ના મુખ્ય યોગદાન હતા.

મનન વોહરાના સુકાનમાં ચંડીગઢે શિવમ ભાંબરી (૧૦૦ રન, ૯૫ બૉલ, ચાર સિક્સર, છ ફોર)ની સદી છતાં ફક્ત ૨૪૨ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ જતાં બરોડાનો ૧૪૯ રનથી વિજય થયો હતો. હાર્દિકે ૬૬ રનમાં ત્રણ અને મહેશ પીઠિયાએ ૩૪ રનમાં ત્રણ વિકેટ લીધી હતી. બે વિકેટ રસિખ સલામને મળી હતી. જોકે બરોડા જીતવા છતાં ક્વૉર્ટરની રેસની બહાર થઈ ગયું હતું.

### જુરેલના ૧૨૩, ઉત્તર પ્રદેશ ક્વૉર્ટરમાં

રાજકોટમાં બેન્ગાલે ૨૬૯ રન કર્યા બાદ ઉત્તર પ્રદેશે વિકેટકીપર ધ્રુવ જુરેલ (૧૨૩ રન, ૯૬ બૉલ, પાંચ સિક્સર, નવ ફોર) તેમ જ આર્યન જુયેલના ૫૬ રન તથા કૅપ્ટન રિન્કુ સિંહ (૩૭ અણનમ, ૨૬ બૉલ, બે સિક્સર, ત્રણ ફોર)ના યોગદાનોની મદદથી પાંચ વિકેટે ૨૭૨ રન કરીને વિજય મેળવી લીધો હતો અને ક્વૉર્ટર ફાઇનલમાં એન્ટ્રી કરી હતી.

### ક્વૉર્ટરમાં કોણ કોની સામે

(૧) ૧૨મી જાન્યુઆરીએ બેંગલૂરુમાં મુંબઈ વિરુદ્ધ કર્ણાટક

(૨) ૧૨મી જાન્યુઆરીએ બેંગલૂરુમાં સૌરાષ્ટ્ર વિરુદ્ધ ઉત્તર પ્રદેશ

(૩) ૧૩મી જાન્યુઆરીએ બેંગલૂરુમાં પંજાબ વિરુદ્ધ મધ્ય પ્રદેશ

(૪) ૧૩મી જાન્યુઆરીએ બેંગલૂરુમાં વિદર્ભ વિરુદ્ધ દિલ્હી. ■



# મુંબઈ વિજયની લગોલગ આવ્યા બાદ એક રનથી હારી ગયું

## સરફરાઝના ૧૫ બૉલમાં ફિફ્ટીઃ અભિષેક શર્માની ઓવર ધોવાઈ ગઈઃ ૬, ૪, ૬, ૪, ૬, ૪

જયપુરઃ બૅટ્સમૅન સરફરાઝ ખાન (૬૨ રન, ૨૦ બૉલ, પાંચ સિક્સર, સાત ફોર)એ ગુરુવારે અહીં મુંબઈ વતી પંજાબ સામેની વિજય હઝારે ટ્રોફીની મૅચમાં વિક્રમજનક હાફ સેન્ચુરી ફટકારી હતી. તેણે ૧૫ બૉલમાં ફિફ્ટી પૂરા કર્યા હતા. જોકે તેના આ ફિફ્ટી એળે ગયા હતા, કારણકે મુંબઈની ટીમ વિજયની લગોલગ પહોંચ્યા બાદ ઑલઆઉટ થઈ જતાં પંજાબે માત્ર એક રનના તફાવતથી વિજય મેળવ્યો હતો.

સરફરાઝ ખાનના ૧૫ બૉલની હાફ સેન્ચુરી લિસ્ટ-એ (ડોમેસ્ટિક ક્રિકેટની વન-ડે)માં નવો ભારતીય રેકૉર્ડ છે. તેણે મહારાષ્ટ્રના અભિજિત કાળેનો ૧૬ બૉલની હાફ સેન્ચુરીનો ૩૧ વર્ષ જૂનો (૧૯૯૫ની સાલનો) વિક્રમ તોડ્યો હતો. સરફરાઝે પંજાબના ઑલરાઉન્ડર અભિષેક શર્માની એક ઓવર (૬, ૪, ૬, ૪, ૬, ૪)માં જોરદાર ફટકાબાજી કરી હતી. અભિષેક શર્માના સુકાનમાં પંજાબની ટીમ બૅટિંગ મળ્યા પછી ૪૫.૧ ઓવરમાં ૨૧૬ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ હતી જેમાં અનમોલપ્રીત સિંહ (૫૭ રન, ૭૫ બૉલ, એક સિક્સર, છ ફોર) અને રમણદીપ સિંહ (૭૨ રન, ૭૪ બૉલ, ત્રણ સિક્સર, પાંચ ફોર)ના સૌથી મોટા યોગદાન હતા. શ્રેયસ ઐયરના સુકાનમાં રમનાર મુંબઈ વતી મુશીર ખાને ત્રણ તેમ જ ઓન્કાર તરમાળે તેમ જ શિવમ દુબે અને શશાંક અતાર્ડેએ બે-બે વિકેટ લીધી હતી.

મુંબઈની ટીમ ૨૬.૨ ઓવરમાં ૨૧૫ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ ગઈ હતી જેમાં સરફરાઝના ૬૨ રન ઉપરાંત ખુદ સુકાની શ્રેયસ ઐયર (૪૫ રન, ૩૪ બૉલ, બે સિક્સર, ચાર ફોર)ના સૌથી મોટા યોગદાન હતા. સૂર્યકુમાર યાદવ (૧૫ રન, ૧૨ બૉલ, ત્રણ ફોર) સહિત મુંબઈનો બીજો કોઈ બૅટ્સમૅન પચીસ રન સુધી પણ નહોતો પહોંચી શક્યો.

મુંબઈ સામે પંજાબના આઠ બોલરના આક્રમણ વચ્ચે ફાસ્ટ બોલર ગુરનૂર બ્રાર અને લેગ-બ્રેક સ્પેશ્યાલિસ્ટ મયંક માર્કન્ડેએ ચાર-ચાર વિકેટ લીધી હતી. હરપ્રીત બ્રાર અને હરનૂર સિંહને એક-એક વિકેટ મળી હતી. ■

# મેટલ શૅરોના કડાકા સાથે સેન્સેક્સ ૭૮૦ પોઈન્ટ નીચે પટકાયો, ચાર દિવસમાં ૧૬૦૦ પોઈન્ટનું ધોવાણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ અમેરિકાએ ટેરિફ વધારવા આપેલી ધમકી, ભૂ-રાજકીય તંગદીલી અને એફઆઇઆઇની સતત વેચવાલીને કારણે શેરબજારમાં સતત ચોથા દિવસે પીછેહઠ જોવા મળી હતી. સેન્સેક્સ ૭૮૦.૧૮ પોઈન્ટ અથવા ૦.૯૨ ટકા ઘટીને ૮૪,૧૮૦.૯૬ પોઇન્ટની સપાટી પર, જ્યારે નિફ્ટી ૫૦ ૨૬૩.૯૦ પોઈન્ટ અથવા એક ટકા ઘટીને ૨૫,૮૭૬.૮૫ પોઇન્ટની સપાટી પર બંધ થયો હતો.

બીએસઇ પર લિસ્ટેડ કંપનીઓનું બજાર મૂડીકરણ ચાર દિવસમાં રૂ. ૯.૧૯ લાખ કરોડના કડાકા સાથે રૂ. ૪૭૨ લાખ કરોડની સપાટીએ પહોંચ્યું હતું.

યુએસ ટેરિફ અને એફઆઇઆઇના સતત આઉટફ્લો અંગે નવી ચિંતાઓ વચ્ચે સેન્ટિમેન્ટ સાવધ બન્યું હોવાથી સ્થાનિક બજારોમાં ઘટાડો આગળ સાથે કોર્પોરેટ કમાણીમાં વૃદ્ધિ અંગે આશાવાદ ધોવાઈ ગયો છે. મેટલ, ઓઇલ અને ગેસ તથા આઇટી શેરોમાં વ્યાપક સ્તરે વેચવાલી જોવા મળી હતી. વૈશ્વિક ભાવમાં ઘટાડાને કારણે પ્રોફિટા બુકિંગ શરૂ થતાં મેટલ શેરો ધોવાયા હતા, જ્યારે વેનેઝુએલા-યુએસ કટોકટીની ચિંતાઓને કારણે ઓઇલ અને ગેસ શેરોમાં ઘટાડો થયો હતો.

સેન્સેક્સ કંપનીઓમાંથી, લાર્સન એન્ડ ટુબ્રો, ટેક મહિન્દ્રા, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, ટાટા સ્ટીલ અને ટ્રેન્ટ સૌથી વધુ ઘટનારા શેરોમાં સામેલ હતા. બીજી તરફ, ઇટર્નલ, આઇસીઆઇસીઆઇ બેંક, બજાજ ફાઇનાન્સ અને ભારત ઇલેક્ટ્રોનિક્સ ટોપ ગેઇનરમાં સામેલ હતા. નિફ્ટીમાં સૌથી વધુ ઘટાડો નોંધાવનાર હિન્દાલ્કો ઇન્ડસ્ટ્રીઝ, ઓએનજીસી, જિયો ફાઇનાન્શિયલ, વિપ્રો, ટેક મહિન્દ્રાનો સમાવેશ હતો, જ્યારે વધારો નોંધાવનાર શેરમાં આઇસીઆઇસીઆઇ બેંક, ઇટર્નલ, એસબીઆઇ લાઇફ ઇન્શ્યોરન્સ, ભારત ઇલેક્ટ્રોનિક્સનો સમાવેશ હતો.

વૈશ્વિક ભાવના ઘટાડા સાથે મેટલ શેરોમાં વેચવાલીનું દબાણ વધ્યું હતું. નાલ્કોના શેરમાં છ ટકા સુધીનો કડાકો હતો. વેદાંતા અને હિંદુસ્તાન કોપરના ભાવમાં ચાર ટકા જેવો કડાકો જોવા મળ્યો હતો. હિંદુસ્તાન ઝિંકના શેરમાં બે દિવસમાં દસ ટકાનું ધોવાણ થયું છે. ટ્રમ્પે ૫૦૦ ટકા સુધીની ટેરિફની ધમકી આપી હોવાથી નિકાસલક્ષી કંપનીના શેર ધોવાયા હતા. ગોકલદાસ, અવન્તીના શેરમાં ૧૨ ટકા સુધીનો કડાકો હતો. ત્રીજા ક્વાર્ટરના અપડેટ બાદ કલ્યાણ જ્વેલર્સનો શેર એક ટકા તૂટ્યો હતો.

અમાગી મીડિયા લેબ્સનો રૂ. ૧,૭૮૮.૬૨ કરોડનો આઇપીઓ ૧૩ જાન્યુઆરીના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૧૬ જાન્યુઆરીના રોજ બંધ થશે. પ્રાઇસ બેન્ડ રૂ. ૩૪૩થી રૂ. ૩૬૧ પ્રતિ શેર છે અને અરજી માટે લોટ સાઇઝ ૪૧ શેરની છે. શેરની ફાળવણીને ૧૯ જાન્યુઆરીના રોજ અંતિમ સ્વરૂપ આપવામાં આવશે. બીએસઇ તથા એનએસઈ પર લિસ્ટિંગ ૨૧ જાન્યુઆરીએ થશે. લાર્સન એન્ડ ટૂબ્રોને ભારતીય સૈન્યદળ પાસેથી પીનાકા લોન્ચટર સિસ્ટમના અપગ્રેડેશન અને ઓવરહોલિંગનો ઓર્ડર મળ્યો છે.

રીઅલમીએ ભારતમાં તેની નંબર સીરીઝનો સત્તાવાર રીતે વિસ્તાર કર્યો છે, જેમાં રિઅલમી ૧૬ પ્રો પ્લસ અને રિયલમી પ્રો લોન્ચ કરવામાં આવ્યા છે. અગાઉના મોડેલોની જેમ, નવી સીરીઝમાં પ્રીમિયમ ડિઝાઇન, ડિસ્પ્લે અને કેમેરા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. આ નવી સીરીઝમાં ૭૦૦૦ એમએએચની વિશાળ બેટરી, તેમજ એઆઇની સુવિધાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. ભેલે વંદેભારત સ્લીપર ટ્રેન માટે અંડરસ્લંગ ટ્રેકશન કન્વર્ટર્સની સપ્લાઇ શરૂ કરી દીધી છે. કુલ ટ્રેડેડ શેરોમાં ૧૮૦થી વધુ શેર બાવન સપ્તાહના નીચલા સ્તર પર પહોંચ્યા હતા, જેમાં જ્યોતિ લેબ્સ, સેફાયર ફૂડ્સ, કોહાન્સ લાઇફ, બ્લુ જેટ, હેપ્પીએસ્ટ માઇન્ડ્સ, આઈઆરસીટીસી, પ્રીમિયર એનજીર્ઝ, જ્યુબિલન્ટ ફૂડવર્ક્સ, કોલગેટ પામોલિવ, પેજ ઇન્ડસ્ટ્રીઝ, બીએએસએફ, એફકોન્સ ઇન્ફ્રા, બાટા ઇન્ડિયા, વેદાંત ફેશન્સ, ક્લીન સાયન્સ, યુનાઇટેડ બ્રુઅરીઝ, વ્હર્લપૂલ, એડબલ્યુએલ એગ્રી વગેરેનો સમાવેશ થાય છે.

બીજી બાજુ, ૧૦૦થી વધુ શેર બાવન સપ્તાહના ઉપલા સ્તર પર પહોંચ્યા હતા, જેમાં ઇન્ડિયા સિમેન્ટ્સ, એઆઈએ એન્જિનિયરિંગ, આઈશર મોટર્સ, એક્સિસ બેંક, બજાજ ઓટો, પોલીકેબ, એમસીએક્સ ઇન્ડિયા, એનએમડીસી વગેરેનો સમાવેશ થાય છે.

શેરબજારમાં, ગોકલદાસ એક્સપોર્ટ્સ, કે.પી.આર. મિલ, પર્લ ગ્લોબલ ઇન્ડસ્ટ્રીઝ, એપેક્સ ફ્રોઝન ફૂડ્સ, અવંતિ ફીડ્સ સહિત નિકાસલક્ષી કંપનીઓના શેરમાં અમેરિકા તરફથી સંભવિત ૫૦૦ ટકા ટેરિફ પ્રતિબંધોના ભયને કારણે ચાર ટકાથી નવ ટકા સુધીના કડાકા જોવા મળ્યા હતા. ચાંદીના ભાવ રૂ. ૨.૫ લાખ પ્રતિકિલોથી નીચે આવતા હિન્દુસ્તાન ઝિંકના શેર આ સત્રમાં છ ટકા તૂટ્યા હતા, જ્યારે બિઝનેસ-જીએમના રાજીનામા પછી મીશોના શેર વધુ ચાર ટકા તૂટ્યા હતા. કંપની બોર્ડે સ્ટોક વિભાજન પર વિચારણા કરી હોવાના અહેવાલોએ એન્જલ વનના શેરના ભાવ બે ટકા તૂટ્યા હતા.

દરમિયાન, ભારતનો નાણાવર્ષ ૨૦૨૬નો પ્રથમ એડવાન્સ એસ્ટિમેટ જીડીપીમાં મજબૂત વૃદ્ધિનો સંકેત આપે છે, જે ઉત્પાદનમાં સુધારો અને સ્થિતિસ્થાપક સેવાઓ દ્વારા સંચાલિત છે, જે બાહ્ય અવરોધો છતાં થોડો આશાવાદ આપે છે. નજીકના ગાળામાં, બજારો સાવચેત રહેવાની અને ટ્રેડ રેન્જ બાઉન્ડ રહેવાની અપેક્ષા છે, જે ત્રીજા ક્વાર્ટર્રની કોર્પોરેટ કમાણી અને યુએસ ટેરિફથી પ્રેરિત હશે.

ચાંદીના ભાવમાં તીવ્ર તેજી પછી ઘટાડો થવા સાથે હિન્દુસ્તાન ઝિંકના શેરમાં બુધવારના સત્રમાં લગભગ બે ટકાનો કડાકો જોવા મળ્યો હતો. કંપની ભારતમાં ચાંદીની સૌથી મોટો ઉત્પાદક છે અને લઘુત્તમ ૯૯.૯ ટકા શુદ્ધતા સાથે શુદ્ધ ચાંદીનું ઉત્પાદન કરે છે. ટાઇટનના શેરમાં ત્રીજા ક્વાર્ટરના અપડેટ બાદ પાંચ ટકા જેવો ઉછાળો જોવા મળ્યો હતો, જેમાં કંપનીએ સ્ટેન્ડઅલોન ધોરણે ડિસેમ્બર ક્વાર્ટરમાં ૪૦ ટકાનો વાર્ષિક વિકાસ દર જાહેર કર્યો છે. મોર્ગન સ્ટેનલી દ્વારા ઇક્વલ વેઇટેજ પર ડાઉનગ્રેડ થયા પછી ઇન્ડિયન હોટેલ્સ કંપનીના શેરમાં એક ટકાનો કડાકો જોવા મળ્યો હતો. બ્લોક ડીલમાં ૧૩.૨૬ લાખ શેર ટ્રેડ થયા પછી બ્લિસ જીવીએસ ફાર્માના શેર ત્રણ ટકા વધ્યા, એક મહિનાના લોક-ઇન સમયગાળા પછી મીશોના શેરમાં પાંચ ટકાનો કડાકો જોવા મળ્યો હતો.

શેરબજારને માંડ કળ વળી હતી ત્યાં અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ફરી ઊંબાડિયું કર્યું હોવાથી વિશ્વભરના ઇક્વિટી માર્કેટને ધક્કો લાગ્યો છે. વેનેઝુએલા પર એટેક કરીને તેના પ્રમુખને કબજે કર્યા બાદ તેના ક્રૂડ ઓઇલ પર નિયંત્રણ મેળવવાની કવાયત શરૂ કરવા સાથે ટ્રમ્પે ભારત પર ૫૦૦ ટકા જેવી તોતિંગ ટેફિ ફટકારવાની ચીમકી પણ આપી છે.

અત્યાર સુધી કંપની પરિણામા બજારનું ચિત્ર બદલશે એવી આશા હતી, પરંતુ કોર્પોરેટ કમાણીના અહેવાલો પણ મિશ્ર આવી રહ્યાં છે. પરિબળોનું આ મિશ્રણ વ્યાપક બજારમાં ઘટાડો લાવી રહ્યું છે. પાછલા ચાપ સત્રમાં સેન્સેક્સ અને નિફ્ટી ૫૦ બંનેમાં નોંધપાત્ર નુકસાન જોવા મળ્યું છે. રોકાણકારો ભૂરાજકીય તણાવ, યુએસ ટેરિફની શક્યતા અને અસમાન કોર્પોરેટ કમાણી જેવા મિશ્ર પરિબળો વચ્ચે મૂંછાઇ રહ્યા હોવાથી આશાવાદ ધોવાઇ રહ્યો છે.

# ખાંડમાં ગુણવત્તાલક્ષી મિશ્ર વલણ

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૫૮૦થી ૩૬૩૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા. મથકો પર ટકેલું વલણ રહ્યું હોવાના નિર્દેશ ઉપરાંત આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટો અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી જળવાઈ રહી હતી, પરંતુ માલની ગુણવત્તાનુસાર ભાવમાં મિશ્ર વલણ રહ્યું હતું, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. છનો સુધારો અને ઉપલા મથાળેથી રૂ. આઠનો ઘટાડો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચાર ઘટી આવ્યા હતા. આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની એકંદર માગ જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતા આજે ભાવમાં બે તરફી સાંકડી વધઘટ જોવા મળી હતી, સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. છના સુધારા અને ઉપલા મથાળેથી રૂ. આઠના ઘટાડા સાથે રૂ. ૩૭૫૨થી ૩૮૨૨માં થયા હતા. મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારના ઘટાડા સાથે રૂ. ૩૮૭૬થી ૩૯૫૦માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા.

# ડૉલર સામે રૂપિયો ત્રણ પૈસા નરમ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સ તેમ જ બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં આગેકૂચ તેમ જ ભારતથી અમેરિકા ખાતે થતી નિકાસમાં અમેરિકા ટૅરિફમાં વધારો કરે તેવી ભીતિ હેઠળ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં ગાબડાં અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલીનું દબાણ જળવાઈ રહ્યું હોવાથી આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો દબાણ હેઠળ રહેતાં ત્રણ પૈસા નબળો પડીને ૮૯.૯૦ની સપાટીએ બંધ રહ્યો હોવાનું સ્થાનિક ટ્રેડરોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૯.૯૨ના બંધ સામે સાધારણ નરમાઈના અન્ડરટોને ૮૯.૯૬ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૦.૧૪ અને ઉપરમાં ૮૯.૭૩ની રેન્જમાં અથડાઈને અંતે ત્રણ પૈસાના ઘટાડા સાથે ૮૯.૯૦ના મથાળે બંધ રહ્યો હતો.

હાલના તબક્કે ભારત અમેરિકા તરફથી ટૅરિફ વૃદ્ધિનાં ભયનો સામનો કરી રહ્યું છે અને જે અમેરિકા ટૅરિફમાં ૧૦ બેસિસ પૉઈન્ટનો પણ વધારો કરે તો પાઈપલાઈનમાં રહેલી ટ્રેડ ડીલનો કોઈ અર્થ નહીં રહે, એમ ફિનરેક્સ ટ્રેઝરી એડ્વાઈઝરીનાં ટ્રેઝરી હેડ અને એક્ઝિક્યુટીવ ડિરેક્ટર અનિલ કુમાર ભણસાળીએ જણાવતાં ઉમેર્યું હતું કે આજે રિઝર્વ બૅન્કની ડૉલરમાં વેચવાલી રહેતાં રૂપિયામાં મર્યાદિત ઘટાડો જોવા મળ્યો હતો. જોકે, વર્તમાન સ્થિતિને ધ્યાનમાં લેતા આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયો ૮૯.૮૦થી ૯૦.૩૦ની રેન્જમાં રહે તેવી શક્યતા જણાય છે.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૨ ટકા વધીને ૯૮.૭૦ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૦.૮૫ ટકા વધીને બેરલદીઠ ૬૦.૪૭ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે સ્થાનિક સ્તરે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ૭૮૦.૧૮ પૉઈન્ટના અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી ૨૬૩.૯૦ પૉઈન્ટના ઘટાડા સાથે બંધ રહ્યો હોવાથી તેમ જ ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૧૫૨૭.૭૧ કરોડની ચોખ્ખી વેચવાલી રહેતાં રૂપિયો નબળો પડ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પબ્લિક નોટિસ**

અમારા અસિલની સૂચના હેઠળ આથી **ખબર** આપવામાં આવે છે કે અમે અહીં નીચે લખેલ **પરિશિષ્ટ**માં વધુ વિગતવાર વર્ણવેલ માલિક દ્વારા સંપૂર્ણપણે અને એક્સકલુસીવલી ધરાવાયેલ સદર બિલ્ડિંગના ટોપ ફલોર ઉપરની અગાશી અને સદર બિલ્ડિંગના બેઝમેન્ટમાં નં. ૯૦૧-A, ૯૦૧-B, ૧૦૦૧-A અને ૧૦૦૧-B ધરાવતી ૪ કાર પાર્કિંગ જગ્યાઓ સાથે અશોકનગર કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી લિમિટેડના શેર્સ અને તેના પર ઊભેલ ''ટેન્થ એવન્યુ'' તરીકે જાણીતી રહેણાંક બિલ્ડિંગ સાથે જમીનના લીઝહોલ્ડ પ્લોટની બાબતમાં **શ્રી. સુનિલ ચંદુલાલ શાહ (''માલિક'')**ના ટાઈટલની તપાસ કરી રહ્યા છે.

માલિકે રજૂઆત કરી છે કે ''ટેન્થ એવન્યુ'' બિલ્ડિંગ સંપૂર્ણપણે તેમાં રહેતા ભોગવટેદારો દ્વારા સંપૂર્ણપણે ઓક્યૂપાઈડ છે, જેઓ સદર બિલ્ડિંગમાં તેમની સંબંધિત કાર પાર્કિંગ જગ્યાઓ સાથે તેમની સંબંધિત પ્રીમાઈસીસનો ભોગવટો કરી રહ્યા છે.

વ્યક્તિઓ, હિન્દુ અવિભાજિત પરિવાર, કંપની, બેંકો, નાણાંકીય સંસ્થા/ઓ, નોન-બેંકિંગ નાણાંકીય સંસ્થા/ઓ, પેઢી, શખ્સોનું સંગઠન કે વ્યક્તિઓની સંસ્થા, સ્થપાયેલ હોય કે ના હોય, ધિરાણકર્તાઓ અને/અથવા લેણદારો સહિત **તમામ શખ્સો** જે FSI કે TDR સહિત અહીં નીચે વર્ણવેલ સદર મિલકત કે તેના કોઈપણ ભાગ કે હિસ્સાની બાબતમાં વેચાણ, અદલાબદલી, ગીરો, (ઈક્વિટેબલ કે અન્યથા), ભેટ, ટ્રસ્ટ, બિકવેસ્ટ, કબજો, લિઝ, સબ-લીઝ, એસાઈનમેન્ટ, ટેનાન્સી, લાયસન્સ, ચાર્જ, લિઅન, ઈઝમેન્ટ, વિકાસ હક્કો, લોન્સ, એડવાન્સીઝ, પ્રિસ્ક્રિપ્શનના કે પ્રી-એમ્પ્શનના હક્ક, અથવા કોઈપણ કરાર હેઠળ અથવા અન્ય નિકાલ અથવા કોઈપણ સંયુક્ત સાહસ કરાર કે કોઈપણ લિસપેન્ડન્સ હેઠળ, ઈજેક્શન, જપ્તી, કાયદાની કોઈપણ કોર્ટ દ્વારા પસાર કરાયેલ ડિક્રિ, હુકમ કે એવોર્ડ હેઠળ, ટ્રિબ્યુનલ, રેવન્યુ કે સ્ટેચ્યુટરી ઓથોરિટી કે આર્બિટ્રેશન કે બીજી કોઈપણ રીતે કોઈપણ દાવો, હક્ક, ટાઈટલ, હિસ્સો અને/અથવા હિત ધરાવતા હોય તો આથી વિનંતી કે સદરની જાણ લેખિતમાં અમને સહાયક દસ્તાવેજી પુરાવા સાથે અહીં નીચે દર્શાવેલ સરનામે આ તારીખથી ૧૦ દિવસમાં કરે, જેના નિષ્ફળ જવા પર આવા શખ્સ કે શખ્સોના દાવાઓ, જો કોઈ હોય તો ત્યજી દિધેલ અને/કે છોડી દીધેલ તરીકે ગણાશે અને અમારી દ્વારા ટાઈટલ સર્ટિફિકેટ ઈશ્યૂ કરવામાં આવશે.

**ઉપર ઉલ્લેખેલ પરિશિષ્ટ**

અશોક નગર કો-ઓપરેટિવ હા.સો. લિ.ના તા. ૨૪-૩-૧૯૭૫ના ડુપ્લિકેટ શેર સર્ટિફિકેટ નં. ૨૯માં સમાવિષ્ટ વિશિષ્ટ નં. ૧૪૧થી ૧૪૫ (બંને સહિત) ધરાવતા દરેક રૂ. ૧૦૦/-ના **તે તમામ** ૫ ફૂલ્લી પેઈડ - અપ શેર્સ તથા તેના પર ઊભેલ ''ટેન્થ એવન્યૂ'' તરીકે જાણીતી રહેણાંક બિલ્ડિંગ સાથે ગામ જુહુ તાલુકા અંધેરી જિલ્લો મુંબઈ પરાં નોંધણી પેટા-જિલ્લા બાંદ્રામાં સ્થિત CTS નં. ૭૬૧ ધરાવતો અને સર્વે નં. ૭૦નો ભાગ અને જુહુ વિલેપાર્લા ડેવલપમેન્ટ સ્કીમમાં પ્લોટ નં. ૪/૧નો ભાગ હોઈ અને અશોક નગર કો.ઓ. હા.સો.લિ.ની સ્કીમનો પ્લોટ નં. ૨૩ ધરાવતો ભરતમાં ૯૭૩ ચો. વાર, ૮૧૪ ચો.મી.ની સમકક્ષ કે તે સુમારે (P.R. કાર્ડ ભરતમાં ૮૧૩.૪ ચો.મી. મુજબ) જમીનનો **તે તમામ** ટુકડો અથવા કકડો જે N.S. રોડ નં. ૧૦D, J.V.P.D. સ્કીમ વિલેપાર્લા (પ.), મુંબઈ-૪૯ ખાતે ભરતમાં ૨૪૧.૫૪ ચો. મી. કે તે સુમારે, સદર બિલ્ડિંગના ટોપ ફલોરની ઉપર અગાશી અને સદર બિલ્ડિંગના બેઝમેન્ટમાં નં. ૯૦૧-A, ૯૦૧-B, ૧૦૦૧-A અને ૧૦૦૧-B ધરાવતી ૪ કાર પાર્કિંગ જગ્યાઓ સાથે છે, જે તેમાંના ભોગવટેદારો દ્વારા સંપૂર્ણપણે ઓક્યુપાઈડ છે અને જમીનનો જે પ્લોટ નીચે પ્રમાણે ઘેરાયેલ છે.

**પૂર્વે કે તે તરફ** : ૪/૧નો પ્લોટ નં. ૩૦ અને ૩૧ના ભાગો દ્વારા,
**પશ્ચિમે કે તે તરફ** : JVPD સ્કીમના ૧૦મા રોડ તરીકે જાણીતા ૧૦૦' પહોળા રોડ દ્વારા
**ઉત્તરે કે તે તરફ** : ૪/૧ના પ્લોટ નં. ૨૪ દ્વારા, અને
**દક્ષિણે કે તે તરફ** : ૪/૧ના પ્લોટ નં. ૨૨ દ્વારા.

આજ તારીખ ૯મી જાન્યુઆરી, ૨૦૨૬

LAW POINT
ADVOCATES & SOLICITORS
૩૦૧, વૈભવ ચેમ્બર્સ, ૩જો માળ,
જગત વિદ્યા માર્ગ,
BKC મેટ્રો સ્ટેશન (A૩ એક્ઝિટ) પાસે,
બાંદ્રા-કુર્લા કોમ્પ્લેક્ષ, બાંદ્રા (પૂર્વ),
મુંબઈ-૪૦૦ ૦૫૧.
Email:response@lawpointindia.com


# દેશી-આયાતી તેલમાં સુધારાતરફી વલણ

મુંબઈઃ શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના વાયદામાં સાધારણ એક સેન્ટનો સુધારો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ ઉપરાંત આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં નવ રિંગિટ વધી આવ્યા હતા. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ ઉપરાંત સ્થાનિક બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે છૂટાછવાયા વેપાર ગોઠવાતા આયાતી તેલમાં ૧૦ કિલોદીઠ સોયા રિફાઈન્ડ અને સન રિફાઈન્ડમાં રૂ. ૧૦નો તથા દેશી તેલમાં કપાસિયા રિફાઈન્ડ તથા સરસવના ભાવમાં અનુક્રમે રૂ. ૧૦ અને રૂ. ૧૫ વધી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ઈમામીના આરબીડી પામોલિનના રૂ. ૧૨૪૫ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૮૫, ગોકુલ એગ્રોના આરબીડી પામોલિનના રૂ. ૧૨૪૫, પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના રૂ. ૧૨૬૨, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૦૨ અને સન રિફાઈન્ડના રૂ. ૧૫૧૭, એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૨૫૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૮૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૫૩૦ અને ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિનના રૂ. ૧૨૬૮ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ છૂટાછવાયા વેપારો પણ ગોઠવાયા હતા. આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની ૧૫,૦૦૦ ગૂણીની આવક ઉપરાંત ગઈકાલની શેષ ૩૦,૦૦૦ ગૂણી મળી કુલ ૪૫,૦૦૦ ગૂણીના વેપાર મણદીઠ રૂ. ૧૨૦૦થી ૧૩૮૦માં અને રાજકોટ મથકે આજે નવી કોઈ આવક નહોતી, પરંતુ ગઈકાલની શેષ ૪૦,૦૦૦ ગૂણીના વેપાર મણદીઠ રૂ. ૧૨૦૦થી ૧૪૦૦માં થયા હતા.

તેમ જ આજે મધ્ય પ્રદેશનાં મથકો પર સોયાસીડની અંદાજે ૧.૭૦ લાખ ગૂણીની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૪૮૫૦થી ૫૧૫૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૫૧૦૦થી ૫૧૫૦માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. હાજરમાં આજે વિવિધ દેશી-આયાતી તેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૬૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૦૫, સન રિફાઈન્ડના રૂ. ૧૫૨૦, સિંગતેલના રૂ. ૧૬૦૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૨૮૫ અને સરસવના રૂ. ૧૫૦૦ના મથાળે રહ્યા હતા, જ્યારે આજે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૫૦૫માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૫૭૫માં ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# ટીન, નિકલ અને કોપરની આગેવાની હેઠળ ધાતુમાં પીછેહઠ

મુંબઈઃ વૈશ્વિક વેપારની અનિશ્ચિતતાના માહોલમાં આજે લંડન ખાતે કોપર સહિતની ચોક્કસ ધાતુઓમાં નરમાઈનું વલણ રહ્યું હોવાના નિરુત્સાહી અહેવાલોને ધ્યાનમાં લેતા આજે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ એકમાત્ર એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ ધાતુઓના ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ૭૭ સુધીનો ઘટાડો જોવા મળ્યો હતો. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે મુખ્યત્વે ટીન નિકલ અને કોપરની તમામ વેરાઈટીઓમાં સ્ટોકિસ્ટોની આક્રમક નફારૂપી વેચવાલીનું દબાણ અને ભાવઘટાડાના માહોલમાં સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવમાં કડાકા જોવા મળ્યા હતા, જેમાં નિકલના ભાવ કિલોદીઠ રૂ. ૭૭ ઘટીને રૂ. ૧૬૧૩, ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૫૪ ઘટીને રૂ. ૪૦૮૯, કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૩૯ ઘટીને રૂ. ૧૨૩૫, કોપર સ્ક્રેપ હેવી અને કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. ૨૦ ઘટીને અનુક્રમે રૂ. ૧૧૬૪ અને રૂ. ૧૧૫૫ તથા કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૧૨ ઘટીને રૂ. ૧૦૭૩ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે ટીન, નિકલ અને કોપરની આગેવાની હેઠળ અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં જે ધાતુઓના ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. આઠ ઘટીને રૂ. ૩૧૦, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. સાત ઘટીને રૂ. ૩૧૨, બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને રૂ. ૮૧૫, લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૧૯૦ અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને રૂ. ૬૯૭ના મથાળે રહ્યા હતા. જોકે, આજે એકમાત્ર એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં સાર્વત્રિક સ્તરેથી છૂટીછવાઈ માગ જળવાઈ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૨૨૫ના મથાળે ટકેલા રહ્યાના અહેવાલ હતા.

કૉમોડિટી ઈન્ડેક્સનાં રિબેલેન્સિંગનો આરંભ

# વૈશ્વિક ચાંદીમાં ૩.૨ ટકાનો કડાકો બોલાતા સ્થાનિક ચાંદીમાં ₹ ૧૨,૧૭૪નું ગાબડું, સોનામાં ₹ ૯૦૨ની પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક સ્તરે કૉમૉડિટી ઈન્ડેક્સના રિબેલેન્સિંગનો આરંભ થવાની સાથે આજે ડૉલર ઈન્ડેક્સમાં પણ મજબૂત વલણ રહ્યું હોવાથી લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ૦.૬ ટકા ઘટીને અને ચાંદીના ભાવ ૩.૨ ટકા ઘટીને ક્વૉટ થઈ રહ્યા હતા. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૮૯૯થી ૯૦૨નો ઘટાડો આવ્યો હતો, જ્યારે વિશ્વ બજાર પાછળ ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૧૨,૧૭૪નું ગાબડું પડ્યું હતું.

આજે વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ નફારૂપી વેચવાલીનું દબાણ અને નવી લેવાલીનો અભાવ રહેવાની સાથે ઔદ્યોગિક વપરાશકારોની માગ પણ ખપપૂરતી રહેતાં વેરારહિત ધોરણે ભાવ ગઈકાલના બંધ સામે કિલોદીઠ રૂ. ૧૨,૧૭૪ના ઘટાડા સાથે રૂ. ૨,૩૫,૮૨૬ના મથાળે રહ્યા હતા. તે જ પ્રમાણે સોનામાં પણ સ્ટોકિસ્ટો અને રોકાણકારોની છૂટીછવાઈ વેચવાલી અને જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ નિરસ રહેતાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૧૦ ગ્રામદીઠ રૂ. ૮૯૯ ઘટીને રૂ. ૧,૩૫,૨૨૯ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૯૦૨ના ઘટાડા સાથે રૂ. ૧,૩૫,૭૭૩ના મથાળે રહ્યા હતા.

આજે લંડન ખાતે સત્રના આરંભે હાજર અને વાયદામાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૬ ટકા ઘટીને અનુક્રમે ઔંસદીઠ ૪૪૨૮.૦૬ ડૉલર અને ૪૪૩૬.૩૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૩.૨ ટકા તૂટીને ઔંસદીઠ ૭૫.૬૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. હાલમાં કૉમૉડિટી ઈન્ડેક્સનું રિબેલેન્સિંગ થઈ રહ્યું હોવાથી આજે સોના અને ચાંદીના ભાવ દબાણ હેઠળ રહેશે. આ રિબેલેન્સિંગ આગામી પાંચ દિવસ ચાલશે એમ સાક્સો બૅન્કના કૉમૉડિટી સ્ટ્રેટેજી હેડ ઓલે હૅન્સને જણાવતાં ઉમેર્યું હતું કે આ બેલેન્સિંગને પગલે કોમેક્સ ફ્યુચર હેઠળ પ્રત્યેક મેટલમાં છથી સાત અબજ ડૉલરના મૂલ્યનું વેચાણ જોવા મળી શકે છે. હાલનાં વૈશ્વિક કૉમૉડિટીના વર્તમાન ભાવને ધ્યાનમાં લઈને આ સપ્તાહથી બ્લૂમબર્ગ કૉમૉડિટી ઈન્ડેક્સનું રિબેલેન્સિંગ શરૂ થયું છે. આ સપ્તાહના આરંભમાં અમેરિકા-વેનેઝુએલા વિવાદ સપાટી પર આવતાં સોના અને ચાંદી સહિતની કિંમતી ધાતુઓના ભાવમાં સુધારો જોવા મળ્યો હતો, પરંતુ હવે રોકાણકારોનું ધ્યાન રિબેલેન્સિંગ તરફ વળી જતાં ભાવમાં પીછેહઠ જોવા મળી હોવાનું તેમણે ઉમેર્યું હતું.

વધુમાં આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ વધીને એક મહિનાની ઊંચી સપાટી આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવાથી અને રોકાણકારોની નજર આવતીકાલે જાહેર થનારા અમેરિકાના રોજગારીના ડેટા પર સ્થિર થઈ હોવાથી તેઓનો નવી લેવાલીમાં નિરુત્સાહ રહ્યો હતો.

એચએસબીસીએ આજે એક અહેવાલમાં જણાવ્યું છે કે વૈશ્વિક સ્તરે ભૂરાજકીય તણાવ અને અમેરિકાની વધતી રાજકોષીય ખાધને ધ્યાનમાં લેતા વર્ષ ૨૦૨૬ના પહેલા છ માસિકગાળામાં સોનાના ભાવ વધીને ઔંસદીઠ ૫૦૦૦ની સપાટી સુધી પહોંચી શકે છે, જ્યારે ચાંદીમાં પુરવઠાખેંચ, રોકાણલક્ષી માગ અને સોનાના ઊંચા ભાવને ધ્યાનમાં લેતા ચાંદીના ભાવ ઔંસદીઠ ૫૮થી ૮૮ ડૉલરની રેન્જમાં રહી શકે છે. જોકે, આ વર્ષે બજારમાં કરેક્શનની પણ શક્યતા અહેવાલમાં વ્યક્ત કરવામાં આવી છે.

# શૅરબજારમાં જબરી વેચવાલી, સેક્ટરલ અને બ્રોડબેઝ્ડ સહિત બધા ઈન્ડેક્સ ગબડ્યા

મુંબઇઃ શેરબજારમાં જબરી વેચવાલીના માહોલમાં સેક્ટરલ અને બ્રોડબેઝ્ડ સહિત બધા ઈન્ડેક્સ ઘટ્યા હતા. મેટલ, ઓઈલ એન્ડ ગેસ અને પાવર સેક્ટરના શેરોમાં ધરખમ ઘટાડો જોવા મળ્યો હતો અને માર્કેટ કેપમાં રૂ. ૭.૭૪ લાખ કરોડનુ ધોવાણ જોવા મળ્યું હતું.

ગુરુવારે બીએસઈ સેન્સેક્સ ગત બુધવારના ૮૪,૯૬૧.૧૪ના બંધથી ૭૮૦.૧૮ પોઈન્ટ્સ (૦.૯૨ ટકા) ઘટ્યો હતો. સેન્સેક્સ ૮૪,૭૭૮.૦૨ ખૂલી ઊંચામાં ૮૪,૯૬૫.૨૭ અને નીચામાં ૮૪,૧૧૦.૧૦ સુધી જઈને છેવટે ૮૪,૧૮૦.૯૬ બંધ રહ્યો હતો. સેન્સેક્સની ચાર સ્ક્રિપ્સ વધી હતી જ્યારે ૨૬ સ્ક્રિપ્સ ઘટી હતી. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૧.૯૯ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૧.૯૭ ટકા ઘટ્યા હતા. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૧.૭૮ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૧.૩૯ ટકા ઘટ્યો હતો.

બધા સેક્ટરલ ઈન્ડેક્સ ઘટ્યા હતા, જેમાં મુખ્યત્વે મેટલ ૩.૩૪ ટકા, ઓઈલ એન્ડ ગેસક ૩.૧૫ ટકા, પાવર ૨.૯૨ ટકા, એનર્જી ૨.૬૪ ટકા, કોમોડિટીઝ અને ઈન્ડસ્ટ્રિયલ્સ ૨.૩૬ ટકા, કેપિટલ ગુડ્સ ૨.૩૧ ટકા, પીએસયુ બેન્ક ૨.૨૧ ટકા અને ફોકસ્ડ આઈટી ૨.૦૪ ટકા ઘટ્યા હતા.

એક્સચેન્જમાં ૪,૩૬૬ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૧,૦૩૯ સ્ટોક્સ વધ્યા હતા, ૩,૧૫૭ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૭૦ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૧૧૩ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૧૯૦ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. ૫ સ્ટોક્સને ઉપલી જ્યારે ૧૦ સ્ટોક્સને નીચલી સર્કીટ લાગી હતી.

સેન્સેક્સ સમાવિષ્ટ સ્ક્રિપ્સમાં ઈટર્નલ ૦.૯૧ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૦.૪૮ ટકા, બજાજ ફાઈનાન્સ ૦.૨૯ ટકા અને બીઈએલ ૦.૦૧ ટકા વધ્યા હતા, જ્યારે મુખ્યત્વે લાર્સન ૩.૩૫ ટકા, ટેક મહિન્દ્ર ૨.૯૪ ટકા, તાતા કન્સલ્ટન્સી ૨.૭૪ ટકા, રિલાયન્સ ૨.૨૫ ટકા, ટાટા સ્ટીલ ૧.૯૩ ટકા, ટ્રેન્ટ ૧.૭૫ ટકા, પાવર ગ્રીડ ૧.૭૪ ટકા, ઈન્ફોસિસ ટેકનોલોજી ૧.૫૪ ટકા, એનટીપીસી ૧.૩૮ ટકા, સન ફાર્મા ૧.૨૬ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૧.૧૪ ટકા અને બજાજ ફિનસર્વ ૧.૧૨ ટકા ઘટ્યા હતા. બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં ગુરુવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૩૫૬.૩૯ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૨,૦૯૫ સોદામાં ૧,૬૮૬ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૫૩,૬૯,૪૦૭ કોન્ટ્રેક્ટ્સના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા.

# કૃષિ ખાદ્ય, કૃષિ ટૅક સ્ટાર્ટઅપ્સ અને નિકાસ પ્રોત્સાહિત કરવા અપેડાનાં પગલાં

નવી દિલ્હીઃ વાણિજ્ય મંત્રાલય હેઠળની એગ્રિકલ્ચરલ ઍન્ડ પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટ એક્સપોર્ટ ડેવલોપમેન્ટ ઑથૉરિટીએ કૃષિ ખાદ્ય અને કૃષિ ટૅક સ્ટાર્ટઅપ્સને ટેકો આપવા અને સંશોધનો તથા યુવા ઉદ્યોગ સાહસિકો માટે નવી નિકાસ તકો ઊભી કરવાના આશયથી એક પહેલ શરૂ કરી છે. અપેડાના ચેરમેન અભિષેક દેવે જણાવ્યું હતું કે અમે કૃષિ ક્ષેત્ર અને સ્ટાર્ટઅપ્સને સઘમ બનાવવા માટે ભારતી અર્થાત્ જેનો અર્થ ભારત હબ ફોર એગ્રિટેક, રિસાયલન્સ, એડવાન્સમેન્ટ ઍન્ડ ઈન્ક્યુબેશન ફોર એક્સપોર્ટ એનાબલમેન્ટ નામક કાર્યક્રમ તૈયાર કર્યો છે. કાર્યક્રમ હેઠળ અમે ટોચના ૧૦ સ્ટાર્ટઅપ્સને આંતરરાષ્ટ્રીય પ્લેટફોર્મ પર તેનાં ઉત્પાદનો પ્રદર્શિત કરવાની તક આપશું, એમ દેવે અત્રે ગ્રેટર કૈલાશ ખાતે યોજાયેલા ઈન્ડ્સફૂડ ૨૦૨૬ શૉ પશ્ચાત્ પત્રકાર વર્તુળોને જણાવ્યું હતું.


## પશ્ચિમ રેલવે - ભાવનગર ડિવિઝન

**વિવિધ એન્જીનિયરીંગ કામ**

| ક્રમ નં. | ઈ-ટેન્ડર નં. | કામનું નામ | ટેન્ડર મૂલ્ય (₹) | ઈએમડી (₹) |
|---|---|---|---|---|
| ૦૧ | ૨૫૦-૨૦૨૫-૨૬ | ગ્રુપ કામ (૧) રાજકોટ - જેતલસર સેક્શન - TRR(P) ૫.૩૨૦ TKM ના મંજૂર થયેલા કામની સામે ટ્રેક રિન્યુઅલ કામ (૨) ભાવનગર ડિવિઝન : સિનિ. DEN(C) અધિકારક્ષેત્ર હેઠળ ૨.૦૦ કિ.મી. રેલનું કેઝ્યુઅલ રિન્યુઅલ. | ૧,૩૨,૯૮,૫૩૬.૬૫ | ૨,૧૬,૫૦૦.૦૦ |
| ૦૨ | ૨૫૧-૨૦૨૫-૨૬ | માર્ગ અને મકાન તરફથી થયેલ માંગણી મુજબ રોડ સપાટીના વિસ્તરણ માટે સાસણગીર - તલાલા વચ્ચે કિ.મી. ૧૩૬/૨-૩ ખાતે પ્રસ્તાવિત LC નં. ૧૧૮/C | ૭૫,૨૩,૯૮૮.૪૯ | ૧,૫૦,૫૦૦.૦૦ |
| ૦૩ | ૨૫૨-૨૦૨૫-૨૬ | MLB થી ELB માટે ડબલ ઇલેક્ટ્રિકલ લિફ્ટીંગ બેરીયરની જોગવાઈ અને LC ગેટ નં. ૩ Spl (સિહોર-પાલીતાણા) અને 82X (જૂનાગઢ-શાપુર) નું વિસ્તરણ. | ૬૭,૫૯,૨૬૭.૪૯ | ૧,૩૫,૨૦૦.૦૦ |

**ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે :- બિડિંગ પ્રારંભ થવાની તારીખ :** ૧૬-૦૧-૨૦૨૬ **અને બિડિંગ બંધ થવાની તારીખઃ** ૩૦-૦૧-૨૦૨૬

**વેબસાઈટ વિગતઃ** www.ireps.gov.in BVP-237

અમને લાઇક કરોઃ facebook.com/WesternRly • અમને ફોલો કરોઃ x.com/WesternRly

# શિવાજી પાર્કમાં રવિ-સોમ ચૂંટણીનું રણમેદાન

## ઠાકરે બંધુઓની ૧૧મીએ અને મહાયુતિની ૧૨મીએ પ્રચાર રેલી

મુંબઈઃ મુંબઈ સહિત મહારાષ્ટ્રની ૨૯ મહાનગરપાલિકા માટે ચૂંટણી યોજાવાની છે ત્યારે દરેક પાલિકા ક્ષેત્રમાં જાહેર સભાઓ, પ્રચાર રેલીઓ યોજાઇ રહી છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની સભાઓ પણ યોજાઇ રહી છે. ઠાકરે બંધુઓની અત્યાર સુધી એક જ સભા યોજાઇ છે. રાજકીય પક્ષો માટે શિવાજી પાર્ક પરની સભાઓની તારીખો નક્કી થઇ ગઇ છે. ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરેને ૧૧મી તારીખ આપવામાં આવી છે. શિવસેના ભાજપની સંયુક્ત સભા ૧૨મી જાન્યુઆરીએ યોજાશે. ત્યારે ફડણવીસ અને શિંદે શક્તિ પ્રદર્શન કરશે.

શિવસેના યુબીટી, મનસે, શિંદેની શિવસેના અને ભાજપ એમ ચાર પક્ષોએ શિવાજી પાર્કમાં સભા યોજવા માટે મુંબઈ પાલિકાને પત્ર લખ્યો હતો. ઉદ્ધવ અને રાજની ૧૧મી જાન્યુઆરીએ સાંજે છ વાગ્યે જાહેર સભા યોજાશે, જ્યારે ફડણવીસ અને શિંદે સેનાની સભા ૧૨મી જાન્યુઆરીએ યોજાશે. મુંબઈ પાલિકા માટે

(જુઓ પાનું ૪) ▸▸

# ૧૫ જાન્યુઆરીએ જાહેર રજા

## સરકારી આદેશ જારીઃ ૨૦૨૬ની ૨૪ જાહેર રજાઓમાં આ રજાનો સમાવેશ

મુંબઈઃ મહાનગરપાલિકાઓની ચૂંટણીને ધ્યાનમાં રાખી મતદાનની ટકાવારી વધારવાને ઇરાદે રાજ્ય સરકાર દ્વારા ૧૫ જાન્યુઆરીએ જાહેર રજાનો આદેશ જારી કરાયો હતો. ૨૦૨૬ની ૨૪ જાહેર રજાઓમાં આ રજાનો સમાવેશ કરવાનો પણ નિર્ણય સરકારે લીધો હતો.

રાજ્યની ૨૯ મહાપાલિકાની ચૂંટણી માટે ૧૫ જાન્યુઆરીએ મતદાન થવાનું છે. મતદારો મતદાનની ફરજ બજાવી શકે તે માટે આગામી ગુરુવારે રજા કરવામાં આવી હતી. જોકે સરકારે અગાઉ જાહેર કરેલી આ રજાનો ૨૦૨૬ની ૨૪ સાર્વજનિક રજામાં સમાવેશ નહોતો. હવે તેને સાર્વજનિક રજામાં ગણવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. 'આ સાર્વજનિક રજા માત્ર મુંબઈ શહેર, ઉપનગર અને જિલ્લાના ૨૯ મહાપાલિકા વિસ્તારમાં લાગુ રહેશે, એવું અખબારી યાદીમાં જણાવાયું હતું. આ રજાને કારણે મુંબઈ

(જુઓ પાનું ૪) ▸▸

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

# મોદીને વડા પ્રધાન બનાવવા મેં પ્રચાર કરેલો અને તેઓએ જ મારા પક્ષને નષ્ટ કર્યોઃ ઉદ્ધવ ઠાકરે

મુંબઈઃ ૨૦૧૪ અને ૨૦૧૯માં નરેન્દ્ર મોદી વડા પ્રધાન બને તે માટે પ્રચાર કર્યો હતો, પણ તેમણે જ મારા પક્ષનો નાશ કર્યો છે, એવી ટીકા શિવસેના (યુબીટી)ના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ કરી હતી.

'૨૦૧૪ અને ૨૦૧૯માં નરેન્દ્ર મોદીને વડા પ્રધાન બનાવવા માટે મેં પ્રચાર કર્યો તેનું મને દુઃખ અને ગુસ્સો છે. બે વખત તેમને સમર્થન આપ્યા બાદ પણ તેઓએ મારા પક્ષના ભાગલાં પાડી નાખ્યા', એમ ઉદ્ધવે એક ઇન્ટરવ્યૂમાં જણાવ્યું હતું.

'હું ત્યારે કહેતો હતો કે નરેન્દ્ર મોદીએ જ વડા પ્રધાન બનવું જોઇએ અને હવે તેઓ કહી રહ્યા છે કે મારે સમાપ્ત થઇ

(જુઓ પાનું ૪) ▸▸

### રાજ સાથેની એકતા અખંડઃ ઉદ્ધવ

મુંબઈઃ મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના અધ્યક્ષ રાજ ઠાકરે સાથેની યુતિ કાયમ માટે જળવાઈ રહેશે, અમે ક્યારેય અલગ નહીં થઈએ એમ શિવસેના (યુબીટી)ના અધ્યક્ષ ઉદ્ધવ ઠાકરેએ ગુરુવારે જણાવ્યું હતું. પાલિકા ચૂંટણી પૂર્વે ઠાકરે બંધુ એકત્ર આવ્યા છે. ઉદ્ધવ ઠાકરેએ પીટીઆઈને એક મુલાકાતમાં જણાવ્યું હતું કે અમે અલગ હતા ત્યાં સુધી લોકો અમને પૂછતા હતા કે કેમ ભેગા નથી થઈ રહ્યા. હવે તેઓ પૂછી રહ્યા છે કે અમે કેમ ભેગા

(જુઓ પાનું ૪) ▸▸

### વિરોધ પક્ષો પાસે એકતા સિવાય કોઈ વિકલ્પ નથીઃ ઉદ્ધવ ઠાકરે

મુંબઈઃ શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરેએ ગુરુવારે કૉંગ્રેસ અને પ્રાદેશિક ખેલાડીઓ સહિત વિપક્ષની એકતાની જરૂરિયાત પર ભાર મૂકી જણાવ્યું હતું કે તેના સિવાય બીજો કોઈ વિકલ્પ નથી.

પીટીઆઈ વીડિયો દ્વારા ઈન્ડિયા બ્લોક અસ્તિત્વમાં છે કે કેમ તે અંગે પૂછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં ઠાકરેએ કહ્યું હતું કે થોડી તપાસ કરી જાણકારી મેળવો કે ઈન્ડિયા બ્લોક

(જુઓ પાનું ૪) ▸▸

### પાલિકા પર ભાજપનું શાસન મરાઠી માણૂસને નબળો પાડશેઃ રાજ ઠાકરે

મુંબઈઃ મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના અધ્યક્ષ રાજ ઠાકરેએ ભાજપ પર આકરા પ્રહાર કરી આરોપ કર્યો છે કે મુંબઈને મહારાષ્ટ્રથી અલગ કરવા માગતા લોકો કેન્દ્ર અને રાજ્યમાં સત્તામાં છે. સાથે તેમણે ચેતવણી આપી છે કે જો મહાનગરપાલિકા પર ભાજપનું નિયંત્રણ આવશે તો મરાઠી માણૂસ નબળો પડી જશે.

ગુરુવારે રાજ અને શિવસેના (યુબીટી) ના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેના

(જુઓ પાનું ૪) ▸▸

# અંબરનાથમાં કૉંગ્રેસના ૧૨ સસ્પેન્ડેડ કાઉન્સિલર ભાજપમાં જોડાયા

થાણેઃ ચૂંટણી પછી ભાજપ સાથે જોડાણ કરવા બદલ કૉંગ્રેસ દ્વારા સસ્પેન્ડ કરવામાં આવેલા અંબરનાથ મ્યુનિસિપલ કાઉન્સિલના બાર નવા ચૂંટાયેલા કાઉન્સિલર ઔપચારિક રીતે ભારતીય જનતા પક્ષમાં જોડાયા છે.

મહારાષ્ટ્ર ભારતીય જનતા પક્ષના પ્રમુખ રવિન્દ્ર ચવ્હાણે બુધવારે મોડી રાત્રે અહીં ભાજપ કાર્યાલયમાં આ અંગેની જાહેરાત કરી ભારપૂર્વક જણાવ્યું હતું કે આ પગલું સત્તાથી પ્રેરિત નથી પરંતુ વિકાસ પ્રત્યે સહિયારી પ્રતિબધ્ધતાથી પ્રેરિત છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે 'જનતાએ ચૂંટેલા કાઉન્સિલરોએ નાગરિકોને વિકાસનું

(જુઓ પાનું ૪) ▸▸

### કૉંગ્રેસનો ભાજપ પર બેવડા ધોરણનો આરોપ

મુંબઈઃ અંબરનાથ મ્યુનિસિપલ કાઉન્સિલમાં ભાજપ સાથે જોડાણ કરવા બદલ કાઉન્સિલરોને સસ્પેન્ડ કરી દીધા હોવાનું ગુરુવારે જણાવી કૉંગ્રેસે ઉમેર્યું હતું કે ભાજપ તેના બેવડા ધોરણો દર્શાવતા ગઠબંધનની શરૂઆત કરનારા તેના જ નેતાઓ સામે કાર્યવાહી કરવામાં નિષ્ફળ ગયો.

૨૦ ડિસેમ્બરે યોજાયેલી પાલિકા ચૂંટણી પછી ભાજપે 'અંબરનાથ વિકાસ આઘાડી' (એવીએ) બેનર હેઠળ કટ્ટર હરીફ કૉંગ્રેસ સાથે હાથ મિલાવી અંબરનાથ મ્યુનિસિપલ કાઉન્સિલનું નેતૃત્વ (થાણે જિલ્લા) કબજે કર્યું હતું. આ પ્રયાસમાં એકમાત્ર મોટા પક્ષ તરીકે ઊભરેલા સાથી પક્ષ શિવસેનાને બાજુ પર રાખવામાં આવ્યો હતો. આઘાડીમાં અજિત પવારની આગેવાની હેઠળની રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટી પણ શામેલ છે. આ

(જુઓ પાનું ૪) ▸▸

### ૧૨ કાઉન્સિલરોને ગેરલાયક ઠેરવવાની કૉંગ્રેસ માગ કરશે

મુંબઈઃ મહારાષ્ટ્ર કૉંગ્રેસે ગુરુવારે જણાવ્યું હતું કે તે અંબરનાથમાં પક્ષના ચિહ્ન પર ચૂંટાયેલા અને ત્યારબાદ ભાજપમાં જોડાયેલા ૧૨ કાઉન્સિલરોને ગેરલાયક ઠેરવવા માટે કાનૂની કાર્યવાહી શરૂ કરશે. કૉંગ્રેસે આ પગલાને ગેરકાયદેસર અને ગેરબંધારણીય ગણાવ્યું હતું. પક્ષના પ્રવક્તા સચિન સાવંતે દાવો કર્યો હતો કે કૉંગ્રેસના પ્રતીક પર ચૂંટાયા બાદ કાઉન્સિલરોએ પક્ષપલટો કરીને બંધારણીય જોગવાઈઓનું ઉલ્લંઘન કર્યું છે.

પ્રવક્તાએ જણાવ્યું હતું કે 'પક્ષના પ્રતીક પર ચૂંટાયા પછી સ્વતંત્ર જૂથ બનાવવું અથવા પછીથી બીજા રાજકીય પક્ષમાં જોડાવું એ માત્ર અનૈતિક જ નહીં પણ ગેરબંધારણીય

(જુઓ પાનું ૪) ▸▸

# ફડણવીસે થાણે, એમએમઆરમાં ટ્રાફિક હળવો કરવા અને મેટ્રો પ્રોજેક્ટ્સને ઝડપી બનાવવાનું વચન આપ્યું

થાણેઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે થાણે અને મુંબઈ મેટ્રોપોલિટન રિજન (એમએમઆર) માટે એક વ્યાપક એક્શન પ્લાન રજૂ કર્યો છે, જેમાં ટ્રાફિક ભીડ ઘટાડવા અને પાંચ વર્ષની અંદર મુખ્ય મેટ્રો પ્રોજેક્ટ્સ પૂર્ણ કરવાનું વચન આપવામાં આપ્યું છે.

૧૫ જાન્યુઆરીએ યોજાનારી થાણે મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી માટે ભાજપના પ્રચારના ભાગ રૂપે બોલતા, ફડણવીસે સીમલેસ કનેક્ટિવિટી અને ટકાઉ ઇન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા વ્યાખ્યાયિત ભવિષ્યની રૂપરેખા આપી હતી અને એમએમઆરને પરેશાન કરતી ટ્રાફિકની ગીચતાની સમસ્યાને હલ કરવા માટે તેમની સરકારની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. તેમણે

(જુઓ પાનું ૪) ▸▸

### નવી મુંબઈમાં ૨૦ વર્ષ સુધી પાણી અને પ્રોપર્ટી ટેક્સ સ્થિર રખાશેઃ ભાજપ

થાણેઃ ભારતીય જનતા પાર્ટીએ ગુરુવારે નવી મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી માટે પોતાનો મેનિફેસ્ટો બહાર પાડ્યો હતો, જેમાં આગામી ૨૦ વર્ષ સુધી પાણી અને પ્રોપર્ટી ટેક્સમાં કોઈ વધારો નહીં કરવાનું વચન આપવામાં આવ્યું હતું.

મેનિફેસ્ટો જાહેર કરતી વખતે મહારાષ્ટ્ર ભાજપના વડા રવિન્દ્ર ચવ્હાણે જણાવ્યું હતું કે શહેરમાં ભાજપનો પોતાનો મેયર હશે. આ સમારોહમાં, અંબરનાથના કોંગ્રેસના ૧૨ કોર્પોરેટર ભાજપમાં જોડાયા હતા. ચવ્હાણે જણાવ્યું હતું કે, તેઓ રાજ્ય અને કેન્દ્રની ભાજપની ''ડબલ એન્જિન'' સરકાર હેઠળ વિકાસના કામો ચાલુ રહે તે સુનિશ્ચિત કરવા માટે પાર્ટીમાં જોડાઈ રહ્યા છે. ''વિવિધ પક્ષોના કાર્યકરો મોટી સંખ્યામાં અમારી સાથે જોડાઈ રહ્યા છે કારણ કે તેઓ સમજે છે કે સત્તામાં રહેવું એ નાગરિકોને

(જુઓ પાનું ૪) ▸▸

### પુણેમાં મહિલાઓને સિટી બસ અને મેટ્રોમાં ડિસ્કાઉન્ટ

પુણેઃ પુણે મહાનગરપાલિકાની ચૂંટણીમાં હવે ગણતરીના જ દિવસો બાકી છે ત્યારે ભાજપે પોતાનો ચૂંટણી મેનિફેસ્ટો જાહેર કર્યો છે. આમાં આર્થિક રીતે નબળાં વર્ગો માટે પ્રોપર્ટી ટેક્સમાં માફી અને મહિલાઓ માટે વિશેષ રાહતો આપવાનું વચન આપવામાં આવ્યું છે, જેમાં મેટ્રો રેલ અને સિટી બસના ભાડામાં ડિસ્કાઉન્ટનો પણ સમાવેશ થાય છે. 'સંકલ્પ પત્ર' નામક મેનિફેસ્ટોમાં ભાજપે કહ્યું છે કે જો તે પુણે મ્યુનિસિપલ કોર્પોરેશન (પીએમસી) માં સત્તામાં આવશે, તો તે ૭૫ વર્ષથી વધુ ઉંમરના નાગરિકોને પુણે મહાનગર પરિવહન મહામંડળ લિમિટેડ બસોમાં મફત મુસાફરી પૂરી પાડશે, અને શહેર બસો અને મેટ્રો રેલમાં મહિલાઓને ભાડામાં છૂટ આપશે. આ ઉપરાંત રાજ્ય સરકારની 'લાડકી બહિન યોજના' હેઠળ ગરીબ મહિલાઓને

(જુઓ પાનું ૪) ▸▸

નવી મુંબઈ કોર્પોરેશન ચૂંટણી

# વાશીમાં ભાજપના ઉમેદવારને મોટી રાહત મળી

### નામાંકન નામંજૂર કરવાના રિટર્નિંગ ઓફિસરના આદેશ પર હાઈ કોર્ટે વચગાળાનો સ્ટે આપ્યો

મુંબઈ, બોમ્બે હાઈ કોર્ટે ગુરુવારે નવી મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના વોર્ડ ૧૭એ (વાશી)માં આગામી ચૂંટણી પર અને ભાજપના ઉમેદવારના નામાંકનને નકારી કાઢવાના રિટર્નિંગ ઓફિસરના આદેશ પર વચગાળાનો સ્ટે આપ્યો હતો. ભાજપના નેતા નિલેશ ભોજણેનું નામાંકન ફોર્મ મહારાષ્ટ્ર મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટની કલમ ૧૦ (૧ડી) હેઠળ રિટર્નિંગ ઓફિસરે એ આધાર પર રદ કર્યું હતું કે તેમની મિલકત પર અનધિકૃત બાંધકામ થયું છે.મુખ્ય ન્યાયાધીશ શ્રી ચંદ્રશેખર અને ન્યાયાધીશ ગૌતમ અંકડની બેન્ચે જણાવ્યું હતું કે ચૂંટણી રિટર્નિંગ અધિકારીએ ભોજણેના ઉમેદવારી ફોર્મને નકારી કાઢીને પ્રથમ દૃષ્ટિએ ગેરકાયદેસર અને મનસ્વી રીતે સત્તાનો ઉપયોગ કર્યો છે.કોર્ટે રાજ્ય ચૂંટણી પંચ, કમિશનર, નવી મુંબઈ મહાનગરપાલિકા, મુખ્ય ચૂંટણી અધિકારી અને ચૂંટણી રિટર્નિંગ અધિકારી, નવી મુંબઈ મહાનગરપાલિકા, વગેરેને વોર્ડ નંબર ૧૭એ માટે કાઉન્સિલરની બેઠક પરની ચૂંટણી અંગે કોઈપણ કાર્યવાહી કરવા પર રોક લગાવી હતી. ભોજણેએ ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ રિટર્નિંગ

(જુઓ પાનું ૪) ▸▸

# વસઈમાં મતદાનના દિવસે મતદારોને હોટેલ, પરિવહનમાં ડિસ્કાઉન્ટ

પાલઘર : ૧૫ જાન્યુઆરીએ યોજાનારી વસઈ-વિરાર શહેર મહાનગરપાલિકા (વીવીએમસી)ની ચૂંટણીમાં મતદાનને પ્રોત્સાહન આપવા માટે, અધિકારીઓ મતદાન કરનારાઓને હોટલના બિલ, રિક્ષાનાં ભાડાં અને બસની ટિકિટમાં ખાસ ડિસ્કાઉન્ટ આપવાની યોજના બનાવી રહ્યા છે, તેમ અધિકારીઓએ જણાવ્યું હતું.

વીવીએમસી કમિશનર અને મુખ્ય ચૂંટણી અધિકારી મનોજ કુમાર સૂર્યવંશીએ બુધવારે સ્થાનિક હોટેલ એસોસિએશન, રિક્ષા યુનિયન અને નાગરિક પરિવહન સેવાના પ્રતિનિધિઓ સાથે યોજેલી બેઠકમાં વિવિધ સંગઠનોના પ્રતિનિધિઓને મહારાષ્ટ્રના વસઈ-વિરાર નાગરિક વિસ્તારોમાં મતદાનના દિવસે મતદારોને પ્રોત્સાહન આપીને લોકશાહી પ્રક્રિયાને ટેકો આપવા અપીલ કરી હતી. તેના જવાબમાં, સ્થાનિક હોટેલ્સ એસોસિએશને મતદાન કરનારાઓને હોટલ બિલમાં ૧૫ ટકા ડિસ્કાઉન્ટ આપવાની શહેરના ઓટોરિક્ષા એસોસિએશને મતદારોને પરિવહન ભાડામાં ૫૦ ટકા ડિસ્કાઉન્ટ આપવાની, મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ વિભાગે અને સ્થાનિક હેરડ્રેસીંગ સલૂન એસોસિએશનના પ્રતિનિધિઓએ ખાસ ડિસ્કાઉન્ટ આપવાની જાહેરાત કરી હતી. ■

# થાણે પાલિકામાં સૌથી ઓછી ૨૦,૫૦૦ રૂપિયા માસિક પગારવાળા ઉમેદવાર

### અન્ય કરોડપતિ ઉમેદવારોની સંપત્તિમાં ત્રણથી પાંચ ટકાનો વધારો

મુંબઈઃ થાણે મહાનગરપાલિકાની ચૂંટણીમાં કુલ ૬૪૯ ઉમેદવાર ચૂંટણી મેદાનમાં ઊતર્યા છે. તેમાંથી ૧૧૪ ઉમેદવારની કરોડો રૂપિયાની સંપત્તિ હોવાનું સામે આવ્યું છે. પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઇકનાં પત્ની પરિષા સરનાઇક દ્વારા રજૂ કરવામાં આવેલા સોગંદનામામાં તેમની કુલ ૩૮૧ કરોડ રૂપિયાની સંપત્તિ હોવાનું જણાયું છે. આ સિવાય શિંદે જૂથના બાબાજી પાટીલની કુલ ૧૨૬.૬૬ કરોડ સંપત્તિ છે.

કલવાના શિંદેજૂથના યુવાન નેતા મંદાર કેણીના નામ પર ૧૦૫ કરોડની મિલકત છે. આ સિવાય સૌથી ઓછી આવક મુંબ્રાના શરદ પવાર જૂથના મોહમ્મદ જૈદ અતિકની છે જેમની માસિક આવક ફક્ત ૨૦,૫૦૨ રૂપિયા છે.

અપક્ષ ઉમેદવાર પ્રમિલા કેણીની ૬૧.૬૮ કરોડ, કવિતા પાટીલના નામ પર ૫૫.૮૨ કરોડ, વિકાસ દાબાડે ૨૨.૦૮ લાખ, લોરેન્સ ડિસોઝાની ૧૬.૨૭ કરોડ, ભૂષણ ભોઇરની ૧૪.૬૮ કરોડની સંપત્તિ છે.

મુંબઈ પાલિકાની ચૂંટણીમાં ઊતરેલા માજી નગરસેવકોની સંપત્તિમાં બેથી પાંચ ટકાનો વધારો થયો

(જુઓ પાનું ૪) ▸▸




"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**